
11584

9 JUN 1974



સત્ય, બ્રહ્મચર્ય, અહિંસા, અસ્તેય અને અપરિગ્રહ એ પાંચ યમ

૧-૨

# ગાંધીજીનો અક્ષરદેહ

Gandhi Heritage Portal

## ગાંધીજીનો અક્ષરદેહ

**"આ યુગના** સૌથી મહાન પુરુષ"ના ઉછેર, વિકાસ અને કાર્યપદ્ધતિની પ્રેરણાદાયી કથાને, તેમનાં જ લખાણો અને ભાષણોના રૂપમાં સુલભ કરી આપે છે. આ ગ્રંથમાળા, આજની અને આવતી કાલની પેઢીને માટે, રાષ્ટ્રપિતાની વિકસતી અને વિસ્તરતી જતી વિચારસૃષ્ટિનો પરિચય પામવા માટે એક અમૂલ્ય દસ્તાવેજ છે.

. . .

**પ્રથમ પુસ્તક** એમનાં પ્રારંભિક અને ઘડતરનાં વર્ષોને આવરી લે છે. એનાં પાનાંમાં ગાંધીજીના અનેક અંગત અનુભવો અને "એક પ્રાચીન જાતિના લોકોને અન્યાયી જુલમોમાંથી બચાવવા" માટે "રંગદ્વેષના દુર્ગ"— દક્ષિણ આફ્રિકામાં એમણે આદરેલા પ્રચંડ પુરુષાર્થનો પમરાટ છે. બૅરિસ્ટર ગાંધી લોકસેવક ગાંધીમાં પરિવર્તન પામવાનો શુભારંભ પણ આ પૃષ્ઠોમાં જોઈ શકાય છે.

દક્ષિણ આફ્રિકાની અખબારી આલમ પરની એમની પત્રધારા, ધારાસભાઓને તેમ જ એ સભાઓની બહારના યુરોપિયનોને સંબોધાયેલી એમની હૃદયસ્પર્શી અપીલો, દક્ષિણ આફ્રિકા, ઇંગ્લંડ તથા હિંદના હાકેમો પરનાં એમનાં વિનયી છતાં સ્પષ્ટભાષી વિનંતીપત્રો—એ બધાંમાં વાચકને ખુદ દક્ષિણ આફ્રિકાના કલ્યાણ માટે હિંદી અને યુરોપિયન સમાજ વચ્ચેના સંબંધો ન્યાય અને સહિષ્ણુતાના પાયા પર જ રચાવા જોઈએ, એવી એમની અડોલ નિષ્ઠાનાં દર્શન થાય છે.

. . .

**બીજા પુસ્તકમાં** ગાંધીજીની ગાથા એક નવા અને નાજુક તબક્કામાં પ્રવેશે છે. એમની સ્ટીમરને ચાર અઠવાડિયાં ક્વૉરેન્ટીનમાં રાખ્યા બાદ ડરબન બંદરે ઊતરતાં એક અંગ્રેજ ટોળાએ એમને મારેલા મરણતોલ મારનું—સત્યને ખાતર પોતાના પ્રાણને હોડમાં મૂકવાના એમના પ્રથમ સાહસનું—એમાં વર્ણન છે.

[—પાછલા ફ્લૅપ પર ચાલુ

Gandhi Heritage Portal

ગાંધીજીનો અક્ષરદેહ


૧ અને ૨

[૧૮૮૪–૧૮૯૬ : ૧૮૯૬–૧૮૯૭]

REFERENCE BOOK
NOT TO BE ISSUED

26 OCT 1967

Gandhi Heritage Portal



ગાંધીજી—લંડનમાં વિદ્યાર્થી તરીકે

Gandhi Heritage Portal

# ગાંધીજીનો અક્ષરદેહ

[મહાત્મા ગાંધીનાં લખાણો, ભાષણો, પત્રો વગેરેનો સંગ્રહ]

૧ અને ૨

[૧૮૮૪-૧૮૯૬ : ૧૮૯૬-૧૮૯૭]

9 JUN 1974

નવજીવન

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૧૪

Gandhi Heritage Portal

© નવજીવન ટ્રસ્ટ, ૧૯૬૭

પહેલી આવૃત્તિ, મે ૧૯૬૭, પ્રત ૩,૦૦૦

11584

મુદ્રક અને પ્રકાશક: જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

Gandhi Heritage Portal

# ગાંધીજીનો અક્ષરદેહ

[ મહાત્મા ગાંધીનાં લખાણો, ભાષણો, પત્રો વગેરેનો સંગ્રહ ]

## ૧

[ ૧૮૮૪–૧૮૯૬ ]

1 9 JUN 1974

Gandhi Heritage Portal

19 JUN 1974

# અંજલિ

જીવનનું કોઈક વિશિષ્ટ દર્શનશાસ્ત્ર ખીલવવાનો અથવા કોઈક ખાસ માન્યતાઓ કે આદર્શો-ની એવી જ પદ્ધતિ રચવાનો આશય રાખી મહાત્મા ગાંધીએ પોતાનું જીવનકાર્ય આરંભ્યું નહોતું. સંભવ છે કે તેમની એવી વૃત્તિ જ નહોતી અને તેમને એટલો વખત પણ નહીં હોય. તેમને જોકે સત્ય અને અહિંસા વિષે દૃઢ શ્રદ્ધા હતી, અને પોતાના જીવનકાળ દરમિયાન પોતાની સામે જે જે સવાલો ખડા થયા તે બધાના ઉકેલને માટે તેમણે એ બે સિદ્ધાન્તોના વહેવારમાં કરેલા અમલમાં તેમની બધીયે શીખ ને ફિલસૂફી સમાઈ જાય છે.

રાજકીય, સામાજિક, ધાર્મિક, ખેતીવાડી અગર જમીનને લગતો, મજૂરો અગર ઉદ્યોગોને લગતો અથવા બીજો કોઈ એવો સવાલ ભાગ્યે જ હશે કે જે તેમની પ્રવૃત્તિના ક્ષેત્રમાં સમાયો નહીં હોય અને જે સિદ્ધાન્તોને પોતે પાયાના તેમ જ મૂળભૂત માન્યા હતા તેમના ચોકઠામાં રહીને જેમના ઉકેલનો તેમણે પોતાની રીતે પ્રયત્ન કર્યો નહીં હોય. આહાર, પહેરવેશ, રોજબરોજનાં કામકાજ વગેરે વ્યક્તિગત જીવનની ઝીણી ઝીણી વિગતોથી માંડીને તે છેક જેને છેડવાની કે તોડવાની વાત સરખી ન થઈ શકે એવા જ નહીં પણ ધર્મની દૃષ્ટિથી અત્યંત પવિત્ર મનાતા જ્ઞાતિવ્યવસ્થા અને અસ્પૃશ્યતા જેવા સૈકાંઓથી જીવનવ્યવસ્થાના અંગભૂત બનેલા મોટા મોટા સામાજિક સવાલો સુધીનું હિંદના જીવનનું એક પણ પાસું એવું ભાગ્યે જ હશે કે જેના પર તેમણે પોતાના આદર્શ મુજબની અસર પાડી નહીં હોય કે જેને તેમણે ઘાટ આપ્યો નહીં હોય.

તેમના વિચારો તેમ જ ખ્યાલો ચોંકાવી મૂકે તેટલી હદ સુધી નવા લાગતા; પરંપરા અથવા ચાલુ રૂઢિ તેમાં આડે આવતાં નહીં. તેવી જ રીતે નાનામોટા સવાલોનો ઉકેલ કાઢવાની તેમની રીત તદ્દન નવી માલૂમ પડતી, દેખાવમાં તે જરાયે પ્રતીતિકર લાગતી નહીં ને છતાં આખરે સફળ નીવડતી. દેખીતી રીતે સ્વભાવથી જ તેઓ હું કહું તે જ પૂર્વ દિશા એવો જુલમી મમત રાખનારા નહોતા. નવા નવા પ્રયોગોમાંથી મળતા અનુભવના નવા નવા જ્ઞાનથી તેઓ અળગા રહી શકતા જ નહીં. વળી, તે જ કારણસર ઉપરછલ્લી સુસંગતતાનો મમત પણ તેમનામાં નહોતો. હકીકતમાં, ગાંધીજીના વિરોધીઓને અને કેટલીક વાર તો તેમના અનુયાયીઓને પણ તેમનાં કાર્યોમાં વિસંગતતા દેખાતી. સામાની વાત સમજવાને તેઓ એટલા તત્પર રહેતા અને તેમનામાં એવી અસાધારણ મોટી નૈતિક હિંમત હતી કે પોતાનું કોઈ એક કામ ખામીવાળું લાગતાંની ખાતરી થતાંવેંત પોતાની વાતને સુધારી લેતાં તેઓ કદી ખચકાતા નહીં અને પોતાની ભૂલ હતી એવું જાહેર રીતે સ્વીકારવામાં પાછા પડતા નહીં. પોતે કરેલા નિર્ણયો અને ઉપાડેલાં કામોની નિષ્પક્ષ તેમ જ વસ્તુલક્ષી આલોચના કરતા તેમને આપણે ઘણી વાર જોઈએ છીએ. એટલે, તેમનાં કામોથી ઘણી વાર તેમના પ્રશંસકો ગૂંચવણમાં પડી જતા દેખાતા અને તેમના ટીકાકારો મૂંઝાઈ જતા તેમાં નવાઈ પામવા જેવું નથી.

આવા પુરુષની સાચી સમજ મેળવવાને માટે તેની એકંદર શીખ અને તેના જીવનની ઘટનાઓને સમગ્રપણે એકત્રિત જોવાનું જરૂરી છે. તેના જીવનની કથાનો બાહ્ય રૂપરેખા પૂરતો અથવા તૂટક અભ્યાસ સરવાળે ગેરરસ્તે દોરનારો બન્યા વગર નહીં રહે. એનાથી તે મહાપુરુષ વિષેની અને વાચકની પોતાની સમજ પણ અધૂરી રહે. આવા મોટા પાયા પર ગાંધીજીનાં

Gandhi Heritage Portal

લખાણોના સંગ્રહનું કામ ઉપાડવાનું મૂળ કારણ આ છે. એ સંગ્રહનાં પચાસથીયે વધારે પુસ્તકો થશે એવું મને જણાવવામાં આવ્યું છે. અને એનું પ્રયોજન મહાત્મા ગાંધીની ખુદ આ ખાસિયતમાં રહેલું છે.

આ ગ્રંથશ્રેણી પ્રસિદ્ધ કરવાનું કામ ઉપાડી હિંદ સરકારના માહિતી અને રેડિયો ખાતાએ મહાત્મા ગાંધીના, તેમની શીખના, તેમની માન્યતાઓના અને તેમના જીવનદર્શનના અભ્યાસ માટેનો ખૂબ જ મહત્ત્વનો આધાર પૂરો પાડયો છે. મહાત્મા ગાંધીએ જે કરવાની કોશિશ સરખી નથી કરી તે હવે અભ્યાસકોએ અને વિચારકોએ કરવાનું રહે છે. આ રીતે એકત્ર કરીને મેળવી આપવામાં આવેલી સામગ્રીમાંથી એ બધા જાણે કે વ્યવસ્થિત નિબંધરૂપે તેમની જીવનની ફિલસૂફી, તેમની શીખ, તેમના ખ્યાલો ને કાર્યક્રમો, અને જીવનમાં ઊભા થતા અસંખ્ય સવાલો વિષેના તેમના વિચારો તર્કશુદ્ધ અને તાત્ત્વિક રીતે જુદા જુદા વિષયવાર વર્ગીકરણ કરી રજૂ કરી શકશે. એમની એકંદર વિચારની તેમ જ કાર્યની યોજનામાં નાનીમોટી અનેક બાબતોને, આખી દુનિયાને માટે મહત્ત્વના એવા સવાલોથી માંડીને વ્યક્તિના અંગત જીવનને લગતા મર્યાદિત સવાલોને સ્થાન રહેતું હતું. પોતાના લગભગ આખા જીવન દરમિયાન તેમને વ્યાપક રાજદ્વારી મુદ્દાઓ સાથે કામ પાડવું પડયું હતું, છતાં તેમનાં લખાણોનો ઘણો મોટો ભાગ સામાજિક, ધાર્મિક, કેળવણીના, આર્થિક અને ભાષાઓના સવાલોને લગતો છે.

પત્રવહેવારમાં તેઓ બહુ નિયમિત હતા. વિચાર કરી જવાબ આપવાને લાયક એક પણ પત્ર એવો ભાગ્યે જ હશે જેનો તેમણે જાતે જવાબ આપ્યો નહીં હોય. પોતાના અંગત અને ખાનગી સવાલોને લગતા કાગળો અનેક માણસો તેમને લખતા; તેમના પત્રવહેવારનો ઘણો મોટો ભાગ આવા પત્રોનો રહેતો અને તે બધાના તેમણે આપેલા જવાબોમાંથી એવી જ જાતના સવાલોથી મૂંઝાતા લોકોને કીમતી દોરવણી મળે છે. પોતાના જીવનના મોટા ગાળા દરમિયાન તેમણે શૉર્ટહેન્ડ લખનાર અથવા ટાઈપિસ્ટની મદદ લીધી નથી, પોતાને જે કંઈ લખવાની જરૂર પડતી તે તેઓ પોતાને હાથે જ લખતા અને એવી જાતની મદદ લીધા વગર ચાલે નહીં એવી સ્થિતિમાં પણ તેમણે ઘણું લખાણ પોતાને હાથે લખવાનું ચાલુ રાખ્યું. એવા પ્રસંગો પણ આવ્યા હતા જ્યારે આંગળાં અને હાથ અકડાઈ જવાથી તેમનાથી જમણે હાથે લખવાનું બનતું નહીં અને જીવનમાં કંઈક મોડેથી તેમણે ડાબે હાથે લખવાની આવડત કેળવી હતી. કાંતવાના કામમાં પણ તેમણે એવું જ કર્યું હતું. તેમની આ રીતે લખવાની પ્રવૃત્તિ મોટે ભાગે ખાનગી પત્ર-વહેવારને અંગે થતી અને સામાન્ય માણસના રોજિંદા જીવનના ખાસ સવાલોને લગતી તેમની એ જાતના પત્રવહેવારમાં અપાયેલી સલાહ તેમની એકંદર શીખનો મહત્ત્વનો ભાગ છે.

જીવનને સમગ્રપણે જોનાર અને માનવજાતની સેવા કાજે પોતાનું જીવન સમર્પણ કરનાર કોઈ પુરુષ થઈ ગયો હોય તો અવશ્ય તે ગાંધીજી હતા. તેમના વિચારના એકંદર ઘાટને શ્રદ્ધા તેમ જ સેવાના ઊંચા આદર્શોમાંથી પોષણ મળતું હતું તો તેમનાં કાર્યો તેમ જ તેમની પ્રત્યક્ષ શીખ પર હમેશ નીતિ તેમ જ મુખ્યપણે વહેવારુપણાની વિચારણાની અસર રહેતી હતી. જાહેર સેવા કરનાર આગેવાન તરીકેની લગભગ સાઠ વર્ષની લાંબી કારકિર્દી દરમિયાન તાત્કાલિક ગમે તેમ કામ પાર પાડવાની વાતની પોતાના વિચારો પર તેમણે અસર થવા દીધી નથી. બીજી રીતે કહીએ તો સારા હેતુઓ પાર પાડવાને તેમણે ખોટાં સાધનો વાપરવાની છૂટ કદી લીધી નથી. સાધનોની પસંદગીની બાબતમાં તેમની કાળજી તેમ જ ચીવટ એવાં હતાં કે ધ્યેયની સિદ્ધિની

Gandhi Heritage Portal

વાતને પણ વાપરવાનાં સાધનોના પ્રકારની વિચારણામાં ગૌણ લેખવામાં આવતી, કેમ કે તેઓ દૃઢપણે માનતા હતા કે ખોટાં સાધનો વડે કદી સારું ધ્યેય પાર પાડી શકાય નહીં અને ખોટાં સાધનો વડે જે કંઈ સિદ્ધિ મળેલી દેખાય તે સારા ધ્યેયની વિકૃતિ સિવાય બીજું કંઈ હોય નહીં.

તેમનાં લખાણો અને ભાષણોના આ સંગ્રહનું નિ:શંક તેમ જ કાયમ ટકી રહેનારું મૂલ્ય દેખીતું છે. કંઈ નહીં તો છ દાયકા પર ફેલાયેલા, અસાધારણ માનવભાવથી અને ઉગ્ર કર્મથી ભરેલા સાર્વજનિક જીવનને આવરી લેતા ગુરુના શબ્દો અહીં સંઘરાયા છે. એ શબ્દોએ એક અનન્ય પ્રવૃત્તિને ઘડી અને પોષી અને સફળતાને આરે પહોંચાડી; અસંખ્ય વ્યક્તિઓને પ્રેરણા આપી અને પ્રકાશ આપ્યો; નવજીવનનો રસ્તો ખેડયો અને દર્શાવ્યો; આધ્યાત્મિક અને શાશ્વત, સ્થળ અને કાળથી પર અને સમગ્ર માનવજાતિનાં તેમ જ સર્વ યુગોનાં લેખાય એવાં સંસ્કારનાં મૂલ્યો વિષે આગ્રહ કેળવ્યો. તેથી તે શબ્દોને સંઘરીને સાચવવાનો પ્રયાસ થાય છે તે તદ્દન યોગ્ય છે.

માનવના માનવ વિષેના શાશ્વત વિશ્વાસના દિલને પણ હલાવી મૂકનારા વિધાનમાં અને માનવમાત્રની આધ્યાત્મિક સંપત્તિમાં નીતિની ભાવના સ્વભાવગત રહેલી છે એ શ્રદ્ધામાં તેમની કાર્યપદ્ધતિ સમાયેલી છે. એમના આ વિચારમાં રહેલી સ્વતંત્રતા કેવળ કાયદાકાનૂનથી કે સત્તાધારીઓની આજ્ઞાથી સિદ્ધ થઈ શકે એવી નથી; કે કેવળ વિજ્ઞાનની અથવા યંત્રવિદ્યાની પ્રગતિથી મળી શકે એવી નથી. કોઈ પણ સમાજે ખરેખર સ્વતંત્ર રહેવાને માટે પોતાની વ્યવસ્થા સ્વતંત્રતાને કાજે યોજવી જોઈએ અને તે વ્યવસ્થાની યોજનાની શરૂઆત ખુદ વ્યક્તિએ પોતે કરવી જોઈએ. ભારતીય રાષ્ટ્રજીવન જેટલા પ્રમાણમાં તેમના વિચારોમાંથી પ્રેરણા લેતું રહેશે અને તેમના વિચારોને આધારે ઘડાશે તેટલા પ્રમાણમાં તે માનવસમાજની મુક્તિની પ્રેરણાનું સાધન બનશે. જેટલા પ્રમાણમાં સ્વતંત્ર હિંદ તેમના વિચારો ને આદર્શોનો અમલ કરી વધારે ને વધારે પૂર્ણ જીવન સિદ્ધ કરતું જશે તેટલા પ્રમાણમાં તે સંસ્કૃતિની સીમા વિસ્તારવામાં અને નવો રસ્તો ઉજાળવામાં સફળ થતું જશે.

તેમના ઘણા વિચારો જોકે હજી પૂરા પચાવવાના બાકી છે. કોઈ પણ સમાજવ્યવસ્થા સ્વતંત્રતા સ્થાપવામાં કેટલો ફાળો આપે છે તે વાતની તુલના તે પોતાનાં અંગભૂત ઘટકોને પ્રત્યક્ષ કેટલી સ્વતંત્રતા આપે છે તેના પ્રમાણ પરથી કરવી જોઈએ એ બાબતમાં સૌ કોઈ સંમત છે છતાં ઔદ્યોગિક, સામાજિક કે રાજદ્વારી સ્વરૂપના કેન્દ્રિત સંગઠનમાં તેના કેન્દ્રિતપણાના પ્રમાણમાં વ્યક્તિની સ્વતંત્રતા પર કાપ પડયા વગર રહેતો નથી એ હકીકત હજી પૂરતા પ્રમાણમાં સમજાઈ નથી. એ બાબતમાં સોનેરી મધ્યમ માર્ગ હજી શોધાવો ને સ્વીકારાવો બાકી છે. ગાંધીજીના અર્થવ્યવસ્થાના ખ્યાલને તંગીના નહીં તોયે સખત કરકસરના ખ્યાલની સાથે ઘણી વાર ભેળી દેવામાં આવે છે. તેમના સંયમના આદર્શોનો વિવિધતા કે સૌંદર્ય વગરના કડક નીતિના પાલનના લૂખા આદર્શ સાથે ગોટાળો કરવામાં આવે છે, તેમની જરૂરિયાતો થોડી અને મર્યાદિત હોવા છતાં તેમનું જીવન પરિપૂર્ણ અને સમૃદ્ધ હતું અને આજની ઘસાઈને પાતળી પડી ગયેલી શ્રદ્ધાની ભૂમિકામાં સાચું ન લાગે એટલા એ ઉદાત્ત જીવનમાં તેમણે પોતાની માન્યતા, આદર્શો અને શ્રદ્ધાની સચ્ચાઈની પ્રત્યક્ષ સાબિતી પૂરી પાડી હતી. તેમના આશ્રમના વાસીઓ સવારની તેમ જ સાંજની પ્રાર્થનામાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, શરીરશ્રમ, અસ્વાદ, અભય, સર્વધર્મસમભાવ, અસ્પૃશ્યતાનિવારણ અને સ્વદેશી એ બધાં પોતાનાં જે વ્રતોનો નિત્યપાઠ કરતા તેમને આપણે આ રીતે સમજવાં જોઈશે.

Gandhi Heritage Portal

ગાંધીજી અને તેમના શબ્દોને અંજલિરૂપ આ બે બોલ પૂરા કરતાં હું ખાતરી આપું છું કે આ ગ્રંથશ્રેણીમાં પ્રતિબિંબિત થતા ગાંધીજીના જીવનપ્રવાહમાં જે કોઈ ડૂબકી મારશે તેને બહાર નીકળતાં નિરાશા થવાની નથી કેમ કે અહીં એક એવો છૂપો ખજાનો સંઘરાયેલો છે કે જેમાંથી હરકોઈ પોતાને રુચે તેટલું પોતાની શ્રદ્ધા અને શક્તિ પ્રમાણે લઈ શકશે.

રાષ્ટ્રપતિ ભવન
નવી દિલ્હી
જાન્યુઆરી ૧૬, ૧૯૫૮

રાજેન્દ્રપ્રસાદ

Gandhi Heritage Portal

# પરિચય

ગાંધીજીના દેહાન્તને એક મહિના પછી દસ વરસ થશે. તેમની ઉંમર પાકટ થઈ હોવા છતાં તેમની જીવનશક્તિ જેવી ને તેવી અને તેમની કામ કરવાની શક્તિ અપાર હતી. ખૂનીને હાથે તેમના જીવનનો એકાએક અંત આવ્યો. હિંદને તેથી ભારે આઘાત લાગ્યો, દુનિયા આખી શોકમાં ગરકાવ થઈ ગઈ અને આપણામાંથી જેમને તેમની સાથે વધારે નિકટનો સંબંધ બંધાયો હતો તેમને લાગેલો આઘાત અને થયેલું દુ:ખ સહન ન થાય તેવાં હતાં. અને છતાં એમ લાગે છે કે એક ભવ્ય રીતે સમૃદ્ધ કારકિર્દી એ રીતે સમાપ્ત થઈ તે તદ્દન ઉચિત ગણાવું જોઈએ, કેમ કે જે રીતે જીવનમાં તે જ રીતે મરણથી પણ તેમણે પોતાની જાતને જે કાર્યને સમર્પિત કરી હતી તેને આગળ વધાર્યું હતું. વધતી જતી ઉંમરની સાથે તેમનાં શરીર ને મનની શક્તિ આસ્તે આસ્તે ક્ષીણ થતી જતી જોઈ રહેવાનું આપણને કોઈને સારું લાગે એવું નહોતું. અને તેથી એમ જ કહેવું જોઈએ કે આશા ને સિદ્ધિના એક તેજસ્વી સૂર્ય અને એક આખી અર્ધી સદી સુધી જે રાષ્ટ્રને તેમણે ઘડયું ને કેળવ્યું તેના જનક તરીકે તેઓ જેમ જીવ્યા તેમ જ મરણ પામ્યા.

તેમની અનેકમાંની થોડી પ્રવૃત્તિમાં તેમની સાથે જોડાઈને કાર્ય કરવાનો અણમોલ લહાવો જેમને જેમને મળ્યો હતો તે સૌને માટે તેઓ હમેશ યુવાનીના જોમની પ્રત્યક્ષ મૂર્તિરૂપે રહેવાના છે. આપણે તેમને એક વૃદ્ધ તરીકે નહીં પણ નૂતન ભારતના જન્મને વસંતની નવજીવનની શક્તિથી પ્રત્યક્ષ કરનાર તરીકે યાદ રાખીશું. તેમની સાથે જેને અંગત સંપર્ક થયો નથી તેવી તેમની પાછળની પેઢીને માટે તેઓ પરંપરાથી ઊતરી આવેલી દંતકથાની વાર્તારૂપે હોઈ તેમના નામની અને તેમની પ્રવૃત્તિઓની આજુબાજુ અનેક કથાઓ રચાઈને ગૂંથાઈ ગઈ છે.

તેમનાં લખાણો અને ભાષણોના સંપૂર્ણ સંગ્રહની સંપાદિત આવૃત્તિ પ્રસિદ્ધ કરવાનું હિંદી સરકારે માથે લીધું છે તેથી હું રાજી થયો છું. તેમણે જે કંઈ લખ્યું છે અને કહ્યું છે તેનો સંપૂર્ણ પ્રમાણભૂત સંગ્રહ તૈયાર થાય તે ઘણું જરૂરી છે. તેમની પ્રવૃત્તિઓ અગણિત હતી અને તેમનાં લખાણોનો કંઈ પાર નથી તેથી તેમનો સંગ્રહ કરવાનું એક ભગીરથ કાર્ય હોઈ તે પૂરું થતાં ઘણાં વરસ સહેજે લાગશે. પણ આપણે પોતાને કાજે અને આપણી ભાવિ પેઢીઓને કાજે આ ધર્મઋણ અદા કરવું જોઈએ.

આવા પ્રકારના સંગ્રહમાં જેને મહત્ત્વનાં કહી શકાય અને જેને મહત્ત્વ વગરનાં એટલે કે પ્રસંગોપાત્ત કે સહજ કહી શકાય એવાં વચનો કે લખાણોનું મિશ્રણ થયા વગર રહે નહીં. અને છતાં કેટલીક વાર વધારે વિચારપૂર્વક કરવામાં આવેલા લખાણના કરતાં અથવા તેવા જ ભાષણના કરતાં પ્રસંગોપાત્ત સહજભાવે ઉચ્ચારાયેલો શબ્દ માણસના વિચારને વધારે સારી રીતે પ્રગટ કરે છે. એ બધી વાત ગમે તે હો, તેમનાં વચનોમાંથી આ મહત્ત્વનું ને આ નહીં એવી પસંદગી કરનારા આપણે કોણ? તેમને જે કંઈ કહેવાનું છે તે તેમને પોતાને જ આપણે કહેવા દઈએ તે વધારે ઉચિત થાય. તેમને માટે જીવન એક પરિપૂર્ણ અખંડ વસ્તુ હતી, ઘટ્ટ વણાટના પોતવાળું વિવિધરંગી વસ્ત્ર હતું., એક બાળકને કહેલો એકાદ શબ્દ, વ્યાધિથી પીડાતા કોઈક

Gandhi Heritage Portal

દર્દીને સાજો કરવાને કરેલો સ્પર્શ એ બધું બ્રિટિશ સરકારને પડકાર આપવાને ઘડેલા ઠરાવના જેટલું જ મહત્ત્વનું હતું.

પોતાના જ્ઞાનના પ્રકાશથી આપણી પેઢીની સમજને અજવાળનારા અને આપણને રાષ્ટ્રીય સ્વતંત્રતા અપાવનાર જ નહીં, માણસને વધારે ઉદાત્ત કરનારા તેની પ્રકૃતિના ઊંડાણમાં રહેલા ગુણોની આપણને વધારે ઊંડી સમજ પણ આપનારા આપણા આ વહાલા આગેવાનને વિષે હવે પછીની આપણી પેઢીઓને ઓછીવત્તી ઝાંખી થતી રહે તેટલા સારુ આ કાર્ય આપણે પૂર્ણ પૂજ્યભાવથી ઉપાડીએ. આવો એક પુરુષ આપણી ભારતીય ભૂમિ પર દેહ ધરીને વિચરતો હતો અને આપણા લોકો પર જ નહીં, સમગ્ર માનવજાત પર પોતાના પ્રેમની અને સેવાભાવની વર્ષા વરસાવતો હતો તે જાણીને હવે પછીના જમાનાઓમાં લોકો આશ્ચર્ય પામતા રહેશે.

આ હું દાર્જિલિંગમાં બેઠો બેઠો લખું છું. ત્યાં ભવ્ય ને સમર્થ કાંચનજંઘાનું શિખર આપણા પર નજર રાખે છે. આજે સવારે મને એવરેસ્ટનું દર્શન થયું. મને એવું લાગ્યું કે એવરેસ્ટ અને કાંચનજંઘાના નિર્વિકાર શાંત સામર્થ્ય અને શાશ્વતપણાની છટા ગાંધીજીમાં પણ આપણે અનુભવી હતી.

દાર્જિલિંગ,
ડિસેમ્બર ૨૭, ૧૯૫૭

જવાહરલાલ નેહરુ

Gandhi Heritage Portal

## સામાન્ય પ્રસ્તાવના

પોતાની સ્વતંત્રતાના ઘડવૈયા પ્રત્યેનું રાષ્ટ્રનું ઋણ અદા થવું જોઈએ એટલી જ બુદ્ધિથી નહીં, ભાવી પ્રજાના હિતને ખાતર પણ મહાત્મા ગાંધીનાં લખાણો, ભાષણો અને પત્રો ભેગાં એક જ ઠેકાણેથી મળી શકે એવી રીતે સંઘરાવાં જોઈએ એવી પ્રતીતિને કારણે તે બધાંને એકઠાં કરી ગ્રંથાકારે પ્રસિદ્ધ કરવાની આ યોજના ભારત સરકારે ઉપાડી છે.

દિવસાનુદિવસ અને વર્ષાનુવર્ષ ગાંધીજીએ જે કાંઈ કહ્યું અને લખ્યું તે બધું આ ગ્રંથ-શ્રેણીમાં એકત્ર કરવાનો ઈરાદો રાખવામાં આવ્યો છે. તેમનું કાર્ય એક આખા અર્ધા સૈકા પર ફેલાયું હતું અને આપણા પોતાના દેશ ઉપરાંત બીજા દેશો પર પણ તેનો પ્રભાવ પડયો છે. દુનિયાભરમાં થઈ ગયેલા ઘણા ઓછા મહાપુરુષોએ જીવનના અનેકવિધ સવાલોમાંથી આટલા બધા વિધવિધ સવાલોમાં પોતાનું ધ્યાન પરોવ્યું હશે. પોતે જે માનતા તેનો વહેવારમાં અમલ કરવાને પ્રતિક્ષણ મથામણ કરતા જેમણે તેમને આ પૃથ્વી પર દેહ ધરીને વિચરતા જોયા છે તે લોકોની, જેમને તેમનાં પ્રત્યક્ષ દર્શન તેમ જ ઉદાહરણથી જાણવા-શીખવાનો લહાવો મળી શકે એવો નથી એવી ભાવિ પેઢીઓને, તેમની એકંદર શીખનો સમૃદ્ધ વારસો જેવો હોય તેવો અણિ-શુદ્ધ અને બની શકે તેટલા પ્રમાણમાં પૂરેપૂરો અકબંધ સોંપવાની ફરજ છે.

૧૮૮૪થી ૧૯૪૮ના લાંબા ગાળામાં અને લગભગ સાઠ વરસના ઉગ્ર કર્મશીલ જાહેર જીવન દરમિયાન ગાંધીજીએ લખાણો અને ભાષણો કર્યાં છે અને પત્રો લખ્યા છે. તે બધાં દુનિયાભરમાં અને ખાસ કરીને હિંદુસ્તાન, ઈંગ્લંડ અને દક્ષિણ આફ્રિકા એ ત્રણ દેશોમાં વેરાયેલાં પડયાં છે.

એ બધાં લખાણ અને ભાષણ પોતાના જીવનકાળમાં તેમણે જે પુસ્તકો લખ્યાં અથવા જે પ્રસિદ્ધ થયાં તેમાં સંઘરાયેલાં પડયાં છે એટલું જ નથી, ધૂળ ખાતી ફાઈલોમાં, સરકારી દફતરોમાં તેમ જ પ્રકાશનોમાં અને અંગ્રેજી, ગુજરાતી તેમ જ હિંદી ભાષાનાં જૂનાં વર્તમાન-પત્રો ને સામયિકોના ઢગલાઓમાં પણ છે. તેમના પત્રો ઊંચી અને નીચી ગણાતી, તવંગર અને ગરીબ, દરેક જાતિની અને ધર્મની અગણિત વ્યક્તિઓની પાસે આખી દુનિયામાં છે. આવી બધી સામગ્રી નાશ પામે અગર રવડી જાય તે પહેલાં એકઠી કરી લેવાનું જરૂરી છે.

તેમનાં લખાણો અને ભાષણોના કેટલાક સંગ્રહો અથવા વધારે સાચી રીતે ઓળખાવીએ તો સંપાદિત પુસ્તકો બેશક મોજૂદ છે. તેમાંનાં ઘણાં ખાસ કરીને ખુદ ગાંધીજીએ સ્થાપેલા ટ્રસ્ટના વહીવટમાં ચાલતા અમદાવાદના નવજીવન પ્રકાશન મંદિરે પ્રસિદ્ધ કર્યાં છે. એ બધાં પ્રકાશનો કીમતી એટલે કે ઉપયોગી છે એ સાચું, પણ તેમાંનાં ઘણાંખરાં ગાંધીજીએ જે દર-મિયાન હિંદુસ્તાનમાં કાર્ય કર્યું તે સમય પૂરતાં અને મુખ્યત્વે તેમનાં પોતાનાં **નવજીવન**, **યંગ ઇન્ડિયા** અને **હરિજન** સાથે સંકળાયેલાં અઠવાડિકોમાં જે પ્રસિદ્ધ થતું તેટલા પૂરતાં મર્યાદિત છે. વળી, મોટે ભાગે એ બધાં લખાણો તેમ જ ભાષણોની ગોઠવણી જુદા જુદા વિષયવાર થયેલી હોવાથી કેટલીક વાર જે તે વિષયને પ્રસ્તુત હોય તેવાં લખાણ કે ભાષણમાંના ઉતારા લઈ તેના બીજા ભાગ તેમાં છોડી દેવામાં આવ્યા છે.

પત્રોની બાબતમાં એવું બન્યું છે કે પોતાનાથી મેળવી શકાય તેટલા એકઠા કરી તેમની છબી ઉતારી લઈ ગાંધી સ્મારક નિધિએ ઘણી ઉપયોગી કામગીરી બજાવી છે, પણ તે હજી પ્રસિદ્ધ

Gandhi Heritage Portal

થયા નથી. અત્યાર સુધીમાં નિધિએ એકઠા કરેલા પત્રોની સંખ્યા હજારોની થવા જાય છે, પણ હજી તેથીયે વધારે સંખ્યાના કાગળો મેળવવાના અને પ્રસિદ્ધ કરવાના બાકી છે.

આમ, ગાંધીજીના જીવનના ગમે તે ગાળાનાં લખાણો, ભાષણો અને પત્રો જ્યાંથી મળે ત્યાંથી શોધીને મેળવી તે બધાંને જેવાં ને તેવાં આખાં ને આખાં કાળક્રમે ગોઠવીને પ્રસિદ્ધ કરવાનો હજી સુધી કોઈ પ્રયાસ થયો નથી. ખાનગી વ્યક્તિઓ અથવા સંસ્થાઓના ગજા બહારનું એ કામ હતું. એટલું સાધન તેમાંથી કોઈની પાસે હોય નહીં. તેથી હિંદી સરકારે તે કામ માથે લીધું છે.

ગાંધીજીએ કરેલાં ભાષણો, લખેલાં લખાણો તેમ જ મોકલેલા પત્રોનો જથ્થો તેમના દક્ષિણ આફ્રિકાના વસવાટનાં તેમના કાર્યની શરૂઆતનાં વર્ષોમાં પણ અસાધારણ મોટો હતો. એટલા જ ગાળાની એ પ્રકારની સામગ્રીને સમાવવાને આશરે બાર પુસ્તકો થશે. તેમનાં બધાંયે લખાણો, ભાષણો અને પત્રોની કુલ સામગ્રીને સમાવવાને આમ આખી શ્રેણીનાં સાધારણ અંદાજે ચારસો ચારસો પાનાંનાં તેમનાં સાર્વજનિક જીવનનાં વર્ષોની સંખ્યા જેટલાં પુસ્તકો થશે.

વળી, તેમણે એક જ ભાષામાં ભાષણો કર્યાં નથી. તેઓ ગુજરાતી, હિંદી અને અંગ્રેજી એમ ત્રણ ભાષામાં લખતા અને બોલતા. તેથી એ બધી સામગ્રીના સંપાદકનું કામ કેવળ તેને એકઠી કરવા પૂરતું જ ન રહેતાં ગુજરાતી ને હિંદીમાંથી અંગ્રેજીમાં અને ગુજરાતી ને અંગ્રેજી-માંથી હિંદીમાં ચોકસાઈથી તરજુમા કરવાનું પણ રહેશે કેમ કે આ શ્રેણી એ બે એટલે કે અંગ્રેજી અને હિંદી ભાષામાં પ્રસિદ્ધ કરવાનું વિચારાયું છે. ઉપરાંત, તેમના જીવનનાં તેમણે દક્ષિણ આફ્રિકામાં ગાળેલાં શરૂઆતનાં વર્ષોના ગાળાની સામગ્રી લંડનની સંસ્થાનોની કચેરીન દફતરોમાં અને ખુદ દક્ષિણ આફ્રિકામાં હિંદુસ્તાનની બહાર પડેલી હોવાથી કામ વધારે અટપટું બન્યું છે. દક્ષિણ આફ્રિકામાં પડેલી સામગ્રી સુધી પહોંચી તેને મેળવવાનું કામ પ્રમાણમાં વધારે મુશ્કેલ છે. અમલદારોને સંબોધીને કરેલાં લખાણો ઉપરાંત ત્યાં ગાંધીજીએ **इन्डियन ओपीनियन**માં બહોળા પ્રમાણમાં લખ્યું હતું. **यंग इन्डिया**, **नवजीवन** અને **हरिजन**માં પાછળથી છપાયેલા તેમના લેખો જેમ તેમની સહીથી પ્રસિદ્ધ થયા તેવું **इन्डियन ओपीनियन**માંના તેમના લેખોનું નથી; તેમના પર તેમની સહી નથી. ગાંધીજીનાં તે લખાણો તેમનાં તરીકે પ્રમાણભૂત રીતે ઓળખાવવાના કામમાં આ શ્રેણીના સંપાદકોને એકલા **इन्डियन ओपीनियन**ના કામમાં જ નહીં પણ દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીની બીજી પ્રવૃત્તિઓ સાથે ગાઢ રીતે સંકળાયેલા શ્રી એચ. એસ. એલ. પોલાક અને શ્રી છગનલાલ ગાંધી એ બન્ને તરફથી કીમતી મદદ મળી છે.

ખુદ આ કામનો પ્રકાર એવો છે કે આ સંગ્રહને માટે એ પરિપૂર્ણ છે અથવા છેવટનો છે એવો દાવો થઈ ન શકે. હવે પછી સંશોધન થાય તેમાંથી હમણાં ન મળી શકયાં હોય તેવાં નવાં લખાણો મળી આવેયે ખરાં. સંગ્રહને અણિશુદ્ધ સંપૂર્ણ કરવાને ખાતર અનિશ્ચિત સમય સુધી થોભી જવાનું સલાહભરેલું ન થયું હોત. આ કામમાં સુધારોવધારો કરવાનું ભવિષ્ય પર છોડવું સારું. હાલ પૂરતું જોકે જેટલી મળી શકે તેટલી બધી સામગ્રી એકઠી કરવાની, તેની સચ્ચાઈની ખાતરી કરી લેવાની અને મૂળ લખાણ સમજવામાં વાચકને મદદ થાય તેવી ટૂંકી નોંધો સાથે પ્રસિદ્ધ કરવાની થાય તેવી બધી કોશિશ કરવામાં આવે છે. એકાદ પુસ્તકમાં લેવા-લાયક સામગ્રી મેળવતાં મોડું થાય તો તેને અલગ પ્રસિદ્ધ કરવાનું વિચારાયું છે.

પહેલાં કહેવામાં આવ્યું છે તે મુજબ બધી સામગ્રીની ગોઠવણી કાળક્રમે રહેશે અને કોઈ પણ એક તારીખના લેખ, અગર ભાષણ અગર પત્રને એકસાથે રાખવામાં આવશે. જુદા જુદા વર્ગની શબ્દસામગ્રીને અલગ અલગ શ્રેણીમાં પ્રસિદ્ધ કરવાને બદલે આ પ્રકારની ગોઠવણી

Gandhi Heritage Portal

પસંદ કરવાનું કારણ એ છે કે તે બધીને એ ઢબે અલગ પાડવામાં કૃત્રિમપણું આવી ગયા વગર રહે નહીં. ઘણી વાર ગાંધીજી એક જ વિષયની અથવા મુદ્દાની ચર્ચા થોડા દિવસ દરમિયાન કયાંક એકાદ લેખમાં તો કયાંક એકાદ ભાષણમાં કે કયાંક કોઈકને લખેલા પત્રમાં કરતા. તેઓ જીવનને અલગ અલગ ખંડ પાડીને નહીં પણ એક અખંડ વસ્તુ તરીકે જોતા. પોતાના વિચારો તેઓ લેખ, ભાષણ અગર પત્રમાં એમ ગમે તે ઢબે વ્યક્ત કરતા તોયે તેમાં ખાસ કશો ફરક પડતો નહોતો. એ બધાં એક જ પુસ્તકમાં ચોકસાઈથી કાળક્રમે પાસે પાસે રાખવામાં આવ્યાં હોય તો ગાંધીજી કેવી રીતે કાર્ય કરતા અને જુદા જુદા મુદ્દાઓ એક પછી એક સામા આવતા જાય તેમ તેમ તેમનો કઈ રીતે વિચાર કરી નિકાલ કરતા તેનો વાચકને વધારે સાચો ને સ્પષ્ટ ખ્યાલ આવે. એ રીતે આ પુસ્તકોમાં ગાંધીજીના માનસની સમૃદ્ધિ સોળે કળાએ પ્રગટ થશે કેમ કે તેઓ એક બાજુથી સાર્વજનિક જીવનની દૃષ્ટિથી ઘણા મહત્ત્વની બાબતોની ચર્ચા કરતા હોય તે જ વખતે બીજી બાજુથી વ્યક્તિઓના અંગત જીવન સાથે ઘાડો સંબંધ ધરાવતા સવાલોમાં તેટલી જ ચીવટથી પોતાનું ચિત્ત પરોવતા હોય એવું જોવા મળે છે. જાહેર જીવનના સવાલોની ચર્ચા કરનારાં લખાણો અગર ભાષણોની વચ્ચે વચ્ચે વ્યક્તિઓને અંગત લખેલા પત્રો રાખવાથી તે બધાને અલગ પુસ્તકશ્રેણીમાં પ્રસિદ્ધ કરવાથી મળે તેના કરતાં ગાંધીજીના વ્યક્તિત્વનું વધારે સાચું અને વધારે પૂર્ણ પ્રતિબિમ્બ નીરખવાનું મળશે.

આ પુસ્તકશ્રેણીનો આશય ગાંધીજીના અસલ શબ્દોને બની શકે તેટલા પ્રમાણમાં જેવા ને તેવા આપવાનો હોવાથી તેમનાં ભાષણો, તેમની મુલાકાતો અને વાતચીતોના જે હેવાલો પ્રમાણભૂત સાચા લાગ્યા નથી તેમને છોડી દેવામાં આવ્યા છે અને તેવી જ રીતે પરોક્ષ નિવેદનને રૂપે અપાયેલા હેવાલો પણ એમાં લેવામાં આવ્યા નથી. ભાષણોની બાબતમાં જોકે પરોક્ષ નિવેદનને રૂપે અપાયેલા તેમના હેવાલની પ્રમાણભૂત સચ્ચાઈ વિષે શંકા ન હોય અથવા પ્રત્યક્ષ નિવેદનને રૂપે તેમનો હેવાલ મળે એમ ન હોય, અથવા બીજી રીતે મળી ન શકે એવી માહિતી તેમાંથી મળતી હોય તો તે રૂપમાં તે આપવામાં આવ્યા છે. તેવી જ રીતે ગાંધીજીએ વકીલ તરીકે કેવળ પોતાના વ્યવસાય પૂરતા લખેલા દસ્તાવેજ અગર પત્રો અને જે માત્ર શિરસ્તા મુજબ લખાયેલા તેમ જ જે તેમના ચરિત્રની દૃષ્ટિથી પ્રસ્તુત ન હોય તેવા કાગળો પણ આમાં સમાવવામાં આવ્યા નથી. વળી, જેને લખાયો હોય તેને જ જાણવાને લાયક ખાનગી પ્રકારના અથવા હાલ જીવતાં માણસોને જેમની પ્રસિદ્ધિથી મૂંઝવણ થવાનો સંભવ હોય તેવા પત્રોનો પણ અહીં સમાવેશ કરવામાં આવ્યો નથી.

હિંદી ને ગુજરાતીમાંથી અંગ્રેજી તરજુમા કરવાનું અને અંગ્રેજી ને ગુજરાતીમાંથી હિંદી તરજુમા કરવાનું કામ સંભાળથી પસંદ કરવામાં આવેલા અનુભવી અનુવાદકોના મંડળને સોંપાયું છે. શૈલીમાં એકધારાપણું જળવાય તેટલા ખાતર બની શકે ત્યાં સુધી એક જ પુસ્તકમાં સમાવવામાં આવેલાં લખાણોના તરજુમાનું કામ એક જ અનુવાદક કરે છે.

મળેલાં લખાણો વગેરેની સામગ્રીને પુસ્તકશ્રેણીમાં આપતાં પહેલાં અસલને વળગી રહેવાની ચીવટ રાખવામાં આવી છે. છાપકામની દેખીતી ભૂલો સુધારી લેવામાં આવી હોઈ જે શબ્દો મૂળમાં ટૂંકાવીને આપ્યા હોય તેમની સામાન્યપણે પૂરી જોડણી આપવામાં આવી છે.

અખબાર અથવા સામયિકોમાંનો લેખ ન હોય એવા લખાણની અથવા ગાંધીજીએ આપેલા ભાષણની તારીખ બધે ઠેકાણે એક જ રીતે શરૂઆતમાં મથાળે જમણી બાજુને ખૂણે સામાન્ય રીતે ટપાલના કાગળોમાં લખવાનો રિવાજ છે તે મુજબ આપવામાં આવી છે. કોઈ કોઈ

Gandhi Heritage Portal

દાખલામાં મૂળમાં એ તારીખ છેવટે આપવામાં આવી હોય તોપણ અહીં ઉપર જણાવેલી રીત જ અખત્યાર કરવામાં આવી છે. જ્યાં મૂળમાં તારીખ આપવામાં આવી ન હોય ત્યાં અંદાજે તારીખ નક્કી કરી તે ચોરસ કૌંસમાં આપી છે અને જરૂરી જણાયું છે ત્યાં તે ઠરાવવાનાં કારણોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. લખાણને અંતે મૂકવામાં આવેલી તારીખ તેના પ્રસિદ્ધ થયાની છે. અંગત પત્રની બાબતમાં જેને સંબોધીને તે લખાયો હોય તે વ્યક્તિનું નામ બધે એક જ ઢબે મથાળે મૂકવામાં આવ્યું છે. જે સાધનમાંથી આપવામાં આવેલી બાબત લેવામાં આવી હોય તેનો ઉલ્લેખ તેને છેડે કરવામાં આવ્યો છે. નામોની જુદી જુદી જોડણી મૂળમાં જેવી હોય તેવી રહેવા દીધી છે.

મૂળ લખાણના પરિચયની શરૂઆતની ઈટાલિક અક્ષરમાં આપવામાં આવેલી નોંધ,[1] પાનાને તળિયે આપેલી ફૂટનોટ, તેમ જ મૂળ લખાણની વચ્ચે ચોરસ કૌંસમાં મૂકેલા શબ્દો સંપાદકોનાં છે. લખાણની વચ્ચે ગોળ કૌંસમાં આવતું વસ્તુ મૂળમાંનું છે. જ્યારે જ્યારે મૂળમાં ગાંધીજીએ બીજાં સાધનોમાંથી અથવા કેટલીક વાર પોતાનાં લખાણો કે હેવાલો કે નિવેદનોમાંથી ઉતારા લીધા છે ત્યારે તે બધા ફકરા નાના અક્ષરનાં બીબાંમાં થોડા અંદરથી છાપવામાં આવ્યા છે.[2]

પાનાને તળિયે મૂકવાની નોંધ બને તેટલી ઓછી કરવાના હેતુથી સ્થળોને લગતી નોંધ, વ્યક્તિઓની ઓળખની નોંધ, કાયદાઓને લગતી નોંધ, વધારે વિસ્તારવાળા ઉલ્લેખો અને બિનઅંગ્રેજી શબ્દોની યાદી[3] પુસ્તકને અંતે આપવામાં આવ્યાં છે. દરેક પુસ્તકમાં આપવામાં આવેલાં લખાણો જે ગાળામાં થયાં હોય તેને લગતી એક કાલાનુક્રમણિકા તેમાં આપી છે. લખાણ પ્રાપ્તિનાં સાધનોને લગતી નોંધ પણ પુસ્તકમાં સમાવી લેવામાં આવી છે.

આ યોજનાનો અમલ ઓગણીસસો છપ્પનની સાલના ફેબ્રુઆરી માસમાં શરૂ થયેલો. તેનો મૂળ ખ્યાલ કરવાનું શ્રેય હિંદી સરકારના માહિતી અને રેડિયો ખાતાના મંત્રી શ્રી પી. એમ. લાડને ફાળે જાય છે. ઓગણીસસો સત્તાવનની સાલના માર્ચ માસમાં તેમનું અકાળે અવસાન થયું તે પહેલાં આ યોજનાના કામને સારા પાયા પર ગોઠવી દેવામાં તેઓ સહાયભૂત થયેલા.

આ પુસ્તકશ્રેણીની રચનાનું નિયમન કરવાનું અને તેને ઘટતે રસ્તે લેવાનું કામ એક સલાહકાર મંડળને સોંપવામાં આવ્યું છે. તેના મૂળ સભ્યો શ્રી મોરારજી ર. દેસાઈ (અધ્યક્ષ), શ્રી કાકાસાહેબ કાલેલકર, શ્રી દેવદાસ ગાંધી, શ્રી પ્યારેલાલ નય્યર, શ્રી મગનભાઈ પ્ર. દેસાઈ, શ્રી જી. રામચંદ્રન્, શ્રી શ્રીમન્નારાયણ, શ્રી જીવણજી ડા. દેસાઈ અને શ્રી પી. એમ. લાડ હતા. ગાંધીજીના જીવન તેમ જ કાર્યની સાથે ગાઢ રીતે સંબંધમાં આવેલા લોકોની સલાહ તેમ જ તેમના અનુભવનો લાભ યોજનાને મળે તે હેતુથી આ સલાહકાર મંડળ રચવામાં આવ્યું હતું.

લખાણો, ભાષણો અને પત્રો વગેરે બધી સામગ્રી એકઠી કરવાની અને પુસ્તકોના સંપાદનની વ્યવસ્થા એક મુખ્ય સંપાદકને સોંપવામાં આવી છે. શ્રી ભારતન કુમારપ્પાને મુખ્ય સંપાદક નીમવામાં આવ્યા હતા અને પાછળથી તેમને સલાહકાર મંડળમાં પણ લેવામાં આવ્યા હતા. ઓગણીસસો સત્તાવનની સાલના જૂન માસમાં તેમનું અવસાન થયું ત્યાં સુધી તેમણે અસાધારણ ભક્તિભાવથી કાર્ય કર્યું. તેમના અવસાન પછી આ યોજના મુજબનું પહેલું પુસ્તક

૧. અક્ષરદેહમાં આ નોંધ માત્ર મોટા કૌંસમાં મૂકી છે.
૨. અક્ષરદેહમાં અક્ષરો સરખા જ રાખ્યા છે.
૩. અક્ષરદેહમાં આ યાદી રાખી નથી.

Gandhi Heritage Portal

છાપવાને માટે છાપખાનામાં મોકલવાની તૈયારી પૂરી થઈ તે અરસામાં સલાહકાર મંડળે શ્રી જયરામદાસ દોલતરામને મુખ્ય સંપાદકનું કામ સંભાળવાને નિમંત્રણ આપ્યું અને તેમની મંડળના સભ્ય તરીકે પણ નિમણૂક કરવામાં આવી.

મુખ્ય સંપાદકની મદદમાં સંપાદકોનું એક મંડળ છે. તેમાંથી શ્રી યુ. આર. રાવ લખાણોને લગતું, શ્રી આર. કે. પ્રભુ ભાષણોને લગતું, શ્રી પી. જી. દેશપાંડે પત્રોને લગતું, શ્રી દીક્ષિત હિંદીને લગતું અને શ્રી એમ. કે. દેસાઈ તેમ જ શ્રી રતિલાલ મહેતા ગુજરાતીને લગતું કામ સંભાળે છે.

[મૂળ અંગ્રેજી]

11584

JUN 1974



Gandhi Heritage Portal

# આ પુસ્તકની પ્રસ્તાવના

આ પુસ્તકમાં જે ગાળાનાં લખાણો વગેરે સમાવવામાં આવ્યાં છે તે ગાંધીજીના જીવનનો તદ્દન પ્રારંભનો સમય સંપાદકોની દૃષ્ટિથી કઠણમાં કઠણ છે. તે ગાળાના પાછલા અને પ્રમાણમાં વધારે પ્રવૃત્તિમય ભાગ દરમિયાન ગાંધીજી હિંદુસ્તાનની બહાર હતા અને તેથી તે સમયની તેમનાં લખાણો વગેરેની અસલ સામગ્રી તેઓ જ્યાં વિદ્યાર્થી તરીકે રહ્યા હતા ત્યાં ઈંગ્લંડમાંથી અને જ્યાં શરૂઆતમાં વકીલ તરીકે ગયેલા ત્યાં દક્ષિણ આફ્રિકામાંથી મેળવવાની હતી.

આપણે સારે નસીબે એ ગાળાને લગતી થોડી સામગ્રી ગાંધીજીએ સાચવી રાખી હતી અને તેઓ તે હિંદુસ્તાન લેતા આવ્યા હતા. પોતાના પત્રવહેવારની કાર્બન કાગળથી કાઢેલી કોઈ કોઈ નકલો, પત્રોના તેમ જ જાહેર ફરિયાદોના નિકાલ માટે કરેલી નિવેદનરૂપ અરજીઓના હાથના લખેલા મુસદ્દા, અરજીઓની અને પોતે તૈયાર કરેલાં ચોપાનિયાંઓની છાપેલી નકલો, દક્ષિણ આફ્રિકાનાં છાપાંઓમાંથી કાઢેલી કાપલીઓ અને પોતાના થોડા પત્રો, થોડી અરજીઓ અને થોડાં નિવેદનો જેમાં પ્રસિદ્ધ થયેલાં તેવાં થોડાં દક્ષિણ આફ્રિકાની સરકારનાં પ્રકાશનો એવું બધું તે સામગ્રીમાં છે.

ગાંધીજીએ જોકે પોતાનાં બધાં લખાણો સંઘરી રાખ્યાં નહોતાં. હિંદુ ધર્મનાં મૂળતત્ત્વો પર પોતે તૈયાર કરેલા લખાણનો ઉલ્લેખ કરી **दक्षिण आफ्रिकाना सत्याग्रहनो इतिहास** (૧૯૫૬, પા. ૨૫૫)માં તેમણે લખ્યું છે, "આવી વસ્તુઓ તો ઘણીયે મેં મારી જિંદગીમાં નાખી દીધી છે કે બાળી નાખી છે. એ વસ્તુઓને સંઘરી રાખવાની આવશ્યકતા મને જેમ જેમ ઓછી જણાતી ગઈ અને જેમ જેમ મારો વ્યવસાય વધતો ગયો તેમ તેમ મેં આવી વસ્તુઓનો નાશ કર્યો. મને તેનો પશ્ચાત્તાપ નથી. એ વસ્તુઓનો સંગ્રહ મને બહુ બોજારૂપ અને ખરચાળ થઈ પડત. તેને સાચવવાનાં સાધન મારે ઉત્પન્ન કરવાં પડત. એ મારા અપરિગ્રહી આત્માને અસહ્ય થાત."

લંડનમાં અને દક્ષિણ આફ્રિકામાં મળી શકે એવાં સરકારી તેમ જ અન્ય દફતરોમાંથી મદદનીશ સંશોધકો અમારે માટે સામગ્રી એકઠી કરે છે. ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી હિંદુસ્તાન જે સામગ્રી લેતા આવ્યા હતા તેમાં એથી ઉમેરો થયો છે.

દક્ષિણ આફ્રિકાની સામગ્રીમાં હિંદી કોમની વતી ગાંધીજીએ ત્યાંની સરકાર આગળ રજૂ કરેલી ઘણી અરજો અને અરજનાં નિવેદનો છે. તેમના પર તેમની નહીં પણ કોમનું પ્રતિનિધિત્વ ધરાવનારા આગેવાનો અથવા નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ કે ટ્રાન્સવાલ બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન જેવી સંસ્થાના હોદ્દારોની સહી છે. ૧૮૯૫ના સપ્ટેમ્બરની ૨૫મી તારીખના તેમના પત્ર (જે આ પુસ્તકમાં પા. ૧૯૦ પર પ્રસિદ્ધ કર્યો છે તે)માંના તેમના પોતાના વિધાન પરથી સ્પષ્ટ દેખાય છે કે એ અરજો તેમણે ઘડી હતી. તે પત્રમાં તેમણે લખ્યું છે, ". . . અનેક અરજીઓના ખરડા ઘડવાની જવાબદારી સંપૂર્ણ રીતે મારે શિર છે." ૧૮૯૪ની સાલના જુલાઈ માસમાં લૉર્ડ રિપનને મોકલવામાં આવેલી અરજીના દાખલા પરથી આ વાતની સાબિતી મળે છે. તેના પર તેમની સહી નથી, બીજા લોકોની છે; પણ તેને વિષે **आत्मकथा** (૧૯૫૨ની આવૃત્તિ, પા. ૧૪૨)માં તેઓ લખે છે, "અરજીની પાછળ મેં બહુ મહેનત લીધી. હાથ આવ્યું તે બધું સાહિત્ય મેં વાંચી લીધું."

Gandhi Heritage Portal

૧૮૯૪ની સાલ પછી થોડાં વરસ ગાંધીજી નાતાલમાં રહ્યા હતા છતાં પાછળથી જે ટ્રાન્સ-વાલ નામથી ઓળખાયું તે સાઉથ આફ્રિકન રીપબ્લિક એટલે કે દક્ષિણ આફ્રિકાના પ્રજાસત્તાક-માંની અરજીઓને પણ આ પુસ્તકમાં લઈ લીધી છે. એ અરજીઓને ગાંધીજીના લખાણમાં ગણાવવાનું કારણ એવું છે કે દક્ષિણ આફ્રિકામાં પોતાનું પહેલું વર્ષ એટલે કે ૧૮૯૩ની સાલનો કંઈક અને ૧૮૯૪ની સાલનો થોડો ભાગ તેમણે ટ્રાન્સવાલની રાજધાની પ્રિટોરિયામાં ગાળ્યો હતો અને તે દરમિયાન તેમને ત્યાંના હિંદીઓનો અને તેમના સવાલોનો ઘાડો પરિચય થયો હતો. પોતાની આત્મકથામાં (પા. ૧૨૬ પર) તેઓ લખે છે, ". . . પ્રિટોરિયામાં ભાગ્યે કોઈ હિંદી રહ્યા હશે જેને હું ઓળખતો નહીં થયો હોઉં, અથવા તો જેની સ્થિતિથી હું વાકેફ નહીં થયો હોઉં." વળી (પા. ૧૨૫ પર) તેઓ જણાવે છે, "ને છેવટમાં, એક મંડળ સ્થાપી હિંદીઓને પડતી હાડમારીઓનો ઈલાજ અમલદારોને મળી અરજીઓ કરીને કરવો જોઈએ એમ સૂચવ્યું, ને તેમાં મને મળે તેટલો વખત વગર વેતને આપવાનું મેં જણાવ્યું." ત્યાર બાદ તેમણે નાતાલમાં રહી કાર્ય કર્યું એ ખરું, છતાં ટ્રાન્સવાલના હિંદીઓ પોતાની અરજીઓ તૈયાર કરાવવાને તેમની પાસે પહોંચી જતા હોય એવો પૂરો સંભવ છે. નાતાલમાં કે ટ્રાન્સવાલમાં ગમે ત્યાં રહ્યા હોય, પણ આખાયે દક્ષિણ આફ્રિકાના હિંદીઓના સવાલમાં તેમને ઊંડો રસ હોઈ દક્ષિણ આફ્રિકાના ઑરેન્જ ફ્રી સ્ટેટ અને કેપ કૉલોની જેવા ભાગોમાં અને રોડેશિયામાં પોતે નહોતા રહ્યા તોપણ તે બધા ભાગોમાં રહેતા હિંદીઓના સવાલો વિષે તેમણે હમેશ લખ્યાનું જોવા મળે છે.

છતાં એટલું કહેવું જોઈએ કે હિંદીઓએ અમલદારોને અગર સરકારમાં કરેલી બધી અરજીઓ ગાંધીજીએ ઘડી નહોતી; તેઓ દક્ષિણ આફ્રિકામાં પહોંચ્યા તે પહેલાં પણ એવી કેટલીક અરજીઓ આપવામાં આવી હતી. એ અરજીઓ તેમને યુરોપિયન વકીલોએ પોતાના ધંધાની રાહે ઘડી આપી હતી એ સહેજે દેખાય એવું છે. તેમ છતાં ગાંધીજી એ ઠેકાણે પહોંચ્યા તે પછી અને હિંદીઓના સવાલોમાં તેમણે ઊંડો રસ લેવા માંડયો તે પછી સામાન્યપણે હિંદીઓએ તેમની પાસેથી જ પોતાની અરજીઓ ઘડાવવા માંડી હોય એવો પૂરો સંભવ છે. શ્રી છગનલાલ ગાંધી અને શ્રી પોલાક બન્નેએ લગભગ ૧૯૦૪ની સાલથી માંડીને ગાંધીજી સાથે કાર્ય કર્યું અને ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના બાકીના વખતના વસવાટ દરમિયાન જે બન્ને તેમની સાથે જોડાયેલા રહ્યા તેમનો પણ એવો જ અભિપ્રાય છે.

બીજાં બે લખાણો પર ગાંધીજીની સહી નથી છતાં તે બન્ને આ પુસ્તકમાં લેવામાં આવ્યાં છે. નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસનું બંધારણ અને તેના કામકાજનો પહેલો હેવાલ એ બે તે લખાણો છે. ગાંધીજીએ નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસની સ્થાપના કરી હતી અને તેઓ તેના પહેલા મંત્રી હતા. ગાંધીજીએ પોતાને હાથે લખેલો એ બંધારણનો એક ખરડો મળી આવ્યો છે.

મળી આવતા પુરાવા પરથી સ્પષ્ટ થાય છે કે ગાંધીજીએ પહેલી અરજી ૧૮૯૪ની સાલના જૂન માસમાં ઘડી હતી. ત્યાર બાદ તેમણે અવિશ્રાન્તપણે એક પછી એક ઝપાટાબંધ અરજીઓ તૈયાર કરી હોય એમ લાગે છે. પોતાના સાર્વજનિક કાર્યમાં આ તબક્કે અન્યાયો દૂર કરાવવાને તેમણે હીકકતો મેળવીને પ્રસિદ્ધ કરવાની અને દલીલો રજૂ કરી તર્કબુદ્ધિને તેમ જ અંતઃકરણને એટલે કે ધર્મબુદ્ધિને અપીલ કરવાની રીત અખત્યાર કરી હતી. બાર વર્ષથીયે વધારે સમય સુધી દક્ષિણ આફ્રિકામાં આ કાર્યપદ્ધતિનો પ્રયોગ કર્યા પછી તેઓ એવા નિર્ણય પર આવ્યા કે સ્થાપિત

Gandhi Heritage Portal

હિતો દલીલને નમતું ન આપે ત્યારે સત્યાગ્રહ કરવાની અથવા કોઈક પ્રકારનું સીધું પગલું ભરવાની જરૂર ઊભી થાય છે.

આ પુસ્તકમાં જે ગાળાનાં લખાણો વગેરે સમાવવામાં આવ્યાં છે તે દરમિયાન ગાંધીજીની ઉંમર માત્ર વીસથી ત્રીસની વચ્ચેની હતી એ બીના વાચકે ખ્યાલમાં રાખવા જેવી છે. એ બધાં લખાણો તેમ જ ભાષણો સહેજે નજરે ચડે તેવો સંયમ અને અતિશયોક્તિનો અભાવ, સત્યને વળગી રહેવાની ચીવટ, અને સામાની દૃષ્ટિને પૂરો ન્યાય કરવાની આકાંક્ષા એ બધાં તેમના આખાયે જીવન દરમિયાન તેમનામાં રહેલાં લક્ષણો બરાબર પ્રગટ કરે છે.

૧૮૯૩ની સાલથી માંડીને ૧૯૧૪ની સાલ સુધીના ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના કાર્યને લગતી વિગતો સમજવામાં સામાન્યપણે ઉપયોગી થાય તેટલા ખાતર દક્ષિણ આફ્રિકાના રાજ-બંધારણના માળખા પર એક નોંધ, દક્ષિણ આફ્રિકાની તવારીખ, ત્યાંના ઇતિહાસની ભૂમિકા, અને એક નાતાલનો ને બીજો દક્ષિણ આફ્રિકાનો એમ બે નકશા પુસ્તકમાં આપવામાં આવ્યા છે.

ગાંધીજીનું જીવનચરિત્ર ટૂંકમાં આપવાનું કાર્ય આ પુસ્તકશ્રેણીના કાર્યની મર્યાદામાં ન હોવાથી પુસ્તકમાં આપવામાં આવેલી કાલાનુક્રમણિકામાંથી જન્મથી માંડીને આ પુસ્તકમાં આપ-વામાં આવેલાં લખાણોની છેલ્લામાં છેલ્લી તારીખ સુધીના ગાંધીજીના જીવનનો તેમ જ કાર્યનો વાચકને ખ્યાલ આવે તેવી કોશિશ કરવામાં આવી છે.

આ પુસ્તકમાં લેવામાં આવેલી સામગ્રી સારુ પોતાનાં પુસ્તકો તેમ જ ગાંધીજીના પત્રો ને બીજાં પ્રસિદ્ધ ન થયેલાં ગાંધીજીનાં લખાણોની છબીઓના સંગ્રહવાળા ઉપયોગી પુસ્તકાલય તેમ જ સંગ્રહાલયનો અમને છૂટથી ઉપયોગ કરવા દેવાને માટે નવી દિલ્હીમાં આવેલા ગાંધી સ્મારક નિધિના અમે આભારી છીએ. તેવી જ રીતે દક્ષિણ આફ્રિકાનાં છાપાંઓની કાપલીઓ, ત્યાંની સરકારનાં પ્રકાશનો, અને તે ઉપરાંત ગાંધીજીના પત્રો અને તેમણે દક્ષિણ આફ્રિકામાં વખતોવખત બહાર પાડેલાં લખાણો જેવી મૂલ્યવાન સામગ્રીનો ઉપયોગ કરવા દેવાને માટે અમે સાબરમતી આશ્રમ સંરક્ષણ અને સ્મારક ટ્રસ્ટના ઋણી છીએ.

જરૂરી સામગ્રી મેળવવાને પોતાનાં પુસ્તકાલયોમાં તેમ જ જૂનાં દફતરો સંઘરવાના ખંડોમાં અમારા લંડનમાં કાર્ય કરતા મદદનીશને સંશોધન કરવાની સગવડ આપવાને માટે લંડનની સંસ્થા-નોની કચેરી, બ્રિટિશ મ્યૂઝિયમ, અને લંડન વેજિટેરિયન સોસાયટીની ઑફિસનો પણ અમારે આભાર માનવાનો છે.

સામગ્રી એકત્ર કરવામાં જરૂરી સગવડ આપવાને માટે અમે કલકત્તાની નેશનલ લાઇબ્રેરીના અને કલકત્તા, મુંબઈ ને મદ્રાસમાં આવેલી છાપાંઓની ઑફિસોના ઋણી છીએ.

અમદાવાદમાં આવેલું ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, નવી દિલ્હીમાં આવેલી એ.આઈ.-સી.સી.ની લાઈબ્રેરી અને ઇન્ડિયન કાઉન્સિલ ઑફ વર્લ્ડ ઍફેર્સ લાઇબ્રેરી, દિલ્હી યુનિવર્સિટી લાઇબ્રેરી (ડિપાર્ટમેન્ટ ઑફ આફ્રિકન સ્ટડીઝ), દિલ્હીમાં અને મુંબઈમાં આવેલી યુ.એસ.આઈ.એસ. લાઇબ્રેરીઓ, મુંબઈમાં આવેલી યુનિવર્સિટી લાઇબ્રેરી અને એશિયાટિક સોસાયટી લાઇબ્રેરી એ બધી સંસ્થાઓએ અમને માહિતી અને મદદ મેળવવામાં સગવડ આપી તે માટે અમે તેમના આભારી છીએ.

પુસ્તકમાંની બાબત નં. ૩, ૫, ૬ અને ૧૩ અને પા. ૯૭ની સામેની છબીને માટે અમે શ્રી ડી. જી. તેન્ડુલકર અને *મહાત્મા*ના પ્રકાશકોના અને લખાણોની છબીઓ માટે ગાંધી સ્મારક નિધિના ઋણી છીએ.

Gandhi Heritage Portal

# દક્ષિણ આફ્રિકાના હિંદીઓના સવાલની ઐતિહાસિક ભૂમિકા

૧૮૯૩ની સાલમાં ગાંધીજી દક્ષિણ આફ્રિકા ગયા ત્યારે તેમાં નાતાલ, કેપ, ટ્રાન્સવાલ અને ઑરેન્જ ફ્રી સ્ટેટ એમ ચાર સંસ્થાનોનો સમાવેશ થતો હતો. દંતકથાઓમાં ગવાયેલા હિંદને માર્ગે જતાં કેવળ અકસ્માતથી દક્ષિણ આફ્રિકાની શોધ કરનારા યુરોપિયનોના વંશજો આ સંસ્થાનો-નો રાજવહીવટ ચલાવતા હતા. શરૂઆતમાં પૂર્વના મુલકોના માર્ગમાં મુકામ કરવાના સ્થળ તરીકે અને પાછળથી પોતાના વતન તરીકે તેમણે ત્યાં વસવાટ આરંભ્યો અને તેની ખિલવણી કરી.

૧૮૯૩ની સાલમાં એ મુલકમાં વર્ચસ ધરાવનારા ડચ અથવા બોઅર અને બ્રિટિશ લોકો હતા. તેમાંથી ટ્રાન્સવાલ ને ઑરેન્જ ફ્રી સ્ટેટમાં ડચ લોકોનું અને નાતાલ ને કેપમાં બ્રિટિશ લોકોનું વર્ચસ હતું. બ્રિટિશ લોકોએ એ પ્રદેશમાં આવી ડચ લોકો પાસેથી ૧૮૦૬ની સાલમાં કેપનો અને ૧૮૪૩ની સાલમાં નાતાલનો કબજો પડાવી લીધો ત્યાં સુધી આશરે બસો વરસ લગી ત્યાં ડચ લોકોનું લગભગ બિનતકરાર રાજ્ય ચાલતું હતું. આ બે બનાવો બન્યા પછી ઘણાખરા ડચ લોકોએ દેશના અંદરના ભાગમાં જઈ ટ્રાન્સવાલ અને ઑરેન્જ ફ્રી સ્ટેટનો કબજો કર્યો. આમ છતાં ડચ લોકોના પ્રદેશમાં બ્રિટિશોનો અને બ્રિટિશોના પ્રદેશોમાં ડચ લોકોનો વસવાટ હતો ખરો.

આ બન્ને પ્રજાઓ વચ્ચે કાયમ ઘર્ષણ રહેતું. બન્નેને મુલકમાં પોતાની સરસાઈ સ્થાપવી હતી; આખરે બોઅર યુદ્ધ (૧૮૯૯–૧૯૦૨)માં ઘર્ષણ છેલ્લી હદે પહોંચી ગયું. તે યુદ્ધને અંતે દક્ષિણ આફ્રિકાનો આખોયે મુલક બ્રિટિશ સામ્રાજ્યનો ભાગ બન્યો. ડચ પ્રજાના કબજાના વિસ્તા-રોમાં વસવાટ કરીને રહેલા બ્રિટિશ તેમ જ હિંદી પ્રજાજનોના વાજબી હકો તેમને મેળવી આપવાને અસલમાં અમે આ યુદ્ધ ખેડયું છે એવો બ્રિટિશ લોકોનો દાવો હતો.

ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં પહોંચ્યા તે વખતે ચારે સંસ્થાનો એકબીજાથી સ્વતંત્ર હતાં અને સૌ પોતપોતાની નીતિને અનુસરતાં. પોતાના પ્રજાજનોના હિતનું રક્ષણ કરવાને લંડનની બ્રિટિશ સરકાર એ વખતે પોતાના એજન્ટ એ સંસ્થાનોમાં રાખતી અને કંઈક અંશે તેમની સરકારોની નીતિરીતિ પર કાબૂ ધરાવતી. પણ પાછળથી ૧૯૧૦ની સાલમાં બ્રિટિશ નેજા નીચે દક્ષિણ આફ્રિકાનું સંઘરાજ્ય રચીને આ સંસ્થાનો એકત્ર થયાં અને તેમને સ્વરાજના પૂરા અધિકાર મળ્યા ત્યારે લંડનની શાહી સરકારે તેમની બાબતમાં તેમ જ દક્ષિણ આફ્રિકાની સંઘ સરકારની બાબતમાં દખલ ન કરવાની નીતિ અખત્યાર કરી. દક્ષિણ આફ્રિકા હવે ડોમિનિયનના દરજ્જાનું સંસ્થાન છે, તેથી બ્રિટિશ કૉમનવેલ્થનું સ્વરાજના અધિકાર ભોગવતું સભ્ય છે અને પોતાનો વહીવટ પોતાની રીતે પોતાની ઇચ્છા મુજબ ગોઠવવાને સ્વતંત્ર છે એવી શાહી સરકારની એ નીતિ અખત્યાર કરવા માટેની દલીલ હતી. લંડનની શાહી સરકારના એશિયાઈ પ્રજાજનોની ફરિયાદોના નિકાલનો વિષય દક્ષિણ આફ્રિકાના સંઘરાજ્યના ગવર્નર જનરલ-ઈન-કાઉન્સિલને હસ્તક ગયો અને એ બાબતમાં દક્ષિણ આફ્રિકાની સરકારની નીતિ પર પ્રભાવ પાડવાની બ્રિટિશ શાહી સરકારની શક્તિ રહી નહીં. પણ ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના વસવાટના ઘણા મોટા ભાગ દરમિયાન એવી સ્થિતિ નહોતી.[1]

દક્ષિણ આફ્રિકાના મુલકમાં ખેતીની ખિલવણીને માટે અને તેની ખનિજસંપત્તિનો ઉપયોગ કરવાને માટે ત્યાંનાં સંસ્થાનોના ગોરાઓને મજૂરોની જરૂર હતી. મજૂરો તરીકે આફ્રિકાવાસી તેમને

Gandhi Heritage Portal

સ્થિર અને આધાર રાખવા લાયક જણાયા નહોતા કેમ કે પોતાની જમીનમાંથી જે કંઈ આછું-પાતળું મળે તેના પર દહાડા કાઢવામાં તેમને સંતોષ હતો અને તેમાંના મોટા ભાગના રોજ પર કામ કરવાને ઇંતેજાર નહોતા. બ્રિટિશ સંસ્થાનોએ તેથી હિંદના બ્રિટિશ રાજકર્તાઓ સાથે હિંદી મજૂરોને કરારથી બાંધી દક્ષિણ આફ્રિકામાં મંગાવવાની વ્યવસ્થા કરી. ૧૮૬૦ની સાલમાં એવા મજૂરોની પહેલી ટુકડી દક્ષિણ આફ્રિકા પહોંચી. પોતાના કરારની મુદત પૂરી થયે આ મજૂરો કાં તો હિંદ પાછા ફરી શકતા અથવા ફરી પાંચ વરસની મુદતને માટે નવા કરારથી બંધાઈ દક્ષિણ આફ્રિકામાં રહી શકતા અથવા પોતાને હિંદ પાછા ફરવાને માટે આગબોટના ભાડાની રકમ જેટલી કિંમતની જમીન સરકાર તેમને આપે તેના પર સ્વતંત્ર નાગરિકો તરીકે ત્યાં રહી શકતા.

આ મજૂરો સામાન્યપણે હિંદના ગરીબમાં ગરીબ લોકોમાંથી આવતા, તંદુરસ્તીને પોષક સ્વચ્છ રહેણીકરણીની તાલીમ વગરના અને ઘણી બાબતોમાં પછાત હતા. તેમની પાછળ તરત જ તેમની જરૂરિયાતો પૂરી પાડવાને હિંદી વેપારીઓ આવ્યા. દક્ષિણ આફ્રિકાની હિંદી વસ્તીની મૂળ શરૂઆત આ રીતે થઈ.

આવી જાતના બીજા મજૂરોને દક્ષિણ આફ્રિકા મોકલવાને માટેનો નવો કરાર કરતી વખતે ૧૮૬૯ની સાલમાં હિંદુસ્તાનની સરકારે ચોખ્ખી શરત કરાવી હતી કે પોતાના કરારની મુદત પૂરી થયા બાદ એ મજૂરોને સમાન દરજ્જો મળશે, તેમને રાજ્યના સામાન્ય કાનૂનો લાગુ પડશે અને તેમની સાથે કાયદાની બાબતમાં અથવા વહીવટના અમલની બાબતમાં ભેદભાવ રાખવામાં નહીં આવે. આવા મજૂરોની માગણી કરનારી નાતાલની સરકારે આ શરત મંજૂર રાખી હતી અને ત્યાર બાદ ૧૮૭૫ની સાલમાં લંડનની બ્રિટિશ સરકારે પણ તે વાત મંજૂર રાખી હતી. વળી પોતાના ૧૮૫૮ની સાલના ઢંઢેરામાં બ્રિટિશ રાણીએ "અમારા હિંદી મુલકના વતનીઓને" "અમારા બીજા પ્રજાજનોના અધિકાર જેવા જ અધિકારો" રહેશે એવી બાંયધરી આપી હતી.

પણ ડચ લોકો હિંદીઓ દક્ષિણ આફ્રિકામાં ટકી પડે તે વાતનો પહેલેથી એકસરખો વિરોધ કરતા આવ્યા હતા. ચીની સમેત બીજા એશિયાવાસી મજૂરોને ઠરાવવામાં આવેલી મુદતને માટે લાવવામાં આવે અને તે પૂરી થયે તરત જ તેમને પોતપોતાના મુલકમાં પાછા મોકલી દેવામાં આવે એવી તેમની ઇચ્છા હતી. આફ્રિકાવાસી કાળા લોકોને તેમને માટે નક્કી કરી આપવામાં આવેલા વિસ્તારોમાં અલગ રાખી પોતાનાં સંસ્થાનો કેવળ ગોરાં રહે એવું તે ઇચ્છતા હતા.

ત્યાં વસવાટ કરીને રહેલા બ્રિટિશ લોકોની પણ એવી જ ઇચ્છા હતી કેમ કે બીજા યુરોપિયન ધંધાદારીઓની માફક ખેતીમાં તેમ જ વેપારમાં હિંદીઓ તેમને પણ ભયંકર હરીફો જણાયા હતા. હિંદી ખેડૂતે એ મુલકમાં નવાં ફળો અને શાકભાજી દાખલ કરી તેમને ઓછે ખરચે ને મોટા જથ્થામાં પેદા કરવા માંડયાં અને તેથી ગોરા ખેડૂતને મળતા ભાવ ઊતરી ગયા. હિંદી વેપારી ઓછે ખરચે રહેતો, દુકાન ચલાવવાને સાધનો કે માણસોમાં નહીં જેવો ખર્ચ કરતો એટલે બ્રિટિશ કે ડચ વેપારીઓના કરતાં ઓછે ભાવે પોતાનો માલ વેચી શકતો. તેથી ગોરાઓને એવી બીક લાગી કે હિંદીઓને મુલકમાં છૂટથી આવવા દેવામાં આવશે અને ફાવે તે રીતે વેપારમાં કે ખેતીમાં જામી જવા દેવામાં આવશે તો તે બધા મળીને પોતાને લાચાર કરી મૂકશે.

તે મુજબ હિંદીઓ પર અસંખ્ય નિયંત્રણો ને અંકુશો મુકાયાં. એમાંનો સૌથી પહેલો નિયંત્રણનો કાયદો ડચ પ્રજાસત્તાક ટ્રાન્સવાલનો ૧૮૮૫ની સાલનો ત્રીજો કાનૂન હતો. તેનાથી

Gandhi Heritage Portal

એવું ઠરાવવામાં આવ્યું કે એશિયાવાસીઓ ડચ નાગરિકત્વના અધિકાર મેળવી નહીં શકે. તેનાથી એવી ફરજ પાડવામાં આવી કે "જાહેર તંદુરસ્તીને ખાતર" હિંદીઓને માટે ખાસ અલગ કાઢવામાં આવેલા લત્તાઓમાં જ તેમણે રહેવું, તેવા લત્તાઓ સિવાય બીજે તેઓ સ્થાવર મિલકત રાખી નહીં શકે, તેમનામાંના જે વેપારને સારુ રાજ્યમાં પ્રવેશ કરે તેમનું લવાજમ લઈ એક રજિસ્ટર રાખવામાં આવે અને ધંધો કરવાને તેમણે પરવાનો મેળવવો જોઈએ.

ઈંગ્લંડની નામદાર રાણી અને ટ્રાન્સવાલ ડચ પ્રજાસત્તાકની વચ્ચે ૧૮૮૪ની સાલમાં થયેલી સમજૂતીની ચૌદમી કલમનો જોકે આ કાનૂન છડેચોક ભંગ કરતો હતો કેમ કે તે કલમમાં જાહેર કરવામાં આવ્યું હતું કે "આફ્રિકાના અસલ વતનીઓ સિવાયનાં" બધાં માણસોને ટ્રાન્સવાલના પ્રજાસત્તાકના કોઈ પણ ભાગમાં પ્રવેશ કરવાની, મુસાફરી કરવાની, રહેવાની, મિલકત રાખવાની અને પોતાનો વ્યવસાય ચલાવવાની પૂરેપૂરી સ્વતંત્રતા રહેશે અને તેમના પર ડચ નાગરિકો પર નાખવામાં નહીં આવ્યા હોય એવા કોઈ કરવેરા નાખવામાં નહીં આવે. એ સંસ્થાનમાં વસતા બ્રિટિશ પ્રજાજનોનાં હિતની સંભાળ રાખવાને બ્રિટિશ હાઈ કમિશનર ત્યાં રહેતો હતો. પણ શું ડચ કે બ્રિટિશ, સંસ્થાનમાં "થઈ રહેલા એશિયાવાસીઓના આક્રમણના જોખમની" વાતો કરનારા ટ્રાન્સવાલના બધાયે ગોરાઓની ચળવળના દબાણથી તેણે લંડનની સરકારને એ કાનૂનનો વિરોધ ન કરવાની સલાહ આપી અને તેને અનુસરીને લંડનની બ્રિટિશ સરકારે આ હિંદી વિરોધી ધારાની સામે કોઈ પણ જાતનો વાંધો ન ઉઠાવવાના પોતાના નિર્ણયની જાહેરાત કરી.

બીજા બ્રિટિશ પ્રજાજનોની સાથે હિંદીઓને સરખા હક રહેશે એવી શાહી સરકારની આગળની જાહેરાતો છતાં દક્ષિણ આફ્રિકામાંના હિંદીઓને લગતી પોતાની નીતિ તેણે આ રીતે ફેરવી નાખી તેને પરિણામે ડચ તેમ જ બ્રિટિશ એમ બંને હકૂમત હેઠળના પ્રદેશોમાં શાહી સરકારને પોતાના પ્રજાજનોનું સંરક્ષણ કરવાની પૂરી સત્તા હતી, તે વખતે સુધ્ધાં એકલા ડચ હકૂમત નીચેના ટ્રાન્સવાલમાં જ નહીં, બ્રિટિશ હકૂમત હેઠળના નાતાલમાં પણ હિંદીઓ અને બીજાઓ વચ્ચે ભેદભાવ કરનારા કાયદાઓને માટે રસ્તો મોકળો થઈ ગયો.

આખાયે દક્ષિણ આફ્રિકામાં હિંદીઓની સામે રેલવે ગાડીઓમાં, બસોમાં, નિશાળોમાં અને હોટલોમાં તેમની નીતિને કારણે ભેદભાવથી વહેવાર રાખવામાં આવતો હોઈ તેમને પરવાનો કઢાવ્યા વગર એક સંસ્થાનમાંથી બીજામાં જવા દેવામાં આવતા નહોતા. ૧૮૯૪ની સાલમાં જ્યાં હિંદીઓની વસ્તી વધારેમાં વધારે હતી તેવા નાતાલ જેવા બ્રિટિશ સંસ્થાનમાં તેમનો દરજ્જો ઉતારી નાખનારો અને તેમને પોતાના રાજકીય અધિકારોનો અમલ કરવામાં રોકનારો તેમનો મતાધિકાર રદ કરનારો કાયદાનો ખરડો મંજૂર થવાની અણી પર હતો.

૧૮૯૩ની સાલના મે માસમાં ગાંધીજી વકીલ તરીકે પોતાના ધંધાને લગતું એક કામ લઈને દક્ષિણ આફ્રિકા ગયા હતા. ૧૮૯૪ની સાલમાં કાયદાને લગતું પોતાનું કામકાજ પતાવી તેઓ દક્ષિણ આફ્રિકા છોડવાની તૈયારીમાં હતા તેવામાં અખબારોમાં એ કાયદાના ખરડાનો ઉલ્લેખ તેમના જોવામાં આવ્યો. એ ખરડાનો અર્થ પોતાના દેશબાંધવો કે જેમાંના મોટા ભાગના અભણ હતા તેમને માટે કેવો થશે એ બીના તરફ ગાંધીજીએ તેમનું ધ્યાન ખેંચ્યું ત્યારે તે લોકો પોતાને મદદ કરવાને ત્યાં રોકાઈ જવાને ગાંધીજીને સમજાવી શકયા. આ અને હિંદીઓની એવી બીજી ફરિયાદોમાં તેમને ન્યાય મેળવી આપવાના કામમાં ગાંધીજીને એકવીસ વરસ સુધી એટલે કે ૧૯૧૪ની સાલ સુધી તે દેશમાં રોકાવું પડયું.

Gandhi Heritage Portal

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| અંજલિ | ડૉ. રાજેન્દ્રપ્રસાદ | ૭ |
| પરિચય | જવાહરલાલ નેહરુ | ૧૧ |
| સામાન્ય પ્રસ્તાવના | | ૧૩ |
| આ પુસ્તકની પ્રસ્તાવના | | ૧૯ |
| દક્ષિણ આફ્રિકાના હિંદીઓના સવાલની ઐતિહાસિક ભૂમિકા | | ૨૩ |

૧. પિતાને પત્ર ૧
૨. રાજકોટની હાઈસ્કૂલમાં ભાષણ ૧
૩. લક્ષ્મીદાસ ગાંધીને પત્ર ૨
૪. લંડન ડાયરીમાંથી ૩
૫. મિ. લેલીને પત્ર ૧૫
૬. કર્નલ જે. ડબલ્યુ. વૉટસનને પત્ર ૧૭
૭. હિંદના શાકાહારીઓ ૧૮
૮. કેટલાક હિંદી તહેવારો ૨૮
૯. હિંદના ખોરાક ૩૩
૧૦. લંડનની બૅન્ડ ઑફ મર્સી — જીવદયા મંડળીને આપેલું ભાષણ ૩૯
૧૧. હોલબર્ન હોટેલમાં વિદાયનો ભોજન સમારંભ ૩૯
૧૨. પોતે ઈંગ્લંડ શા સારુ ગયા ૪૦
૧૩. ઍડવોકેટ તરીકે નોંધાવા માટે અરજી ૪૭
૧૪. હિંદ ભણી વતનને રસ્તે ૪૮
૧૫. પટવારીને પત્ર ૫૪
૧૬. ઓળખનો સવાલ ૫૫
૧૭. હિંદી વેપારી ૫૫
૧૮. નવા ગવર્નરને આવકાર ૫૮
૧૯. હિંદીઓના મત ૫૯
૨૦. શાકાહારના સિદ્ધાંત માટે કાર્ય ૬૧
૨૧. પ્રાણપોષક ખોરાકનો અખતરો ૬૨
૨૨. ઈંગ્લંડમાં રહેતા હિંદીઓને ૬૫
૨૩. શાકાહાર અને બાળકો ૬૭
૨૪. ધર્મ વિષે સવાલો ૬૭
૨૫. નાતાલ ઍસેમ્બ્લીને અરજી ૬૯
૨૬. નાતાલના વડા પ્રધાનને મળેલું પ્રતિનિધિમંડળ ૭૩
૨૭. ધારાસભાના સભ્યોને માટે સવાલો ૭૫
૨૮. નાતાલના ગવર્નરને મળેલું પ્રતિનિધિમંડળ ૭૬


Gandhi Heritage Portal

| | |
|---|---|
| ૨૯. નાતાલ કાઉન્સિલને અરજી | ૭૮ |
| ૩૦. દાદાભાઈ નવરોજીને પત્ર | ૭૯ |
| ૩૧. નાતાલ કાઉન્સિલને બીજી અરજી | ૮૦ |
| ૩૨. હિંદીઓ અને મતાધિકાર | ૮૩ |
| ૩૩. નાતાલના ગવર્નરને પત્ર | ૮૫ |
| ૩૪. દાદાભાઈ નવરોજીને પત્ર | ૮૬ |
| ૩૫. લૉર્ડ રિપનને અરજી | ૮૭ |
| ૩૬. દાદાભાઈ નવરોજીને પત્ર | ૯૪ |
| ૩૭. નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ | ૯૬ |
| ૩૮. 'રામીસામી' | ૧૦૦ |
| ૩૯. નાજરને પત્ર | ૧૦૨ |
| ૪૦. ધિ એસોટેરિક ક્રિશ્ચિયન યુનિયન | ૧૦૩ |
| ૪૧. વેચાણ માટે પુસ્તકો | ૧૦૪ |
| ૪૨. ખુલ્લો પત્ર | ૧૦૫ |
| ૪૩. યુરોપિયનોને પત્ર | ૧૨૩ |
| ૪૪. ભૌતિકવાદનું અધૂરાપણું | ૧૨૪ |
| ૪૫. દાદાભાઈ નવરોજીને પત્ર | ૧૨૭ |
| ૪૬. વેચાણ માટે પુસ્તકો | ૧૨૭ |
| ૪૭. મુસ્લિમ કૉનૂન | ૧૨૮ |
| ૪૮. પ્રિટોરિયાના એજન્ટને અરજી | ૧૩૨ |
| ૪૯. નાતાલ ધારાસભાને અરજી | ૧૩૩ |
| ૫૦. કમરુદ્દીનને કાગળ | ૧૩૬ |
| ૫૧. શાકાહારી મિશનરીઓની મંડળી | ૧૩૬ |
| ૫૨. લૉર્ડ રિપનને અરજી | ૧૪૨ |
| ૫૩. લૉર્ડ એલ્જિનને અરજી | ૧૬૦ |
| ૫૪. નાતાલ કાઉન્સિલને અરજી | ૧૬૩ |
| ૫૫. મિ. ચેમ્બરલેનને અરજી | ૧૬૫ |
| ૫૬. લૉર્ડ એલ્જિનને અરજી | ૧૭૬ |
| ૫૭. નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસનો પહેલો હેવાલ | ૧૭૮ |
| ૫૮. હિંદી મતાધિકાર (ધિ नाताल मर्क्युरीને પત્ર) | ૧૮૪ |
| ૫૯. હિંદી મતાધિકાર (ધિ नाताल मर्क्युरीને પત્ર) | ૧૮૬ |
| ૬૦. ઇન્ડિયન કૉંગ્રેસ (ધિ नाताल एडवर्टाइझरને પત્ર) | ૧૮૮ |
| ૬૧. ઇન્ડિયન કૉંગ્રેસ (ધિ नाताल मर्क्युरीને પત્ર) | ૧૯૦ |
| ૬૨. ઇન્ડિયન કૉંગ્રેસ (ધિ नाताल मर्क्युरीને પત્ર) | ૧૯૧ |
| ૬૩. નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસની સભામાં ભાષણ | ૧૯૨ |
| ૬૪. હિંદીઓનો પ્રશ્ન (ધિ नाताल एडवर्टाइझरને પત્ર) | ૧૯૨ |
| ૬૫. નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ | ૧૯૩ |

Gandhi Heritage Portal

૬૬. મિ. ચેમ્બરલેનને અરજી ૧૯૬
૬૭. હિંદી મતાધિકાર ૧૯૮
૬૮. નાતાલમાં શાકાહાર ૨૨૧
૬૯. શાકાહારનો સિદ્ધાંત ૨૨૪
૭૦. નાતાલના ગવર્નરને અરજી ૨૨૬
૭૧. હિંદીઓ અને પરવાના ૨૨૮
૭૨. ઝૂલુલૅન્ડ માટેના હંગામી સેક્રેટરીને પત્ર ૨૩૨
૭૩. ઝૂલુલૅન્ડ માટેના સેક્રેટરીને પત્ર ૨૩૩
૭૪. દાદાભાઈ નવરોજીને પત્ર ૨૩૩
૭૫. વેડરબર્નને પત્ર ૨૩૪
૭૬. મિ. ચેમ્બરલેનને અરજી ૨૩૫
૭૭. હિંદી મતાધિકાર (ધિ નાતાલ વિટનેસને પત્ર) ૨૩૮
૭૮. નાતાલ ઍસેમ્બ્લીને અરજી ૨૪૨
૭૯. દાદાભાઈ નવરોજીને તાર ૨૪૮
૮૦. નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસ (નાતાલના વડા પ્રધાનને પત્ર) ૨૪૯
૮૧. નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસ ૨૫૦
૮૨. મિ. ચેમ્બરલેનને અરજી ૨૫૧
૮૩. હિંદ જતાં પહેલાંની મુલાકાત ૨૬૮
૮૪. હિંદીઓનો મેળાવડો ૨૭૦
આધારરૂપ સાહિત્ય ૨૭૧
તારીખવાર વૃત્તાંત ૨૭૨
દક્ષિણ આફ્રિકાના રાજ્યબંધારણનું માળખું ૨૭૯
દક્ષિણ આફ્રિકાનું ટૂંકું વૃત્તાંત ૨૮૪
નોંધો ૨૯૧
સૂચિ ૨૯૭


Gandhi Heritage Portal

## ચિત્રસૂચિ


| | |
|---|---|
| ગાંધીજી – લંડનમાં વિદ્યાર્થી તરીકે | મુખપૃષ્ઠ |
| ગાંધીજીનું જન્મસ્થળ – પોરબંદરનું ઘર | ૮ |
| રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલ જ્યાં ગાંધીજી ભણેલા | ૯ |
| ૧૮૯૦ની સાલમાં લંડન વેજિટેરિયન સોસાયટીના બીજા સભ્યો સાથે ગાંધીજી | ૯૬ |
| નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસના સ્થાપકો, ૧૮૯૫ | ૯૬ |
| નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસના બંધારણનું પહેલું પાનું | ૯૬ |
| નાજરને પત્ર | ૯૭ |


### નકશા


| | |
|---|---|
| નાતાલ | ૨૦૧ |
| દક્ષિણ આફ્રિકા | ૨૮૦ |


Gandhi Heritage Portal

ગાંધીજીનો અક્ષરદેહ

Gandhi Heritage Portal

# અભ્યાસી પ્રત્યે

મારાં લખાણોના ઉદ્યમી અભ્યાસીને તેમ જ એમાં રસ લેનાર બીજાઓને કહેવા ઇચ્છું છું કે મને સર્વકાળે એકરૂપ જ દેખાવાની કશી પરવા નથી. સત્યની મારી શોધમાં મેં ઘણા વિચારોનો ત્યાગ કર્યો છે ને ઘણી નવી વસ્તુઓ શીખ્યો છું. ઉંમરમાં હું ભલે વૃદ્ધ થયો હોઉં, પણ મારો આંતરિક વિકાસ થતો અટકયો છે અથવા દેહ પડયા પછી મારો વિકાસ અટકી જશે એવું મને લાગતું નથી. મને એક જ વસ્તુની પડી છે, ને તે પ્રતિક્ષણ સત્યનારાયણની વાણીને અનુસરવાની મારી તત્પરતા છે. અને તેથી કોઈને મારાં બે લખાણોમાં વિરોધ જેવું જણાય ત્યારે, જો તેને મારા ડહાપણ વિષે શ્રદ્ધા હોય તો એક જ વિષયનાં બે લખાણોમાંથી પાછલાને તે પ્રમાણભૂત માને.

હરિજનબંધુ, ૩૦–૪–'૩૩ — ગાંધીજી

Gandhi Heritage Portal

## ૧. પિતાને પત્ર

[ગાંધીજીએ પહેલવહેલા લખેલા પત્રમાંના એકને વિષે આ ઉલ્લેખ છે. મૂળ લખાણ મળી શકે એમ ન હોવાથી તેમની આત્મકથામાંથી તેમનું પોતાનું આપેલું વર્ણન અહીં ઉતારવામાં આવ્યું છે. પંદર વરસની ઉંમરે પોતાના ભાઈએ કરેલું નાનું સરખું કરજ ફેડવાને માટે ભાઈના સોનાના નક્કર કડામાંથી એકાદ તોલાનો સોનાનો કકડો તેમણે કાપી લીધો હતો. પોતાના કામથી તેમને એટલું બધું હીણું લાગ્યું કે પિતાની પાસે વાત કબૂલ કરી દેવાનો તેમણે નિશ્ચય કર્યો. કંઈ પણ કહ્યા વગર પિતાએ મૂગે મોઢે આંસુ ઢાળી માફી આપી. આ બનાવની તેમના મન પર કાયમની છાપ રહી ગઈ. ગાંધીજીએ પોતે કહ્યું છે કે 'મારે સારુ આ અહિંસાનો પદાર્થપાઠ હતો.']

[૧૮૮૪]

મેં ચિઠ્ઠી લખીને હાથોહાથ આપી. ચિઠ્ઠીમાં બધો દોષ કબૂલ કર્યો ને સજા માગી, પોતે પોતાની ઉપર દુ:ખ ન વહોરી લે એવી આજીજીપૂર્વક વિનંતી કરી; ને ભવિષ્યમાં ફરી એવો દોષ ન કરવાની પ્રતિજ્ઞા કરી.

[મૂળ ગુજરાતી]

आत्मकथा, ૧૯૫૨, પા. ૨૬

## ૨. રાજકોટની હાઈસ્કૂલમાં ભાષણ

[બૅરિસ્ટરની પરીક્ષા માટે અભ્યાસ કરવાને માટે ગાંધીજી વિલાયત જવાની તૈયારીમાં હતા ત્યારે આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં તેમની સાથે ભણનારા વિદ્યાર્થીઓએ તેમને વિદાય આપવાને કરેલા મેળાવડામાં તેમણે પોતાનું પહેલવહેલું ભાષણ ૧૮૮૮ની સાલના જુલાઈ માસની ૪થી તારીખે કર્યું લાગે છે. પોતાની આત્મકથામાં તેઓ કહે છે, 'જવાબને સારુ હું કંઈક લખી ગયેલો. તે પણ જવાબમાં ભાગ્યે વાંચી શકયો. માથું ફરતું હતું, શરીર ધ્રૂજતું હતું એટલું મને યાદ છે' (પા. ૩૮). એ વખતે તેમની ઉંમર અઢાર વરસની હતી. તેમણે જે કહેલું તેનો છાપાનો હેવાલ નીચે આપ્યો છે.]

જુલાઈ ૪, ૧૮૮૮

રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલના એક વિદ્યાર્થી શ્રી મોહનદાસ કરમચંદ ગાંધી જે સામળદાસ કૉલેજમાં ભાવનગર પહેલા વર્ષનો અભ્યાસ કરતા હતા તે હાલમાં વિલાયત બારિસ્ટરનો અભ્યાસ કરવાને જાય છે તેના માનમાં હાઈસ્કૂલના વિદ્યાર્થીઓનો એક મેળાવડો તા. ૪ જુલાઈ, ૮૮ના રોજ હાઈસ્કૂલમાં થયો હતો. તે વખતે શ્રી મોહનદાસ ગાંધીને આપેલા માનપત્રના જવાબમાં તેણે કહ્યું હતું કે—

'હું આશા રાખું છું કે બીજાઓ મારો દાખલો લેશે અને ઇંગ્લંડથી પાછા આવ્યા બાદ હિંદુસ્તાનમાં સુધારાનાં મોટાં કામો કરવામાં પોતાના ખરા જિગરથી ગૂંથાશે.'


Gandhi Heritage Portal

હાઈસ્કૂલના પહેલા આસિસ્ટન્ટ માસ્તર ડૉક્ટરે કહ્યું કે હાઈસ્કૂલનો એક વિદ્યાર્થી ઇંગ્લંડ વધુ અભ્યાસ કરવા જાય છે તેને માટે આપણે ખુશી થવા જેવું છે. હું ઇચ્છું છું કે તેના કામમાં ફતેહ થાય.

[મૂળ ગુજરાતી]

काठियावाड टाइम्स, १२–७–१८८८

## ૩. લક્ષ્મીદાસ ગાંધીને પત્ર

મુ: લંડન તા. ૯–૧૧–૮૮ શુક્રવાર

કૃપાસાગર મુરબ્બી વડીલ ભાઈશ્રી મુ. લક્ષ્મીદાસ કરમચંદ ગાંધીને. સે. મોહનદાસ કરમચંદના શિર સાષ્ટાંગ દંડવત્ સેવામાં માન્ય રાખશો. બે કે ત્રણ અઠવાડિયાં થયાં આપનો પત્ર બિલકુલ નથી એ ઘણી જ તાજુબીની તથા ખેદજનક વાત છે. કારણ કંઈ સમજાતું નથી. તોપણ વચમાં થોડા દિવસ મારા પત્રો નહીં પહોંચતા હોય તેને લીધે આમ થયું હશે. તો લંડન પહોંચતાં સુધીમાં કાગળ લખવા નાખવાના મુકામ ન હોવાથી એમ થયું. પણ તેથી આપે કાગળ ન લખવા એ તાજુબીની વાત છે. આ દૂર દેશમાં તો માત્ર કાગળથી જ મેળાપ થાય. તો આ આપને શું સૂઝયું એ ખબર પડતી નથી. ઘણી જ ચિંતા થાય છે. ઘરના ખુશખબર અઠવાડિયે સાંભળવાની જે ખરી તક તે પણ ન મળે એ થોડી દિલગીરી નથી. આખો દિવસ નવરો બેસું છું ત્યારે એ જ ફિકરમાં જાય છે. તો મને લાગે છે કે હવે પછી આપ આમ નહીં જ કરો. અઠવાડિયે એક પત્તું લખવા કૃપા કરશો તોપણ બસ છે. પણ આવી રીતે જો આપ મુદ્દલ પત્ર જ નહીં લખો તો શી દશા થશે એ કહી શકાતું નથી. આપને ઠેકાણાની ખબર ન હોત તો મને બિલકુલ ફિકર ન જ થાત. પણ આપના બે પત્રો મળ્યા પછી બંધ રહ્યા એ જ ખેદજનક વાત છે. મંગળવારે હું ઈનર ટેમ્પલમાં દાખલ થયો છું. આવતે અઠવાડિયે આપનો પત્ર આવશે એમ ધારી આ [અ]ઠવાડિયે વિગતવાર પત્ર નથી લખ્યો. આપનો પત્ર વાંચી તમામ ખબર લખીશ. ટાઢ ઘણી જ સખ્ત પડવા માંડી છે. આથી વધારે ટાઢ પડવાનો સંભવ ઘણો થોડો. અલબત્ત, પડે ખરી પણ જવલ્લે જ. પણ આ સખત ટાઢમાં ઈશ્વરકૃપાથી માંસમદિરાની જરા પણ જરૂર જણાતી નથી એથી હું ઘણો જ ખુશાલીમાં રહું છું. મારી તબિયત હમેશાં ઘણી જ સારી રહે છે. હાલ એ જ. માતુશ્રીની સેવામાં શિરસા દંડવત્ પહોંચાડશો. મારી ભાભીને દંડવત્.

લિ. મો.

[મૂળ ગુજરાતી]

ડી. જી. તેન્ડુલકર: महात्मा, પુ. ૧; મૂળ ગુજરાતી લખાણની છબી પરથી.

Gandhi Heritage Portal

# ૪. લંડન ડાયરીમાંથી

[પોતાના સગા અને સહકાર્યકર શ્રી છગનલાલ ગાંધી ૧૯૦૯ની સાલમાં લંડન જવાને નીકળ્યા ત્યારે તેમને રસ પડશે અને વહેવારુ ઉપયોગની નીવડશે એવું વિચારી ગાંધીજીએ પોતાની લંડનની ડાયરી તેમને આપી હતી.
એ રોજનીશીનાં આશરે ૧૨૦ પાનાં હતાં. શ્રી છગનલાલ ગાંધીએ તે ૧૯૨૦ની સાલમાં મહાદેવ દેસાઈને આપેલી. પણ તેમ કરતા પહેલાં તેમણે મૂળમાંનું આશરે ૨૦ પાનાંનું લખાણ એક નોટબુકમાં કાળજીથી બરાબર ઉતારી લીધેલું. બાકીનાં ૧૦૦ પાનાંનું લખાણ એકધારું ચાલુ લખાણ ન હોઈ ૧૮૮૮ની સાલથી ૧૮૯૧ની સાલ સુધીના ગાંધીજીના લંડનના વસવાટ દરમિયાનના બનાવોની માત્ર તવારીખી નોંધ જેવું હતું.
મૂળ લખાણની ચોપડી આજે ક્યાં છે તે જડતું નથી. શ્રી છગનલાલની ઉતારી લીધેલી નકલ અહીં આપતી વખતે સંપાદકોએ દેખીતી જોડણીની ભૂલો સુધારી છે, વિરામચિહ્નો ઉમેર્યાં છે, ક્યાંક ક્યાંક કોઈક ખૂટતો શબ્દ મૂક્યો છે અને વાંચવામાં સરળતા રહે તેટલા ખાતર ચાલુ લખાણમાં ફકરાઓ પાડ્યા છે.
ગાંધીજી ઓગણીસ વરસના હતા ત્યારે આ ડાયરી તેમણે અંગ્રેજીમાં લખેલી અને તેથી તેમનું અંગ્રેજી હજી કેળવાતું જાય છે.]

લંડન,
નવેમ્બર ૧૨, ૧૮૮૮

લંડન જવાની વાત શામાંથી નીકળી? વાતની શરૂઆત એપ્રિલની આખરના અરસામાં થઈ. અભ્યાસ કરવાને માટે લંડન આવવાનો ઈરાદો પાકો થયો તે પહેલાં મારા મનમાં લંડન શું છે ને કેવું છે તે જાણવાને પેદા થયેલું કુતૂહલ સંતોષવાને અહીં આવવાનો છૂપો વિચાર હતો. ભાવનગરમાં હું કૉલેજમાં અભ્યાસ કરતો હતો ત્યારે મારે જયશંકર બૂચ સાથે વાત થયેલી. તેમાં તેણે મને સલાહ આપેલી કે તું મૂળ સોરઠનો વતની છે એટલે લંડન જવાને સારુ જૂનાગઢ રાજ પાસેથી સ્કૉલરશિપ મેળવવાને અરજી કર. તે દિવસે તેને મેં શો જવાબ આપેલો તે મને પૂરું યાદ નથી. હું માનું છું કે એવી શિષ્યવૃત્તિ મળવાની મને અશક્યતા લાગેલી. તે [વખત]થી મારા મનમાં આ મુલકમાં આવવાનો ઈરાદો પેદા થયેલો.

૧૮૮૮ની સાલના એપ્રિલ માસની ૧૩મી તારીખે રજા ગાળવાને હું ભાવનગરથી રાજકોટ આવ્યો. રજાના પંદર દિવસ પૂરા થયા પછી મારા મોટા ભાઈ અને હું પટવારીને મળવા ગયા. ત્યાંથી પાછા ફરતાં મારા ભાઈએ કહ્યું, "ચાલ, આપણે માવજી જોશીને[૧] મળી આવીએ," એટલે અમે તેમને ત્યાં ગયા. માવજી જોશીએ પહેલાં હમેશની જેમ મારી તબિયતનું પૂછ્યું. પછી ભાવનગરમાં ચાલતા મારા અભ્યાસ બાબતમાં થોડા સવાલ કર્યા. મેં તેમને ચોખ્ખું જણાવ્યું, પહેલે વર્ષે પરીક્ષામાં પાસ થવાશે એવું લાગતું નથી. વધારામાં મેં કહ્યું કે અભ્યાસક્રમ મને બહુ અઘરો લાગે છે. આ સાંભળી તેમણે મારા ભાઈને સલાહ આપી કે બૅરિસ્ટર થવાને માટે બને તેટલું જલદી આને લંડન મોકલી આપો. તેમના કહેવા પ્રમાણે ખર્ચ માત્ર ૫,૦૦૦

૧. ગાંધી પરિવારના ગોર, મિત્ર અને સલાહકાર.

Gandhi Heritage Portal

રૂપિયા થાય. "એને થોડી અડદની દાળ અને એવું બીજું લઈ જવા દેજો. ત્યાં જાતે રાંધીને ખાશે એટલે ધર્મની બાબતમાં મુશ્કેલી નહીં આવે. આ વાત કોઈને કરશો નહીં. કોઈક સ્કૉલર-શિપ મેળવવાની તજવીજ કરો. જૂનાગઢ ને પોરબંદર રાજ્યને અરજી કરો. મારા દીકરા કેવળ-રામને[1] મળો. તે છતાં પૈસાની મદદ ન મળે અને તમારી પાસે પૈસા ન હોય તો તમારું રાચ-રચીલું વેચી કાઢો. પણ મોહનદાસને તો કોઈ પણ હિસાબે લંડન મોકલો જ મોકલો. તમારા મરહૂમ પિતાની આબરૂ ચાલુ રાખવાનો એટલો જ રસ્તો છે." અમારા કુટુંબનાં બધાં માણસોને માવજી જોશી કહે તે વાત પર ભરોસો ઘણો. અને મારા ભાઈ સ્વભાવે સાંભળેલું ઝટ માનીને ચાલવાવાળા હોવાથી તેમણે માવજી જોશીને વચન આપ્યું કે હું મોહનદાસને લંડન મોકલીશ. હવે મારે મહેનત કરવાનો વખત આવ્યો.

આ વાત છાની રાખવાનું વચન આપેલું હોવા છતાં તે જ દિવસે મારા ભાઈએ તે ખુશાલભાઈને[2] કરી. તેમણે અલબત્ત, હું મારો ધર્મ સાચવી શકું તો વાંધો નહીં કહી એ વાતને મંજૂરી આપી. તે જ દિવસે વળી એ વાત મેઘજીભાઈને[3] કાને નાખવામાં આવી. તેમણે એ દરખાસ્તને પૂરી સંમતિ આપી અને મને રૂ. ૫,૦૦૦ આપવાનું કહ્યું તેમાં મને થોડો ભરોસો હતો ખરો. અને મેં મારી વહાલી માને વાત કરી ત્યારે તેણે મને એ બધું માની લેવા જેટલું ભોળપણ બતાવવાને સારુ ઠપકો આપ્યો ને વધારામાં કહ્યું કે વખત આવશે ત્યારે એની પાસેથી તને પૈસો પણ મળવાનો નથી અને તે વખત આવવાનો પણ નથી.

તે દિવસે મારે કેવળરામની પાસે [જવાનું] હતું. તે મુજબ હું તેમને મળ્યો. ત્યાં કંઈ સંતોષકારક વાત ન થઈ. તેમણે કહ્યું કે તારો આશય સારો છે પણ "ત્યાં તને ઓછામાં ઓછા ૧૦,૦૦૦ રૂપિયા ખરચ થશે." આ મને ભારે ફટકો પડયો. વળી તેમણે કહ્યું, "તારે કોઈ ધાર્મિક આગ્રહ હશે તે બધા તારે છોડી દેવા પડશે. તારે માંસ ખાવું પડશે, દારૂ પીવો પડશે. તેના વગર તારાથી ત્યાં રહેવાશે નહીં. જેટલા વધારે પૈસા ખરચશે તેટલો તું વધારે હોશિયાર થવાનો. આ બહુ મહત્ત્વની વાત છે. હું તો ભાઈ તને ચોખ્ખી વાત કરું છું. માઠું ન લગાડીશ, પણ જો, તું હજી તદ્દન જુવાન છે, લંડનમાં પ્રલોભનોનો પાર નથી. તું તેમાં ફસાયા વગર રહે નહીં." આ વાતથી હું થોડો નિરાશ થયો. પણ એક વાર એક વાત મન પર લીધા પછી ઝટ છોડી દઉં એવો માણસ હું નથી. તેમણે મને મિ. ગુલામ મહમદ મુનશીનો દાખલો આપ્યો. મેં તેમને પૂછયું કે સ્કૉલરશિપ મેળવી આપવામાં તમે કોઈ રીતે મને મદદ કરી શકો ખરા કે નહીં? તેમણે ના પાડી. તેમણે કહ્યું કે એ વગર બીજું કંઈ હશે તો હું ખુશીથી કરીશ. મેં બધી વાત મારા ભાઈને જણાવી.

પછી મને મારી વહાલી માની સંમતિ મેળવવાનું કામ સોંપાયું. મને એ કામ બહુ અઘરું લાગતું નહોતું. બેએક દિવસ પછી મારા ભાઈ ને હું કેવળરામને મળવા ગયા; તે વખતે તેઓ બહુ કામમાં હતા છતાં અમને મળ્યા. બેએક દહાડા પહેલાં મારે તેમની સાથે વાત થયેલી તેવી જ વાત ફરી તેમણે અમને બંનેને કરી. મારા ભાઈને તેમણે મને પોરબંદર મોકલવાની સલાહ આપી. એ સલાહ અમે સ્વીકારી. પછી અમે ઘેર આવ્યા. મેં મજાકમાં મારી વાત મારી મા

૧. કાઠિયાવાડના આગેવાન વકીલ.

૨. ગાંધીજીના પિતરાઈ ભાઈ અને દક્ષિણ આફ્રિકામાં તેમની સાથે કામમાં જોડાનાર છગનલાલ અને મગનલાલ બન્નેના પિતા.

૩. ગાંધીજીના પિતરાઈ ભાઈ.

Gandhi Heritage Portal

આગળ મૂકવા માંડી. બહુ થોડી વારમાં વાત મજાકમાંથી સાચી બની ગઈ. એટલે મારે પોરબંદર જવાનો દિવસ નક્કી કરવામાં આવ્યો.

બેત્રણ વાર હું જવા તૈયાર થયો પણ કંઈ ને કંઈ વિઘ્ન આવ્યું. મારે ઝવેરચંદ સાથે જવાનું એક વખત નક્કી થયું ત્યારે મારે નીકળવાના એક કલાક આગળ એક ગંભીર અકસ્માત થયો. મારા મિત્ર શેખ મહેતાબ[૧] સાથે મારે હમેશ તકરાર થયા કરતી. નીકળવાને દિવસે એ તકરારોના વિચારોમાં હું ડૂબી ગયો હતો. રાતે સંગીતનો જલસો હતો. મને તેમાં બહુ મજા ન આવી. સાડા દસને સુમારે જલસો પૂરો થયો ને અમે બધા મેઘજીભાઈ અને રામીને મળવા ગયા. આખે રસ્તે એક બાજુથી હું લંડનના ગાંડાઘેલા વિચારોમાં અને બીજી બાજુથી શેખ મહેતાબના વિચારોમાં ડૂબેલો રહ્યો. વિચારમાં ને વિચારમાં અજાણતામાં હું એક ગાડીની સાથે અથડાયો. મને થોડું વાગ્યું. છતાં ચાલવામાં મેં કોઈની મદદ લીધી નહીં. મને લાગે છે મને ખૂબ તમ્મર આવતાં હતાં. પછી અમે મેઘજીભાઈના ઘરમાં ગયા. ત્યાં વળી અજાણતામાં હું એક પથ્થર સાથે અફળાયો ને. મને વાગ્યું. હું છેક બેભાન થઈ ગયો. તે [વખત]થી શું થયું તેની મને ખબર ન પડી અને મને પાછળથી કહેવામાં આવેલું કે પછી હું થોડાં ડગલાં ચાલીને ભોંય પર ચત્તોપાટ ગબડી પડયો હતો. પાંચ મિનિટ સુધી મારું ભાન જતું રહ્યું હતું. મારી સાથેવાળા બધાએ માની લીધેલું કે હું મરી ગયો છું. પણ મારે સારે નસીબે જે ભોંય પર હું પડી ગયેલો તે તદ્દન સુંવાળી હતી. આખરે હું ભાનમાં આવ્યો એટલે બધા રાજી રાજી થઈ ગયેલા. મારી માને બોલાવવામાં આવી. મારી વાત જાણીને તે બહુ ગમગીન થઈ ગઈ. એથી મારું જવાનું ઢીલમાં પડયું, જોકે હું સૌને કહેતો રહ્યો કે હું તદ્દન સાજો છું ને મને હવે કંઈ નથી. પણ કોઈ મને જવા દેવા તૈયાર નહોતું. પાછળથી જોકે મને માલૂમ પડયું કે મારી હિંમત-વાળી ને વહાલી મા મને જવા દેવાને તૈયાર હતી. પણ તેને બીજા લોકો વાતો કરે તેનો ડર હતો. આખરે ઘણી મુશ્કેલીએ થોડા દિવસ બાદ મને રાજકોટથી પોરબંદર જવાની પરવાનગી મળી. રસ્તે પણ મને થોડાં વિઘ્ન નડયાં.

છેવટે હું પોરબંદર પહોંચ્યો ને સૌ રાજી થયાં. લાલભાઈ[૨] અને કરસનદાસ[૩] મને ઘેર લઈ જવાને ખાડી પુલ સુધી લેવા આવ્યા હતા. હવે પોરબંદરમાં મારે જે કરવાનું [હતું તે] એ કે મારા કાકાની સંમતિ મેળવવાની હતી, બીજું, મને નાણાંની મદદ કરવાને મિ. લેલીને[૪] અરજી કરવાની હતી, અને છેલ્લું, રાજ તરફથી સ્કૉલરશિપ ન મળે તો પરમાનંદભાઈને[૫] મને થોડાં નાણાં આપવાને કહેવાનું હતું. પહેલું કામ મેં એ કર્યું કે હું કાકાને મળ્યો અને મેં તેમને પૂછયું કે હું લંડન જાઉં તે તમને ગમે કે નહીં? પછી કુદરતી રીતે જ મેં ધાર્યું હતું તેમ લંડન જવાના ફાયદા ગણાવવાને તેમણે મને જણાવ્યું. તે મેં મને આવડયું તેવા ગણાવ્યા. એટલે તેમણે કહ્યું, "અલબત્ત, આ પેઢીના લોકોને એ ઘણું ગમે પણ મને પોતાને એ ગમતું નથી. છતાં આપણે આગળ ઉપર વિચાર કરીશું." મને આવા જવાબથી નિરાશા ન થઈ. કંઈ નહીં તો એટલું

૧. ગાંધીજીનો બાળપણનો મિત્ર. તેને સુધારવાને તેમણે ઘણાં વરસ ફોકટ મહેનત કરેલી.

૨. ગાંધીજીના પિતરાઈ.

૩. ગાંધીજીના તેમનાથી મોટા ભાઈ.

૪. પોરબંદરના રાજકુમારની સગીર ઉંમર દરમિયાન પોરબંદર રાજનો વહીવટ કરનાર બ્રિટિશ સરકારનો એજન્ટ.

૫. ગાંધીજીના પિતરાઈ.

Gandhi Heritage Portal

જાણવાનું મને સમાધાન મળ્યું કે ગમે તેમ પણ તેમને અંદરખાને એ વાત પસંદ હતી અને પાછળથી તેમણે જે કરી બતાવ્યું તે પરથી મેં જે ધાર્યું હતું તે ખોટું નહોતું એમ સાબિત થયું.

મારે કમનસીબે મિ. લેલી પોરબંદરમાં નહોતા. વિઘ્નો એકલાં નથી આવતાં, સામટાં આવે છે એ તદ્દન સાચું છે. પોતે સવારીએ ગયા હતા ત્યાંથી પાછા આવ્યા બાદ તે તરત રજા પર જવાના હતા. મારા કાકાએ મને રવિવાર સુધી રાહ જોવાની સલાહ આપી. અને તેમણે મને કહ્યું કે ત્યાં સુધીમાં પાછા નહીં આવે તો તે જ્યાં હશે ત્યાં હું તને મોકલી આપીશ. પણ અહીં લખતાં મને ઘણી ખુશી થાય છે કે રવિવારે તે સવારીએથી પાછા ફર્યા. એટલે મારે તેમને સોમવારે મળવું એવું નક્કી થયું. તેમ હું તેમને મળવા ગયો. અંગ્રેજ સદ્‌ગૃહસ્થ સાથે મારે જિંદગીમાં પહેલી વાર મુલાકાત લેવાનો પ્રસંગ હતો. પહેલાં તેમની સામે ઊભા રહેવાની મારામાં હિંમત નહોતી. પણ લંડનના વિચારથી હું હિંમતવાળો બન્યો. મારે તેમની સાથે ગુજરાતીમાં થોડી વાત થઈ. તેમને ઘણી ઉતાવળ હતી. પોતાના બંગલાના ઉપલા માળ પર જવાને દાદરે ચડતાં ચડતાં તે મને મળ્યા. તેમણે કહ્યું કે પોરબંદર રાજ ઘણું ગરીબ છે અને નાણાંની મદદ મને કરી શકે એમ નથી. છતાં, તેમણે કહ્યું, પહેલાં તમે હિંદુસ્તાનમાં ગ્રૅજ્યુએટ થાઓ અને પછી મારાથી તમને કંઈ મદદ થઈ શકે એવી છે કે નહીં તે હું જોઈશ. બેશક, તેમના આવા જવાબથી મને નિરાશા થઈ. તેમની પાસેથી આવો જવાબ મળશે એવું મેં નહોતું ધાર્યું.

હવે મારે પરમાનંદભાઈને ૫,૦૦૦ રૂપિયા આપવાને કહેવાનું રહ્યું. તેમની પાસે માગતાં તેમણે મને જવાબ આપ્યો કે તારા કાકા તારી લંડન જવાની વાતને મંજૂર રાખે તો એટલાં નાણાં હું તને ખુશીથી આપીશ. એ કામ મને જરા કઠણ લાગ્યું, પણ કાકા પાસેથી મંજૂરી લાવવાનો મેં નિશ્ચય કર્યો. તેઓ કંઈક કામમાં હતા ત્યારે હું તેમને જઈને મળ્યો ને મેં તેમને આ પ્રમાણે કહ્યું: "કાકા, મારા લંડન જવાને વિષે તમે શું ધારો છો તે હવે મને કહો. અહીં આવવાનો મારો મુખ્ય હેતુ તમારી પાસેથી એ વાતની મંજૂરી લેવાનો છે." એટલે તેમણે જવાબ આપ્યો: "હું એ વાતને મંજૂરી આપી શકું તેમ નથી. હું જાત્રાએ જવાનો છું તે તું જાણે છે ખરો કે નહીં? અને તેથી લોકો લંડન જાય તે મને ગમે છે એવું કહું તો મારી નામોશી થાય કે નહીં? છતાં, તારી મા ને તારા ભાઈને એ વાત પસંદ હોય તો મને તેમાં જરાયે વાંધો નથી." એટલે મેં કહ્યું, "તો પછી તમે જાણતા લાગતા નથી કે મને લંડન જવાની પરવાનગી આપવાનો ઇન્કાર કરી તમે પરમાનંદભાઈને મને નાણાંની મદદ કરતા રોકો છો." આટલું કહેતાંની સાથે તેમણે રોષભર્યા અવાજમાં કહ્યું: "વાત એમ છે? ભલા માણસ, તે એમ શું કામ કહે છે તે તું જાણતો નથી. તે જાણે છે કે તારા જવાની વાતને હું કદી સંમતિ આપવાનો નથી. અને તેથી તે એ બહાનું આગળ ધરે છે. પણ સાચી વાત એવી છે કે તે તને એવી જાતની કોઈ મદદ કરવાનો નથી. હું કંઈ તેને મદદ કરતો રોકતો નથી." આમ અમારી વાત પૂરી થઈ. પછી હું રંગમાં આવી ગયો ને દોડતો પરમાનંદભાઈ પાસે પહોંચી ગયો. ત્યાં જઈ મારે ને કાકાને વાત થયેલી તે શબ્દેશબ્દ મેં તેમને કહી સંભળાવી. એ સાંભળીને તે પણ બરાબર ગુસ્સે થઈ ગયા અને તરત જ તેમણે મને રૂપિયા ૫,૦૦૦ આપવાનું વચન આપ્યું. તેમણે આપેલા વચનથી હું રાજી રાજી થઈ ગયો અને વધારે ખુશીનું કારણ તો એ હતું કે તેમણે તેમના દીકરાના સોગન ખાધા. ત્યારથી મેં માની લીધું કે હવે હું જરૂર લંડન જવાનો. પછી હું થોડા દિવસ પોરબંદર રોકાયો અને જેમ વધારે રોકાયો તેમ મને આપવામાં આવેલા વચનની મને વધારે ખાતરી આપવામાં આવતી ગઈ.

Gandhi Heritage Portal

હવે હું નહોતો તે દરમિયાન રાજકોટમાં બન્યું તે જોઈએ. મારે કહેવું જોઈએ કે મારો મિત્ર શેખ મહેતાબ ઘણો અડપલાંખોર છે. તેણે મેઘજીભાઈને તેમનું વચન યાદ દેવડાવ્યું અને એક કાગળ લખી તેના પર મારી ખોટી સહી કરી તેમાં જણાવ્યું કે મારે ૫,૦૦૦ રૂપિયાની જરૂર છે વગેરે. તે કાગળ તેમને બતાવવામાં આવ્યો અને તે ખરેખર મારા કાગળ તરીકે ચાલી ગયો. એથી પછી એ તદ્દન ફુલાઈ ગયા અને મને રૂપિયા ૫,૦૦૦ આપવાનું તેમણે ગંભીર વચન આપ્યું. હું રાજકોટ પહોંચ્યો ત્યાં સુધી મને આ વાતની ખબર આપવામાં આવી નહોતી.

હવે પોરબંદર પાછા ફરીએ. છેવટે મારે નીકળવાનો દિવસ ઠરાવવામાં આવ્યો. મેં મારા કુટુંબીઓની વિદાય લીધી અને હું મારા ભાઈ કરસનદાસ તેમ જ મેઘજીના ખરેખર કંજૂસાઈના અવતાર જેવા પિતા સાથે રાજકોટ જવા ઊપડયો. રાજકોટ જતા પહેલાં મારું રાચરચીલું વેચી કાઢવાને અને ઘરનું ભાડું ચડતું રોકવાને હું ભાવનગર જઈ આવ્યો. આ કામ મેં એક જ દિવસમાં પતાવ્યું અને આડોશપાડોશના મિત્રોથી અને મારાં માયાળુ ઘરમાલિક બહેનથી હું છૂટો પડયો. એ લોકેને મને વિદાય આપતાં આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. તેમનું તેમ જ અનુપરામનું અને બીજા લોકોનું માયાળુપણું હું કદી નહીં વીસરું. આમાંથી પરવારીને હું રાજકોટ પહોંચ્યો.

પણ ત્રણ વરસ સુધી રાજકોટથી બહાર જતા પહેલાં મારે કર્નલ વૉટસનને મળવાનું હતું. ૧૮૮૮ની સાલના જૂન માસની ૧૯મી તારીખે તેમનું રાજકોટ આવવાનું થવાનું હતું. આ સાચે જ મારે માટે બહુ લાંબો ગાળો હતો કેમ કે હું રાજકોટ મેની શરૂઆતમાં પહોંચી ગયેલો. પણ એમાં મારું કંઈ ચાલે એવું નહોતું. મારા ભાઈ કર્નલ વૉટસન પાસે મોટી આશા રાખતા હતા. એ દિવસો કાઢવા ખરેખર કપરા હતા. રાતે મને બરાબર ઊંઘ આવતી નહીં અને સ્વપ્નાનો હુમલો હમેશ થતો. કેટલાક લોકો મને લંડન ન જવાને સમજાવતા તો બીજા વળી જવાની સલાહ આપતા. કોઈ કોઈ વાર મારી મા પણ મને ન જવાનું કહેતી અને સૌથી વધારે નવાઈની વાત તો એ કે મારા ભાઈ પણ વારંવાર પોતાનો વિચાર ફેરવતા. આમ મારું મન દ્વિધામાં રહેતું. પણ બધાં જાણતાં હતાં કે એક વાર એક વાત શરૂ કર્યા પછી હું તેને છોડું એવો નહોતો એટલે ચૂપ રહેતાં. એ દરમ્યાન મેઘજીભાઈના વચનને વિષે તેમને પૂછી જોવાનું મારા ભાઈએ મને કહ્યું. અલબત્ત, જવાબ તદ્દન નિરાશાજનક મળ્યો અને ત્યારથી તેણે હમેશ દુશ્મનનો ભાગ ભજવવા માંડયો. જેની ને તેની આગળ તેણે મારું ભૂંડું બોલવા માંડયું. પણ તેનાં મહેણાંટોણાંની હું પૂરી અવગણના કરી શક્યો. મારી વહાલી મા આથી તેના પર ખૂબ ગુસ્સે થઈ અને તે કેટલીક વાર બેચેન પણ થતી. પણ હું તેને સહેલાઈથી સાંત્વન આપી રાજી કરી શકતો અને મારી વહાલી મા મારે ખાતર દુ:ખી થઈ આંસુ સારતી હોય ત્યારે તેને સમજાવી રાજી કરી ખડખડાટ હસાવવામાં હું ઘણી વાર સફળ થયો છું તે વાતથી મને ઘણું સમાધાન છે. આખરે કર્નલ વૉટસન આવ્યા. હું તેમને મળ્યો. તેમણે કહ્યું: “હું એનો વિચાર કરીશ,” પણ મને તેમની પાસેથી કદી કોઈ જાતની મદદ મળી નહીં. મને કહેતાં દિલગીરી થાય છે કે ઘણી મહેનતે તેમની પાસેથી પરિચયની નજીવી ચિઠ્ઠી હું મેળવી શક્યો. અને તે આપતી વખતે તેમણે દમામથી કહેલું કે એ ચિઠ્ઠીની કિંમત એક લાખ રૂપિયા છે. એ વાત યાદ આવે છે ત્યારે આજે મને હસવું આવે છે!

હવે મારો નીકળવાનો દિવસ મુકરર કરવામાં આવ્યો. પહેલાં તે ઑગસ્ટની ચોથી હતી. પણ વાત હવે છેવટની હદે પહોંચી. હું ઇંગ્લંડ જવાનો છું એ વાત છાપાંઓમાં જાહેર થઈ. મારા ભાઈને કોઈ ને કોઈ મારા જવાની વાત પૂછતું જ હોય. આ ઘડીએ તેમણે મને જવાનું

Gandhi Heritage Portal

માંડી વાળવાને કહ્યું. પણ મેં તેવું કર્યું નહીં. એ પછી તે રાજકોટના હિઝ હાઈનેસ ઠાકોરસાહેબને[1] મળ્યા અને તેમને મને નાણાંની મદદ કરવાની વિનંતી કરી. પણ ત્યાંથી કશી મદદ મળી નહીં. પછી હું છેવટનો એક વાર ઠાકોરસાહેબને અને કર્નલ વૉટસનને મળ્યો. કર્નલે મને પરિચયનો કાગળ આપ્યો ને ઠાકોરસાહેબે પોતાની છબી આપી. અહીં મારે નોંધવું જોઈએ કે આ ગાળા દરમિયાન ત્રાસી જવાય એવી જે ખુશામત મારે કરવી પડી તેથી મને બહુ ગુસ્સો આવતો. ગમે તે વાત માની લેનારા મારા ભોળા વહાલા ભાઈનો વિચાર મારે કરવાનો ન હોત તો હું આવી હડહડતી ખુશામતમાં પડયો ન હોત. આખરે ઑગસ્ટની દસમી તારીખ આવી અને મારા ભાઈ, શેખ મહેતાબ, શ્રી નાથુભાઈ, ખુશાલભાઈ અને હું રાજકોટ છોડીને નીકળ્યા.

રાજકોટથી મારે મુંબઈ જવાનું હતું. તે શુક્રવારની રાત હતી. નિશાળમાં મારી સાથે ભણનારા વિદ્યાર્થીઓએ મને માનપત્ર આપ્યું. માનપત્રનો જવાબ આપવાને હું ઊભો થયો ત્યારે મને બહુ ગભરાટ થયો.[2] મારે જે કહેવાનું હતું તે કહેતાં હું અડધે આવ્યો ત્યારે ધ્રૂજવા માંડયો. હિંદ પાછો ફર્યા બાદ હું ફરી એવું નહીં કરું એવી મને આશા છે. પણ આગળની વાતની ચર્ચા છોડી મારે જે નોંધવાનું છે તે જ લખવું સારું. તે રાતે મને વિદાય આપવાને ઘણા લોકો આવ્યા હતા. તેમાં ભાઈઓ કેવળરામ, છગનલાલ (પટવારી), વ્રજલાલ, હરિશંકર, અમૂલખ, માણેકચંદ, લતીબ, પોપટ, ભાણજી, ખીમજી, રામજી, દામોદર, મેઘજી, રામજી કાળીદાસ, નારણજી, રણછોડદાસ, મણિલાલ હતા. જટાશંકર વિશ્વનાથ અને બીજા પણ હતા. પહેલું સ્ટેશન ગોંડળ આવ્યું. ત્યાં ડૉ. ભાઉને મળ્યા ને ત્યાંથી કપૂરભાઈને સાથે લીધા. નાથુભાઈ જેતપુર સુધી સાથે રહ્યા. ધોળા સ્ટેશને ઉસ્માનભાઈ અમને આવી મળ્યા અને વઢવાણ સુધી સાથે આવ્યા. ધોળા સ્ટેશને ભાઈઓ નારણદાસ, પ્રાણશંકર, નરભેરામ, આણંદરાય અને વ્રજલાલ વિદાય આપવાને આવ્યા હતા.

એકવીસમી તારીખને દિવસે મારે મુંબઈથી નીકળવાનું હતું. પણ મુંબઈમાં મને જે વિઘ્ન નડયાં તેનું વર્ણન કર્યું જાય એમ નથી. મારા ન્યાતીલાઓએ મને આગળ જતો રોકવાને થાય તે બધું કર્યું. તેમાંના લગભગ બધા જ સામે હતા. અને આખરે મારા ભાઈ ખુશાલભાઈ અને ખુદ પટવારીએ સુધ્ધાં મને ન જવાની સલાહ આપી. પણ મેં તેમની સલાહ કાને ન ધરી. પછી દરિયાના તોફાનની વાતને બહાને મારું નીકળવાનું લંબાયું. એ પછી મારા ભાઈ અને બીજા બધા પાછા ગયા. પણ ૧૮૮૮ની સાલના સપ્ટેમ્બર માસની ૪થી તારીખે મેં એકાએક મુંબઈ છોડયું. એ વખતે ભાઈઓ જગમોહનદાસ, દામોદરદાસ અને બેચરદાસનો મારા પર બહુ ઉપકાર થયો. શામળજીનો તો હું પાર વગરનો ઋણી છું અને રણછોડલાલે[3] મારે સારુ જે કરેલું તે તો હું જાણતો પણ નથી. તે ઉપકાર કરતાં પણ કંઈક વિશેષ હતું. ભાઈઓ જગમોહનદાસ, માનશંકર, બેચરદાસ, નારાયણદાસ પટવારી, દ્વારકાદાસ, પોપટલાલ, કાશીદાસ, રણછોડલાલ, મોદી, ઠાકોર, રવિશંકર, ફિરોજશાહ, રતનશાહ, શામળજી અને બીજા થોડા સ્ટીમર ક્લાઈડ પર મને વળાવવાને આવ્યા. એમાંથી પટવારીએ મને પાંચ રૂપિયા આપ્યા, શામળજીએ પણ એટલા જ આપ્યા, મોદીએ બે આપ્યા, કાશીદાસે એક આપ્યો, નારણદાસે બે આપ્યા, અને બીજા થોડા લોકોએ

૧. રાજકોટના રાજા.

૨. પાછળ પા. ૧ જોવું.

૩. રણછોડલાલ પટવારીને ગાંધીજી સાથે ઘણો ઘાડો સંબંધ હતો અને તેમની સાથે ગાંધીજીને પત્રવહેવાર ચાલતો. પટવારીના પિતાએ તેમને ઇંગ્લંડ જવાને નાણાંની મદદ કરેલી.

Gandhi Heritage Portal




ગાંધીજીનું જન્મસ્થળ — પોરબંદરનું ઘર

Gandhi Heritage Portal



રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલ જ્યાં ગાંધીજી ભણેલા

Gandhi Heritage Portal

પણ આપ્યા પણ તેમનાં નામ મને યાદ રહ્યાં નથી. ભાઈ માનશંકરે મને ચાંદીનો છેડો આપ્યો અને તે સૌ મને ત્રણ વરસને માટે વિદાય આપીને પાછા ફર્યા. આ પૂરું કરતા પહેલાં મારે નોંધવું જોઈએ કે હું જે સ્થિતિમાં હતો તેમાં કોઈ બીજો હોત તો મને ખાતરી છે કે તે વિલાયતનું બારું જોવા પામ્યો ન હોત. મારે જે મુશ્કેલીઓ પાર કરવી પડી તેમને લીધે એમ ને એમ બનત તેના કરતાં ઇંગ્લંડ મને વધારે પ્યારું બન્યું.

૪થી સપ્ટે., ૧૮૮૮. દરિયાની સફર. આગબોટે લંગર ઉપાડયું ત્યારે સાંજના પાંચ વાગ્યાનો સુમાર હતો. સફરમાં મને શું થશે, ફાવશે કે નહીં તેની મને ઘણી ફિકર રહેતી હતી. પણ સારે નસીબે મને દરિયાની સફર ફાવી ગઈ. આખીયે સફરમાં મને દરિયાઈ માંદગી ન નડી અને ઊલટીઓ પણ ન થઈ. મારી જિંદગીમાં આગબોટની આ મારી પહેલવહેલી મુસાફરી હતી. સફરમાં મને બહુ મજા આવી. આશરે છ વાગ્યાને સુમારે ભોજનનો ઘંટ વાગ્યો. આગબોટ પર ખાણીપીણી વગેરેની વ્યવસ્થા સંભાળનારા સ્ટુઅર્ડે મને જમવાના ટેબલ પર જવાને કહ્યું. પણ ત્યાં જઈને જમવાને બદલે મેં હું મારી સાથે જે લઈ આવ્યો હતો તે ખાધું. મિ. મજમુદાર પહેલી જ રાતે મારી સાથે જે છૂટથી વર્ત્યા તેથી મને ઘણી નવાઈ થઈ. અમે જાણે બહુ જૂની ઓળખાણવાળા હોઈએ તેવી રીતે તેમણે મારી સાથે વાતો કરી. તેમની પાસે કાળો કોટ નહોતો. તેથી ભોજનમાં જવાને માટે મેં મારો તેમને આપ્યો. તે પહેરીને તે ટેબલ પર ગયા. તે રાતથી તે મને બહુ ગમી ગયા. તેમણે પોતાની ચાવીઓ મને સોંપી દીધી અને તે જ રાતથી હું તેમને મારા મોટા ભાઈ ગણીને ચાલવા લાગ્યો. એડન સુધી અમારી સાથે એક મરાઠા દાક્તર હતા. એકંદરે તે સારા માણસ લાગતા હતા. આમ બે દિવસ સુધી બોટ પર હું જે મીઠાઈ ને ફળફળાદિ લઈ ગયો હતો તેના પર મેં ચલાવ્યું. તે પછી બોટ પરના થોડા નોકરો સાથે મિ. મજમુદારે અમારે માટે રસોઈની ગોઠવણ કરી. મારાથી તો આવી કોઈ સમજૂતી થઈ જ ન શકત. અમારી સાથે એક અબદુલ મજીદ કરીને ભાઈ હતા તે પહેલા વર્ગના મુસાફર હતા, જ્યારે અમે સલૂનના હતા. પેલા નોકરે કરેલી રસોઈનું ભોજન અમને ફાવી ગયું.

હવે થોડી આગબોટ વિષે વાત. આગબોટ પરની વ્યવસ્થા મને ઘણી ગમી. આપણે કૅબિનોમાં અગર સલૂનમાં બેસીએ છીએ ત્યારે કૅબિનો કે સલૂન સ્ટીમરના ભાગ છે એવો ખ્યાલ આપણને રહેતો નથી. કેટલીક વાર તો આગબોટની ગતિ પણ આપણને જરાયે વરતાતી નથી. કામદારો અને ખારવાઓની ચપળતા વખાણવા લાયક હતી. આગબોટ પર સંગીતનાં વાદ્યો હતાં. હું વારંવાર પિયાનો વગાડતો. બોટ પર પત્તાં, શેતરંજ અને ડ્રાફ્ટ્સની રમતોની વ્યવસ્થા હતી. યુરોપિયન મુસાફરો રાતે કેટલીક રમતો રમતા. તૂતકોથી મુસાફરોને ઘણી રાહત રહે છે. સામાન્યપણે કૅબિનોમાં બેસી રહેવાનો આપણને કંટાળો આવે. તૂતકો પર આપણને તાજી હવા મળે. તમારામાં હિંમત હોય ને આગળ પડવાનો ગુણ હોય તો તમારી સાથેવાળા બીજા મુસાફરોમાં તમે ભળી શકો ને તેમની સાથે વાતોમાં ઊતરી શકો. આકાશ ચોખ્ખું હોય ત્યારે દરિયાનો દેખાવ મજાનો હોય છે. એક અજવાળી રાતે હું દરિયો નીરખતો હતો. પાણીમાં ચંદ્રનું પ્રતિબિંબ મને દેખાતું હતું. મોજાંઓ હાલતાં તેથી જાણે ચંદ્ર આમથી તેમ ઝોલાં ખાતો હોય એવું લાગતું હતું. એક અંધારી રાતે આકાશ નિર્મળ હતું ત્યારે તારાઓનાં પ્રતિબિંબ પાણીમાં પડતાં હતાં. તે વખતે અમારી આજુબાજુનું દૃશ્ય ઘણું મનોહર હતું. પહેલાં તો એ શું છે તેની મને કલ્પના ન આવી. તે પ્રતિબિંબો જાણે બધા હીરા વેરાયેલા પડયા હોય એવાં લાગતાં હતાં. પણ હીરો પાણીમાં તરે નહીં એ હું જાણતો હતો. પછી મને લાગ્યું કે માત્ર રાત્રે દેખી શકાય એવાં આગિયા જેવાં

Gandhi Heritage Portal

એ જંતુઓ હશે. આવા વિચારોમાં આકાશ તરફ નજર જતાં હું તરત સમજ્યો કે એ બધું બીજું કંઈ નથી પણ પાણીમાં પડેલાં તારાઓનાં પ્રતિબિંબ છે. મને મારી મૂર્ખાઈ પર હસવું આવ્યું. તારાઓના આ પડછાયા આપણને આતશબાજીનો ખ્યાલ આપે છે. કેમ જાણે આપણે બંગલાના માળ પર ઊભા ઊભા આપણી સામે આતશબાજી ઊડતી ન જોતા હોઈએ! હું ઘણી વાર એ દૃશ્યની મજા ભોગવતો.

કેટલાક દિવસ સુધી મારી સાથેવાળા કોઈ મુસાફર સાથે મારે કશી વાત થઈ નહોતી. રોજ સવારે હું આઠ વાગ્યે ઊઠતો, દાંત સાફ કરી જાજરૂ જતો અને પછી નાહી લેતો. અંગ્રેજી જાજરૂઓમાંની વ્યવસ્થાથી દેશી મુસાફરોને અચરજ થતું. તેમાં આપણને પાણી આપવામાં આવતું નથી ને કાગળના કકડા વાપરવા પડે છે.

પાંચેક દિવસની દરિયાની સફર ભોગવી અમે એડન પહોંચ્યા. એ દિવસોમાં જરા સરખી જમીન કે કોઈ ડુંગર અમારા જોવામાં ન આવ્યાં. મુસાફરીમાં કાયમ એકધારું પાણી જોઈ જોઈને અમે કંટાળી ગયા હતા અને તેથી જમીનનું દર્શન કરવાને ઝંખતા હતા. આખરે છઠ્ઠા દિવસની સવારે અમને જમીન જોવાની મળી. બધા આનંદમાં ને ઉત્સાહમાં આવી ગયા. સવારના અગિયાર વાગ્યાને સુમારે અમે એડનના બારામાં લંગર નાખ્યું. ત્યાં થોડા છોકરા નાની નાની હોડીમાં આવ્યા. એ બધા પાવરધા તરવૈયા હતા. કેટલાક યુરોપિયનોએ પાણીમાં થોડા સિક્કા નાખ્યા. છોકરાઓ પાણીમાં ઊંડે સુધી જઈ તે શોધી લાવતા. મને થયું હું પણ આવું કરી શકું તો કેવું! એ દેખાવ મજાનો હતો. અર્ધોએક કલાક આ દેખાવની મોજ કરી લઈ અમે એડન જોવા ગયા. અહીં મારે જણાવી દેવું જોઈએ કે અમે માત્ર છોકરાઓને પાણીમાંથી સિક્કા શોધી લાવતા જોયા હતા; અમારામાંથી કોઈએ એક પણ પાઈ પાણીમાં નાખી નહોતી. આ દિવસથી વિલાયતમાં ખરચ કેવો થશે તેનો અમને અનુભવ થવા લાગ્યો. અમે ત્રણ જણ હતા ને અમારે હોડીના ભાડાના બે રૂપિયા આપવા પડયા. બોટથી કિનારો ભાગ્યે જ એક માઈલ આઘો હશે! કાંઠે અમે પંદર મિનિટમાં પહોંચી ગયા. પછી અમે ગાડી ભાડે કરી. પાણીની ટાંકી અને તેની વ્યવસ્થા જોવા જવા અમે માગતા હતા કારણ કે એડનમાં જોવા જેવી જગ્યા એટલી જ હતી. પણ દુર્ભાગ્યે વખત પૂરો થઈ જવાથી અમારાથી ત્યાં ન જવાયું. અમે એડનની લશ્કરી છાવણી જોઈ આવ્યા. લત્તો સારો હતો; મકાનો સારાં હતાં. એ ઘણીખરી દુકાનો હતી. મકાનોની રચના ઘણીખરી રાજકોટમાં આવેલા બંગલાઓના જેવી અને ખાસ કરીને પોલિટિકલ એજન્ટના નવા બંધાયેલા બંગલા જેવી હતી. ત્યાં કોઈ કૂવો કે મીઠા પાણીનું સ્થળ અમને જોવાનું ન મળ્યું. મને ડર છે કે કદાચ તળાવોમાં જ મીઠું પાણી હશે. સૂરજનો તાપ અતિશય પડતો હતો. હું પરસેવાથી રેબઝેબ થઈ ગયો. રાતા સમુદ્રથી અમે બહુ દૂર નહોતા તે આનું કારણ હતું. વધારે અચંબો તો એ થયો કે એકે ઝાડ અગર લીલો છોડ મને જોવાનો ન મળ્યો. માણસો ગધેડા પર કે ખચ્ચર પર સવારી કરી ફરતા. અમને પણ બેસવાને જોઈએ તો ખચ્ચર ભાડે મળે એમ હતું. છાવણી એક ટેકરી પર આવેલી છે. પાછા ફરતી વખતે હોડીવાળાએ અમને માહિતી આપી કે ઉપર મેં જે છોકરાઓની વાત લખી છે તેમને કેટલીક વાર ઈજા થાય છે. દરિયાનાં જાનવરો કોઈકના પગ તો કોઈકના હાથ કરડી ખાય છે. અને છતાં એ છોકરાઓમાંનો એકેએક આપણી તો બેસવાની હિંમત પણ ન ચાલે તેવી પોતાની નાનકડી હોડીમાં બેઠો હતો કેમ કે તે બધા બહુ ગરીબ હતા. ગાડીના ભાડાનો અમારે દરેકે એક એક રૂપિયો આપવો પડયો. બપોરે બાર વાગ્યે લંગર ઊપડયું અને અમે એડન છોડયું. પણ એ દિવસ પછી જમીન અમારી નજર બહાર ગઈ નહીં.

Gandhi Heritage Portal

સાંજે અમે રાતા સમુદ્રમાં પ્રવેશ કર્યો. અમને ગરમી લાગવા માંડી. પણ કેટલાક લોકો મુંબઈમાં કહેતા હતા તેવી એ દઝાડે એવી નહોતી એમ મને લાગે છે. અલબત્ત, કૅબિનોમાં તો સહન થાય એવી નહોતી. વળી, માથે સીધો તડકો તમારાથી લેવાય નહીં. તમારી કૅબિનમાં તો તમને પાંચ મિનિટ પણ રહેવાનું ગમે નહીં. પણ તૂતક પર હો તો તાજી હવાવાળો મજાનો પવન તમને મળે. કંઈ નહીં તો હું તો એ મજા લેતો. લગભગ બધા મુસાફરો તૂતક પર સૂતા અને હું પણ તેમ જ કરતો. સવારના તરતના ઊગેલા સૂરજનો તડકો પણ ખમાય નહીં એવો હોય. પણ તૂતક પર હો ત્યાં તમે હમેશ સલામત. આવી આકરી ગરમી આપણને ત્રણ દહાડા લાગે. પછી ચોથી રાતે અમે સુએઝની નહેરમાં પેઠા. દૂરથી સુએઝના દીવા અમે જોઈ શકતા. રાતો સમુદ્ર કયાંક પહોળો તો કયાંક છેક સાંકડો હતો. કયાંક કયાંક તો એટલો બધો કે બંને બાજુની જમીન દેખાય. સુએઝની નહેરમાં દાખલ થતાં પહેલાં અમે હેલ્સ ગેટ[નરકના દરવાજા]માંથી પસાર થયા. હેલ્સ ગેટ પાણીની ઘણી સાંકડી નાળ છે ને તેની બંને બાજુ ટેકરીઓ આવેલી છે. એમાંથી પસાર થતાં ઘણાં વહાણ અથડાઈને ભાંગી જાય છે તેથી એનું એવું નામ પડેલું છે. અમે રાતા સમુદ્રમાં એવું ભાંગેલું વહાણ જોયું. સુએઝમાં અમે અર્ધોએક કલાક રોકાયા. હવે કહેવામાં આવ્યું કે તમને ટાઢ વાવા માંડશે. કોઈ વળી કહેતા કે એડન છોડયા પછી તમારે દારૂની જરૂર પડશે. પણ એ વાત ખોટી હતી. હવે મેં મારી જોડેવાળા મુસાફરો સાથે થોડી થોડી વાત કરવા માંડી હતી. તેમણે કહ્યું કે એડન છોડયા પછી તમારે માંસના ખોરાકની જરૂર પડવાની; પણ તેવું નહોતું. જિંદગીમાં પહેલી વાર અમારી બોટને માથે મેં વીજળીની બત્તી જોઈ. તે ચાંદરણા જેવી લાગતી હતી. વહાણનો આગલો ભાગ ઘણો મજાનો દેખાતો હતો. જેમ બીજો માણસ આપણા કરતાં આપણા શરીરની સુંદરતા વધારે સારી રીતે જોઈ શકે તેમ મને લાગે છે કે બહાર બીજી જગ્યા પર ઊભેલા માણસને તે વધારે સુંદર લાગતો હોવો જોઈએ. સુએઝ નહેરની રચના હું સમજી શકતો નથી. તે અદ્ભુત છે એમાં શંકા નથી. જેણે તેની શોધ કરી હશે તેની પ્રતિભા કેવી જબરી હશે તેની હું કલ્પના કરી શકતો નથી. તેણે એ બધી રચના કેવી રીતે કરી હશે તેની મને ખબર પડતી નથી. તેણે કુદરત સાથે હરીફાઈ કરી છે એટલી વાત સાચી. બે સમુદ્રને જોડી આપવાની વાત કંઈ જેવીતેવી નથી. નહેરમાંથી એકી વખતે એક જ વહાણ પસાર થઈ શકે છે. તેને માટે વહાણ ચલાવવાની ભારે આવડત જોઈએ. નહેરમાં આગબોટ બહુ ધીમી ચાલે છે. આપણને તે ચાલે છે એવું વરતાતું નથી. નહેરનું પાણી તદ્દન મેલું છે. મને તેની ઊંડાઈનું માપ યાદ રહ્યું નથી. રામનાથ આગળ આજીની[૧] છે તેટલી જ તેની પહોળાઈ છે. બંને બાજુ પર ફરતા માણસો જોઈ શકાય છે. નહેરની પાસેનો પ્રદેશ વેરાન છે. નહેરની માલકી ફ્રેંચ લોકોની છે. વહાણને દોરવાને સારુ ઇસ્માઇલિયાથી બીજો સુકાની આવે છે. નહેરમાંથી પસાર થતા દરેક વહાણ માટે ફ્રેંચ લોકો અમુક રકમ વસૂલ કરે છે. એ આમદની ઘણી મોટી થતી હોવી જોઈએ. વહાણ પરની વીજળીની બત્તી ઉપરાંત બંને બાજુ પર આશરે વીસ ફૂટ દૂર બીજા દીવાઓ દેખાય છે. એ દીવાઓ જુદા જુદા રંગના હોય છે. વહાણને દીવાની આ બંને હાર વચ્ચેથી જવાનું હોય છે. વહાણને નહેરમાંથી પસાર થતાં આશરે ચોવીસ કલાક લાગે છે. ત્યાંના દૃશ્યનું વર્ણન કરવાનું મારા ગજા બહારનું છે. તમે જઓ નહીં ત્યાં સુધી તમને તે જોવાથી આવતી મજાનો ખ્યાલ નહીં આવે. પોર્ટ સૈયદ નહેરનું બીજું નાકું છે. પોર્ટ

૧. રાજકોટ પાસેની નદી.

Gandhi Heritage Portal

સૈયદ સુએઝ નહેરને લીધે હસ્તીમાં આવ્યું છે. અમે સાંજે પોર્ટ સૈયદમાં લંગર નાખ્યું. વહાણ ત્યાં એક કલાક રોકાવાનું હતું, પણ પોર્ટ સૈયદ જોવાને એક કલાક પૂરતો હતો. હવે અંગ્રેજી ચલણ શરૂ થયું. હિંદુસ્તાનનું નાણું અહીં બિલકુલ કામ આવતું નથી. દરેક હોડીનું ભાડું છ પેન્સ છે. એક પેનીની કિંમત એક આનો થાય. પોર્ટ સૈયદમાં મકાનોની રચના ફ્રેન્ચ ઢબની છે. અહીં આપણને ફ્રેન્ચ રહેણીકરણીનો ખ્યાલ મળે છે. અહીં અમે કેટલાંક કૉફી રેસ્ટોરાં જોયાં. પહેલાં મને લાગ્યું કે એ નાટકનાં થિયેટર છે. પણ એ તો કૉફીની હોટલ હતી. ત્યાં બેસીને તમે એક બાજુથી કૉફી કે સોડા કે ચા કે બીજું કોઈ પીણું પીઓ અને બીજી બાજુથી સંગીત સાંભળો. કેટલીક સ્ત્રીઓ ફિડલ બૅન્ડ બજાવે છે. આ જગ્યાઓ જે કાફે નામથી ઓળખાય છે તેમાં મુંબઈમાં લૅમનેડની એક બાટલી આપણને એક પેનીથીયે ઓછામાં મળે છે તેની બાર પેન્સ કિંમત આપવી પડે છે. ઘરાકોને સંગીત મફત સાંભળવાનું મળે છે એમ કહેવાય છે. પણ ખરેખર એવું નથી. સંગીત પૂરું થાય એટલે રૂમાલથી ઢાંકેલી એક થાળી હાથમાં લઈ એક સ્ત્રી ફરીને દરેક ઘરાકની આગળ ધરે છે. એનો અર્થ એ કે તમારે તેને કંઈક આપવું જોઈએ અને આપણને આપવાની ફરજ પડે. અમે કાફેમાં ગયા ત્યાં અમે તેવી સ્ત્રીને છ પેન્સ આપ્યા. પોર્ટ સૈયદ કેવળ મોજમજા ઉડાવવાનું સ્થળ છે. ત્યાંનાં પુરુષો ને સ્ત્રીઓ બડાં ચાલાક હોય છે. તમને જુદી જુદી જગ્યાઓ બતાવવાને દુભાષિયો તમારી પાછળ પાછળ ફરે છે. પણ તમારે હિંમતથી તેને કહેવું કે તારી જરૂર નથી. પોર્ટ સૈયદ રાજકોટના પરાથી મોટું નથી. સાંજે સાત વાગ્યે અમે પોર્ટ સૈયદ છોડયું.

અમારી સાથેના સફરીઓમાંના એક મિ. જૅફ્રિસ મારી સાથે બહુ માયાળુપણે વર્ત્યા. તે હમેશ મને કહેતા કે ટેબલ પર જા ને તે પરથી કંઈક ખા. પણ હું ન જતો. તેણે મને વળી કહ્યું કે બ્રિન્ડિસી છોડયા પછી તને ટાઢ લાગશે. પણ તેવું નહોતું. ત્રણ દિવસ બાદ રાત્રે અમે બ્રિન્ડિસી પહોંચ્યા. બ્રિન્ડિસીનું બારું રળિયામણું છે. આગબોટ છેક કિનારાને અડીને ઊભી રહે છે અને ત્યાં રાખવામાં આવેલી એક નિસરણીથી તમે કાંઠે ઊતરી પડો છો. [અંધારું] હોવાથી બ્રિન્ડિસી હું ઝાઝું જોવા ન પામ્યો. ત્યાં બધા ઇટાલિયન બોલે છે. બ્રિન્ડિસીના રસ્તા પર પથ્થર જડેલા છે. તેના મહોલ્લા ઢાળવાળા છે. તે પર પણ પથ્થર જડેલા છે. દીવાબત્તીને માટે ગૅસ વપરાય છે. અમે બ્રિન્ડિસીનું રેલવે સ્ટેશન જોયું. બી. બી. ઍન્ડ સી. આઈ. રેલવેનાં સ્ટેશનો જેટલું તે સુંદર નહોતું. પણ રેલવે ગાડીના ડબ્બા આપણા ડબ્બાઓ કરતાં ઘણા મોટા છે. વાહન-વહેવાર અને અવરજવર સારાં હતાં. તમે બ્રિન્ડિસી ઊતરો અને કાળા માણસ હો તો કોઈ માણસ તમને આવીને કહેશે: "સાહેબ, ત્યાં ચૌદ વરસની સુંદર છોકરી છે. મારી પાછળ આવો એટલે હું તમને ત્યાં લઈ જઈશ; દામ કંઈ વધારે નથી, સાહેબ!" આથી તમે એકદમ ગૂંચ-વાડામાં પડી જાઓ છો. પણ એ વખતે શાંત રહી હિંમતથી જવાબ આપવો કે મારે તેની જરૂર નથી. વળી તે માણસને ચાલી જવા જણાવવું એટલે તમે સલામત રહેશો. તમને કોઈ મુશ્કેલી આવે તો તમારી પાસેના પોલીસ સિપાઈને એકદમ મળવું અથવા પાસે જ જે મોટું મકાન તમારા જોવામાં આવ્યા વગર નહીં રહે તેમાં જઈને પૂછવું. તેમાં પેસતાં પહેલાં જોકે મકાન પરનું નામ વાંચી લેવું અને તે સૌને માટે ખુલ્લું છે કે નહીં તેની ખાતરી કરી લેવી. આની તમને એકદમ ખબર પડી જશે. ત્યાં ઊભેલા દરવાનને તમે મુશ્કેલીમાં છો એટલું જણાવશો કે તાબડતોબ તે તમને તમારે શું કરવું તે જણાવશે. તમારામાં જરૂરી હિંમત હોય તો દરવાનને તમારે તમને વડા અમલદાર પાસે લઈ જવાને કહેવું અને તેને તમારી મુશ્કેલી જણાવવી. મોટું

Gandhi Heritage Portal

મકાન મેં કહ્યું તેનો અર્થ એ સમજવાનો છે કે ટૉમસ કૂક, અથવા હેનરી કિંગ કે એવા જ કોઈક એજન્ટનું છે. તે લોકો તમારી સંભાળ લેશે. આવે પ્રસંગે કંજૂસાઈ ન કરવી. દરવાનને કંઈક આપવાને ચૂકવું નહીં. પણ તમને કંઈક જોખમ જેવું લાગે ત્યારે જ આ રસ્તો લેવો. આવાં મકાનો જોકે માત્ર કાંઠા પર તમારા જોવામાં આવશે. કાંઠાથી દૂર અંદર હો તો તમારે પોલીસના સિપાઈને શોધી કાઢવો સારો અને તે ન જડે તો તમારું અંતર કહે તેમ કરવું. સવારમાં વહેલા અમે બ્રિન્ડિસી છોડયું.

ત્રણેક દિવસ બાદ અમે માલ્ટા પહોંચ્યા. બપોરે આશરે બે વાગ્યે વહાણે લંગર નાખ્યું. ત્યાં તેને લગભગ ચાર કલાક રોકાવાનું થવાનું હતું. મિ. અબદુલ મજીદ અમારી સાથે આવનાર હતા. પણ કોણ જાણે કેમ તે બહુ મોડા પડયા. મને નીકળવાની તાલાવેલી લાગી હતી. મિ. મજમુદારે કહ્યું, “મિ. મજીદને માટે થોભ્યા વગર આપણે એકલા નીકળી જઈશું?” મેં કહ્યું: “જેવી તમારી મરજી. મારે વાંધો નથી.” એટલે પછી અલબત્ત, અમે એકલા નીકળી પડયા. અમે પાછા આવ્યા ત્યારે અબદુલ મજીદ અમને મળ્યા અને તેણે કહ્યું કે તમે લોકો ચાલી ગયા તેથી મને દુ:ખ થયું. એટલે મિ. મજમુદારે કહ્યું: “આ ગાંધીને જવાની અધીરાઈ હતી ને તેણે મને તમારે માટે ન થોભવાને કહેલું.” મિ. મજમુદારના આવા વર્તનથી મને ઘણું માઠું લાગ્યું. પણ મારા પર થયેલો આક્ષેપ ધોઈ કાઢવાનો પ્રયત્ન કરવાને બદલે મેં તે બોલ્યા વગર ઓઢી લીધો. હું જોકે જાણતો હતો કે અબદુલ મજીદને મેં એટલો જ ઈશારો કર્યો હોત કે, “મિ. મજમુદારને ખરેખર જ તમારે માટે થોભવું હતું તો મેં કહ્યું તેમ તેમણે કરવું નહોતું,” તો મારા પરનો આક્ષેપ ધોવાઈ જાત. અને મને લાગે છે કે અમે વહેલા ચાલી ગયા તેમાં મારો કંઈ હાથ નહોતો એવી મિ. અબદુલ મજીદને ખાતરી કરાવવાને એટલો ઈશારો તદ્દન પૂરતો થાત. પણ તે વખતે મારો એવું કંઈ કરવાનો વિચાર નહોતો. તે દિવસથી જોકે મિ. મજમુદારને માટે મારા મનમાં હલકો અભિપ્રાય બંધાઈ ગયો અને તેમને વિશે મને સાચો આદર રહ્યો નહીં. વળી, બીજી પણ બેત્રણ વાતો એવી બની કે જેથી મજમુદાર તરફનું મારું આકર્ષણ દિવસે દિવસે ઘટતું ગયું.

માલ્ટા જોવાલાયક સ્થળ ગણાય છે. ત્યાં જોવા જેવી ચીજો ઘણી છે. પણ અમારી પાસે વખત પૂરતો નહોતો. પહેલાં હું કહી ગયો તેમ મિ. મજમુદાર અને હું બંને કાંઠા પર ગયા. અહીં અમને એક મોટો ઠગ આવી મળ્યો. અમારે મોટી ખોટ ખમવી પડી. અમે હોડીનો નંબર લઈ લીધો અને શહેર જોવાને ગાડી ભાડે કરી. પેલો ઠગ અમારી સાથે હતો. અર્ધોએક કલાક ગાડી હંકાર્યા બાદ અમે સેંટ જુઆનના દેવળે પહોંચ્યા. દેવળની બાંધણી મજાની છે. ત્યાં અમે કેટલાક ઊંચા દરજ્જાના લોકોનાં હાડપિંજર જોયાં. તે ઘણાં પ્રાચીન હતાં. દેવળ ફરીને બતાવનાર મિત્રને અમે એક શિલિંગ આપ્યો. દેવળની બરાબર સામે સેંટ જુઆનનું પૂતળું હતું. ત્યાંથી શહેરમાં ગાડી હંકાવી. રસ્તાઓ પર પથ્થર જડેલા હતા. રસ્તાની બંને બાજુ માણસોને ચાલવાને માટેની પથ્થર જડેલી પગથીઓ હતી. બેટ ઘણો સુંદર છે. તે પર ઘણી આલીશાન ઈમારતો છે. અમે આર્મરી હૉલ [શસ્ત્રાગાર] જોવા ગયા. એ હૉલ સરસ શણગારેલો હતો. ત્યાં અમે ઘણાં પ્રાચીન ચિત્રો જોયાં. એ ચિત્રો પીંછીથી ચીતરેલાં નહોતાં, પણ વસ્ત્ર પર ભરતકામ કરીને બનાવેલાં હતાં. કોઈ કહે નહીં તો અજાણ્યા માણસને ખબર પણ ન પડે કે આ ભરતકામથી તૈયાર કરેલાં ચિત્રો છે. હૉલમાં પ્રાચીન લડવૈયાઓનાં શસ્ત્રો હતાં. તે બધાં જ જોવાલાયક હતાં. નોંધ રાખી નહોતી તેથી તે બધાં મને યાદ રહ્યાં નથી. ત્યાં એક શિરસ્ત્રાણ ત્રીસ રતલ વજનનું હતું.

Gandhi Heritage Portal

નેપોલિયન બોનાપાર્ટની ઘોડાગાડી ઘણી સુંદર હતી. હૉલમાં બધે ફરીને બતાવનાર માણસને છ પેન્સ ભેટ આપી અમે પાછા ફર્યા. દેવળ અને આર્મરી હૉલ [શસ્ત્રાગાર]માં જોવાને ફરતી વખતે આદર-ની નિશાની તરીકે અમારે અમારી ટોપી ઉતારવી પડી હતી. પછી અમે પેલા ઠગની દુકાને ગયા. તેણે કંઈ ને કંઈ અમારે માથે મારવાનો પ્રયત્ન કર્યો. પણ અમે કંઈ ખરીદી ન કરી. છેવટે મિ. મજમુદારે માલ્ટાનાં દૃશ્યોની ચોપડી અઢી શિલિંગમાં લીધી. અહીંથી પેલા ઠગે જાતે અમારી સાથે આવવાને બદલે અમને એક દુભાષિયાને ભળાવ્યા. દુભાષિયો ઘણો ભલો માણસ હતો. તે અમને નારંગીના બગીચા તરફ લઈ ગયો. બગીચો અમે જોયો. તે મને જરાયે ન ગમ્યો. તેના કરતાં તો અમારો રાજકોટનો જાહેર બાગ મને વધારે ગમે છે. મારે સારુ જોવા લાયક ત્યાં માત્ર પાણીના એક તળાવમાં રાતી ને સોનેરી માછલીઓ હતી. ત્યાંથી અમે શહેરમાં પાછા ફર્યા ને એક હોટલમાં ગયા. મિ. મજમુદારે ત્યાં થોડા બટાટા ને ચા લીધાં. રસ્તે અમને એક હિંદી ભાઈ મળ્યા. મિ. મજમુદાર ઘણા ધીટ હોવાથી તેમણે તેની સાથે વાત કરી. તેની સાથે વધારે વાતો કરતાં માલૂમ પડયું કે માલ્ટામાં દુકાન ચલાવનાર એક દુકાનદારના તે ભાઈ હતા. એટલે અમે તરત તે દુકાને ગયા. મિ. મજમુદારને દુકાનદાર સાથે સારી પેઠે વાતો થઈ. અમે ત્યાંથી થોડી ખરીદી કરી ને દુકાનમાં બે કલાક ગાળ્યા. એટલે માલ્ટા અમારાથી ઝાઝું કંઈ જોવાયું નહીં. અમે એક બીજું દેવળ જોયું. તે પણ ઘણું સુંદર ને જોવાલાયક હતું. અમારે ઑપેરા હાઉસ [ નાટકનું થિયેટર] જોવું હતું પણ તે માટે વખત રહ્યો ન હતો. અમે એ ભાઈની રજા લેતાં તેણે મિ. મજમુદારને પોતાના લંડનમાં રહેતા ભાઈને આપવાને પોતાનો એક પરિચય કાર્ડ આપ્યો. પાછા ફરતાં પેલો ઠગ અમને પાછો મળ્યો અને સાંજે છ વાગ્યે અમારા ભેગો થયો. કાંઠે આવીને પેલા ઠગને, પેલા ભલા દુભાષિયાને અને ગાડીવાળાને ભાડું વગેરે ચૂકવી દીધું. હોડીવાળાની સાથે ભાડાની બાબતમાં અમારે તકરાર થઈ. પરિણામ અલબત્ત હોડીવાળાને ફાવતું આવ્યું. અહીં અમે સારી પેઠે છેતરાયા.

સ્ટીમર ક્લાઈડે સાંજે સાત વાગ્યે માલ્ટા છોડયું. ત્રણ દિવસની સફર બાદ અમે બપોરે બાર વાગ્યે જિબ્રાલ્ટર પહોંચ્યા. વહાણ ત્યાં આખી રાત રોકાયું. જિબ્રાલ્ટર જોવાનો મારો પાકો વિચાર હોવાથી હું મળસકે વહેલો ઊઠયો અને મજમુદારને ઉઠાડી તેને મેં પૂછયું કે મારી સાથે કાંઠે આવવું છે? તેણે કહ્યું આવવું છે. પછી મિ. મજીદ પાસે જઈ તેમને મેં ઉઠાડયા. અમે ત્રણે જણ કાંઠે ગયા. અમારી પાસે માત્ર દોઢ કલાકનો વખત હતો. મળસકું હતું એટલે દુકાનો બધી બંધ હતી. કહેવાય છે કે જિબ્રાલ્ટર મુક્ત બંદર હોવાથી ત્યાં તમાકુ પીવાનું બહુ સસ્તું પડે છે. જિબ્રાલ્ટર એક ખડક પર બાંધેલું છે. ખડકને છેક મથાળે કિલ્લેબંધી કરેલી છે પણ તે અમને જોવાની ન મળી અને તેથી અમે દિલગીર થયા. ત્યાંનાં ઘર બધાં હારબંધ આવેલાં છે. એક હારમાંથી બીજીમાં જવાને આપણે થોડાં પગથિયાં ચડવાં પડે છે. એ મને ઘણું ગમ્યું. રચના ઘણી સુંદર હતી. રસ્તા પથ્થર જડેલા હતા. વખત ન હોવાથી અમારે પાછા ફરવું પડયું. આગબોટે સવારે ૮–૩૦ કલાકે લંગર ઉપાડયું.

ત્રણ દિવસમાં અમે રાત્રે અગિયાર વાગ્યે પ્લીમથ પહોંચ્યા. હવે ખરો ટાઢનો વખત આવ્યો. એકેએક મુસાફર કહેતો હતો કે હવે આપણે માંસ ને દારૂ વગર મરી જવાના. પણ એવું અમને કંઈ થયું નહીં. અલબત્ત, ઠંડી સારી સરખી હતી. અમને દરિયાના તોફાનની વાત પણ મળી હતી પણ તે અમારા જોવામાં ન આવ્યું. હું ખરેખર તે જોવાને ઘણો ઇંતેજાર હતો પણ જોઈ ન શકયો. રાત હોવાથી પ્લીમથનું પણ અમે કંઈ જોવા ન પામ્યા. ત્યાં ધૂમસ ઘાડું

Gandhi Heritage Portal

હતું. આખરે વહાણ લંડન જવાને નીકળ્યું. ચોવીસ કલાકમાં અમે લંડન પહોંચી ગયા, અને સ્ટીમર છોડી ૧૮૮૮ની સાલના ઑકટોબર માસની ૨૮મી તારીખે બપોરે ચાર વાગ્યે ટિલબરી સ્ટેશન થઈને વિકટોરિયા હોટલમાં પહોંચી ગયા.

૨૮મી ऑक्टोबर, १८८८ शनिवारथी २३मी नवेम्बर, शुक्रवार.

મિ. મજમુદાર, મિ. અબદુલ મજીદ અને હું વિકટોરિયા હોટલે પહોંચ્યા. મિ. અબદુલ મજીદે ઘણા રુઆબથી વિકટોરિયા હોટલના દરવાનને અમને લઈ આવનાર ગાડીવાળાને રીતસરનું ભાડું આપી દેવાને જણાવ્યું. મિ. અબદુલ મજીદને પોતાને વિષે ઘણો ઊંચો ખ્યાલ હતો, પણ મારે અહીં નોંધવું જોઈએ કે તેમનો પહેરવેશ કદાચ દરવાનના પહેરવેશ કરતાંયે બદતર હતો. તેમણે સામાનની પણ પરવા ન કરી અને લાંબા વખતથી લંડનમાં રહેતા હોય તેવી અદાથી હોટલમાં પગ મૂકયો. હોટલના ભપકાથી હું છેક અંજાઈ ગયો. આવો ભપકો મારી જિંદગીમાં મેં જોયો નહોતો. મારું કામ માત્ર ચૂપચાપ મારા બે મિત્રોની પાછળ પાછળ જવાનું હતું. આખીયે હોટલમાં વીજળીના દીવા હતા. અમને એક ઓરડામાં દાખલ કરવામાં આવ્યા. મિ. મજીદ તેમાં એકદમ ગયા. મૅનેજરે તેમને એકદમ પૂછયું, તમે બીજા માળ પર રહેવાનું પસંદ કરશો કે? પોતાના મોભાને શોભે નહીં એમ ગણીને મિ. મજીદે ભાડા વિષે પૂછયા વગર હા કહી કે બીજે માળે ફાવશે. મૅનેજરે અમને દરેક જણને રોજના ૬ શિલિંગના ભાડાનું બિલ આપ્યું અને અમારી સાથે નોકરને મોકલ્યો. આખો વખત મને મનમાં ને મનમાં હસવું આવતું હતું. બીજે માળે અમારે લિફ્ટમાં જવાનું હતું. મને લિફ્ટ શું તેની ઝાઝી ખબર નહોતી. નોકરે કશાકને પોતાની આંગળી અડકાડી અને હું સમજ્યો કે એ બારણાનું તાળું છે. પણ પાછળથી મને જાણવા મળ્યું કે એ ઘંટડીનું બટન હતું અને તેણે તે વેઈટરને લિફ્ટ નીચે લાવવાનું જણાવવાને વગાડી હતી. બારણાં ઉઘાડવામાં આવ્યાં અને હું સમજ્યો કે એ ઓરડામાં અમારે થોડો વખત બેસવાનું છે. પણ મારા ભારે અચંબા વચ્ચે અમને બીજે માળે પહોંચાડી દેવામાં આવ્યા.

[અધૂરું]

[મૂળ અંગ્રેજી]

## ૫. મિ. લેલીને પત્ર[1]

લંડન,
ડિસેમ્બર, ૧૮૮૮

વહાલા સાહેબ,

આપને મારે મળવાનું થયેલું ત્યારે આપે મને કહેલું કે ચિઠ્ઠી હું સાચવી રાખીશ. તે ચિઠ્ઠી જોશો એટલે આપ મને ઓળખી શકશો.

તે વખતે મારાથી ઈંગ્લંડ જવાનું બની શકે તેના સાધન તરીકે થોડી નાણાંની મદદ આપવાની મ આપને વિનંતી કરેલી; પણ કમભાગ્યે આપ બહાર જવાની ઉતાવળમાં હતા; તેથી મારે આપને જે કહેવું હતું તે કહેવા જેટલો વખત મને મળ્યો નહોતો.

૧. ગાંધીજીએ પોતાના વડીલ ભાઈ લક્ષ્મીદાસ ગાંધીને મિ. લેલી પર લખવાના પત્રનો મંજૂરી માટે મોકલાવેલો મુસદ્દો.

Gandhi Heritage Portal

તે વખતે વિલાયત જવાને નીકળવાને હું અધીરો થઈ ગયો હતો. તેથી ૧૮૮૮ની સાલના સપ્ટેમ્બર માસની ૪થી તારીખે તે વખતે મારી પાસે જે થોડી રકમ હતી તે લઈ મેં હિંદ છોડયું. મારા પિતા અમ ત્રણ ભાઈઓ માટે જે મૂકી ગયા હતા તે ખરેખર બહુ થોડું હતું. તેમ છતાં મહામુસીબતે મારા ભાઈ મારે માટે જે ફાજલ પાડી શકયા તે આશરે પાઉન્ડ ૬૬૬ની આખીયે રકમ લંડનના મારા ત્રણ વરસના વસવાટને માટે પૂરતી થઈ રહેશે એ ભરોસે ઈંગ્લંડ-માં કાયદાનું શિક્ષણ લેવાને હું હિંદુસ્તાનથી નીકળી આવ્યો. હિંદમાં હતો ત્યારનો હું જાણતો હતો કે વિલાયતમાં રહેવાનું અને ભણવાનું બંને ઘણાં ખરચાળ છે. પણ હવે લંડનના બે મહિનાના અનુભવ પછી હું જોઉં છું કે હિંદમાં રહ્યે રહ્યે લાગતાં હતાં તેના કરતાં પણ તે બંને વધારે ખરચાળ છે.

અહીં સગવડથી રહેવાને અને સારું શિક્ષણ મેળવવાને મને બીજા પાઉન્ડ ૪૦૦ની જરૂર રહેશે. હું પોરબંદરનો વતની હોઈ આવી મદદને સારુ તે સ્થળેથી જ અપેક્ષા રાખી શકું.

હિઝ હાઈનેસ રાણાસાહેબના ભૂતકાળના અમલ દરમિયાન કેળવણીને બહુ ઓછું પ્રોત્સાહન આપવામાં આવતું હતું. પણ અંગ્રેજી વહીવટમાં કેળવણીને પ્રોત્સાહન મળવું જોઈએ એવી અપેક્ષા કુદરતી રીતે અમને રહે છે. એવા પ્રોત્સાહનનો લાભ લઈ શકનારો હું એક છું.

તેથી મને આશા છે કે મને થોડી નાણાંની મદદ કરવાની આપ મહેરબાની કરશો અને તે રીતે મારા પર અત્યંત જરૂરી એવો મોટો ઉપકાર કરશો.

મારા ભાઈ લક્ષ્મીદાસ ગાંધીને [તે] મદદ સ્વીકારવાને મેં જણાવ્યું છે અને હું તેમને જરૂર જણાય તો આપને જાતે મળી જવાને કાગળ લખું છું.

મારી વિનંતી સ્વીકારવાને આપનું મન અનુકૂળ થશે એવા વિશ્વાસથી

પૂરા આદર સાથે,

હું છું આપનો,

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

આ પ્રમાણે મેં ત્રણ અઠવાડિયાં થયાં લખી રાખ્યું છે અને વિચાર કરું છું. પણ વિચાર કરતાં આ પત્રનો જવાબ નહીં મળશે એમ ધારી આ મુસદ્દો આપને મોકલ્યો છે. એમાં મેં બધી મદદની માગણી નથી કરી કેમ કે તે ગેરવાજબી ગણાય. તેમ જ તે પણ ધારે કે જો તેની આશા ઉપર ગયા હોત તો તો મદદ મળ્યા વિના જાત નહીં. પણ અહીં આવ્યા બાદ વધારે પૈસા જોશે એમ ધારી બાકીના પૈસાની મદદ માગી છે. બંધાવા વ.ની વાત લખી જ નથી કેમ કે તેમ લખવાની કંઈ જરૂર નહોતી. થોડી મદદને વાસ્તે બંધાવું તે ઠીક નહીં. તેમ જ જો . . .[૧]

[અધૂરું]

[મૂળ ગુજરાતી]

મહાત્મા પુ. ૧; મૂળ લખાણની છબી પરથી.

૧. ઉપરના મુસદ્દાની સાથેના આ કાગળનું મૂળ લખાણ ગુજરાતીમાં છે ને તેની સાથે લક્ષ્મીદાસ ગાંધીને મોકલવામાં આવ્યો હતો.

Gandhi Heritage Portal

11584

## ૬. કર્નલ જે. ડબલ્યુ. વૉટસનને પત્ર

[ડિસેમ્બર, ૧૮૮૮]

કર્નલ જે. ડબલ્યુ. વૉટસન
પોલિટિકલ એજન્ટ
કાઠિયાવાડ

વહાલા સાહેબ,

આ દેશમાં ઊતર્યાને મને છ કે સાત અઠવાડિયાં થયાં છે. હવે હું ઠીક ઠીક ઠરીઠામ થયો છું અને મારો અભ્યાસ પણ સારી રીતે શરૂ થઈ ગયો છે. મારો કાયદાના ભણતરનો અભ્યાસ-ક્રમ પૂરો કરવાને હું ઈનર ટેમ્પલમાં જોડાયો છું.

આપ તો બરાબર જાણો છો કે ઈંગ્લંડમાં જીવન ઘણું ખરચાળ છે અને અહીં આવ્યા બાદ મને તેનો જે થોડો અનુભવ થયો છે તે પરથી હું જોઉં છું કે હિંદમાં હું હતો ત્યારે મેં મારા મનને મનાવેલું તેના કરતાં પણ તે વધારે ખરચાળ છે. આપ જાણો છો કે મારાં સાધન ઘણાં ટૂંકાં છે. બહારથી વધારાની કંઈક મદદ મેળવ્યા વગર હું નથી ધારતો, હું ત્રણ વરસનો અભ્યાસક્રમ સંતોષકારક રીતે પૂરો કરી શકું. મારા પિતાની બાબતમાં આપ ઘણો રસ લેતા અને આપે તેમને આપના મિત્ર માન્યા હતા એ વાત મને યાદ છે અને તેથી મને જરાયે શંકા નથી કે તેમના હિતની જે કંઈ બાબત હોય તેમાં આપ તેવો જ રસ લેશો અને મને વિશ્વાસ છે કે આ દેશમાં મારે પૂરા કરવાના અભ્યાસમાં સરળતા કરી આપવાને કંઈક સંગીન મદદ મેળવી આપવામાં પૂરો પ્રયત્ન કર્યા વગર રહેશો નહીં. એમ કરી આપ મારા પર મોટો અને અત્યંત જરૂરનો ઉપકાર કરશો.

ડૉ. બટલરને હું થોડા દિવસ પર મળ્યો હતો. તેઓ મારા પર ઘણી માયા રાખે છે અને બની શકે તેવી બધી મદદ આપવાને તેમણે મને કહ્યું છે.

અહીંની હવા હજી બહુ સખત ઠંડીની જણાઈ નથી. મારી તબિયત ઘણી સારી છે.

પૂરા આદર સાથે,

હું છું, વહાલા સાહેબ,
આપનો વફાદાર
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

મહાત્મા, પુ. ૧; મૂળ લખાણની છબી પરથી.

ગાંધી સ્મારક સંગ્રહ ગ્રંથાલય



Gandhi Heritage Portal

# ૭. હિંદના શાકાહારીઓ

[ગાંધીજીએ ઘણુંખરું પહેલવહેલા લખેલા આ લેખો ધિ વેજિટેરિયનમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા.]

૧

જુદી જુદી ન્યાતોના અને જુદા જુદા ધર્મોના બસો પચાસ લાખ[૧] લોકો હિંદુસ્તાનમાં વસે છે. જે અંગ્રેજો હિંદુસ્તાન ગયા નથી અથવા જેમને હિંદની વાતોમાં ઝાઝો રસ નથી તેમની બહુ સામાન્ય માન્યતા એવી છે કે હિંદીમાત્ર જન્મના શાકાહારી હોય છે. હવે, આ વાત માત્ર થોડે અંશે સાચી છે. હિંદના લોકો ત્રણ મુખ્ય ભાગમાં વહેંચાયેલા છે: હિંદુ, મુસલમાન અને પારસી.

હિંદુઓમાં વળી ચાર મુખ્ય વર્ણો છે: બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર. એ બધામાંથી સિદ્ધાંતની રૂએ માત્ર બ્રાહ્મણો અને વૈશ્યો શુદ્ધ શાકાહારી છે. વહેવારમાં જોકે લગભગ બધા હિંદીઓ શાકાહારી હોય છે. એમાંના કેટલાક સ્વેચ્છાએ શાકાહારી છે તો બીજા ફરજિયાત તેવા છે. આ ફરજિયાત શાકાહારીઓ હમેશ માંસ ખાવાને રાજી હોવા છતાં એટલા ગરીબ છે કે તે ખરીદી શકતા નથી. હિંદમાં હજારો એવા લોકો છે જેમને રોજના એક પૈસા (⅛ પેની) પર ગુજારો કરવો પડે છે એ બીના પરથી એ વાતની સાબિતી મળે છે. આ બધા લોકો રોટલો ને મીઠા પર જીવે છે અને મીઠા પર ભારે કરવેરો નાખવામાં આવેલો છે. એટલે ગરીબીમાં સબડતા હિંદ જેવા મુલકમાં પણ ⅛ પેનીમાં ખાવાલાયક માંસ મેળવવાનું છેક અશક્ય નહીં તોયે અત્યંત મુશ્કેલ છે.

હિંદમાં શાકાહારીઓ કોણ છે એ સવાલની આ સમજ સ્પષ્ટ થયા પછી બીજો કુદરતી સવાલ એ ઊભો થાય કે એ લોકો શાકાહારનો સિદ્ધાંત વહેવારમાં કઈ ઢબે અમલમાં મૂકે છે. પહેલું તો એ કે હિંદી શાકાહારના આચારમાં વી. ઈ. એમ.[૨] આહારની વાત આવતી નથી. હિંદીઓ એટલે કે શાકાહારી હિંદીઓ મચ્છી, જાનવરોનું માંસ, અને પંખીઓનું માંસ એ ત્રણ ઉપરાંત ઈંડાં પણ લેતા નથી. તેમની દલીલ એવી છે કે ઈંડું ખાવું એ જીવની કતલ કર્યા બરાબર છે કેમ કે ઈંડાને છેડવામાં ન આવે તો તેનું સામાન્યપણે પંખી બને. પણ અહીંના કેટલાક શાકાહારી અંતિમવાદી દૂધ અને માખણને પણ વર્જ્ય માને છે તેમ તે લોકો નથી માનતા એટલું જ નહીં, તેમને 'ફળાહારના દિવસો'એ લઈ શકાય એટલાં પવિત્ર માને છે. એવા દિવસો દર પખવાડિયે આવે છે અને ઊંચ વર્ણના ઘણાખરા હિંદુઓ સામાન્યપણે પાળે છે. તેમની દલીલ એવી છે કે ગાયનું દૂધ તેની પાસેથી લેવામાં અમે તેની કતલ કરતા નથી. અને ખરેખર, ગાયને દોહવાની ક્રિયા જેને ચિત્રોનો અને કાવ્યોનો વિષય બનાવવામાં આવ્યો છે તે

૧. દેખીતી જ આ છાપકામની ભૂલ લાગે છે. પચાસો લાખ એટલે કે પચીસ કરોડને બદલે અઢી કરોડ એમ છપાઈ ગયું છે.

૨. વી. ઈ. એમ.નો અર્થ ઘણું કરીને વેજેટેરિયેનિઝમ એક્સક્લુડિંગ મિલ્ક એટલે કે દૂધ વગરના શાકાહારનો સિદ્ધાંત એવો થાય છે.

Gandhi Heritage Portal

તેની કતલની જેમ માણસની નાજુકમાં નાજુક લાગણીઓ પર આઘાત પહેંચાડી શકતી નથી. સાથે સાથે અહીં જણાવવું જરૂરી છે કે ગાય હિંદુઓમાં પૂજ્ય મનાય છે અને કતલને માટે ગાયોને પરદેશ લઈ જવાને વહાણોમાં ચડાવાતી અટકાવવાને શરૂ કરવામાં આવેલું આંદોલન ઝપાટાબંધ આગળ વધતું જાય છે.

[મૂળ અંગ્રેજી]

ધિ વેજિટેરિયન, ૭–૨–૧૮૯૧

## ૨

હિંદી શાકાહારીઓ જે ભાગોમાં રહે છે તે મુજબ તેમના આહારમાં ફેર હોય છે. જેમ કે બંગાળમાં ખોરાકમાં મુખ્ય અનાજ ચોખા છે જ્યારે મુંબઈ ઈલાકામાં ઘઉં છે.

સામાન્યપણે બધા હિંદીઓ અને તેમાંયે મોટી ઉંમરનાં માણસો અને તેમાં વળી ઊંચ વર્ણના હિંદુઓ દિવસમાં બે વખત ભોજન કરે છે અને તરસ લાગે ત્યારે તે બે સમયની વચ્ચેના ગાળામાં એકાદ બે પ્યાલા પાણી પીએ છે. પહેલું ભોજન તે લોકો સવારના દસ વાગ્યાના અરસામાં લે છે. તેને અંગ્રેજોના ડિનર સાથે સરખાવી શકાય. બીજું ભોજન સાંજે આઠના અરસામાં લે છે અને તેને અંગ્રેજી સપર સાથે સરખાવી શકાય કારણ કે તેને રાતનું ભોજન અથવા વાળુ કહે છે; જોકે એ સરખામણી નામ પૂરતી જ થાય કારણ કે હકીકતમાં વાળુ રીતસરનું ભોજન હોય છે. ઉપરના વર્ણન પરથી માલૂમ પડશે કે એ લોકો સવારમાં નાસ્તો લેતા નથી. હિંદીઓ સામાન્યપણે સવારના છ વાગ્યે ઊઠે છે, અને થોડા તો વળી ચાર કે પાંચ વાગ્યા જેટલા વહેલા ઊઠે છે એ જોતાં તેમને સવારના નાસ્તાની જરૂર રહેવી જોઈએ. તેઓ બપોરનું સામાન્ય ભોજન પણ લેતા નથી; કેટલાક વાચકોને બેશક નવાઈ થશે કે પહેલા ભોજન બાદ હિંદીઓ નવ કલાક સુધી કંઈ પણ ખાધા વગર કેવી રીતે ચલાવતા હશે! બે રીતે આ વાતનો ખુલાસો મળી શકે. એક તો આદત સ્વભાવ જેવી બની જાય છે. કેટલાકને ધર્મની આજ્ઞા હોય છે તેથી અને બીજા કેટલાકને રોજગારના રોકાણને લીધે અથવા રિવાજને લીધે એક દિવસમાં બે વખતથી વધારે વાર ભોજન ન કરવાની ફરજ પડે છે. એ ટેવનું બીજું કારણ એ કે હિંદની આબોહવા થોડા ભાગો બાદ કરતાં ઘણી ગરમ છે. અહીં ઈંગ્લંડમાં પણ અનુભવ થાય છે કે શિયાળામાં જેટલા ખોરાકની જરૂર રહે છે તેટલાની ઉનાળામાં રહેતી નથી. અંગ્રેજો જેમ દરેક વાની અલગ અલગ જમે છે તેમ હિંદીઓ જમતા નથી પણ ઘણી વાનીઓનું મિશ્રણ કરે છે. હિંદુઓમાંના કેટલાકને તો ધર્મની આજ્ઞા મુજબ પોતાને જમવાની બધીયે વાનીઓ એકઠી કરી દેવી પડે છે. વળી, ભોજનની એક એક વાનગી ઘણી સંભાળથી ઝીણી ઝીણી વિગતોનું ધ્યાન રાખીને રંધાય છે. હકીકતમાં એ લોકો સાદા બાફેલા શાકમાં માનતા નથી પણ તેમને તે હરેકમાં મરી, મરચાં, મીઠું, લવિંગ, તજ, રાઈ, અને એવા બીજા ઘણા મસાલા કે જે બધાંનાં અંગ્રેજી નામો ઔષધિઓની યાદીમાંથી લઈએ તે સિવાય મળે નહીં તે નાખવાને જોઈએ છે.

પહેલા ભોજનમાં સામાન્યપણે રોટલા અથવા કહો કે રોટલી હોય છે. એ રોટલી વિષે પાછળથી વધારે લખું છું. તે ઉપરાંત થોડું કઠોળ જેમ કે વાલ, વટાણા, ચણા વગેરે, ભેગાં અથવા છૂટાં રાંધેલાં બે કે ત્રણ શાક, તે પછી પાણીમાં રાંધેલા ચોખા એટલે કે ભાત અને

Gandhi Heritage Portal

અનેક મસાલાથી સ્વાદિષ્ટ કરેલી દાળ હોય છે. એ પછી કેટલાક લોકો દૂધ અને ભાત અથવા એકલું દૂધ, અથવા દહીં અથવા ખાસ કરીને ઉનાળામાં છાશ પણ લે છે.

બીજા ભોજનમાં એટલે કે વાળુમાં પહેલા ભોજનના જેવી જ ઘણીખરી વાનીઓ હોય છે. પણ તેમનું પ્રમાણ ઓછું હોય છે. આ ભોજનમાં શાક પણ પહેલાના કરતાં ઓછાં હોય છે. વાળુમાં દૂધનો વપરાશ વધારે છૂટથી થાય છે. અહીં વાચકને યાદ કરાવવું જરૂરી છે કે હિંદીઓ અનિવાર્યપણે હમેશ આ જ આહાર લે છે એવું નથી અને હિંદુસ્તાનભરમાં અને બધા વર્ગોના લોકોમાં ઉપર ગણાવેલી અસલ વાનીઓ જ હોય છે એવું પણ નથી. જેમ કે નમૂના તરીકે વર્ણવવામાં આવેલા ભોજનમાં મીઠાઈનો ઉલ્લેખ કર્યો નથી પણ સારી સ્થિતિવાળા વર્ગોના લોકો અઠવાડિયામાં એકાદ ટંક તેનો ઉપયોગ કરે જ છે. વળી, ઉપર કહ્યું છે તેમ મુંબઈ ઇલાકામાં ચોખાના કરતાં ઘઉંનો વપરાશ વધારે છે તો બંગાળમાં ઘઉંના કરતાં ચોખાને વધારે મહત્ત્વ અપાય છે. તેવું જ ત્રીજા અપવાદનું છે, જે મૂળ નિયમને સિદ્ધ કરી આપે છે કે ઉપર જણાવવામાં આવેલા આહારના કરતાં મજૂરી કરનારા વર્ગોનો આહાર જુદો હોય છે. બધી જુદી વાનગીઓ ગણાવવા જતાં મોટાં મોટાં થોથાં ભરાય ને તેમ કરવા જતાં આ લેખમાંથી રસ ઊડી જાય એવો ડર રહે છે.

ઇંગ્લંડમાં અથવા સંભવ છે કે યુરોપમાં વપરાય છે તેના કરતાં રસોઈને માટે માખણનો અથવા તમારે જોઈએ તો કહો કે તાવેલા માખણનો એટલે કે ઘીનો ઉપયોગ ઘણો વધારે થાય છે. અને કંઈક અધિકારથી વાત કરી શકે એવા એક દાક્તરના કહેવા પ્રમાણે હિંદુસ્તાનના જેવી ગરમ આબોહવામાં માખણનો વધારે વપરાશ, ફાયદો નહીં કરતો હોય તોયે, ઇંગ્લંડના જેવી ઠંડી આબોહવામાં કરે તેવું નુકસાન નહીં કરે.

વાચકને સહેજે ધ્યાનમાં આવશે કે ઉપર ગણાવેલી નમૂનારૂપ આહારની વાનીઓમાં ફળોનો અને બેશક સર્વ રીતે ખોરાક તરીકે મહત્ત્વનાં ફળોનો દુ:ખ સાથે કહેવું પડે છે કે ઉલ્લેખ નથી તેથી તેમનો અભાવ તરત વરતાય છે. તેનાં અનેક કારણોમાં થોડાં એ છે કે હિંદીઓને આહાર તરીકે ફળોનું ઘટતું મૂલ્ય સમજાયું નથી અને મોટાં શહેરો સિવાય સારાં ફળો હિંદમાં બધે મળી શકતાં નથી. અલબત્ત, અહીં જોવામાં નથી આવતાં એવાં કેટલાંક ફળ હિંદમાં બધા વર્ગોના લોકો વાપરે છે; પણ અફસોસ! તે વધારાની ખાવાની ચીજો તરીકે વપરાય છે અને પોષક તત્ત્વોના રસાયણની દૃષ્ટિથી તેમનું મૂલ્ય કોઈ સમજતું નથી કેમ કે તેમનું તે દૃષ્ટિથી પૃથક્કરણ કરવાની કોઈ મહેનત કરતું નથી.

[મૂળ અંગ્રેજી]

*ધિ વેજિટેરિયન*, ૧૪–૨–૧૮૯૧

## ૩

આની પહેલાંના લેખમાં રોટલીની બાબતમાં 'હવે પછી વધારે' જણાવવાનું વચન આપ્યું હતું. આ રોટલી સામાન્યપણે ઘઉંના લોટમાંથી બનાવવામાં આવે છે. ઘઉંને પહેલાં ઘંટીમાં દળવામાં આવે છે. આ ઘંટી હાથથી ફેરવવાની હોય છે અને તે અનાજનો લોટ દળવાને માટેની સાદી રચના હોઈ તેમાં સંચાનો ઉપયોગ કરવાની જરૂર પડતી નથી. ઘઉંના આમ દળેલા લોટને મોટાં કાણાંવાળી ચાળણીમાં ચાળવામાં આવે છે જેથી જાડું થૂલું ચાળણીમાં રહી જાય છે.

Gandhi Heritage Portal

અને ગરીબ વર્ગોના લોકો તો ખરેખર ઘંટીમાં દળેલા ઘઉંને ચાળતાયે નથી. આમ જોકે અહીંના શાકાહારીઓ વાપરે છે તેવો એ લોટ હોતો નથી એ ખરું છતાં ખૂબ વગોવાયેલી સફેદ ડબલ રોટી અથવા પાંઉને માટે જે સામાન્ય પ્રકારનો લોટ અહીં વપરાય છે તેના કરતાં એ ઘણો ચડિયાતો હોય છે. માખણ તદ્દન ચોખ્ખું હોય તો જે ક્રિયા કેટલીક વાર નકામી હોય છે તે તેના પર કરી એટલે કે તાવી, ગળણીથી ગાળી, ઠંડું પાડી, ઠરવા દઈ શુદ્ધ કરેલું માખણ અથવા ઘીનું શેરે એક મોટા ચમચાને હિસાબે લોટમાં મોણ નાખવામાં આવે છે, અને પછી તેના પર જરૂર જોગું પાણી રેડી બે હાથે મસળી, કેળવી કણકનો લૂઓ તૈયાર કરવામાં આવે છે. આ મોટા લૂઆમાંથી લીંબુના જેવડા એકસરખા નાના નાના લૂઆ પાડવામાં આવે છે. એ દરેક નાના લૂઆની વેલણથી આશરે છ ઇંચ વ્યાસની ગોળ રોટલી વણાય છે. આ વેલણ લાકડાની ટૂંકી લાકડી જેવું હોઈ આ કામ માટે ખાસ સંઘાડા પર ઉતારવામાં આવે છે. પછી વણાયેલી દરેક રોટલીને તાવી પર બરાબર શેકવામાં આવે છે. એક રોટલીને બરોબર શેકાતાં અથવા ચડી રહેતાં પાંચથી સાત મિનિટ થાય છે. આવી રોટલી માખણ એટલે કે ઘી સાથે ગરમ ગરમ ખાવાની હોય છે. તેનો સ્વાદ બહુ મજાનો હોય છે. એ રોટલી તદ્દન ઠંડી પણ ખાઈ શકાય છે અને ખવાય છેયે ખરી. સામાન્ય અંગ્રેજને સારુ જેવું ખોરાકમાં માંસ હોય છે તેવી શાકાહારી કે માંસાહારી હિંદીને માટે આહારમાં આ રોટલી હોય છે. આનું કારણ એવું છે કે આ લેખકના અભિપ્રાય મુજબ હિંદમાં માંસાહાર કરનારો માણસ પોતે ખાય છે તે માંસને ખોરાક તરીકે તદ્દન આવશ્યક માનતો નથી પણ કહો કે રોટલીની સાથે ખાવાની એક વાની ગણે છે.

સારી સ્થિતિના હિંદી શાકાહારીના ખોરાકની આવી આ રૂપરેખા અને માત્ર રૂપરેખા છે. હવે, એવો સવાલ પૂછવામાં આવે કે, "હિંદી લોકોની રહેણીકરણીની ટેવોમાં બ્રિટિશ અમલને લીધે કોઈ ફેર નથી પડયો?" ખાવાપીવાની ટેવોને લાગેવળગે છે ત્યાં સુધી આ સવાલનો જવાબ છે "પડયો છે" અને "નથી પડયો". નથી પડયો કહેવાનું કારણ એ કે સામાન્ય સ્ત્રીઓ અને પુરુષો પોતાના અસલ ખોરાકને અને ભોજનની બે ટંકને વળગી રહ્યાં છે. પડયો છે કહેવાનું કારણ એ કે જે લોકો થોડું અંગ્રેજી શીખી નીકળ્યા છે તેમણે ક્યાંક ક્યાંક આમ કે તેમ અંગ્રેજી ખ્યાલો અપનાવવા માંડયા છે. આ ફેરફાર સુધારો છે કે કુધારો તેનો નિર્ણય કરવાનું વાચકને સોંપી એટલું કહેવું જોઈએ કે એ ફેર બહુ નજરે પડે એવો નથી.

પાછળથી ગણાવેલા એટલે કે થોડું અંગ્રેજી શીખી નીકળેલા વર્ગે સવારના નાસ્તાની વાત માનવા માંડી છે અને તે નાસ્તો સામાન્યપણે ચાના એકાદ બે પ્યાલા હોય છે. આ પરથી આપણે પીણાંની વાત પર આવવાનું થાય છે. હવે, મુખ્યત્વે બ્રિટિશ અમલની અસરને પરિણામે ભણેલા કહેવાતા હિંદીઓએ ચા અને કૉફી પીવાનું શરૂ કર્યું છે તેની વાત બહુ ટૂંકમાં પતાવી શકાય એવી છે. ચા અને કૉફીથી બહુ થાય તો ખરચમાં થોડો વધારો થાય અને વધારે પડતાં પિવાય તો તબિયતમાં સામાન્ય નબળાઈ આવે, પણ બ્રિટિશ અમલનાં વધારેમાં વધારે વરતાતાં અનિષ્ટોમાંનું એક માણસજાતનાં દુશ્મન અને સંસ્કૃતિના શાપ સમાં મદ્યાર્કવાળાં પીણાંઓની એક અથવા બીજે રૂપે હિંદમાં થયેલી આયાત છે. પારકા પાસેથી વહોરી લીધેલાં આ અનિષ્ટનાં બૂરાઈના પ્રમાણનું માપ વાચક એટલી એક બીના પરથી બરાબર કાઢી શકશે કે એ દુશ્મનનો ફેલાવો ધર્મની મનાઈ હોવા છતાં હિંદમાં એક છેડેથી બીજે છેડે સુધી થયો છે; પોતાના ધર્મના ફરમાન મુજબ મુસલમાનને મદ્યાર્કની બાટલીનો સ્પર્શ સુધ્ધાં અપવિત્ર કરે છે અને હિંદુનો

Gandhi Heritage Portal

ધર્મ તેને મદ્યાર્કનો કોઈ પણ રૂપે ઉપયોગ કરવાની સખત મનાઈ ફરમાવે છે; અને છતાં અફસોસની વાત છે કે સરકાર જાણે કે મદ્યાર્કવાળાં પીણાંઓનો ફેલાવો અટકાવવાને બદલે તે ફેલાવવાના ગુનાને પ્રોત્સાહન આપે છે ને સહાય કરે છે. બીજાં સર્વ સ્થળોની જેમ હિંદમાં પણ એથી ગરીબ લોકોને વધારેમાં વધારે સોસવાનું આવે છે. પોતે જે કંઈ થોડી રોજી કમાય છે તે સારો ખોરાક અને બીજી જરૂરિયાતો ખરીદવામાં વાપરવાને બદલે દારૂ જેવાં મદ્યાર્કવાળાં પીણાંઓ ખરીદવામાં તે વાપરી નાખે છે. એ કમબખ્ત ગરીબ માણસને જ દારૂ પીને પોતાની જાત પર દુ:ખ તેમ જ અકાળ મૃત્યુ વહોરી લેવાને માટે પોતાના કુટુંબને ભૂખે મારવું પડે છે અને પોતાનાં બાળકો હોય તો તેમને સંભાળવાની ટ્રસ્ટરૂપી પવિત્ર ફરજનો ભંગ કરવો પડે છે. અહીં એટલું કહેવું જોઈએ કે બૅરો મતવિભાગના પાર્લમેન્ટના માજી સભ્ય મિ. કેઈને એ અનિષ્ટના ફેલાવાની સામે જે પ્રશંસનીય લડત હજી નીડરપણે ચાલુ રાખી છે તે સારુ તેમને ધન્યવાદ ઘટે છે; પણ ગમે તેવા શક્તિશાળી એકલદોકલ માણસનું જોર હૈયાસૂની ઊંઘતી સરકારની નિષ્ક્રિયતાની સામે કેટલુંક ચાલવાનું હતું!

[મૂળ અંગ્રેજી]

**ધિ વેજિટેરિયન**, ૨૧–૨–૧૮૯૧

## ૪

હિંદમાં શાકાહારીઓ કોણ છે અને સામાન્યપણે તે લોકોનો આહાર શું હોય છે તે જાણી લીધા પછી નીચે આપવામાં આવેલી હકીકતો પરથી વાચક શાકાહારી હિંદુઓના શરીરના બંધારણની કમજોરી અંગે કેટલાક લોકો તરફથી આગળ ધરવામાં આવતી દલીલો કેવી પોકળ અને પાયા વગરની છે તેનો નિર્ણય બાંધી શકશે.

હિંદી શાકાહારીઓને વિષે એક એવી વાત વારંવાર કહેવામાં આવે છે કે તે બધા શરીરના બહુ નબળા હોય છે અને તેથી શાકાહારના સિદ્ધાંતનો શરીરબળની વાત સાથે મેળ ખાતો નથી.

હવે, હિંદમાં સામાન્ય રીતે શાકાહારીઓ હિંદી માંસાહારીઓ કરતાં વધારે મજબૂત નહીં તોયે તેમના જેટલા જ અને વળી અંગ્રેજોના જેટલા પણ મજબૂત છે એવું સાબિત કરી શકાય અને વધારામાં એવું પણ બતાવી શકાય કે જ્યાં નબળાઈ છે ત્યાં તેનું કારણ નિરામિષાહાર નથી પણ બીજાં ઘણાં છે તો જેના પર ઉપરની દલીલ ઊભી કરવામાં આવી છે તે આખુંયે માળખું ભોંયભેગું થઈ જાય છે.

શરૂઆતમાં જ સ્વીકારવું જોઈએ કે સામાન્યપણે હિંદુઓ નબળાં શરીરને માટે નામીચા થયેલા છે; પણ પૂર્વગ્રહ વગરનો કોઈ પણ માણસ જે માંસાહારી હોય અને જે હિંદને તેમ જ તેના લોકોને માત્ર ઉપર ઉપરથી જાણતો હોય તે પણ તમને કહેશે કે બહુ ગવાયેલી આ કમજોરીને માટે સતત કાર્ય કરતાં બીજાં અનેક કારણો જવાબદાર છે. એમાંનું સૌથી મહત્ત્વનું એક જ નહીં તોયે મહત્ત્વનાં પૈકીનું એક કારણ બાળલગ્નનો કમનસીબ રિવાજ અને તેની સાથેનાં બીજાં અનિષ્ટો છે. સાધારણ રીતે બાળકો નવ વરસની ઘણી મોટી ઉંમરે પહોંચી જાય એટલે તેમના પર લગ્નની બેડીનો ભાર લાદવામાં આવે છે! ઘણા દાખલાઓમાં તો એથી પણ નાની ઉંમરે તેમને પરણાવવામાં આવે છે અને કેટલાક દાખલાઓમાં તો જન્મ થાય તે

Gandhi Heritage Portal

પહેલાં તેમનાં વેવિશાળ ગોઠવી દેવાય છે. દાખલા તરીકે એક બાઈ બીજી સાથે એવી બોલીથી બંધાય છે કે મારે દીકરી આવશે ને તમને દીકરો આવશે અથવા મારે દીકરો આવશે ને તમને દીકરી આવશે તો તેનો વિવાહ કરીશું. બેશક, આવા કિસ્સાઓમાં લગ્ન બાળકો દસ કે અગિયાર વરસનાં થાય તે પહેલાં કરવામાં આવતાં નથી. બાર વરસની ઉંમરની પત્નીને સોળ કે સત્તર વરસની ઉંમરના પતિથી બાળક થયાના દાખલાઓ નોંધાયા છે. મજબૂતમાં મજબૂત શરીરના બંધારણ પર આવાં લગ્નોની માઠી અસર થયા વગર રહે ખરી કે?

હવે આવાં લગ્નોની સંતતિ કેવી નબળી પેદા થાય તેનો વિચાર કરો. પછી એવાં જોડાંને જે ફિકરચિંતા વેઠવી પડે તે જુઓ. અગિયાર વરસના વરનાં આશરે એટલી જ વયની કન્યા સાથેનાં લગ્નનો દાખલો લઈએ. આમ જે સમયે પતિ હોવું એટલે શું એ વાતથી છોકરો અજ્ઞાન હોવો જોઈએ અને હોય છે તે જ સમયે પત્ની તેને માથે મારવામાં આવે છે. તે અલબત્ત, નિશાળે જાય છે. નિશાળના અભ્યાસની મહેનત ઉપરાંત તેને તેની બાળપત્નીની સંભાળ રાખવાની આવે છે. પત્નીનું ભરણપોષણ કરવાનું સાચેસાચ તેને માથે આવતું નથી કેમ કે હિંદુસ્તાનમાં દીકરો પરણે એટલે તેનાં માબાપની સાથે મેળ ન હોય[૧] તે સિવાય તેનાથી અવશ્યપણે અલગ રહેવા માંડતો નથી; પણ ભરણપોષણ કરવા સિવાયનું બાકીનું બીજું બધું જ કરવાની જવાબદારી તેને માથે પડે છે. ત્યાર બાદ છએક વરસના અરસામાં તેને બાળક થાય છે. હજી ઘણુંખરું તેનો અભ્યાસ પૂરો થયેલો હોતો નથી અને તેને એકલા પોતાના જ નહીં, પોતાની પત્ની અને બાળકના ભરણપોષણને માટે કમાણી કરવાનું વિચારવું પડે છે કેમ કે પોતાના પિતાની સાથે આખી જિંદગી કાઢવાની અપેક્ષા તે રાખી શકે નહીં; અને ધારો કે તે તેમ કરી શકે તોયે પોતાની પત્ની અને બાળક બન્નેના ભરણપોષણના ખર્ચમાં કંઈ ફાળો આપવાની અપેક્ષા તો તેની પાસે અવશ્ય રાખવી જોઈએ. પોતાની આ ફરજના ખાલી ભાનનો બોજો તેના મન પર રહેશે ખરો કે નહીં? અને એ રીતે તે ફિકર તેની તંદુરસ્તીને કોરી ખાશે કે નહીં? આનાથી ગમે તેવું મજબૂત શરીરનું બંધારણ પણ ખખડી નહીં જાય એવું કહેવાની હિંમત કોઈ કરી શકશે કે? એવી દલીલ જોકે સહેજે થઈ શકે કે આ દાખલામાંનો છોકરો માંસાહારી હોત તો શરીરમાં રહ્યો તેના કરતાં વધારે પુષ્ટ રહી શકયો હોત. આવી દલીલનો જવાબ માંસાહાર કરવા છતાંયે પોતાની અતિ વિષયસેવનની આદતથી નબળા રહેતા ક્ષત્રિય રાજાઓના દાખલામાંથી મળી રહે છે.

વળી, બિનતંદુરસ્તીનાં બીજાં વિરોધી કારણો કાર્ય ન કરતાં હોય તો હિંદી શાકાહારી શરીરથી કેટલો મજબૂત હોઈ શકે તેનો સરસ દાખલો હિંદના પશુપાલક ભરવાડો પૂરો પાડે છે. હિંદી ભરવાડ ભીમકાય એવો ઉત્તમ બાંધાનો આદમી હોય છે. પોતાની જાડી મજબૂત કડિયાળી ડાંગથી તલવારવાળા સામાન્ય યુરોપિયનનો તે ખુશીથી બરોબરીનો સામનો કરી શકશે. પોતાની એ કડિયાળી ડાંગથી ભરવાડોએ વાઘ અને સિંહને માર્યાના અથવા હાંકી કાઢયાના દાખલાઓ નોંધાયેલા છે. પણ એક દિવસ એક મિત્રે દલીલ કરી કે 'આ તો અણઘડ કુદરતી અવસ્થામાં જીવન ગાળનારાં માણસોનો દાખલો થયો. સમાજની આજની અત્યંત અકુદરતી અવસ્થામાં તમારે કેવળ શાકપાંદડાં ને કઠોળ ઉપરાંત બીજું કંઈ જોઈએ જ જોઈએ. તમારા ભરવાડમાં બુદ્ધિનો અભાવ હોય છે, તે પુસ્તકો વાંચતો નથી વ. વ.' આ દલીલનો

૧. અહીં અંગ્રેજીમાં ઍટ વૅરાયન્સને બદલે ઍટ સિક્સિઝ ઍન્ડ સેવન્સ એવો પ્રયોગ ગાંધીજીએ કરેલો છે જેનો સંભવ છે કે તેઓ આવો અર્થ કરતા હોય. બાકી એ પ્રયોગનો અર્થ ગોટાળો એવો થાય છે.

Gandhi Heritage Portal

એકમાત્ર જવાબ એ હતો અને છે કે શાકાહારી ભરવાડ માંસાહારી ભરવાડથી શરીરબળમાં ચડિયાતો નહીં હોય તોયે તેનો બરોબરિયો તો હોય જ છે. આમ એક વર્ગના શાકાહારી સાથે તે જ વર્ગના માંસાહારીની સરખામણી થાય. અને આ સરખામણી એક પ્રકારના અને બીજા પ્રકારના જોર વચ્ચેની અને નહીં કે એક બાજુ પર ખાલી જોર અને બીજી બાજુ પર બુદ્ધિબળ સમેતના જોર વચ્ચેની થાય છે કેમ કે અત્યારે મારો પ્રયાસ માત્ર હિંદી શાકાહારીઓ પોતાના શાકાહારને કારણે શરીરના કમજોર હોય છે એ વાતને ખોટી સાબિત કરવાનો છે.

ખોરાક તમે ફાવે તેવો લો પણ એમ લાગે છે કે કોઈક વિરલ દાખલાઓ બાદ કરતાં શરીરબળ અને બુદ્ધિબળ બન્ને સાથે સાથે કેળવવાનું અશક્ય છે. અવેજી વળતરના નિયમ મુજબ બુદ્ધિની શક્તિમાં જે મેળવાય તે શરીરની શક્તિથી ભરી કાઢવાનું થયા વગર રહે નહીં. સૅમસન[1] કદી ગ્લેડસ્ટન[2] થઈ શકે નહીં.

હવે હિંદની લડાયક કહેવાતી ક્ષત્રિય કોમનો દાખલો લો. એ લોકો અલબત્ત માંસાહારી છે પણ તેમાંના તલવાર ચલાવનારા કેટલા થોડા છે! એક કોમ તરીકે તેઓ કમજોર લોકો છે એવું કહેવાનો મારો મુદ્દલ આશય નથી. પ્રાચીન જમાનાની વાત છોડી દઈ આજના જમાનાના પૃથ્વીરાજ અને ભીમ બાણાવળીની અને તેમના જેવા બીજા બધાની સ્મૃતિ કાયમ છે ત્યાં સુધી એ કોમ કમજોર છે એમ મનાવનારો મૂરખામાં ખપે. પણ હમણાંના એ લોકો ઊતરી ગયા છે એ દુ:ખદ હકીકત છે. બીજાઓની સાથે ખરેખર લડાયક ગણી શકાય એવી કોમ વાયવ્ય સરહદ પ્રાંતના ભૈયાઓની છે. તેમનો આહાર માત્ર ઘઉં, કઠોળ, અને સબ્જી છે. તેઓ શાંતિના રક્ષણહાર હોઈ તેમાંના મોટા ભાગનાની દેશી લશ્કરમાં ભરતી કરવામાં આવે છે.

ઉપરની હકીકતો પરથી સહેજે સ્પષ્ટ થાય છે કે શાકાહાર શરીરબળને નુકસાન કરનારો નથી એટલું જ નહીં, તેને પોષક છે અને શાકાહારને હિંદુઓની શારીરિક દુર્બળતાનું કારણ ગણાવનારી દલીલ તદ્દન ભ્રામક પાયા પર રચાયેલી છે.

[મૂળ અંગ્રેજી]

ધિ વેજિટેરિયન, ૨૮–૨–૧૮૯૧

## ૫

છેલ્લા લેખમાં આપણે જોઈ ગયા કે હિંદી શાકાહારીના શરીરના દુર્બળપણાનું કારણ તેમનો આહાર નથી, તેનાં કારણો બીજાં છે. વળી, આપણે એ પણ જોઈ ગયા કે ભરવાડો જે શાકાહારી છે તે માંસાહારીઓના જેટલા જ શરીરે સશક્ત હોય છે. આ ભરવાડ શાકાહારીનો ઉત્તમ નમૂનો હોઈ આપણે તેની દિનચર્યા અને તેનું જીવન નીરખી ઘણો લાભ મેળવી શકીએ; પણ એ વાતમાં આગળ વધતા પહેલાં વાચકને જણાવવું જોઈએ કે હવે પછી જે વર્ણન આવે છે તે હિંદી ભરવાડમાત્રને લાગુ પડતું નથી. હિંદના અમુક એક ભાગના ભરવાડોનું જ એ વર્ણન છે. જેમ સ્કૉટલૅન્ડમાં રહેનારા લોકોની રહેણીકરણીની ટેવો ઇંગ્લંડમાં રહેનારા લોકોની રહેણીકરણીની ટેવોથી જુદી હોય તેવી જ રીતે હિંદના એક ભાગમાં રહેતા લોકોની રીતરસમો બીજા ભાગમાં રહેનારા લોકોની ટેવોથી જુદી હોય.

૧. પ્રચંડ શરીરબળના નમૂનાનું બાઇબલમાં આવતું એક પાત્ર.
૨. ઇંગ્લંડનો એક વખતનો અત્યંત બુદ્ધિમાન લેખાયેલો વડો પ્રધાન.

Gandhi Heritage Portal

હવે હિંદી ભરવાડની વાત આગળ ચલાવીએ. તે ઘણુંખરું સવારના પાંચ વાગ્યે ઊઠે છે. તે જો ધાર્મિક વૃત્તિનો હોય તો ઊઠીને પહેલી પોતાના દેવની પ્રાર્થના કરશે. પછી શરીરની સ્વચ્છતા સંભાળશે. તેમાં તે પોતાનું મોં અંદરથી અને બહારથી બરાબર ધુએ છે. અહીં વાચકની પરવાનગીથી થોડું વિષયાન્તર કરી હું એક હિંદી પોતાના દાંત સાફ કરવાને જે બ્રશ એટલે કે પીંછી વાપરે છે તેનો તેને પરિચય કરાવું. એ બ્રશ માત્ર બાવળ નામના કાંટાળા ઝાડની ડાંખળી હોય છે અને તે દાતણ કહેવાય છે. એક ડાંખળીના દસથી બાર આંગળના માપના કાપીને કકડા કરવામાં આવે છે. અલબત્ત, તેમ કરતાં પહેલાં ડાંખળી પરના બધા કાંટા ઉતારી લેવામાં આવે છે. પછી આપણો હિંદી એ દાતણની લાકડીનો એક છેડો ચાવી દાંત પર ઘસવાને કામ આવે એટલો નરમ કૂચો બનાવે છે. આમ તે રોજ રોજ નવું ઘરનું તૈયાર કરેલું બ્રશ બનાવી લે છે. પોતાના દાંતને બરાબર ઘસી મોતી જેવા ચકચકતા સફેદ બનાવી પછી તે દાતણની એટલે કે પેલા બ્રશની બે ચીરી કરે છે અને તેમાંની એકને વચ્ચેથી વાળી તેનાથી જીભ પરથી ઓલ ઉતારી લે છે. સામાન્ય હિંદી માણસના મજબૂત સુંદર દાંત ઘણુંખરું દાતણ કરવાની આ ક્રિયાને આભારી છે. તે દંતમંજનની કોઈ ભૂકી વાપરતો નથી એટલું ઉમેરવું કદાચ બિનજરૂરી હોય. દાતણનો છેડો ચાવી નરમ કૂચો કરવા જેટલા પોતાના દાંત મજબૂત રહ્યા નહીં હોય ત્યારે વૃદ્ધ હિંદીઓ તે માટે નાની હથોડી વાપરે છે. આ આખી ક્રિયામાં વીસ કે પચીસ મિનિટથી વધારે વખત જતો નથી.

આપણા ભરવાડની વાત પર પાછા આવીએ. પછી તે સવારનો નાસ્તો અથવા શિરામણ કરે છે. તેમાં મિલેટ જે બાજરીનું ઍંગ્લો-ઇન્ડિયન નામ છે તેનો એક જાડો રોટલો હોય છે. આ બાજરી હિંદમાં મોટે ભાગે ઘઉંની સાથે વધારામાં અગર તેને બદલે વપરાય છે. રોટલા સાથે નાસ્તામાં ઘી અને ગોળ હોય છે. સવારના આઠથી નવ વાગ્યાના અરસામાં તે તેની સંભાળમાં રાખવામાં આવેલાં ઢોર ચરાવવાને ચરણમાં જાય છે. ચરણનું સ્થળ ઘણુંખરું તેના કસબાથી બે કે ત્રણ માઈલને અંતરે હોય છે. એ ડુંગરાળ જમીનનો ભાગ હોઈ તેના પર હરિયાળી વનસ્પતિ પૂરા બહારમાં પથરાયેલી હોય છે. આમ તેને તાજામાં તાજી હવાની સાથે કુદરતી રળિયામણા દૃશ્યનો ઉપભોગ કરવાનો અનન્ય લાભ મળે છે. ઢોર આજુબાજુ ચરતાં ફરતાં હોય ત્યારે તે પોતાનો વખત ગાવામાં અથવા પોતાના સોબતી કે જે તેની વહુ, ભાઈ અગર બીજું સગું હોય તેની સાથે વાતો કરવામાં ગાળે છે. બાર વાગ્યાના અરસામાં તે સાથે આણેલું બપોરનું ભોજન લે છે. આ ભોજન ઢોર ચરાવવા આવતી વખતે સાથે લેતા આવવાનો તેનો રિવાજ છે. આ ભોજનમાં હમેશના રોટલા, ઘી, એક શાક અથવા કઠોળ, તેની સાથે વધારામાં અથવા તેની અવેજીમાં કંઈક અથાણું અને ગાયનું ત્યાં જ તાજું દોહેલું દૂધ હોય છે. ત્યાર બાદ તે ઘણુંખરું હમેશ બે કે ત્રણ વાગ્યાના અરસામાં અર્ધોએક કલાક સુધી કોઈ ઘેરી છાયાવાળા ઝાડ નીચે ઊંઘ કાઢી લે છે. બપોરના આકરા તડકામાંથી આ ઊંઘમાં તેને રાહત મળે છે. છ વાગ્યે તે ઘેર પાછો વળે છે, સાત વાગ્યે વાળુ કરે છે, તેમાં ગરમ રોટલા, કઠોળ અથવા શાક જમે છે અને છેવટે ભાત અને દૂધ અથવા ભાત અને છાશથી પૂરું કરે છે અને થોડું ઘરનું કામકાજ જે સામાન્યપણે પોતાના કુટુંબની સાથેની હસીખુશીની વાતો હોય છે તે પતાવીને દશ વાગ્યે સૂઈ જાય છે. તે કાં તો ખુલ્લી હવામાં આકાશ નીચે અથવા કેટલીક વાર ભીડથી ભરેલા છાપરામાં સૂવાનું રાખે છે. શિયાળાની ઠંડીની અથવા વરસાદની મોસમમાં તે છાપરાનો આશ્રય લે છે. અહીં એટલું જણાવી લેવું જોઈએ કે આ છાપરાં

Gandhi Heritage Portal

દેખાવમાં કંગાળ હોય છે ખરાં અને ઘણી વાર તો બારીઓ વગરનાં હોય છે છતાં હવાને રોકી રાખનારાં હોતાં નથી. અણઘડ રીતે બાંધેલાં એ છાપરાંનાં બારણાં પવન અથવા વરસાદનાં ઝાપટાંની સામે નહીં પણ ચોરની સામે બચાવમાં મૂકવામાં આવે છે. આ બધું સાચું પણ એ છાપરાંઓમાં સુધારાને ઘણો અવકાશ છે એ વાતનો ઇન્કાર થાય એવું નથી.

સારી સ્થિતિના ભરવાડની રહેણીકરણી આવી હોય છે. તે ઘણી રીતે આદર્શ છે. તેની ટેવો ફરજિયાત નિયમિત હોય છે, પોતાનો ઝાઝો વખત તે ઘર બહાર ગાળે છે, બહાર ફરતાં ફરતાં તેને તાજામાં તાજી હવા સહેજે મળે છે, તેને જરૂરી કસરત મળી રહે છે, સારો પૌષ્ટિક આહાર મળે છે અને જોકે છેલ્લી ગણાવેલી વાત હોવા છતાં મહત્ત્વમાં છેલ્લી નહીં એવી શરીરની નબળાઈના કારણરૂપ થનારી ઘણી ફિકરચિંતામાંથી તે મુક્ત હોય છે.

[મૂળ અંગ્રેજી]

**ધિ વેજિટેરિયન, ૭-૩-૧૮૯૧**

૬

આપણા ભરવાડની રહેણીમાં જે એક ખામી જોવાની મળે છે તે એ છે કે તે રોજ નાહતો નથી. ગરમ આબોહવામાં સ્નાન ઘણું ઉપયોગી હોય છે. એક બાજુથી એક બ્રાહ્મણ દિવસમાં બે વાર સ્નાન કરશે, વૈશ્ય એક વાર કરશે તો બીજી બાજુથી ભરવાડ અઠવાડિયે એક વાર નાહશે. અહીં હું ફરી એક વાર થોડું વિષયાન્તર કરી એક હિંદી કેવી ઢબે સ્નાન કરે છે તે સમજાવી લઉં. સામાન્ય રીતે તે પોતાના કસબાની પાસેથી વહેતી નદીમાં સ્નાન કરે છે પણ નદીએ જવાનું તેને આળસ હોય, અથવા પાણીમાં ડૂબી જવાની બીક હોય, અથવા તેના ગામ પાસે નદી ન હોય તો તે ઘર આગળ નાહી લે છે. બાથનું ટબ અથવા જેમાં પડીને સ્નાન કરી શકાય એવું વાસણ તે રાખતો નથી. પાસે રાખેલી એક મોટી પાણીની કૂંડી-માંથી કળશા વડે તે પાણી લઈ શરીર પર રેડે છે કેમ કે તેનું માનવું એવું હોય છે કે બંધિયાર પાણીમાં પડીને નાહવાથી પાણી અપવિત્ર થાય છે અને પછી વપરાશને લાયક રહેતું નથી. એ જ કારણસર તે બેસિન અથવા કૂંડામાં પોતાના હાથ ધોતો નથી પણ કોઈકની પાસે હાથ પર પાણી રેડાવે છે અથવા બન્ને હાથ વચ્ચે લોટો પકડી જાતે પાણી રેડી લે છે.

પણ પાછા આપણી મૂળ વાત પર આવીએ. ઓછું નાહવાથી આપણા ભરવાડની તંદુરસ્તી પર માઠી અસર થતી હોય એવું લાગતું નથી, પણ બ્રાહ્મણ પોતાનાં રોજનાં બે સ્નાન કરવાનું એક જ દિવસ માંડી વાળે તો તેને ઘણી બેચેની થયા વગર રહે નહીં, અને એથીયે વધારે દિવસ સુધી તેને સ્નાન કરવાનું ન મળે તો તે ખરેખર માંદો પડી જાય એ ઉઘાડું છે.

હું ધારું છું કે જે ઘણી વાતનો બીજી રીતે ખુલાસો મળી શકતો નથી અને જેને આદત ગણવાથી તેનું કારણ સમજાય છે તે પૈકીનો આ એક દાખલો છે. જેમ કે એક ભંગી ગંદવાડ સાફ કરવાના પોતાના વ્યવસાયમાં રોકાયેલો છતાં પોતાની તંદુરસ્તી જાળવી શકે છે. પરંતુ કોઈ પણ સામાન્ય માણસ તે ધંધો કરવા જાય તો મરણને મોઢે પહોંચી ગયા વગર રહે નહીં. નાજુકાઈમાં ઊછરેલો ઉમરાવ લંડનના ઈસ્ટ એન્ડ જેવા મજૂર લત્તાના મજૂરની નકલ કરવા જાય તો યમરાજ તેનું બારણું ઠોકયા વગર રહે નહીં.

આ મુદ્દો બરાબર સ્પષ્ટ કરી બતાવતી એક વાર્તા અથવા કિસ્સો અહીં આપ્યા વગર હું રહી શકતો નથી. એક રાજા રતિ જેવી રૂપસુંદરી એક દાતણવાળીના પ્રેમમાં પડયો. પછી

Gandhi Heritage Portal

સહેજે અપેક્ષા રખાય તેમ તેને રાજાના મહેલમાં રાખવાનો હુકમ થયો. હકીકતમાં તો તે મોજશોખના ધામમાં પહોંચી ગઈ. ઉત્તમમાં ઉત્તમ ખાવાપીવાનું, ઉત્તમમાં ઉત્તમ કપડાંલત્તાં, ટૂંકમાં બધુંયે ઉત્તમમાં ઉત્તમ તેને સારુ આવી મળ્યું. પણ અરે! જે પ્રમાણમાં મોજમજાની ચીજો તેને મળતી થઈ તે જ પ્રમાણમાં તેની તબિયત કથળવા માંડી. કોડીબંધ વૈદોને તેની તહેનાતમાં રજૂ કરવામાં આવ્યા પણ નિયમિતપણે આપવામાં આવેલી ઘણી ઔષધિમાંની એકે કામ ન આવી. દરમિયાન એક ચતુર વૈદ બાઈની માંદગીનું સાચું કારણ પામી ગયો. તેણે કહ્યું કે બાઈને વળગાડ છે. તેથી બાઈને વળગેલાં ભૂતપ્રેતને સંતોષવાને તેણે બાઈને રહેવાના આલીશાન ઓરડાઓમાંના દરેકમાં ફળફળાદિની સાથે વાસી રોટલાના કકડા રાખવાનું ફરમાન કાઢ્યું. યોજના એવી હતી કે જેટલા ઓરડા હતા તેટલા દિવસમાં પેલાં ભૂતપ્રેત નાસી જાય. અને તેણે કહ્યું કે એ બધાં નાસી જશે તેની સાથે માંદગી પણ ગઈ જાણો. અને બન્યુંયે તેવું જ. અલબત્ત, પેલા વાસી રોટલાના ટુકડા ગરીબ બિચારી રાણીને કામ લાગ્યા હતા.

હવે આ પરથી માણસો પર ટેવનો કાબૂ કેવો જબરો હોય છે તે જોવાનું મળે છે. તેથી મને લાગે છે કે ભરવાડ સ્નાન પૂરતાં કરતો નથી તેથી તેને ખાસ કશું નુકસાન થતું નથી.

છેલ્લા લેખમાં આપણે આ પ્રકારની રહેણીનું કેવું સારું પરિણામ આવે છે તે જોયું હતું. તે પરિણામ એ છે કે શાકાહારી ભરવાડ શરીરે સબધો હોય છે. તે આવરદા પણ લાંબું ભોગવે છે. ૧૮૮૮ની સાલમાં જેની ઉંમર સો વરસ વટાવી ગઈ હતી એવી એક ભરવાડણને હું ઓળખું છું. છેલ્લો હું તેને મળેલો ત્યારે તેની નજર સાબૂત હતી. તેની યાદદાસ્ત તાજી હતી. પોતાના બચપણમાં જે જોયેલું તેને તે બરાબર સંભારી શકતી. લાકડીને ટેકે તે ચાલતીયે ખરી. હું આશા રાખું છું કે તે હજી જીવતી હશે.

વળી, ભરવાડની શરીરાકૃતિ સપ્રમાણ સુંદર હોય છે. તેનામાં ખોડખાંપણ જવલ્લે જ જોવામાં આવે છે. વાઘના જેવો વિકરાળ નથી છતાં તે તેના જેટલો જ સશક્ત હોય છે, શૂરો હોય છે અને છતાં ઘેટાના લવારા જેટલો નરમ ને નિર્દોષ હોય છે. તેના કદથી ડર લાગતો નથી પણ તે પ્રભાવશાળી હોય છે. એકંદરે હિંદી ભરવાડ શાકાહારીના ઉત્તમ નમૂનો હોઈ શરીરબળની વાતને લાગેવળગે છે ત્યાં સુધી કોઈ પણ માંસાહારીની સરખામણીમાં પાર ઊતરે એવો છે.

[મૂળ અંગ્રેજી]

ધિ વેજિટેરિયન, ૧૪–૩–૧૮૯૧

Gandhi Heritage Portal

# ૮. કેટલાક હિંદી તહેવારો

૧

આ ઈસ્ટરના ઉત્સવ[1] વખતે મારો વિચાર ઈસ્ટરના ગાળામાં આવતા તહેવારોને વિષે લખવાનો હતો; પણ એ તહેવારોની સાથે સંકળાયેલાં સ્મરણો દુઃખદ હોઈ તેમ જ તે હિંદુઓનો સૌથી મોટો ઉત્સવ ન હોઈ તેના કરતાં મહત્ત્વમાં અને ઉજવણીની ભવ્યતામાં ક્યાંયે ચડિયાતા દિવાળીના તહેવારોનું વર્ણન તેમના વર્ણનને બદલે કરું એ વધારે ઉચિત છે.

દિવાળીને હિંદુઓની નાતાલ કહી શકાય. તે હિંદુ વિક્રમ સંવત્સરને અંતે એટલે કે નવેમ્બર માસ દરમિયાન આવે છે. એ સામાજિક તેમ જ ધાર્મિક એમ બન્ને પ્રકારનો તહેવાર છે. એ લગભગ એક આખા મહિના પર ફેલાયેલો હોય છે. હિંદુ વિક્રમ સંવત્સરના બારમા આસો માસની પહેલી તિથિએ એ ભવ્ય ઉત્સવ આવી પહોંચ્યાની જાહેરાત બાળકો પહેલવહેલા ફટાકડા ફોડીને કરે છે. પહેલા નવ દિવસો નવરાત્રી એ નામે ઓળખાય છે. એ નવ દિવસો મુખ્યત્વે ગરબીઓથી વરતાઈ આવે છે. વીસ, ત્રીસ કે તેથીયે વધારે માણસો મોટાં કૂંડાળાં બનાવે છે, તેમની વચ્ચે એક મોટો થાંભલો રોપી સુંદર રીતે શણગારી તેના પર ચારે બાજુ દીવા ગોઠવવામાં આવે છે અને ત્યાં જ તે કૂંડાળાની વચ્ચે લોકરુચિને અનુકૂળ ગીતો ગાતો એક આદમી બેસીને ઢોલક વગાડે છે. કૂંડાળે વળેલા માણસો તાળીથી તાલ આપી એ ગીતો ઝીલે છે. ગીતની કડીઓ ઝીલતાં ઝીલતાં તે બધાયે દીપમાળની આસપાસ ફરે છે અને સાથે તાલ આપતાં આપતાં કેડમાંથી વાંકા વળી પાછા ટટાર થતા જાય છે. આ ગરબીઓ સાંભળવામાં ઘણી વાર બહુ આનંદ આવે છે.

અહીં જણાવવું જોઈએ કે છોકરીઓ અને તેમાંય મોટી ઉંમરની સ્ત્રીઓ આ ગરબી રમવામાં કદી સામેલ થતી નથી. અલબત્ત, તેઓ પોતાની અલગ ગરબી રાખે છે અને તેમાંથી પુરુષોને બાદ રાખવામાં આવે છે. કેટલાંક કુટુંબોમાં આ દિવસોમાં અર્ધો ઉપવાસ કરવાનો રિવાજ હોય છે. આખા કુટુંબમાંથી એક જણ એવું વ્રત કરે તો ચાલે. એ ઉપવાસ કરનાર માણસ દિવસમાં એક જ વાર અને તે પણ સાંજે જ જમે છે. વળી તે અનાજ કે કઠોળ નહીં પણ માત્ર ફળફળાદિ, દૂધ અને બટાટા જેવાં કંદમૂળ લઈ શકે છે.

દસમા દિવસને દસેરો કહે છે અને તે દિવસે મિત્રો ભેગા મળી એકબીજાને જાફતો આપે છે. એ દિવસે મિત્રોને અને તેમાંયે આશ્રયદાતાઓને કે ઉપરી અમલદારોને મીઠાઈઓ ભેટ તરીકે મોકલવાનો પણ રિવાજ છે. એક દસેરાનો દિવસ બાદ કરતાં નવરાત્રીમાં બધી આનંદપ્રમોદની પ્રવૃત્તિ રાતને વખતે ચાલે છે અને રોજેરોજની સામાન્ય નિત્ય પ્રવૃત્તિ દિવસે પૂરી કરવામાં આવે છે. દસેરા પછી એક પખવાડિયા સુધી બધું પ્રમાણમાં શાંત થઈ જાય છે. માત્ર સ્ત્રીઓ તે દરમિયાન આવી રહેલા મોટા તહેવારની ઉજવણી સારુ મીઠાઈની અને બીજી ખાવાની વાનગીઓ રાંધવામાં ને તૈયાર કરવામાં રોકાય છે કેમ કે હિંદુસ્તાનમાં ઊંચામાં ઊંચા

૧. ઈશુ કબરમાંથી ઊઠ્યા તે દિવસની ઉજવણીનો ખ્રિસ્તી ધર્મનો તહેવાર. દર વર્ષે માર્ચ માસની ૨૧મી અને એપ્રિલ માસના ૨૬મી તારીખ વચ્ચેના રવિવારે આવે છે.

Gandhi Heritage Portal

વર્ગની સ્ત્રીઓ જાતે રસોઈ કરવામાં નાનમ માનતી નથી. ઊલટું, હકીકતમાં દરેક સ્ત્રીએ રસોઈની કળા સિદ્ધ કરેલી હોવી જોઈએ એમ મનાય છે.

આમ રાતને વખતે ભોજન અને ગીતગરબાની મજા કરતાં કરતાં આપણે આસો મહિનાની વદ તેરસ સુધી પહોંચીએ છીએ. (હિંદમાં દરેક માસના કૃષ્ણ પક્ષ અથવા વદ અને શુકલ પક્ષ અથવા સુદ એવા બે ભાગ પાડવામાં આવે છે અને પૂર્ણિમા પછીના તેમ જ અમાવાસ્યા પછીના પડવાથી તે બન્નેની શરૂઆત ગણાય છે; આમ પૂનમ પછીનો પડવો વદ અથવા અંધારિયાનો અને અમાસ પછીનો સુદ અથવા અજવાળિયાનો પહેલો દિવસ ગણાતો હોઈ તિથિની ગણતરી એ રીતે આગળ ચાલે છે.) તેરસનો દિવસ અને તે પછીના ત્રણ દિવસ આખા ને આખા ઉજવણીમાં અને આનંદપ્રમોદમાં જાય છે. આ તેરમા દિવસને અથવા તેરસને ધનતેરસ કહેવામાં આવે છે એટલે કે એ તેરસ સંપત્તિની દેવી લક્ષ્મીની પૂજાને માટે જુદી રાખવામાં આવેલી છે. તવંગર લોકો તે દિવસે જુદી જુદી જાતનું હીરા મોતી અને બીજું ઝવેરાત, નાણાંના સિક્કા વગેરે ભેગું કરી સંભાળથી એક પેટીમાં મૂકે છે. પૂજા સિવાય એનો તેઓ બીજો ઉપયોગ કરતા નથી. દર વરસે આ સંઘરામાં કંઈ ને કંઈ ઉમેરવામાં આવે છે. અને થોડા વિરલ અપવાદ બાદ કરતાં કોણ લક્ષ્મીનો લોભ નથી રાખતું એટલે કે તેને નથી ભજતું? એથી તે ભજન એટલે બહારની પૂજા સિક્કા વગેરેને પાણીથી અને દૂધથી ધોઈને તેના પર કંકુ ને ફૂલ ચડાવીને કરવામાં આવે છે.

ચૌદમો દિવસ કાળી ચૌદસ કહેવાય છે; પણ કાળી ચૌદસ હોવા છતાં તે દહાડે લોકો મળસકે ઊઠે છે અને એદીમાં એદી માણસને પણ બરાબર નાહવાની ફરજ પડે છે; માતાઓ શિયાળો હોવા છતાં તે દિવસે વહેલી સવારના પોતાનાં નાનાં બાળકોને પણ નવડાવ્યા વગર રહેતી નથી. કાળી ચૌદસની રાતે સ્મશાનમાં ભૂતો ટોળે વળે છે એવું મનાય છે. જે લોકો ભૂતપ્રેતની વાતમાં શ્રદ્ધા રાખે છે તે પોતાના એ મિત્રોને મળવાને એ સ્થળો પર જાય છે અને બીકણ માણસો ભૂત કયાંક નજરે ન પડી જાય એવી બીકનાં માર્યાં ઘરમાંથી બહાર પણ ઢૂંકતાં નથી.

[મૂળ અંગ્રેજી]

ધિ વેજિટેરિયન, ૨૮–૩–૧૮૯૧

૨

પણ જુઓ! હવે પંદરમા દિવસનું સવાર પડયું ને દિવાળી આવી પહોંચી. આ દિવાળીને દહાડે ભારી ભારી દારૂખાનું ફોડવામાં આવે છે. આ દિવસે કોઈ પણ પોતાની પાસેનું નાણું છોડવા માગતું નથી. કોઈ પૈસા ઉછીના લેશે નહીં કે આપશે નહીં. જે કંઈ ખરીદી કરવાની તે બધી આગલે દિવસે થઈ ગયેલી ગણાય છે.

હવે તમે એક જાહેર રસ્તાના ખૂણે ઊભા છો. જુઓ, ધોળાં દૂધ જેવાં કપડાં પહેરી પેલો ભરવાડ સામે ચાલ્યો આવે છે, એ કપડાં એણે પહેલી જ વાર પહેર્યાં છે. તેની લાંબી દાઢી તેણે ચહેરા પર બે બાજુ ઊંચી લઈ પોતાના ફાળિયાની નીચે દબાવી છે અને તે કોઈક ગીતની તૂટક કડીઓ લલકારે છે, લાલ રંગે ને લીલા રંગે રંગેલાં અને અણી પર ચાંદીની ખોળીઓવાળાં શીંગડાંવાળી ગાયોનું ધણ તેની પાછળ વહ્યું આવે છે. તેની પાછળ નાની નાની

Gandhi Heritage Portal

મહિયારીઓનું ટોળું માથે ઊઢણ પર ગોઠવેલી નાની નાની મટુકીઓ લઈ થોડી વારમાં ચાલી આવતું તમારી નજરે પડે છે. તમને થાય છે કે આ મટુકીઓમાં શું હશે! પેલી બેપરવા મહિયારીની મટુકીમાંથી છલકાતું દૂધ જોતાંવેંત તમારી શંકા દૂર થાય છે. પછી ધોળા થોભિયાવાળો, ધોળી પાઘડી માથે મૂકી તેમાં બરુની લાંબી કલમ ખોસી ચાલ્યો આવતો પેલો પડછંદ આદમી જુઓ. તેણે કેડે લાંબું ફાળિયું વીંટાળ્યું છે અને તે ફાળિયામાં રૂપાનો શાહીનો ખડિયો ગોઠવ્યો છે. તમારે જાણી લેવું જોઈએ કે એ મોટો શરાફ છે. આમ જુદી જુદી જાતનાં માણસો આનંદ અને મસ્તીભર્યાં રસ્તેથી ચાલ્યાં જતાં તમને જોવાનાં મળશે.

પછી આવી રાત. શહેરની શેરીઓ બધી આંખને આંજી નાખનારી રોશનીથી ઝળાંઝળાં થઈ રહી છે; અલબત્ત, જેણે લંડનના રિજન્ટ સ્ટ્રીટ અથવા ઑક્સફર્ડ સ્ટ્રીટ જોયા નથી તેને જ એ આંજી નાખનારી લાગે અને તેની સરખામણી ક્રિસ્ટલ પૅલેસ પર જે પ્રમાણમાં રોશની કરવામાં આવે છે તેની સાથે કરવાની હોય નહીં; મુંબઈ જેવાં મોટાં શહેરોની વાત વળી જુદી છે. પુરુષો, સ્ત્રીઓ અને બાળકો પોતાનાં સારામાં સારાં વસ્ત્રો પહેરી ફરવા નીકળે છે, એ વસ્ત્રોના રંગોની વિવિધતાનો પાર નથી, તેથી અદ્‌ભુત એવી ચિત્રવિચિત્ર અસર પેદા થાય છે ને બધાં વસ્ત્રો એકઠાં મળી સુમેળવાળું અખંડ રંગબેરંગી સુંદર દૃશ્ય ઊભું કરે છે. વિદ્યાની દેવી સરસ્વતીની પૂજા પણ આજે રાતે કરવાની હોય છે. વેપારીઓ ત્યારે નામાનો પહેલો આંકડો પાડી નવા ચોપડા શરૂ કરે છે. પૂજા કરાવનારો સર્વવ્યાપી બ્રાહ્મણ પૂજામાં થોડા શ્લોક બબડી જઈ દેવી સરસ્વતીનું આવાહન કરે છે. પૂજા થઈ રહે છે એટલે છેક અધીરાં થઈ ગયેલાં બાળકો દારૂખાનું ફોડવા મંડી પડે છે; અને આ પૂજાનું મુહુરત આગળથી નક્કી થયેલું હોવાથી શહેરની બધી શેરીઓ ફટાકડાઓના અને બીજા દારૂખાનાના ફૂટવાના ફટફટ અને સૂસૂ અવાજોથી ગાજી ઊઠે છે. ધાર્મિક વૃત્તિના લોકો પછી મંદિરોએ દર્શને જાય છે પણ ત્યાંયે આ રાતે તો આનંદ અને ઉત્સાહ, આંજી નાખનારી રોશની અને જાતજાતની શોભા વગર બીજું કંઈ જોવામાં આવતું નથી.

ત્યાર પછીનો એટલે કે બેસતા વરસનો દિવસ મુલાકાતો લેવા જવાનો અને મુલાકાતોએ આવનારાઓને મળવાનો દિવસ છે. રસોડાનો ચૂલો તે દિવસે ટાઢો રહે છે અને તેથી આગળના દિવસોએ તૈયાર કરેલી વાનીઓથી ચલાવી લેવામાં આવે છે. પણ ખાઉધરને ભૂખે મરવું પડતું નથી કારણ કે ખાવાની વાનીઓ એટલી બધી હોય છે કે તે વારે વારે ખાય છે તોયે પૂરી થતી નથી ને કેટલુંયે વધે છે. સારી સ્થિતિના વર્ગના લોકો હરેક પ્રકારનાં શાકભાજી, અનાજ અને કઠોળ ખરીદી રાંધે છે અને બેસતે વરસે તે દરેકનો ચાખીને સ્વાદ લે છે.

નવા વરસનો બીજો દિવસ પ્રમાણમાં ધમાલ વગરનો શાન્ત હોય છે. રસોડાના ચૂલા ફરી સળગે છે. આગલા દિવસોનાં ભારી ભોજનો પછી આ દિવસે સાધારણ રીતે હલકો ખોરાક લેવાય છે. કોઈક તોફાની છોકરાં ફોડે તે સિવાય દારૂખાનું પણ હવે ફૂટતું નથી. રોશનીનું પ્રમાણ પણ ઘટી જાય છે. આ બીજની સાથે દિવાળીના તહેવારો લગભગ પૂરા થાય છે.

આ તહેવારોની સમાજ પર કેવી અસર થાય છે ને અજાણપણે પણ લોકો કેવાં કેવાં કેટલાંક કરવા લાયક કામો કરે છે તે જોઈએ. સામાન્યપણે આ તહેવારોને માટે કુટુંબનાં બધાં માણસો પોતાના રહેઠાણના મુખ્ય સ્થળ પર એકઠાં મળવાને કોશિશ કરે છે. આગલું આખું વરસ ધંધાના રોકાણને લીધે પતિને બહાર રહેવાનું થયું હોય તોપણ તે પત્નીને મળવા આવવાને હમેશ ઘેર પહોંચવાની કોશિશ કર્યા વગર રહેતો નથી. પોતાનાં બાળકો ભેળા થવાને પિતા

Gandhi Heritage Portal

લાંબી સફર ખેડીને પણ આવે છે. દીકરો ભણવાને બહારગામ ગયો હોય તોયે પોતાની નિશાળેથી આ તહેવારોમાં ઘરભેગો થાય છે અને આમ હમેશ કુટુંબને એકઠા મળવાનો પ્રસંગ મળે છે. વળી, જેમને પરવડે તે સૌ નવાં કપડાંલત્તાં વસાવે છે. તવંગર વર્ગોમાં ખાસ આ પ્રસંગને માટે નવાં ઘરેણાં ઘડાવવામાં આવે છે. કુટુંબના જૂના કજિયા પતાવવામાં આવે છે. કંઈ નહીં તો તે માટે પૂરો પ્રયાસ અવશ્ય થાય છે. ઘરો સમરાવવામાં ને ધોળાવવામાં આવે છે. લાકડાની પેટીમાં બંધાઈને પુરાઈ રહેલા જૂના રાચરચીલાને બહાર કાઢી સાફ કરી પ્રસંગ પૂરતું ઓરડાઓ શણગારવાને કામમાં લેવામાં આવે છે. જૂનાં દેવાં હોય તો બને ત્યાં લગી પાછાં વાળવામાં આવે છે. દરેક જણ નવું ધાતુનું વાસણ કે એવું જ કંઈક રાચ બેસતા વરસને માટે ખરીદે એવી અપેક્ષા રહે છે. છૂટે હાથે દાન અપાય છે. પ્રાર્થનાપૂજા કરવાની અથવા મંદિરોએ દર્શને જવાની ઝાઝી પરવા ન રાખનાર લોકો આ પ્રસંગે બન્ને વાનાં ખસૂસ કરે છે.

બીજાઓ સાથે વાતવાતમાં ટંટોફિસાદ અને ગાળાગાળી કરવાની ભૂંડી આદત ખાસ કરીને સમાજના નીચલા વર્ગોમાં ખૂબ ફેલાયેલી છે પણ તહેવારોમાં કોઈએ બીજા સાથે તેવું કરવાનું હોય નહીં. ટૂંકમાં બધુંયે શાન્તિભર્યું ને આનંદભર્યું હોય છે. જિંદગી બોજારૂપ ન રહેતાં પૂરી ઉલ્લાસભરી બને છે. આવા તહેવારોને જોકે કેટલાક લોકો વહેમના અવશેષ અને નકામી ધિંગામસ્તી કહીને વખોડી કાઢે છે છતાં તેમાંથી સારાં લાંબા ગાળા સુધી અસર કરનારાં ફળ નીપજ્યા વગર રહેતાં નથી એ બીના સહેજે જણાઈ આવે છે. વળી, સાચું જોતાં આવા તહેવારો માણસજાતને આશીર્વાદ જેવા છે કેમ કે મજૂરી કરીને જીવનારાં કરોડોની જિંદગીના કંટાળાજનક એકધારાપણામાં તે રાહતરૂપ બને છે.

દિવાળીના તહેવાર આખાયે હિંદુસ્તાનમાં ઊજવાય છે છતાં ઉજવણીની વિગતોમાં જુદા જુદા ભાગમાં ફેર હોય છે. વળી, હિંદુઓના સૌથી મોટા ઉત્સવનું આ બ્યાન અધૂરું ગણાય. અને કોઈએ એવું માની લેવાનું નથી કે આ તહેવારોનો ખોટો ઉપયોગ નથી થતો. બીજી બધી વસ્તુઓની માફક આ ઉત્સવની કાળી બાજુ હોવાનો સંભવ છે અને ઘણુંખરું હોય છેયે ખરી. પણ તેની વાત અહીં છેડવાની જરૂર નથી. એટલું ચોક્કસ છે કે તેનાં જે ઇષ્ટ પરિણામ આવે છે તે અનિષ્ટના કરતાં કયાંયે વધારે હોય છે.

[મૂળ અંગ્રેજી]

**ધિ વેજિટેરિયન, ૪–૪–૧૮૯૧**

## ૩

દિવાળીના તહેવારોથી મહત્ત્વમાં બીજા નંબરના હોળીના છે અને તેમનો ઉલ્લેખ ૨૮મી માર્ચના *ધિ વેજિટેરિયન*ના અંકમાં થઈ ગયો છે.

વાચકને યાદ હશે કે હોળીના તહેવાર ઈસ્ટરના અરસામાં આવે છે. હિંદુ વિક્રમ સંવત્સરના ફાગણ મહિનાની પૂનમે હોળી થાય છે. આ બરાબર વસંત ઋતુનો સમય છે. ઝાડોને નવી કૂંપળો ફૂટે છે. લોકો ગરમ કપડાં બાજુએ મૂકે છે. હલકાં ઝીણાં કપડાંની ફૅશન શરૂ થાય છે. વસંતના આગમનની વાત મંદિરોમાંથી એકાદને જોતાં વળી વધારે સ્પષ્ટ થાય છે. મંદિરમાં (તમે હિંદુ હો તો જ તેમાં પ્રવેશ કરી શકો) પેસતાંવેંત તમને ફૂલોની મીઠી સુગંધ વગર બીજી કોઈ ગંધ આવતી નથી. ધાર્મિક વૃત્તિના લોકો મંદિરના ઓટલા પર બેસી ઠાકોરજીને

Gandhi Heritage Portal

માટે માળા ગૂંથે છે. ફૂલોમાં તમને ગુલાબ, ચંપેલી, મોગરો વગેરે જોવાનાં મળે છે. દર્શનને માટે બારણાં ખોલી નાખવામાં આવે છે ત્યારે પુરબહારમાં ઊડતા પાણીના ફુવારા તમારી નજરે પડે છે. તમને મંદ સુગંધી વાયુની મોજ પણ ભોગવવાની મળે છે. ઠાકોરજીએ ઝીણા કાપડનાં ખુલ્લા રંગનાં વસ્ત્રો સજ્યાં છે. તેમની આગળ ઢગલાબંધ ફૂલો છે અને તેમના ગળામાંના હારની વચમાંથી તેમનું દર્શન માંડ થઈ શકે છે. તેમને હિંડોળે ઝુલાવવામાં આવે છે અને હિંડોળાને પણ લીલાં પાનથી શણગારી તેના પર સુગંધી જળનો છંટકાવ કરવામાં આવેલો છે.

મંદિરની બહારનું દૃશ્ય નીતિપોષક નથી. હોળીની આગળના એક પખવાડિયા દરમિયાન અહીં અશ્લીલ ભાષા સિવાય બીજું કંઈ તમારે કાને પડશે નહીં. નાનાં ગામોમાં સ્ત્રીઓને ઘર-બહાર નીકળવાનું મુશ્કેલ થઈ જાય છે અને નીકળે છે તો કાદવથી છંટાયા વગર રહેતી નથી. વળી, તેમને ઉદ્દેશીને અશ્લીલ સંબોધનો પણ થાય છે. પુરુષો તરફ પણ કોઈ પ્રકારનો ભેદ કર્યા વગર એવી જ જાતનું વર્તન રાખવામાં આવે છે. લોકો નાની નાની ટોળીઓ બાંધે છે. પછી એક ટોળી બીજીની સાથે અશ્લીલ ગાળો બોલવાની અને તેવાં જ અશ્લીલ ગીતો ગાવાની હરીફાઈએ ચડે છે. સ્ત્રીઓ સિવાય બધાં જ, પુરુષો અને બાળકો સુધ્ધાં આ ઘૃણાજનક ચડસા-ચડસીમાં ભાગ લે છે.

અરે, આ મોસમમાં અશ્લીલ શબ્દો વાપરવામાં સુરુચિનો ભંગ થયેલો પણ ગણાતો નથી! જે સ્થળોમાં લોકો અજ્ઞાનમાં ડૂબેલા હોય છે ત્યાં તેઓ એકબીજા પર કાદવ વગેરેની ફેંકાફેંક પણ કરે છે. તમારાં કપડાં પર તેઓ અશ્લીલ શબ્દો ચીતરી વળે છે અને સફેદ કપડામાં બહાર નીકળો તો પાછા ઘેર આવતાં કાદવથી સારી પેઠે ખરડાયા વગર રહો જ નહીં. આ બધાની હોળીને દિવસે હદ થઈ જાય છે. તે દિવસે ઘરમાં હો કે બહાર, અશ્લીલ બોલો તમારા કાન પર અથડાયા જ કરે છે. મિત્રને મળવા ગયા હો તો જેવું સ્થળ હોય તે પ્રમાણે કાં તો મેલા પાણીથી અથવા સુગંધી જળથી ખાસા તરબોળ થયા વગર રહેવાના નહીં.

સંધ્યાકાળે લાકડાંનો અથવા છાણાંનો મોટો ઢગ રચી તેને સળગાવવામાં આવે છે. આ ઢગ ઘણી વાર વીસ ફૂટ કે તેથીયે વધારે ઊંચો હોય છે અને લાકડાંના ટોલા એવા જાડા હોય છે કે સાત આઠ દિવસ સુધી ઓલવાતા નથી. બીજે દિવસે હોળીના દેવતા પર લોકો પાણી ગરમ કરી તેનાથી નહાય છે.

અત્યાર સુધી હોળીના તહેવારનો કેવો દુરુપયોગ થાય છે તેની વાતો મેં કરી. એટલું જણાવતાં રાહતનો અનુભવ થાય છે કે કેળવણી તેમ જ સારા સંસ્કારની પ્રગતિની સાથે આવાં દૃશ્યો ધીમે ધીમે પણ ચોક્કસ નાબૂદ થતાં જાય છે. પણ તવંગર અને સુધરેલા લોકો આ તહેવારોનો બહુ શિષ્ટ ઉપયોગ કરે છે. કાદવને બદલે તે લોકો રંગીન અને સુગંધી જળ વાપરે છે. બાલદીઓ ભરીને કોઈના પર પાણી ઢોળવાને બદલે અહીં માત્ર નામનો છંટકાવ કરી સંતોષ માનવામાં આવે છે. આ દિવસોમાં ઘણુંખરું કેસરિયા રંગનું પાણી વપરાય છે. કેસૂડાનાં સૂકાં ફૂલ, જે કેસરિયા રંગના હોય છે તેમને પાણીમાં ઉકાળવામાં આવે છે. જ્યાં લોકોને પરવડે ત્યાં તેઓ ગુલાબજળ પણ વાપરે છે. મિત્રો ને સગાંવહાલાં એકઠાં મળી એકબીજાને જમાડે છે અને એ રીતે વસંતનો આનંદ માણે છે. દિવાળીના તહેવારોની ઘણે મોટે ભાગે અપવિત્ર હોળીના તહેવારો સાથે સરખામણી કરતાં ઘણી બાબતોમાં મજાનો વિરોધ જોવાનો મળે છે. દિવાળીના તહેવારો ચોમાસાની મોસમ પૂરી થતાં તરત જ આવે છે. અને ચોમાસું

Gandhi Heritage Portal

ઉપવાસની ઋતુ છે તેથી દિવાળીના ઉત્સવ દરમિયાન થતી જાફતો વિશેષ આનંદ અપાવનારી બને છે. એથી ઊલટું હોળી હરેક પ્રકારના સંગીન આહારને લાયકની શિયાળાની ઋતુ પછી તરત જ આવે છે તેથી એવો આહાર હોળીના તહેવારોમાં રાખવામાં આવતો નથી. હોળીમાં વપરાતી અશ્લીલ ભાષા દિવાળીનાં અત્યંત પવિત્ર ગીતો પછી આવે છે. વળી, દિવાળીમાં લોકો શિયાળાને લાયકનાં ગરમ કપડાં પહેરવાં શરૂ કરે છે, જ્યારે હોળીમાં તેને છોડી દેવામાં આવે છે. ખુદ દિવાળીનો દિવસ આસો માસના અંધારિયાનો છેલ્લો પંદરમો અમાસનો દિવસ હોય છે અને તેથી ખૂબ રોશની કરવામાં આવે છે; એથી ઊલટું હોળી પૂનમને દિવસે આવતી હોવાથી તે દિવસે રોશની કરવાનો કશો અર્થ રહેતો નથી.

[મૂળ અંગ્રેજી]

ધિ વેજિટેરિયન, ૨૫–૪–૧૮૯૧

# ૯. હિંદના ખોરાક

[લંડનના ધિ વેજિટેરિયનના ૧૮૯૧ની સાલના મે માસની ૯ઠ્ઠી તારીખના અંકમાં નીચે મુજબનો ઉતારો છે: "શનિવાર, મે ૨જી, બ્લૂમ્ઝબરી હૉલ, હાર્ટ સ્ટ્રીટ, બ્લૂમ્ઝબરી . . . મિસિસ હૅરિસન પછી મિ. એમ. કે. ગાંધી (મુંબઈ ઇલાકામાંથી આવેલા એક બ્રાહ્મણ)નો વારો હતો. પોતાની આગળ બોલી ગયેલા વક્તાને અભિનંદન આપી પોતાના નિબંધની બાબતમાં ક્ષમા માગી લીધા બાદ તેમણે તે વાંચવાનું શરૂ કર્યું. તેમના નિબંધનો વિષય 'હિંદના ખોરાક' હતો. શરૂઆતમાં તેમને થોડો સભાક્ષોભ થયેલો લાગતો હતો." અહીં લેવામાં આવેલો નિબંધનો પાઠ પોર્ટ્સ્મથમાં થયેલી વેજિટેરિયન સોસાયટીની સભામાં ફરી વાર વંચાયેલો અને ૧૮૯૧ની સાલના જૂન માસની ૧લી તારીખના ધિ વેજિટેરિયન મેસેન્જરના અંકમાં પ્રસિદ્ધ થયેલો તે છે.]

મારા ભાષણના વિષય ઉપર આવું તે પહેલાં આ કામ માથે લેવાની મારી લાયકાત કેટલી છે તે જણાવું. પોતે હિંદ કદી ગયો ન હતો અને હિંદની ભાષાઓનું પોતાને જ્ઞાન નહોતું છતાં हिस्टरी ऑफ इन्डिया (હિંદનો ઇતિહાસ) નામનું પુસ્તક લખવાની પોતાની લાયકાત શી હતી તે મિલે તે પુસ્તકની ઘણી રસિક પ્રસ્તાવનામાં દર્શાવ્યું છે. તેથી મને લાગે છે કે તેનો દાખલો લઈને ચાલવામાં મારે જે કરવા યોગ્ય છે તે જ હું કરું છું. અલબત્ત, કોઈક વક્તા કે લેખક કોઈક કામને માટેની પોતાની પાત્રતાનો ઉલ્લેખ કરે તેમાં તેની કોઈક પ્રકારની અપાત્રતાની વાત આવી જાય છે અને હું કબૂલ કરું છું કે 'હિંદના ખોરાક' વિષે બોલવાને લાયક અસલ વક્તા હું નથી. આ વિષય પર બોલવાને મારી પૂરેપૂરી લાયકાત તેમ જ આવડત છે, તે કારણથી હું આ ભાષણ આપવા તૈયાર થયો નથી પણ એ ભાષણથી હું જે કાર્ય તમારા અને મારા બંનેના દિલમાં વસેલું છે તેને ઉપયોગી થઈશ એમ મને લાગ્યું તેથી તૈયાર થયો છું. મારું નિવેદન મેં મોટે ભાગે મારા મુંબઈ ઇલાકાનાં અનુભવ પરથી કર્યું છે. હવે તમે સૌ જાણો છો કે હિંદુસ્તાન સાડી અઠ્ઠાવીસ કરોડ માણસોની વસ્તીવાળો વિશાળ દ્વીપકલ્પ છે. યુરોપમાંથી રશિયાનો મુલક બાદ કરો તેટલો મોટો તેનો વિસ્તાર છે. આવા વિશાળ દેશમાં જુદા જુદા ભાગમાં અવશ્ય જુદા જુદા રીતરિવાજો હોવાના એટલે હું જે કહું તેનાથી



Gandhi Heritage Portal

કંઈ જુદું તમારા સાંભળવામાં આવે તો ઉપર કહેલી હકીકત ધ્યાનમાં રાખવા મારી તમને સૌને વિનંતી છે. સામાન્યપણે મારું નિવેદન આખાયે હિંદુસ્તાનને લાગુ પડે છે.

મારા વિષયને હું ત્રણ ભાગમાં વહેંચી નાખીશ. પહેલું, આ ખોરાક પર રહેનારા લોકો વિષે કંઈક પ્રાસ્તાવિક મારે કહેવાનું થશે; બીજું, હું તે ખોરાકનું વર્ણન કરીશ; અને ત્રીજું, તેમના ઉપયોગ વગેરેની વાત કરીશ.

સામાન્યપણે મનાય છે કે હિંદુસ્તાનના બધા રહેવાસીઓ શાકાહારી હોય છે, પણ એ વાત બરાબર નથી; અને આમ તો બધા હિંદુઓ પણ શાકાહારી હોય છે એવું નથી. પણ હિંદુસ્તાનના મોટા ભાગના વતનીઓ શાકાહાર કરે છે એ વાત તદ્દન સાચી છે. તેમાંના કેટલાક ધર્મને કારણે માંસાહાર કરતા નથી અને બીજાને માંસ ખરીદવાનું પોસાતું નથી તેથી ફરજિયાત નિરામિષ આહાર પર ગુજારો કરવો પડે છે. હું તમને જણાવું કે હિંદમાં કરોડો માણસોને રોજના એક પૈસા પર એટલે કે એક પેનીના ત્રીજા ભાગ પર ગુજારો કરવો પડે છે તો એ બીના સ્પષ્ટ સમજાશે કેમ કે હિંદ જેવા ગરીબ મુલકમાં પણ એટલી નજીવી રકમમાં ખાવા લાયક માંસ તેમને મળી શકતું નથી. આ ગરીબ લોકોને દિવસમાં એક જ ટંક ખાવાનું મળે છે. અને તેમાં વાસી રોટલા ને મીઠું એટલું જ હોય છે, અને એ મીઠા પર પણ ભારે વેરો લેવાય છે. પણ હિંદી શાકાહારીઓ તેમ જ હિંદી માંસાહારીઓ અંગ્રેજ શાકાહારીઓ અને અંગ્રેજ માંસાહારીઓ કરતાં તદ્દન જુદા હોય છે. અંગ્રેજ માંસાહારીઓ માને છે કે પોતે માંસ વગર મરી જાય તેવું હિંદી માંસાહારીઓ નથી માનતા. મારી ખબર પ્રમાણે તે લોકો (હિંદી માંસાહારીઓ) માંસને જીવનની એક જરૂરિયાતની નહીં પણ કેવળ શોખની ચીજ ગણે છે. તેમને રોટલો મળી જાય તો તેમને માંસની ખોટ લાગતી નથી. પણ અહીં આપણા અંગ્રેજ માંસાહારીને જુઓ; મારે મારું માંસ જોઈએ જ જોઈએ એવું તે માને છે. રોટી તો માત્ર તેને માંસ ખાવાને કામમાં આવે છે જ્યારે હિંદી માંસાહારીને લાગે છે કે માંસ મને મારી રોટી ખાવામાં કામ લાગશે.

આહારની નીતિ વિષે પેલે દિવસે મારે એક અંગ્રેજ બાનુ સાથે વાત ચાલતી હતી તેમાં હું તેને તે પોતે પણ કેવી સહેલાઈથી શાકાહારી થઈ શકે તે સમજાવતો હતો તે સાંભળીને તે પોકારી ઊઠી, "તમારે જે કહેવું હોય તે કહો. મારે તો મારું માંસ જોઈએ જ જોઈએ. અહા! તે મને કેટલું બધું ભાવે છે! અને મને ચોક્કસ લાગે છે કે મારાથી તે વગર જિવાય જ નહીં." મેં કહ્યું, "પણ બાનુ, ધારો કે તમને કેવળ શાકાહાર પર રહેવાની ફરજ પાડવામાં આવે તો તમે કેવી રીતે ચલાવો?" તેણે જવાબ આપ્યો, "ઓહ! એની વાત ન કરશો. હું જાણું છું કે મને એવી ફરજ પડે જ નહીં અને ધારો કે ફરજ પડે તો મને ઘણી બેચેની લાગે." અલબત્ત, આવું કહેવાને સારુ એ બાનુનો વાંક કાઢવા જેવું નથી. સમાજની સ્થિતિ અત્યારે એવી છે કે કોઈ પણ માંસાહારી ભારે અગવડ વેઠ્યા વગર માંસનો આહાર છોડી નહીં શકે.

એવી જ રીતે હિંદી શાકાહારી પણ અંગ્રેજ શાકાહારીના કરતાં તદ્દન જુદી જાતનો છે. હિંદી શાકાહારી જેમાં જીવની અથવા જીવ બને તેવી વસ્તુની હિંસા સમાયેલી હોય તેવી બધી વાતોથી આઘો રહે છે અને ત્યાંથી આગળ વધતો નથી. તેથી તે ઈંડાં નહીં ખાય કારણ કે તે માને છે કે ઈંડું ખાવામાં જેમાંથી જીવ બની શકે એવી વસ્તુની હિંસા થાય છે. (મને જણાવતાં દિલગીરી થાય છે કે દોઢેક માસથી હું ઈંડાં ખાઉં છું.) પણ દૂધ તેમ જ માખણ લેવામાં તેને જરાયે આંચકો આવતો નથી. અહીં જેને પ્રાણિજ પદાર્થો કહીને ઓળખાવવામાં આવે છે તેવી આવી બધી ચીજો દર પખવાડિયે આવતા ફળાહારના દિવસોએ સુધ્ધાં તે વાપરે છે. એ દિવસે ઘઉં,

Gandhi Heritage Portal

ચોખા વગેરે ધાન્યની તેને મનાઈ છે પણ દૂધ ને માખણ તે ફાવે તેટલાં ઉપયોગમાં લઈ શકે છે; ઊલટું, અહીં શાકાહારીઓમાંના કેટલાક દૂધ અને માખણનો ત્યાગ કરે છે, કેટલાક રાંધવાનું માંડી વાળે છે તો બીજા કેટલાક ફળ અને મગફળી ને બદામ વગેરે જેવા કાછલિયાળા મેવા પર ગુજારો કરવાની કોશિશ કરે છે.

હવે હું અમારા જુદા જુદા ખોરાકના વર્ણન પર આવું. મારે કહી દેવું જોઈએ કે માંસના બનેલા ખોરાકની વાત હું બિલકુલ છેડવાનો નથી કેમ કે એ બધી વાનીઓ વપરાય છે ત્યારેયે આહારની મુખ્ય વસ્તુ હોતી નથી. હિંદુસ્તાન મુખ્યત્વે ખેતીવાડીનો મુલક છે અને ઘણો વિશાળ મુલક છે. તેથી તેની પેદાશની ચીજો અનેક અને ભાતભાતની છે. હિંદુસ્તાનમાં બ્રિટિશ અમલનો પાયો છેક ઈસવી સન ૧૭૪૬ની સાલમાં નંખાયો અને અંગ્રેજ લોકોને તેનો પરિચય ૧૭૪૬ની સાલથી કેટલાયે વખત આગળનો છે છતાં ઇંગ્લંડમાં હિંદુસ્તાનના ખોરાક વિષે નહીં જેવી જ માહિતી છે એ બીના દિલગીર થવા જેવી છે. આનું કારણ સમજવામાં બહુ ઊંડા ઊતરવું પડે એવું નથી. હિંદમાં જનારા લગભગ બધા અંગ્રેજો પોતાની અસલ રહેણીકરણીને ચુસ્તપણે વળગી રહે છે. ઇંગ્લંડમાં પોતાને જે ચીજો મળતી હતી તે બધી હિંદમાં મેળવી વાપરવાનો એટલું જ નહીં, તેમને પોતાની અસલ પદ્ધતિથી રંધાવવાનો પણ તેમનો આગ્રહ હોય છે. આ બધું કેમ અને શાથી બને છે તેની ચર્ચા કરવાનું અત્યારે મારું કામ નથી. કંઈ નહીં તો કુતૂહલના માર્યા પણ તેઓ લોકોની રહેણીકરણીની ટેવો જાણવાજોવાનો પ્રયાસ કર્યા વગર ન રહે એવું સહેજે લાગે, પણ તેમણે એવો કશો જ પ્રયાસ કર્યો નથી અને તેમની જક્કી ઉપેક્ષાને પરિણામે ખોરાકના સવાલનો અભ્યાસ કરવાની સારામાં સારી કેટલીયે તક ઘણાખરા ઍંગ્લોઇંડિયનો એટલે કે હિંદમાં વસતા અંગ્રેજોને જતી કરતા આપણે જોઈએ છીએ. પણ ખોરાકની મૂળ વાત પર પાછા વળીએ; હિંદમાં એવાં ઘણાં ધાન્ય પેદા થાય છે જેને વિષે અહીં બિલકુલ કશી જાણ નથી.

ઘઉં જોકે અલબત્ત અહીંની માફક ત્યાં પણ સૌથી મહત્ત્વનું અનાજ છે. પછી બાજરી છે (જેને ઍંગ્લોઇંડિયનો મિલેટ કહીને ઓળખાવે છે), જુવાર છે, ડાંગર છે અને બીજાં છે. આ બધાંને હું રોટીધાન્ય કહું કેમ કે તેમનો મુખ્ય ઉપયોગ રોટી ને રોટલા બનાવવામાં થાય છે. ઘઉંનો વપરાશ અલબત્ત ઘણો છે પણ તે પ્રમાણમાં મોંઘા હોવાથી ગરીબ વર્ગોમાં તેને બદલે બાજરી અને જુવાર વપરાય છે. આ સ્થિતિ દક્ષિણના અને ઉત્તરના પ્રાંતોમાં ઘણે મોટે ભાગે છે. દક્ષિણના પ્રાંતોની વાત કરતાં સર ડબલ્યુ. ડબલ્યુ. હંટર પોતાના હિંદના ઇતિહાસમાં કહે છે, "સામાન્ય લોકોના ખોરાકમાં મોટે ભાગે જુવાર, બાજરી અને રાગી જેવાં હલકાં અનાજ આવે છે." ઉત્તરને વિષે તે કહે છે, "છેલ્લાં બે (એટલે કે જુવાર અને બાજરી) આમજનતાનો ખોરાક છે કેમ કે ડાંગર પીતની જમીનમાં થતી હોઈ તવંગર લોકોમાં વપરાય છે." જુવાર જેમણે ચાખી ન હોય એવાં માણસો ઘણાં જોવાનાં મળે છે. જુવાર ગરીબ લોકોનો ખોરાક હોવાથી કેમ જાણે ન હોય પણ તેને માટે પૂજ્યભાવ રાખવામાં આવે છે. વિદાય વખતે છૂટા પડવાના નમસ્કારમાં હિંદમાં ગરીબ લોકો એકબીજાને 'જુવાર' કહે છે જેનો વિસ્તાર કરી તરજુમો કરીએ તો મારી સમજ મુજબ "તમને કદી જુવારની ખોટ ન પડજો,"[1] એવો અર્થ

૧. અહીં ગાંધીજીએ એક અનાજને માટે વપરાતો શબ્દ 'જુવાર' અને હિંદની ભાષાઓમાં નમસ્કારને માટે વપરાતો શબ્દ 'જુહાર' એ બન્નેનો ગોટાળો કર્યો લાગે છે.

Gandhi Heritage Portal

થાય. ડાંગર એટલે કે ચોખાનો પણ ખાસ કરીને બંગાળમાં રોટલારોટલી બનાવવામાં ઉપયોગ થાય છે. બંગાળીઓ ઘઉંના કરતાં ચોખા વધારે વાપરે છે. બીજા ભાગોમાં રોટલારોટલી બનાવવામાં ચોખા વપરાતા હશે તોયે જવલ્લે જ વપરાય છે. ઍંગ્લોઇંડિયનો જેને ગ્રામ કહીને ઓળખાવે છે તે ચણાનો પણ એવો જ ઉપયોગ કાં તો ઘઉંના લોટ સાથે ભેળવીને અગર તે વગર થાય છે. ચણા સ્વાદમાં તેમ જ દેખાવમાં પીઝ એટલે કે વટાણાને ઘણા મળતા આવે છે. આ પરથી મારે જુદી જુદી જાતનાં કઠોળ જે દાળ બનાવવામાં વપરાય છે તેની વાત પર આવવાનું થાય છે. દાળ બનાવવાને કામમાં આવતાં મુખ્ય કઠોળ ચણા, વટાણા, લાંગ, મસૂર, વાલ, તુવર, મગ, મઠ ને અડદ છે. એ બધાંમાંથી હું માનું છું કે તુવર દાળ માટેના વપરાશમાં અને લોકપ્રિયતામાં પહેલે નંબરે છે. આ બંને પ્રકારના ખોરાક સૂકવ્યા પછી ઉપયોગમાં લેવાય છે. હવે હું લીલાં શાકભાજીની વાત પર આવું. બધાં લીલાં શાકનાં નામ તમારી આગળ ગણાવી જવાનો અર્થ નથી. તે એટલાં બધાં છે કે તેમાંનાં ઘણાં હું પણ જાણતો નથી. હિંદુસ્તાનની જમીન એવી સમૃદ્ધ છે કે તમને ફાવે તે લીલાં શાક તમે તેમાં ઉગાડી શકો. તેથી આપણે ખુશીથી કહી શકીએ કે ખેતીનું બરાબર જ્ઞાન થાય તો હિંદની જમીનમાંથી પૃથ્વી પર થતું કોઈ પણ શાક પેદા કરી શકાય.

હવે રહી ફળો અને કાછલિયાળાં ફળોની વાત. મને જણાવતાં દિલગીરી થાય છે કે ફળોની ખૂબી અથવા કિંમત હિંદુસ્તાનમાં હજી સમજાઈ નથી. ફળનો ઉપયોગ હિંદમાં ખૂબ થાય છે એ સાચું પણ બીજાં કોઈ કારણસર નહીં, શોખને ખાતર થાય છે. ફળો તંદુરસ્તીની દૃષ્ટિથી વપરાય છે તેના કરતાં તેમના રુચિકર સ્વાદને ખાતર વધારે વપરાય છે. તેથી આપણને હિંદમાં આરોગ્યની દૃષ્ટિથી કીમતી ગણાય એવાં નારંગી, મોસંબી, સફરજન વગેરે ફળો ભરપટ્ટે મળતાં નથી; અને તેથી તે બધાં માત્ર તવંગર લોકોને મળી શકે છે. પણ ત્યાં મોસમી ફળો અને સૂકાં ફળ જોઈએ તેટલાં મળે છે. બીજાં બધાં સ્થળોની માફક હિંદમાં ઉનાળો મોસમી ફળોને માટે સારામાં સારી ઋતુ છે. એમાં કેરી સૌથી મહત્ત્વનું ફળ છે. મારા ખાવામાં હજી એથી વધારે સ્વાદિષ્ટ ફળ આવ્યું નથી. કેટલાક લોકો અનનસને પહેલો નંબર આપે છે; પણ કેરી જેણે જેણે ચાખી છે તેમાંના ઘણા મોટા ભાગના લોકો તેને વધારે પસંદ કરે છે. તેની મોસમ ત્રણ મહિનાની હોય છે, તે દરમિયાન તે ઘણી સસ્તી મળે છે અને તેથી ગરીબ ને તવંગર બન્ને તેની મજા લઈ શકે છે. બેશક, મોસમમાં મળતી હોય ત્યારે મેં એવું સાંભળ્યું છે કે કેટલાક લોકો તો એકલી કેરી પર ગુજારો કરે છે. પણ કમનસીબે કેરીનું ફળ લાંબો વખત સારી સ્થિતિમાં ટકતું નથી, ઊતરી જાય છે. તે સ્વાદમાં પીચને મળતું આવે છે અને ગોટલાવાળું છે. ઘણી વાર કેરી નાના તરબૂચ અથવા નાની ટેટી જેટલી મોટી હોય છે. અહીં આપણે તરબૂચ અને ખરબૂચની જાતનાં ફળની વાત પર આવીએ. તે બધાં ઉનાળામાં પુષ્કળ પ્રમાણમાં મળે છે. અહીં મળે છે તેના કરતાં ત્યાં હિંદમાં ઘણાં વધારે સારાં મળે છે. હવે જોકે ફળોનાં વધારે નામો ગણાવી મારે તમને કંટાળો નથી આપવો; એટલું જણાવું તો બસ છે કે હિંદમાં ઘણી જાતનાં મોસમી ફળો થાય છે પણ તે લાંબો વખત ટકતાં નથી અને અમુક મુદતમાં ઊતરી જાય છે. એ બધાં ફળ ગરીબ લોકોને પણ મળી શકે છે; દિલગીરીની વાત એટલી જ છે કે તે લોકો કદી તેમનું એકલાનું આખું ભોજન બનાવતા નથી. સામાન્યપણે અમારે ત્યાં એવું મનાય છે કે ફળના આહારથી તાવ આવે છે અને મરડો વગેરે થાય છે. ઉનાળામાં અમારે ત્યાં હમેશ કૉલેરા ફાટી નીકળવાનો ડર રહે છે ત્યારે ઘણા દાખલાઓમાં

Gandhi Heritage Portal

યોગ્ય રીતે તરબૂચ અને એવાં જ બીજાં ફળોના વેચાણની અમલદારો મનાઈ કરે છે. તરેહ-તરેહનાં સૂકાં ફળ અથવા સૂકા મેવાની જાતો અહીં જેટલી મળે છે તેટલી લગભગ બધી ત્યાં પણ મળે છે. હવે કઠણ કાચલાંવાળાં ફોડીને અંદરથી જેનો ગર કાઢીને ખાવામાં આવે છે તેવાં નટ કહેવાતાં કાછલિયાળાં ફળોની વાત રહી. તેમાંની કેટલીક જાતો જે અમને હિંદમાં મળે છે તે અહીં મળતી નથી અને બીજી બાજુથી અહીં જે કેટલીક જાતો મળે છે તે ત્યાં જોવાની મળતી નથી. આ જાતનાં ફળ હિંદમાં ખોરાક તરીકે કદી વપરાતાં નથી અને તેથી ખરું જોતાં તેમને 'હિંદના ખોરાક'માં સમાવવાં ન જોઈએ. હવે મારા વિષયના છેવટના ભાગની વાત પર આવું તે પહેલાં ખોરાકની બાબતમાં મેં જે નીચે મુજબના ભાગ પાડયા છે તેમનો ખ્યાલ રાખવાની તમને સૌને વિનંતી કરું છું: પહેલાં અનાજ, જે રોટલીરોટલા બનાવવાના કામમાં આવે છે તે જેવાં કે ઘઉં, બાજરી વગેરે; બીજાં કઠોળ, જે દાળ બનાવવાને વપરાય છે; ત્રીજાં લીલાં શાકભાજી; ચોથાં ફળ; અને છેલ્લાં ને પાંચમાં, કાછલિયાળાં ફળ.

અલબત્ત, ખોરાકની જુદી જુદી વાનીઓ બનાવવાને માટેની સૂચનાઓ હું અહીં આપવા માગતો નથી. એ મારા ગજા બહારનું કામ થાય. એ વાનગીઓ કેમ રંધાય છે અને તેમનો બરાબર ઉપયોગ કેમ કરવો તેની વાત હું સામાન્ય ધોરણે કરીશ. આહારચિકિત્સા અથવા આરોગ્ય-શાસ્ત્રની શોધ ઇંગ્લંડમાં પ્રમાણમાં નવી છે. હિંદમાં અમે તેનો અમલ જેની સ્મૃતિ પણ નથી એટલા સમયથી કરતા આવ્યા છીએ. દેશી વૈદો બેશક ઔષધોનો ઉપયોગ કરે છે પણ પોતે જે ઔષધો આપે છે તેમની રોગ દૂર કરવાની શક્તિ પર રાખે છે તેના કરતાં ખોરાકના ફેરફાર પર વધારે આધાર રાખે છે. કેટલાક દાખલાઓમાં તેઓ તમને કહેશે કે મીઠું ન ખાશો; બીજા ઘણામાં કહેશે કે ખટાશવાળા ખોરાક છોડી દેજો વગેરે. દરેક ખોરાકનો કંઈક ને કંઈક ઔષધ જેવો ગુણ હોય છે. રોટલીરોટલા બનાવવાને કામમાં આવતું અનાજ ખોરાકનો મુખ્ય પદાર્થ છે. સગવડને ખાતર લોટની બનાવટને મેં રોટી અથવા રોટલા કહ્યા છે પણ રોટલી તેને ઓળ-ખાવવાને માટે વધારે સારું નામ છે. તેની બનાવટની આખી ક્રિયા હું અહીં વર્ણવવા બેસતો નથી પણ એટલું કહું કે થૂલું અમે નાખી દેતા નથી. આ રોટલી હમેશ તાજી બનાવવામાં આવે છે અને ઘીની સાથે ગરમ ગરમ ખવાય છે. અંગ્રેજને જેવું માંસ તેવી હિંદીને માટે આ રોટલી છે. માણસ કેટલું ખાય છે તેનું માપ તે કેટલી રોટલી ખાય છે તે પરથી કાઢવામાં આવે છે. કઠોળ કે શાકને ગણતરીમાં લેવામાં આવતાં નથી. તમે દાળ વગર જમી શકો, શાક વગર જમી શકો પણ રોટલી વગર કદી જમ્યા ન ગણાઓ. અનાજમાંથી બીજી તરેહતરેહની વાનીઓ તૈયાર થાય છે પણ તે બધી એક યા બીજે રૂપે રોટલી જ હોય છે.

દાળ બનાવવામાં વપરાતાં વટાણા, મસૂર વગેરે જેવાં કઠોળની વાત લઈએ. તેમને કેવળ પાણીમાં ઉકાળવામાં આવે છે. પણ તેમાં અનેક મસાલા ઉમેરવાથી તે આહારની બહુ સ્વાદિષ્ટ વાની બને છે. આ ખોરાકોમાં રસોઈની કળા સોળે કળાએ ખીલે છે. વટાણામાં મીઠું, મરી, તજ, લવિંગ, એલચી અને એવા મસાલા નંખાયેલા મેં જોયા છે. દાળનો ખરો ઉપયોગ તે રોટલીની સાથે ખાવાનો છે. તબિયતની દૃષ્ટિથી વધારે પડતું કઠોળ ખાવું સારું ગણાતું નથી. ચોખા વિષે અહીં જ કંઈક કહી લેવું સારું. પહેલાં હું કહી ગયો તેમ ચોખા ખાસ કરીને બંગાળમાં રોટલારોટલી બનાવવામાં વપરાય છે. કેટલાક દાક્તરો બંગાળીઓને ઘણી વાર મધુપ્રમેહ અથવા મીઠી પેશાબની બીમારી લાગુ પડે છે તેનું મૂળ તેમના ચોખાના આહારમાં જુએ છે. ચોખાને હિંદમાં કોઈ પૌષ્ટિક ખોરાક કહેતું નથી. તે તવંગર એટલે જે લોકો મજૂરી કરવા નથી માગતા

Gandhi Heritage Portal

તેમનો ખોરાક છે. મજૂરી કરનારા લોકો ચોખા જવલ્લે જ ખાય છે. તાવમાં પડેલા પોતાના દરદીને દાક્તરો ચોખાના આહાર પર રાખે છે. હું પણ તાવમાં સપડાયો છું (બેશક, ડૉ. એલિન્સન કહેશે તેમ આરોગ્યના નિયમોનો ભંગ કરવાથી) અને તે વખતે મને ભાત અને મગના પાણી પર રાખવામાં આવ્યો હતો. હું ઝટ સાજો થયેલો.

હવે લીલાં શાકભાજીની વાત લઈએ. કઠોળની વાનીઓ જે રીતે રંધાય છે તે જ રીતે શાક પણ રંધાય છે. શાક રાંધવામાં તેલ અને ઘી ઘણાં કામમાં આવે છે. ઘણી વાર તેમાં ચણાનો લોટ નાખવામાં આવે છે. કેવળ ઉકાળેલાં કે બાફેલાં શાક કદી ખવાતાં નથી. હિંદમાં બાફેલો બટાટો કદી મારા જોવામાં આવ્યો નહોતો. ઘણી વાર તે લોકો બે, ત્રણ કે તેથીયે વધારે શાક ભેગાં કરીને શાકની વાની બનાવે છે. શાકની મજાની વાનીઓ તૈયાર કરવામાં હિંદ ફ્રાંસને ક્યાંયે ટપી જાય છે એ જણાવવાની પણ જરૂર નથી. તેમનો ખરો ઉપયોગ દાળના જેવો જ છે. તેમનું મહત્ત્વ તેનાથી બીજે નંબરે છે. શાક ઘણુંખરું શોખની ચીજો ગણાય છે અને તેને લીધે માંદા પડી જવાય છે એવું મનાય છે. ગરીબ લોકો અઠવાડિયે માંડ એક કે બે વાર શાક ખાતા હશે. તે લોકો રોટલી ને દાળ ખાય છે. કેટલાંક શાકભાજીમાં ઔષધ તરીકેનો ઘણો ગુણ હોય છે. ત્યાં તાંદળજો નામની ભાજી થાય છે તેનો સ્વાદ પાલખની ભાજીને ઘણો મળતો આવે છે. વધારે પડતાં મરચાં ખાઈને આંખ બગાડનારા દરદીઓને વૈદો તાંદળજાની ભાજીનું સેવન કરવાનો ઈલાજ બતાવે છે.

હવે રહી ફળોની વાત. તેમનો ઉપયોગ મુખ્યત્વે 'ફળાહારના દિવસો'એ થાય છે પણ સામાન્ય ભોજનને અંતે તે વપરાતાં હશે તોયે ભાગ્યે જ વપરાય છે. લોકો વચ્ચે વચ્ચે કોઈક વાર ખાય ખરા. કેરીની મોસમમાં કેરીનો રસ ઘણો વપરાય છે. તે રોટલી અગર ભાતની સાથે ખવાય છે. અમારે ત્યાં પાકાં ફળ કદી ઉકાળવામાં કે બાફવામાં આવતાં નથી. અમે લોકો કાચાં ફળ ને તેમાંયે મોટે ભાગે કાચી કેરી ખાટી હોય તે વખતે તેનાં મુરબ્બા કે અથાણાં બનાવીએ છીએ. આરોગ્યની દૃષ્ટિએ કાચાં ફળ સામાન્યપણે ખટાશવાળાં હોવાથી તાવ લાવે છે એવું મનાય છે. સૂકો મેવો બાળકો ઠીક ઠીક પ્રમાણમાં ખાય છે અને એમાં ખજૂર અને ખારેકની કંઈક વાત કરી લેવા જેવી ગણાય. તે શક્તિવર્ધક મનાય છે અને તેથી શિયાળામાં અમારે ત્યાં શક્તિવર્ધક વસાણાં લેવાનો રિવાજ છે ત્યારે તેમને દૂધ અને બીજી અનેક ચીજો સાથે તૈયાર કરી રોજ અધોળને હિસાબે લેવામાં આવે છે.

છેવટમાં, કાછલિયાળાં ફળ અંગ્રેજી મીઠાઈની વાનીઓની જગ્યાએ ખવાય છે. બાળકો ખાંડમાં આથેલાં એવાં ફળ ખૂબ ખાય છે. તેમનો ઉપયોગ 'ફળાહારના દિવસો'એ ઘણો થાય છે. અમારે ત્યાં તેમને ઘીમાં તળવામાં આવે છે અને દૂધમાં ઉકાળવામાં પણ આવે છે. બદામ મગજને માટે બહુ સારી ગણાય છે. નારિયેળનો અમે જે અનેક જુદી જુદી રીતે ઉપયોગ કરીએ છીએ તેમાંથી એકનો જ નિર્દેશ કરી લઉં. પહેલાં સૂકા કોપરાને છીણવામાં આવે છે. પછી તેને ઘી ને ખાંડમાં ભેળવામાં આવે છે. આ મીઠાઈનો સ્વાદ ઘણો મજાનો હોય છે. કોપરાપાકના લાડુને નામે ઓળખાતી આ વાનીનો અખતરો તમારામાંથી થોડા ઘર આગળ કરી જોશો એવી હું આશા રાખું છું. આ, બાનુઓ અને ગૃહસ્થો, હિંદના ખોરાકના વિષયની રૂપરેખા છે, ઘણી જ ઝાંખી, અધૂરી રૂપરેખા છે. હું આશા રાખું છું કે તેમને વિષે વધારે જાણવાનું તમને મન થશે અને મને ખાતરી છે કે તેથી તમને લાભ થશે. વળી, આ પૂરું કરતાં હું એવી પણ આશા રાખું છું કે માંસાહારી ઇંગ્લંડ અને ધાન્યાહારી હિંદુસ્તાન

Gandhi Heritage Portal

વચ્ચેનો આહારની ટેવો અથવા તેને લગતી રૂઢિઓનો મોટો ફેર બિલકુલ દૂર થાય એવો વખત આવશે અને તેની સાથે બન્ને દેશો વચ્ચે ખરેખર હોવી જોઈએ તેવી એકતા અને સહાનુભૂતિના ભાવને બાધા કરનારા બીજા જે કેટલાક ભેદ કેટલીક જગ્યાએ જોવાના મળે છે તે પણ ટળી જશે. ભવિષ્યમાં, મને આશા છે કે, રીતરિવાજોની અને ઉપરાંત હૃદયની એકતા તરફ આપણે વળીશું.

[મૂળ અંગ્રેજી]

ધિ વેજિટેરિયન મેસેન્જર, ૧–૬–૧૮૯૧

## ૧૦. લંડનની બૅન્ડ ઑફ મર્સી—જીવદયા મંડળીને આપેલું ભાષણ

અપર નૉરવુડ આગળથી કરવામાં આવેલી વ્યવસ્થા પ્રમાણે . . . બૅન્ડ ઑફ મર્સીની[1] સભા આગળ મિસ સીકોમ્બના સૌજન્યથી . . . મિસિસ મેકડુઅલ ભાષણ કરનાર હતાં, પણ તે માંદાં હોવાથી મિ. ગાંધી (હિંદથી આવેલા એક હિંદુ)ને વિનંતી કરવામાં આવી અને તેમણે સભા આગળ ભાષણ આપવાનું કબૂલ કરવાની કૃપા કરી. માનવકલ્યાણની દૃષ્ટિથી શાકાહારના સિદ્ધાંત વિષે તેઓ આશરે પાએક કલાક બોલ્યા. તેમાં તેમણે આગ્રહપૂર્વક જણાવ્યું કે જીવદયા મંડળીના સભ્યો પોતાનું વર્તન તર્કશુદ્ધ રાખવા માગતા હોય તો તે સૌએ શાકાહારી થવું જોઈએ. શેક્સપિયરમાંથી એક ઉતારો ટાંકી તેમણે પોતાનું ભાષણ પૂરું કર્યું.

[મૂળ અંગ્રેજી]

ધિ વેજિટેરિયન, ૬–૬–૧૮૯૧

## ૧૧. હોલબર્ન હોટેલમાં વિદાયનો ભોજન સમારંભ

જૂન ૧૧, ૧૮૯૧

આ એક રીતે વિદાયનો ભોજન સમારંભ હોવા છતાં ક્યાંયે ગમગીનીની નિશાની સરખી દેખાતી નહોતી કેમ કે સૌ કોઈને લાગતું હતું કે મિ. ગાંધી હિંદુસ્તાન પાછા ફરે છે ખરા પણ શાકાહારના સિદ્ધાંતને માટે વધારે વ્યાપક કાર્ય કરવાને જાય છે અને પોતાની કાયદાના અભ્યાસની કારકિર્દી પૂરી કરી સફળ થઈ વિદાય થતા હોવાથી તેમને ખુશીથી અભિનંદન આપવાં જોઈએ. . . .

સભારંભને અંતે ગાંધીએ કંઈક સભાક્ષોભ અનુભવતા છતાં ઘણા આકર્ષક ભાષણમાં હાજર રહેલાં સૌને આવકાર આપ્યો, ઈંગ્લંડમાં માંસાહાર છોડવાની ટેવ વધતી જાય છે તે જોઈને પોતાને થયેલા આનંદની વાત કરી, લંડનની વેજિટેરિયન સોસાયટી [શાકાહારી મંડળી] સાથે પોતાને કેવી રીતે સંબંધ બંધાયો તેનું વર્ણન કર્યું, અને તેમાં પોતે ડૉ. ઓલ્ડફીલ્ડ[2]ના કેટલા ઋણી છે તેની હૃદયને પિગળાવે તેવી ઢબે વાત કરવાની તક લીધી. . . .

૧. પ્રાણીઓ પર ગુજરતી ક્રૂરતાને અટકાવવાને કાર્ય કરતી જીવદયા મંડળી.
૨. ડૉ. જોશિયા ઓલ્ડફીલ્ડ, ધિ વેજિટેરિયનના તંત્રી.

Gandhi Heritage Portal

શાકાહારી મંડળીઓના સમવાયી સંઘનું અધિવેશન ભવિષ્યમાં હિંદમાં ભરાય તો સારું એવી પોતાની આશાનો પણ તેમણે નિર્દેશ કર્યો.

[મૂળ અંગ્રેજી]

*ધિ વેજિટેરિયન*, ૧૩–૬–૧૮૯૧

## ૧૨. પોતે ઇંગ્લંડ શા સારુ ગયા

[વિદ્યાભ્યાસને સારુ ઇંગ્લંડ જવાનો ઇરાદો રાખનારા હિંદુઓની સામે કેવી મુશ્કેલીઓ ખડી થાય છે તેનો અંગ્રેજોને ચોક્કસ ખ્યાલ મળે તે સારુ અને તે મુશ્કેલીઓ કેમ પાર કરી શકાય તે એવા હિંદુઓને બતાવવાને સારુ *ધિ વેજિટેરિયન*ના પ્રતિનિધિએ ગાંધીજીને એ વિષયને લગતા થોડા સવાલ પૂછેલા અને તેમના વિસ્તારથી જવાબ આપવાને તેમને વિનંતી કરેલી. તે સવાલ ને તેમના જવાબ નીચે આપ્યા છે.]

૧

અહીં ઇંગ્લંડ આવી રહેવાનો વિચાર કરવાને અને વકીલાતનો ધંધો અખત્યાર કરવાને તમે પહેલવહેલા કયા કારણથી પ્રેરાયા એવો પહેલો સવાલ મિ. ગાંધીને પૂછવામાં આવ્યો.

એક શબ્દમાં કહું તો મહત્ત્વાકાંક્ષા. ૧૮૮૭ની સાલમાં મેં મુંબઈ યુનિવર્સિટીની મૅટ્રિકની પરીક્ષા પાસ કરી. બાદ હું ભાવનગર કૉલેજમાં જોડાયો કેમ કે મુંબઈ યુનિવર્સિટીના તમે ગ્રૅજ્યુએટ ન થાઓ ત્યાં સુધી સમાજમાં તમને કોઈ આબરૂદાર દરજ્જો મળે નહીં. એ પહેલાં તમે કોઈ નોકરી લેવા નીકળો તો તમારા ટેકામાં ઘણી સારી લાગવગ હોય તે સિવાય સારા પગારની મોભાવાળી જગ્યા તમને મળે નહીં. પણ મેં જોયું કે ગ્રૅજ્યુએટ થતાં મારે કંઈ નહીં તો ઓછામાં ઓછાં ત્રણ વરસ કાઢવાં પડે. વળી, મને કાયમનો માથાનો દુખાવો રહેતો અને હમેશ નસકોરી ફૂટતી. આનું કારણ ગરમ આબોહવા મનાતું. અને અલબત્ત, આખરે ગ્રૅજ્યુએટ થયા બાદ સુધ્ધાં મને ખાસ મોટી કમાણી થાય એવી આશા તો હતી જ નહીં. આ બધી વાતો કાયમ મારા મનમાં ઘોળાયા કરતી હતી તે દરમિયાન મારા પિતાના એક જૂના મિત્રને મારે મળવાનું થયું અને તેમણે મને વિલાયત જવાની અને બૅરિસ્ટર થવાની સલાહ આપી; તેમણે જાણે કે મારી અંદર ધૂંધવાઈ રહેલી આગનો ફૂંક મારીને ભડકો કર્યો. મેં મનમાં વિચાર્યું, "હું ઇંગ્લંડ જાઉં તો બૅરિસ્ટર થઈ શકું એટલું જ નહીં, ફિલસૂફો અને કવિઓની ભૂમિ અને સંસ્કૃતિનું ખુદ કેન્દ્ર એવું ઇંગ્લંડ મને જોવાનું મળે." આ ગૃહસ્થની મારા વડીલો પર ઘણી સારી લાગવગ હતી અને તેથી મને વિલાયત મોકલવાનું તેમને સમજાવવામાં તે સફળ થયા.

ઇંગ્લંડ આવવાનું મારે કેમ થયું તે બતાવનારાં કારણોનું મારું આ બહુ ટૂંકમાં નિવેદન છે પણ તે કારણોમાં મારા આજના વિચારોનું પ્રતિબિંબ પડે છે એવું જરાયે માનવાનું નથી.

બેશક, તમારું આવું મહત્ત્વાકાંક્ષી પ્રયોજન જાણીને તમારા બધા મિત્રો તો બહુ રાજી થયા હશે.

ના, બધા નહીં. મિત્રો મિત્રોમાંયે ફેર હોય કે નહીં? જે લગભગ મારી ઉંમરના મારા સાચા મિત્રો હતા તે બધા મારા ઇંગ્લંડ જવાની વાત સાંભળીને બહુ ખુશી થયા. બીજા

Gandhi Heritage Portal

કેટલાક ઉંમરમાં વૃદ્ધ મિત્રો અથવા કહો કે શુભેચ્છકો હતા. તે બધાયે ખરેખર માનતા હતા કે આ છોકરો પાયમાલ થવાનો છે અને ઇંગ્લંડ જઈ તે તેના કુટુંબનું નામ બોળવાનો છે. બીજા કેટલાકે જોકે કેવળ અદેખાઈના માર્યા મારી સામે વિરોધ ઊભો કર્યો. નવાઈ પમાડે એવી ભારે કમાણી કરનારા થોડા બૅરિસ્ટરો તેમના જોવામાં આવેલા અને મારે પણ એવી જ કમાણી થવાની એવો તેમને ડર લાગતો હતો. બીજા વળી કેટલાક એવા હતા જેમને લાગતું કે મારી ઉંમર બહુ નાની ગણાય અથવા ઇંગ્લંડની ખૂબ ઠંડી આબોહવા મારાથી સહન નહીં થાય. ટૂંકમાં અહીં આવવાની વાતમાં મને ટેકો આપનારા અથવા મારો વિરોધ કરનારામાંના કોઈ બેનાં કારણો એક નહોતાં.

તમારો ઈરાદો પાર પાડવાને તમે શી પ્રવૃત્તિ કરી? તમને વાંધો ન હોય તો તમને મુશ્કેલી શી પડી અને તેને તમે કેવી રીતે પહોંચી વળ્યા તે મને કહો.

મારી મુશ્કેલીઓની આખી વાતનો માત્ર પ્રયત્ન કરવા બેસું તો તમારા મૂલ્યવાન સામયિકનો આખો અંક ભરાઈ જાય. એ આખી દુઃખ ને શોકની કથની છે. એ મુશ્કેલીઓ રાવણનાં માથાં જેવી હતી. રાવણ તમે જાણો છો કે હિંદુઓના બીજા[1] મહાકાવ્ય रामायणનો રાક્ષસ છે. રામ તે મહાકાવ્યનો નાયક. રામે રાવણને લડીને આખરે માત કરેલો. એ રાવણનાં ઘણાં માથાં હતાં. કાપો કે પાછાં આવીને ગોઠવાઈ જાય! એ મુશ્કેલીઓને એકંદરે ચાર ભાગમાં વહેંચી શકાય: પૈસાની, મારા વડીલોની મંજૂરી મેળવવાની, સગાંવહાલાંથી છૂટા પડવાની અને ન્યાતનાં બંધનોની.

પહેલી વાત પૈસાની મુશ્કેલીની કરું. મારા પિતા એક કરતાં વધારે દેશી રાજ્યમાં દીવાન હતા ખરા પણ તેમણે પૈસો કદી સંઘર્યો નહોતો. જે કંઈ કમાયેલા તે બધું તેમણે દાનમાં અને પોતાનાં બાળકોના ભણતરમાં અને લગ્નોમાં ખરચી નાખ્યું હતું. તેથી અમારી પાસે રોકડ નાણાં ઝાઝાં રહ્યાં નહોતાં. તેઓ થોડી મિલકત મૂકી ગયેલા. અમારી પાસે જે હતું તે એટલું જ. કોઈએ તેમને પૂછેલું કે તમે છોકરાઓને સારુ પૈસો બચાવી અલગ કેમ રાખ્યો નથી? તેમણે કહેલું કે મારાં બાળકો એ જ મારી સંપત્તિ છે અને હું ઝાઝો પૈસો સંઘરીને મૂકી જાઉં તો તેમને બગાડું. એટલે, મારી સામે પૈસાની મુશ્કેલી નાની નહોતી. રાજ પાસેથી સ્કૉલરશિપ મેળવવાનો પ્રયાસ મેં કરી જોયો પણ તેમાં ફાવ્યો નહીં. એક જગ્યાએથી મને કહેવામાં આવેલું કે પહેલાં ગ્રૅજ્યુએટ થઈ તમારી લાયકાત સાબિત કરી આપો ને પછી સ્કૉલરશિપની આશા રાખો. અનુભવે હું જોઉં છું કે એ ગૃહસ્થનું કહેવું બરાબર હતું. આમ છતાં જરાયે હિંમત હાર્યા વગર મારા મોટા ભાઈને મેં વિનંતી કરી કે આપણી પાસે જે નાણું રહ્યું છે તે બધું મારા ઇંગ્લંડના ભણતરમાં વાપરો.

અહીં થોડું વિષયાન્તર કરીને હિંદુસ્તાનમાં ચાલતી કુટુંબપદ્ધતિની સમજ આપ્યા વગર હું રહી શકતો નથી. અહીં ઇંગ્લંડમાં છે તેવું ત્યાં નથી; ત્યાં પુરુષ સંતતિ હમેશાં અને સ્ત્રી સંતતિ લગ્ન સુધી પોતાનાં માબાપ સાથે રહે છે. તે જે કંઈ કમાય તે બાપને મળે છે અને તેવી જ રીતે કંઈ ગુમાવે તેની ખોટ પણ બાપને જાય છે. અલબત્ત, પુરુષ સંતતિ પણ અસાધારણ સંજોગોમાં, જેવા કે મોટી તકરાર પડે તો, છૂટી થાય છે. પણ એ અપવાદ ગણાય. મેઈને યોજેલી કાયદાની ભાષામાં "વ્યક્તિગત મિલકત એ પશ્ચિમનો સિદ્ધાંત છે. સહિયારી

૧. પહેલું મહાકાવ્ય महाभारत છે.

Gandhi Heritage Portal

મિલકત એ પૂર્વનો સિદ્ધાંત છે." એટલે મારી પોતાની કંઈ મિલકત છે નહીં ને હતી નહીં. બધું મારા ભાઈના તાબામાં હતું અને અમે બધાં ભેગાં રહેતાં હતાં.

પૈસાની વાત પર પાછા વળીએ. મારા પિતા જે થોડી રકમ મારે માટે બચાવી મૂકી ગયા હતા તે મારા ભાઈના હાથમાં હતી. તેમની મંજૂરી મળે તો જ તે છૂટી થાય ને મને મળે. વળી, એટલી રકમ પૂરતી નહોતી તેથી મ દરખાસ્ત મૂકી કે આપણી જે મૂડી છે તે બધી મારા ભણતરને માટે વાપરીએ. હવે હું તમને પૂછું છું, અહીં કોઈ ભાઈ એવું કરે ખરો કે? હિંદમાં પણ એવા ભાઈઓ ઘણા ઓછા છે. તેમને કહેવામાં આવેલું કે પશ્ચિમના ખ્યાલો પચાવીને એ ભાઈ તરીકે નાલાયક બની જશે અને વિલાયતથી જીવતો હિંદ પાછો આવશે તો જ તમારા પૈસા પાછા મળશે. અને એના પાછા આવવાનો ભરોસો શો? પણ મારા ભાઈએ ડહાપણભરેલી અને સદ્‌બુદ્ધિથી આપવામાં આવેલી આ બધી ચેતવણી કાને ધરી નહીં. મારી દરખાસ્તને મંજૂરી આપવામાં તેમણે એક, માત્ર એક શરત મૂકી કે મારે મારી મા અને મારા કાકાની પરવાનગી મેળવવી. બીજા ઘણા લોકોને મારા ભાઈ જેવો ભાઈ મળો! પછી મને સોંપવામાં આવેલા પરવાનગી મેળવવાના કામમાં હું મંડયો અને તમને જણાવું કે કામ કઠણ, ડુંગર ચડવા જેટલું કઠણ હતું. સારે નસીબે હું મારી માનો લાડકો દીકરો હતો. તેને મારા પર ઘણી શ્રદ્ધા એટલે તેના મનમાં જે કંઈ વહેમ હતો તે મેં કાઢયો. પણ ત્રણ વરસ છૂટા પડવાની વાતમાં તેની પાસે મારે હા કેવી રીતે પડાવવી? છતાં ઇંગ્લંડ જવાના ફાયદાની અતિશયોક્તિ કરી મારી વિનંતીની બાબતમાં કમનની કેમ ન હોય પણ તેની મંજૂરી મેં મેળવી. હવે રહ્યા કાકા. તે કાશી અને બીજાં પવિત્ર સ્થાનોની યાત્રાએ જવાને નીકળવાની તૈયારીમાં હતા. ત્રણ દિવસની એકધારી સમજાવટથી અને તેટલો જ વખત તેમની સાથે દલીલો કરી કરીને મેં તેમની પાસેથી નીચે મુજબનો જવાબ કઢાવ્યો.

"હું તો આ જાત્રાએ ચાલ્યો. તું કહે છે તે વાત ખરી હશે પણ તારી અધર્મી દરખાસ્તની હું રાજીખુશીથી કેવી રીતે હા પાડું? હું તો એટલું કહું કે તું જાય તેમાં તારી માને વાંધો ન હોય તો મને તમારી વાતમાં માથું મારવાનો અધિકાર નથી."

આનો અર્થ સહેજે 'હા' પાડી એવો કરવામાં આવ્યો. પણ મારે એટલાં બે જ જણને થોડાં રાજી રાખવાનાં હતાં? હિંદુસ્તાનમાં ગમે તેટલું દૂરનું સગું હોય પણ તેને તમારા કામમાં માથું મારવાનો પોતાનો હક છે એવું લાગે છે. પણ આ બે જણની પાસેથી મેં મંજૂરી કઢાવી (કેમ કે એમાં કઢાવવાપણું જ હતું, બીજું કશું નહોતું) એટલે પૈસાને અંગેની મુશ્કેલી લગભગ ટળી ગઈ.

બીજી બાબતને અંગેની મુશ્કેલીની થોડી વાત ઉપર આવી ગઈ છે. તમને સાંભળીને કદાચ નવાઈ થશે કે હું પરણેલો છું (મારું લગ્ન મારી બાર વરસની ઉંમરે થયેલું). એટલે મારી પત્નીનાં માબાપને, મારાં સાસુસસરાને લાગે કે કંઈ નહીં તો અમારી દીકરીને ખાતર આ વાતમાં માથું મારવાનો અમારો હક છે તો તેમાં તેમનો ઝાઝો વાંક કાઢી ન શકાય. તેની સંભાળ કોણ રાખશે? અલબત્ત, તેની સંભાળ રાખવાનું કામ મારા ભાઈનું હતું. બિચારા ભાઈ! તે વખતના મારા ખ્યાલો મુજબ તેમને લાગતા વાજબી ડરની વાત પર અને તેમની તેવી જ ફરિયાદોની વાત પર મેં ઝાઝું ધ્યાન આપ્યું ન હોત, પણ તે લોકોની ઈતરાજીનાં ફળ ભોગવવાનાં મારી માને અને ભાઈને આવત. રાત પછી રાત મારા સસરા પાસે બેસી તેમના વાંધાવચકા સાંભળી તે બધાનો તેમને સંતોષ થાય એવો જવાબ આપવાનું કામ સહેલું

Gandhi Heritage Portal

નહોતું. હું પેલી જૂની કહેવત બરાબર શીખ્યો હતો કે "ધીરજ અને ચીવટથી માણસ ડુંગરો પણ પાર કરી જાય" એટલે હું કંઈ હારી ન બેઠો.

પૈસા હાથમાં આવ્યા અને જરૂરી પરવાનગી મળી ગઈ એટલે મેં મનમાં ને મનમાં વિચાર્યું, "મને જે બધું વહાલું છે અને જે બધું આટલું મારી નજીક છે તેનો વિયોગ કેમ વેઠાશે?" હિંદમાં અમે લોકો એકબીજાથી છૂટા પડવાની વાતથી બહુ ભડકીએ છીએ. મારે થોડા દિવસને સારુ ઘરથી બહાર જવાનું થાય તોયે મારી મા રોવા બેસે. તો પછી આ વખતનું દિલ ચીરી નાખનારું દૃશ્ય જોઈ મારા મન પર થનારી અસરને હું કેવી રીતે રોકી શકીશ? મારા મનમાં ને મનમાં મ જે કષ્ટ વેઠયું તેનું વર્ણન કરવાનું મારાથી બને એવું નથી. વિદાય લેવાનો દિવસ નજીક આવ્યો એટલે હું લગભગ દુ:ખનો માર્યો બેબાકળો થઈ ગયો. પરંતુ આ વાત મારા ઘાડામાં ઘાડા મિત્રને પણ ન કરવા જેટલું ડહાપણ મારામાં હતું. મારી તબિયત કથળતી જતી હતી તે હું જાણતો હતો. સૂતાં, જાગતાં, ખાતાંપીતાં, ચાલતાં, દોડતાં ને વાંચતાં મને ઇંગ્લંડનાં અને વિદાયને અણીને દિવસે હું શું કરીશ તેનાં સ્વપ્નાં આવતાં, વિચારો પણ તેના જ આવતા. આખરે તે દિવસ આવી પહોંચ્યો. એક બાજુ પર મારી મા પોતાની આંસુ-ભરી આંખો આડા હાથ રાખી ઢાંકતી હતી પણ તેનાં ડૂસકાં ચોખ્ખાં સંભળાતાં હતાં. બીજી બાજુ હું પચાસેક મિત્રોના કૂંડાળાની વચ્ચે ઘેરાયો હતો. મેં મારા મનમાં ને મનમાં કહ્યું, "હું રડીશ તો આ લોકો મને પોચો કહેશે; કદાચ તે બધા મને વિલાયત જતો રોકશે." તેથી મારું દિલ તૂટીને કટકા થઈ જતું હતું છતાં હું રોયો નહીં. મારી પત્નીની વિદાય લેવાનું છેલ્લું આવ્યું પણ છેલ્લું હતું તેથી તેનું મહત્ત્વ ઓછું નહોતું. મિત્રોના દેખતાં તેમની હાજરીમાં હું તેને મળું અગર તેની સાથે વાત કરું તો રિવાજનો ભંગ થાય. તેથી તેને મળવાને મારે અલાયદા ઓરડામાં જવું પડયું. તેણે તો બેશક ક્યારનાંયે ડૂસકાં લેવા માંડયાં હતાં. હું તેની પાસે પહોંચ્યો ને ક્ષણભર મૂગા પૂતળાની જેમ ઊભો. મેં તેને ચુંબન કર્યું ને તેણે કહ્યું, "જશો નહીં." પછી શું થયું તેનું વર્ણન કરવાની જરૂર નથી. આ પત્યું તેથી મારી ચિંતાનો ભાર ઘટયો નહોતો. આ તો માત્ર અંતની શરૂઆત હતી. વિદાય લેવાનું પણ અર્ધું જ પત્યું હતું કેમ કે મારી મા અને પત્નીથી હું રાજકોટ કે જ્યાં હું ભણ્યો હતો ત્યાંથી છૂટો પડયો પણ મારા ભાઈ અને મિત્રો મને વિદાય આપવાને મુંબઈ સુધી આવ્યા. ત્યાં જે દૃશ્ય થયું તે કંઈ દિલ પર ઓછી અસર કરનારું નહોતું.

મુંબઈમાં મારા ન્યાતીલાઓ સાથે જે અથડામણો થઈ તેનું વર્ણન થઈ શકે એવું નથી કેમ કે મુંબઈમાં તે લોકો મોટે ભાગે રહે છે. રાજકોટમાં મારી સામે વિરોધ ગણી શકાય તેવું કશું બન્યું નહોતું. તે લોકોની વસ્તી જ્યાં વધારેમાં વધારે છે તેવા મુંબઈની વચ્ચોવચ આવેલા લત્તામાં કમનસીબે મારે રહેવાનું થયું હતું અને તેથી હું ચારે કોરથી ઘેરાઈ ગયો હતો. હું બહાર નીકળું કે કોઈ ને કોઈ મારી સામે તાકીને જોતું જ હોય કે મારી સામે આંગળી કરતું જ હોય. એક વખતે હું ટાઉન હૉલની પાસે થઈને જતો હતો ત્યારે તે લોકો મને ઘેરી વળ્યા ને તેમણે મારો હુરિયો બોલાવ્યો અને મારા ભાઈને બિચારાને તે બધું ચૂપચાપ જોઈ રહેવું પડયું. ન્યાતના મુખ્ય પ્રતિનિધિઓએ મારા ન્યાતીલાઓને બોલાવીને એક મોટી સભામાં એકઠા કર્યા ત્યારે વાત છેવટની અણીએ પહોંચી. ન્યાતના એકેએક સભ્યને હાજર ન રહે તો પાંચ આના દંડ ભરવો પડશે એવી સજાની ધમકી બતાવીને સભામાં તેડાવી મંગાવ્યો હતો. અહીં જણાવી લઉં કે આ પગલું લેવાનો નિર્ણય થયો તે પહેલાં મને તેમનાં ઘણાં પ્રતિનિધિમંડળો

Gandhi Heritage Portal

મળવા આવી રંજાડી ગયાં હતાં પણ તેમાં તેમનું કશું વળ્યું નહોતું. આ જંગી સભામાં મને શ્રોતાઓની વચ્ચોવચ બેસાડવામાં આવ્યો હતો. ન્યાતના પ્રતિનિધિઓ, જેમને પટેલિયા કહીને ઓળખાવવામાં આવે છે તેમણે મારી સાથે સખત દલીલો કરી અને મારા પિતાની સાથે પોતાનો કેવો સંબંધ હતો તે મને યાદ દેવડાવ્યું. અહીં જણાવું કે મારે સારુ આ અનુભવ તદ્દન નવો ને અસાધારણ હતો. તે લોકો મને એકાંતમાંથી ખરેખર ઘસડીને લઈ આવ્યા હતા કેમ કે હું આવી વાતોથી ટેવાયેલો નહોતો. વળી, મારા અત્યંત શરમાળ સ્વભાવને લીધે મારી હાલત વધારે કફોડી થઈ પડી. તેમની સખત દલીલોની મારા પર કશી અસર નથી થતી એવું જોઈ ન્યાતના સૌથી આગેવાન પટેલે મને (નીચેની મતલબના) આ શબ્દો કહી સંભળાવ્યા: "અમે તારા બાપના મિત્રો થઈએ તેથી અમને તારે સારુ લાગે છે. ન્યાતના આગેવાનો તરીકે અમારી કેટલી સત્તા છે તે તું જાણે છે. અમને પાકે પાયે ખબર મળી છે કે વિલાયતમાં તારે માંસ ખાવું પડશે ને દારૂ પીવો પડશે; વળી, તારે દરિયો ઓળંગવો પડશે; આ બધું આપણી ન્યાતના રિવાજ અને નિયમથી વિરુદ્ધ છે તે તું જાણે છે. તેથી તારા નિર્ણયનો ફરી વિચાર કરવાની અમારી તને આજ્ઞા છે અને નહીં તો ભારેમાં ભારે સજા તારે ભોગવવી પડશે. આ બાબતમાં તારે શું કહેવું છે?"

મેં નીચેના શબ્દોમાં જવાબ આપ્યો: "તમારી ચેતવણી માટે તમારો આભાર માનું છું. મારો નિર્ણય હું ફેરવી શકું એમ નથી તે સારુ દિલગીર છું. ઈંગ્લંડ વિષે મેં જે સાંભળ્યું છે તે તમે કહો છો તેનાથી તદ્દન જુદું છે; ત્યાં માંસ ને દારૂ લેવાની જરૂર પડતી નથી. દરિયો ઓળંગવાની બાબતમાં જણાવવાનું કે આપણા ન્યાતીલાઓ એડન સુધી જઈ શકે તો હું વિલાયત કેમ ન જઈ શકું? મને પાકી ખાતરી થઈ છે કે આ બધા વાંધાઓના મૂળમાં દ્વેષ રહેલો છે."

એટલે પટેલે ગુસ્સે થઈને કહ્યું, "બહુ સારું ત્યારે; તું તારા બાપનો દીકરો નથી." પછી સભા તરફ વળીને તેમણે આગળ ચલાવ્યું, "આ છોકરાની બુદ્ધિ બહેર મારી ગઈ છે અને અમારી હરેકને આજ્ઞા છે કે કોઈએ એની સાથે કશો સંબંધ રાખવો નહીં. જે કોઈ તેને કોઈ પણ રીતનો ટેકો આપશે અગર તેને વિદાય આપવાને જશે તેને ન્યાતબહાર ગણવામાં આવશે, અને અલ્યા તું, તું ગમે ત્યારે પાછો આવશે તોપણ તને કદી ન્યાતમાં પાછો લેવામાં આવશે નહીં."

આ શબ્દો બધાના પર બૉમ્બગોળાની માફક અથડાયા. જે કેટલાક આંગળીને વેઢે ગણાય એટલાએ અત્યાર સુધી લીલીમાં ને સૂકીમાં મને આધાર આપ્યો હતો તે પણ મને છોડી એકલો મૂકી ગયા. એ લોકોના નાદાનીભર્યા ટોણાનો જવાબ વાળવાનું મને ઘણું મન હતું પણ મારા ભાઈએ મને વાર્યો. આમ જોકે આ આકરી કસોટીમાંથી હું હેમખેમ બહાર આવ્યો તોયે મારી દશા પહેલાંનાં કરતાંયે ભૂંડી થઈ. મારા ભાઈ સુધ્ધાં થોડા ડગી ગયા પણ તે એક ક્ષણ પૂરતા. તેમને કોઈએ પેલી ધમકી સંભારી આપી કે તમે જે પૈસાની મદદ કરશો તેથી તમને પૈસાની ખોટ તો જશે જ અને વધારામાં તમારે ન્યાતબહાર પણ થવું પડશે. એટલે તેમણે જાતે મને કંઈ ન કહ્યું પણ પોતાના કેટલાક મિત્રોને મારો નિર્ણય ફેરવવાને અથવા આ વાવાઝોડું બેસી જાય ત્યાં સુધી તેનો અમલ મોકૂફ રાખવાનું સમજાવવાને વિનંતી કરી. મારી પાસેથી તો એક જ જવાબ મળવાનો હતો અને તે મળ્યો પછી તે જરાયે ડગ્યા નથી, અને હકીકતમાં તો તેમને ન્યાતબહાર પણ મૂકવામાં આવ્યા નથી; પણ વાતનો છેડો હજી

Gandhi Heritage Portal

આવ્યો નહોતો. ન્યાતીલાઓની ખટપટો ચાલ્યા જ કરતી હતી. આ વખતે તો તેઓ લગભગ ફાવ્યા પણ ખરા કેમ કે મારું નીકળવાનું એક પખવાડિયા પૂરતું મોકૂફ રખાવી શકયા. તેમણે તેમનો હેતુ આ રીતે અમલમાં મૂકેલો. અમે આગબોટ ચલાવનારી એક કંપનીના કૅપ્ટનને મળવા ગયા અને તેની પાસે તે લોકોએ મને કહેવડાવ્યું કે દરિયો તોફાની હોવાથી ઑગસ્ટ માસની એ મોસમ દરમિયાન નીકળવામાં ડહાપણ નથી. મારા ભાઈ બધી વાતે કબૂલ થાય પણ આવા જોખમની વાતમાં શેના કબૂલ થાય? કમનસીબે મારી પણ આ પહેલી જ મુસાફરી હતી અને દરિયો મને માફક આવશે કે નહીં તે કોઈ કહી શકે એમ નહોતું એટલે હું પણ લાચાર થયો. મારી મરજીની તદ્દન વિરુદ્ધ મારે મારું ઊપડવાનું મુલતવી રાખવું પડયું. મને થયું કે આ તો બધી જ વાત ભાંગી પડી. મારા ભાઈ એક મિત્રને વખત આવે ત્યારે મુસાફરીના ભાડાના પૈસા મને આપવાની વિનંતીની ચિઠ્ઠી લખીને વિદાય થયા. છેવટની વિદાયનું દૃશ્ય ઉપર વર્ણન કર્યું છે તેના જેવું જ હતું. હવે મુસાફરીના ભાડાના પૈસા હાથમાં આવ્યા નહોતા ને મુંબઈમાં હું એકલો રહી ગયો, જે એક એક દિવસ મારે કાઢવો પડયો તે મને વરસ વરસ જેટલો લાંબો લાગવા માંડયો. દરમિયાન મારા સાંભળવામાં આવ્યું કે બીજા એક હિંદી ગૃહસ્થ[1] ઇંગ્લંડ જવાને નીકળવાની તૈયારીમાં છે; આ સમાચાર જાણે ઈશ્વરે અણધારેલું વરદાન મોકલ્યું ન હોય! ચોવીસ કલાકમાં મારે બધી તૈયારી કરવાની હતી; કંઈ સૂઝે નહીં એટલો હું બેબાકળો બન્યો. પૈસા વગર જાણે હું પાંખ વગરના પંખી જેવો હતો. એક મિત્ર જેમનો હું કાયમનો ઋણી છું તે મારી વહારે આવ્યા અને મુસાફરીના ભાડાના પૈસા તેમણે મને ધીર્યા. મેં મારી ટિકિટ ખરીદ કરી, મારા ભાઈને તાર કરી દીધો અને હું ૧૮૮૮ની સાલના સપ્ટેમ્બર માસની ૪થી તારીખે ઇંગ્લંડ આવવાને વહાણમાં બેસી ગયો. મારી મુખ્ય મુશ્કેલીઓ આવી હતી અને પાંચ મહિના પહોંચી. ભયંકર ચિંતા અને સંતાપમાં એ ગાળો ગયો. ઘડીમાં આશા અને ઘડીમાં નિરાશા વચ્ચે ઝોલાં ખાતાં ખાતાં પણ હમેશ મારાથી થાય તેવી બધી કોશિશ કરતાં કરતાં અને પછી મારા મનમાં સેવેલા લક્ષ્યને ઈશ્વર પહોંચાડયા વગર રહેવાનો નથી એવો ભરોસો રાખી મેં એ બધા દિવસો ખેંચી કાઢયા હતા.

[મૂળ અંગ્રેજી]

ધિ વેજિટેરિયન, ૧૩-૬-૧૮૯૧

## ૨

તમે ઇંગ્લંડ આવી પહોંચ્યા એટલે અલબત્ત, તમારી સામે માંસાહારનો સવાલ આવીને ઊભો રહ્યો; તેનો નિકાલ તમે કેવી રીતે કર્યો?

મને પાર વગરની વણમાગી ફોકટની સલાહ મળી હતી. સદ્ભાવવાળા પણ અજ્ઞાન મિત્રોએ પોતાના અભિપ્રાયો સાંભળવાનું મન ન છતાં મને પરાણે સંભળાવવા માંડયા હતા. તેમાંના મોટા ભાગનાએ મને કહેલું કે ઠંડી આબોહવામાં તને માંસ વગર નહીં ચાલે. તને ક્ષય થશે. ફલાણા ભાઈ ઇંગ્લંડ ગયેલા અને પોતાની મૂર્ખાઈભરી મમતને લીધે ક્ષયની બીમારીમાં સપડાયેલા. બીજા કેટલાકે વળી સલાહ આપેલી કે માંસ ખાધા વગર તને ચાલશે પણ દારૂ પીધા વગર તું હાલીચાલી પણ નહીં શકે. ટાઢનો માર્યો ઠરી જશે. એક જણે તો એડન

૧. મજમુદાર; જુઓ પાછળ પા. ૯.

Gandhi Heritage Portal

છોડયા પછી મારે જોઈશે જ જોઈશે માટે વ્હિસ્કીની આઠ બાટલી સાથે લેવાની મને સલાહ આપેલી. બીજાએ વળી તમાકુ પીવાની સલાહ આપી કહેલું કે ઇંગ્લંડમાં તેના એક મિત્રને તેમ કરવું જ પડેલું. દાક્તરીનો ધંધો કરનારા ઇંગ્લંડ જઈ આવેલા મિત્રો પણ એ જ વાત સંભળાવ્યા કરતા હતા. પણ મારે તો કોઈ પણ ભોગે અહીં આવવું હતું તેથી સૌને મેં કહેલું કે આ બધી વસ્તુઓથી આઘા રહેવાની મારાથી થાય તેટલી બધી કોશિશ કર્યા પછી મને લાગશે કે એ બધી બિલકુલ જરૂરી છે તો હું શું કરીશ તે કહી શકતો નથી. અહીં મારે કહેવું જોઈએ કે અત્યારે મને માંસની જેવી જબરી સૂગ છે તેવી ત્યારે નહોતી. જે દિવસોમાં જાતે વિચાર કરી કામ કરવાને બદલે મિત્રોને વિચાર કરવાનું સોંપી તેમને વાએ હું ચાલતો ત્યારે માંસ ખાવાની વાતમાં હું છસાત વાર ફસાયેલો પણ ખરો. પણ સ્ટીમર પર મારા વિચાર બદલાવા લાગ્યા. મને લાગ્યું કે કોઈ પણ હિસાબે મારે માંસ ન જ ખાવું. હું અહીં આવવા નીકળ્યો તે પહેલાં મારી પાસે મારી માએ માંસ ન ખાવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી. તેથી કંઈ નહીં તો તે પ્રતિજ્ઞાને ખાતર પણ માંસ ન ખાવાને હું બંધાયેલો હતો. અમારી સાથે મુસાફરી કરનારાઓ અમને (મારી જોડે હતા તે મિત્રને અને મને) માંસ ખાઈ જોવાની સલાહ આપવા લાગ્યા.

તે બધા કહેતા કે એડન છોડયા બાદ તારે તેની જરૂર પડશે જ. એ વાત સાચી ન પડી ત્યારે રાતો સમુદ્ર પાર કર્યા પછી તો તે જોઈશે જ એવી વાત ચાલી. અને તે વાત પણ ખોટી પડી ત્યારે સાથે મુસાફરી કરનાર એક જણે કહ્યું, "આ વખતે ઠંડી સખત નથી પણ બિસ્કેના અખાતમાં પહોંચશે એટલે તારે મરણ અગર માંસ ને દારૂ વચ્ચે પસંદગી કરવાની આવશે એટલું ચોક્કસ જાણજે." એ કટોકટી પણ હેમખેમ પાર કરી. લંડનમાં પણ મારે એવા જ બધા વાંધા ને દલીલો સાંભળવી પડી. મહિનાના મહિના સુધી કોઈ શાકાહારી મારા જોવામાં ન આવ્યો. શાકાહાર તંદુરસ્તીને માટે પૂરતો છે એવી એક મિત્ર સાથે દલીલ કરી કરીને મેં કેટલાયે દિવસ ફિકરમાં ને ફિકરમાં કાઢયા; પણ શાકાહારની તરફેણમાં જીવદયા સિવાયની બીજી કોઈ દલીલનું મને ઝાઝું જ્ઞાન નહોતું તેથી હું તેની સાથે દલીલમાં હારી ગયો કેમ કે આવી ચર્ચામાં જીવદયાનો વિચાર વચ્ચે લાવવાની વાતને તેણે તુચ્છકારી કાઢી. આખરે મારી માને આપેલા વચનનો ભંગ કરવાને બદલે હું મરણને બહેતર લેખીશ એવું જણાવી મેં તેનું મોઢું બંધ કર્યું એટલે તેણે મને કહ્યું, "ઊંહ, નાદાની, સાવ વહેમ; છતાં અહીં આવ્યા પછી પણ તું આવી અક્કલ વગરની વાતને વળગી રહેવા જેટલો વહેમી છે એટલે હવે મારાથી તને કશી મદદ થઈ શકે એવી નથી; તું અહીં ઇંગ્લંડ ન આવ્યો હોત તો સારું!"

સંભવ છે કે ત્યાર બાદ એકાદ વખત મને આ વિષે તેણે દબાણ કર્યું હશે તે સિવાય ફરી એ વાત કાઢી નહીં, જોકે એ પછી તેણે મને લગભગ મૂરખમાં ગણી કાઢયો હોવો જોઈએ. દરમિયાન એક શાકાહારી રેસ્ટોરાં ('પોરિજ બાઉલ') પાસેથી એક વાર નીકળ્યાનું મને યાદ આવ્યું. એક ગૃહસ્થને તેનો રસ્તો બતાવવાને મેં વિનંતી કરી પણ તેને બદલે "સેંટ્રલ" રેસ્ટોરાં મારી નજરે પડ્યું એટલે હું ત્યાં પહોંચ્યો. પહેલી વાર જવના લોટની ઘેંશ મને ખાવાની મળી. પહેલાં તે મને ભાવી નહીં પણ બીજી વાનગી તરીકે પીરસવામાં આવેલી કચોરી મને ગમી. અહીંથી જ પહેલવહેલું મેં શાકાહાર વિષેનું થોડું સાહિત્ય ખરીદ્યું. તેમાં એચ. એસ. સૉલ્ટની લખેલી ए प्ली फॉर वेजिटेरियेनिज्म [શાકાહારની હિમાયત] નામની ચોપડી હતી અને તે વાંચી મેં સિદ્ધાંત તરીકે શાકાહારનો અંગીકાર કર્યો.

Gandhi Heritage Portal

આ પહેલાં વૈજ્ઞાનિક દૃષ્ટિથી હું માંસને ચડિયાતો આહાર માનતો હતો. વળી, ત્યાં જ માન્ચેસ્ટર વેજિટેરિયન સોસાયટી[માન્ચેસ્ટરની શાકાહારી મંડળી]ના અસ્તિત્વની મને જાણ થઈ. પણ તેમાં મેં કશો ખાસ સક્રિય રસ નહોતો લીધો. વચ્ચે વચ્ચે હું ધિ વેજિટેરિયન મેસેન્જર વાંચતો એટલું જ. ધિ વેજિટેરિયનની મને જાણ થયાને તો આજે દોઢ જ વરસ થયું. એલ. વી. એસ.નો[૧] પરિચય મને ઈન્ટર નેશનલ વેજિટેરિયન કૉંગ્રેસ [આંતરરાષ્ટ્રીય શાકાહારી કૉંગ્રેસ]ના અધિવેશન વખતે થયો કહેવાય. મિ. જોશિયા ઓલ્ડફીલ્ડે એક મિત્ર પાસેથી મારે વિષે સાંભળેલું એટલે તેમણે મને તેમાં હાજર રહેવાને કહેવડાવેલું અને તેમના માયાળુ સૌજન્યથી મને તે વિષેની ખબર મળેલી. અંતમાં મારે એટલું કહેવું જોઈએ કે ઈંગ્લંડના મારા લગભગ ત્રણ વરસના વસવાટ દરમિયાન મેં કેટલુંયે કરવા જેવું નહીં કર્યું હોય અને કદાચ ન કરવા જેવું ગણાય એવું કેટલુંયે કર્યું હશે પણ મારા દિલમાં એક ભારે સમાધાન લઈને જાઉં છું કે માંસ અગર દારૂને અડકયા વગર હું વતન પાછો ફરું છું અને વિલાયતમાં કેટલાયે શાકાહારી છે તે વાતનો મને અંગત અનુભવ થયો છે.

[મૂળ અંગ્રેજી]

ધિ વેજિટેરિયન, ૨૦–૬–૧૮૯૧

## ૧૩. ઍડવોકેટ તરીકે નોંધાવા માટે અરજી

મુંબઈ,
નવેમ્બર ૧૬, ૧૮૯૧

ન્યાયની વડી અદાલતના પ્રોથોનોટરી
અને રજિસ્ટ્રાર જોગ

મુંબઈ

સાહેબ,

હાઈકોર્ટના ઍડવોકેટ તરીકે દાખલ થવાની મારી ઇચ્છા છે. ગયા જૂન માસની ૧૦મી તારીખે ઈંગ્લંડમાં હું બૅરિસ્ટર તરીકે નોંધાયો છું. ઈનર ટેમ્પલમાં મેં બાર સત્ર ભર્યાં હોઈ મારો ઇરાદો મુંબઈ ઇલાકામાં વકીલાત કરવાનો છે.

બૅરિસ્ટર તરીકે નોંધાયાનો મારો દાખલો હું આ સાથે રજૂ કરું છું. મારા ચારિત્ર્ય અને શક્તિ માટેના દાખલાની બાબતમાં જણાવવાનું કે ઈંગ્લંડમાં કોઈ ન્યાયાધીશ પાસેથી મેં કોઈ પ્રકારનું સર્ટિફિકેટ મેળવ્યું નથી કેમ કે મુંબઈની વડી અદાલતમાં અમલમાં આવતા નિયમોની મને જાણ નહોતી. ઈંગ્લંડની ન્યાયની સૌથી ઉચ્ચ અદાલતમાં બૅરિસ્ટર તરીકે ધંધો કરતા મિ. ડબલ્યુ. ડી. એડવર્ડઝ પાસેથી મળેલું સર્ટિફિકેટ હું જોકે આ સાથે રજૂ કરું છું.

૧. લંડન વેજિટેરિયન સોસાયટી—લંડનની શાકાહારી મંડળી.

Gandhi Heritage Portal

ઈંગ્લંડમાં ચાલતા જમીનની મિલકતના કાયદાઓના સંગ્રહના ગ્રંથના તેઓ કર્તા છે. અને તે ગ્રંથ બૅરિસ્ટર થવા માટેની છેવટની પરીક્ષા માટે મુકરર થયેલાં પુસ્તકોમાંનો એક છે.

હું છું સાહેબ, આપનો
આજ્ઞાંકિત સેવક,
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

*મહાત્મા*, ભાગ ૧; અસલની છબી પરથી

# ૧૪. હિંદ ભણી વતનને રસ્તે

૧

ઈંગ્લંડના ત્રણ વરસના વસવાટ બાદ ૧૮૯૧ની સાલના જૂન માસની ૧૨મી તારીખે હું ત્યાંથી મુંબઈ જવાને નીકળ્યો. દિવસ ઘણો રળિયામણો હતો; સૂર્ય પુરબહારમાં પ્રકાશતો હતો; ઠંડા વાયરાથી બચવાને ઓવરકોટ પહેરવાની જરૂર નહોતી.

બરાબર ૧૧–૪૫ને ટકોરે મુસાફરોને લઈને એક એક્સપ્રેસ રેલગાડી લિવરપૂલ સ્ટ્રીટ સ્ટેશનથી બંદરને ધક્કે જવાને નીકળી.

પી. ઍન્ડ ઓ. કંપનીની ઓશિયાના સ્ટીમરમાં પગ મૂકયો ત્યાં સુધી હું હિંદુસ્તાન પાછો જાઉં છું એ વાત હું મારા મનને મનાવી શકતો નહોતો. લંડન અને તેની આજુબાજુના વાતાવરણની સાથે મારે એવી ગાંઠ બંધાઈ ગઈ હતી! અને કોને ન બંધાય? પોતાની કેળવણીની સંસ્થાઓ, પોતાના સાર્વજનિક ચિત્રસંગ્રહો, સંગ્રહસ્થાનો, નાટકઘરો, પોતાનો બહોળો વેપાર, પોતાના સાર્વજનિક બાગબગીચાઓ અને શાકાહારી રેસ્ટોરાંઓ એ બધાંને કારણે વિદ્યાર્થી, પ્રવાસી, વેપારી અને વિરોધીઓ જેને 'ધૂની' કહીને ઓળખાવે એવા શાકાહારીને સારુ લંડન બહુ મજાની અને લાયક જગ્યા છે. તેથી વહાલા લંડનને છોડતાં મને ઊંડી ગમગીની થયા વગર ન રહી. સાથે હિંદમાં મારા મિત્રો અને મારાં સગાંવહાલાંને આટલે લાંબે ગાળે મળવાનું થશે એ વિચારથી હું ખુશીમાં પણ હતો.

ઓશિયાના ઑસ્ટ્રેલિયન સ્ટીમર છે અને કંપનીની મોટામાં મોટીમાંની એક છે. તેનું વજન ૬,૧૮૮ ટન છે અને તેનું અશ્વબળ ૧,૨૦૦નું છે. આ વિશાળ તરતા બેટ પર અમે પગ મૂકયો ત્યાં અમને મજાની સ્ફૂર્તિ આપનારી ચા આપવામાં આવી અને અમે બધાએ (મુસાફરોએ તેમ જ વળાવવા આવેલા મિત્રોએ) તે પીધી. અહીં મારે જણાવવાને ચૂકવું ન જોઈએ કે આ ચા અમને કંઈ પણ દામ લીધા વિના આપવામાં આવેલી. અમે બધા જે મોજથી ચા લેતા હતા તે જોઈને કોઈ અજાણ્યાએ અમને બધાયને મુસાફરો માની લીધા હોત (અને તે બધા મળીને સંખ્યા પણ સારી હતી); પણ મુસાફરોના મિત્રોને વહાણ હવે લંગર ઉઠાવે છે એવી ખબર આપવાને ઘંટ વાગવો શરૂ થયો તેની સાથે તે સંખ્યા ઠીક ઠીક ઘટી ગઈ. વહાણ બંદર છોડીને નીકળ્યું ત્યારે સારા પ્રમાણમાં આનંદના પોકારો સંભળાયા અને વિદાયની નિશાનીમાં રૂમાલો ફરકતા જોવામાં આવ્યા.

Gandhi Heritage Portal

મુંબઈ જનારા ઉતારુઓને એડનથી જે સ્ટીમર **આસામ**માં આ **ઓશિયાના**માંથી ઊતરીને બેસવાનું હતું તેની અને આની વચ્ચે અહીં સરખામણી કરી લેવી સારી. **ઓશિયાના** પર અંગ્રેજ નોકરો હતા જે હમેશ સુઘડ, સ્વચ્છ અને તમારું કામ કરવાને તૈયાર રહેતા. એથી ઊલટું **આસામ** પર પોર્ટુગીઝ નોકરો હતા, જે રાણીના અંગ્રેજી [શુદ્ધ અંગ્રેજી]નું ડગલે ને પગલે ખૂન કરતા, અને હમેશ મેલાઘેલા અને વધારામાં ધૂંધવાયેલા ને કામ કરવામાં ધીમા હતા.

વળી, બન્ને સ્ટીમરો પર આપવામાં આવતા ખોરાકમાં પણ ઘણો તફાવત હતો. **આસામ**માં મુસાફરો જે ઢબે ફરિયાદમાં ગણગણતા સંભળાતા તે પરથી આ તફાવત જણાઈ આવતો. એટલેથી વાત પૂરી થતી નહોતી. **ઓશિયાના** પરની રહેવાખાવાની સગવડ **આસામ** પરની સગવડને મુકાબલે ક્યાંયે ચડિયાતી હતી; પણ આમાં કંપનીથી બીજું કંઈ થઈ શકે એમ નહોતું; **ઓશિયાના** વધારે સારી હતી તેથી **આસામ**ને કંઈ કંપની રદ ગણી કાઢી નાખે એવું થોડું જ બને?

વહાણ પર શાકાહારીઓ પોતાનું કેવી રીતે સંભાળતા? આ પૂછવા લાયક સવાલ ગણાય.

ત્યારે, પહેલું તો એ જણાવવાનું કે વહાણ પર મારી સાથે અમે બે જ શાકાહારવાળા હતા. બીજું કશું વધારે સારું ન મળે તો બાફેલા બટાટા, બાફેલી કોબી અને માખણથી ચલાવી લેવાની અમારી તૈયારી હતી. પણ એટલી હદે જવાની અમને જરૂર ન પડી. અનુકૂળ અને અમારું કામ કરવાને રાજી એવા સ્ટુઅર્ડ એટલે કે વ્યવસ્થાપકે તરકારીની મસાલેદાર કરી, ભાત અને ઉકાળીને બાફેલાં તેમ જ તાજાં ફળ અને છેલ્લી ગણાવું છું છતાં મહત્ત્વમાં જરાયે ઓછી નહીં એવી થૂલાં સાથે બનાવેલી રોટી પહેલા નંબરના સલૂનમાંથી અમને લાવી આપવાનું રાખ્યું હતું એટલે અમારે જે જોઈએ તે બધું મળી રહેતું. અલબત્ત, આ સ્ટીમર કંપનીવાળાઓ ઉતારુઓને પૂરતો અને સારો ખોરાક આપવામાં, ખવડાવવાપિવડાવવામાં ખૂબ છૂટે હાથે કામ લે છે. ઊલટું, એ લોકો વધારે પડતું કરે છે; કંઈ નહીં તો મને એવું લાગે છે.

બીજા નંબરના સલૂનમાં પીરસવામાં આવતી વાનીઓનું અને મુસાફરોને કેટલી વખત ભોજન આપવામાં આવતું તેનું વર્ણન કરવું અસ્થાને નથી.

શરૂઆત કરવાને ખાતર સૌથી પહેલું સવારમાં એક સામાન્ય મુસાફર એક કે બે પ્યાલા ચાના અને થોડાં બિસ્કિટ લેતો. ૮–૩૦ કલાકનો સવારના નાસ્તાની ખબરનો ઘંટ ઉતારુઓને નીચે ભોજન ખંડમાં ખેંચી લાવતો. નિયમિતપણામાં એ લોકો એક મિનિટ પણ ચૂકતા નહોતા; કંઈ નહીં તો ભોજન માટે આવવામાં તો નહીં જ. નાસ્તાની વાનીઓમાં સામાન્યપણે જવના લોટની ઘેંશ, થોડી મચ્છી, જુદાં જુદાં માંસ છીણી બનાવેલી ચૉપ નામની વાનગી, તરકારીની મસાલેદાર કરી, જૅમ એટલે મુરબ્બો, ડબલ રોટી અને માખણ અને ચા કે કાફી વગેરે બધું જોઈએ તેટલું ભરપટ્ટે હોય.

ઉતારુઓને મેં ઘણી વાર જવની ઘેંશ, મચ્છી અને કરી, ડબલ રોટી અને માખણ અને એ બધું ગળે ઉતારવાને ચાના બે કે ત્રણ પ્યાલા પી જતા જોયા છે.

સવારનો નાસ્તો માંડ પત્યો ન પત્યો હોય ત્યાં ટન ટન સંભળાય. એ બપોરના દોઢ વાગ્યાના ભોજનનો ઘંટ. આ ભોજન પણ નાસ્તા જેવું જ પૂરું: જોઈએ તેટલાં માંસ ને તરકારી, ભાત અને તરકારીની મસાલેદાર કરી, શીરા જેવી પૅસ્ટ્રી અને બીજું કેટલુંયે હોય. અઠવાડિયામાં બે દિવસ બીજા નંબરના સલૂનના ઉતારુઓને સામાન્ય ભોજન ઉપરાંત તાજાં તેમ જ કાચલિયાળાં ફળ પીરસાતાં. પણ આટલુંયે પૂરતું નહોતું! બપોરના ભોજનની વાનગીઓ



Gandhi Heritage Portal

પચાવવાની એટલી સહેલી કે બપોરના ચાર વાગ્યે અમારે 'સ્ફૂર્તિદાયક' ચાનો પ્યાલો ને બિસ્કિટ જોઈએ જ. એ ખરું પણ 'એ નાનકડા' ચાના પ્યાલાની બધી અસર સાંજના વાયરા એવી દૂર કરી દેતા કે સાડા છ વાગ્યે અમને 'ભારી ચા' આપવામાં આવતી. તેમાં ડબલ રોટી ને માખણ, જૅમ અથવા મારમેલેડ અથવા એ બન્ને મુરબ્બા, દૂધ કે એવી કોઈક ચીજમાં ભેળેલી લીલી તરકારીની કચુંબર, ચૉપ, ચા, કાફી અને એવું બીજું હોય. દરિયાની હવા તંદુરસ્તીને એટલી બધી માફક આવતી લાગતી કે ઉતારુઓ થોડાં, બહુ થોડાં, માત્ર આઠ કે દસ ને બહુ તો પંદર બિસ્કિટ, થોડું પનીર, અને થોડો વાઈન અથવા બીર લીધા વગર પથારીમાં સૂવાને જઈ શકતા જ નહીં. ઉપરની બધી વાત જાણ્યા પછી નીચેનું વર્ણન ખરેખર સાચું છે એમ નથી લાગતું?

> તારું પેટ તારો ઈશ્વર છે, તારી હોજરી તારું મંદિર છે, તારી દુંદ તારી વેદી છે અને તારો રસોઇયો તારો પૂજારી છે. . . . રસોઈનાં વાસણોમાં તારો પ્રેમ ભડકાની જેમ જાગી ઊઠે છે. રસોડામાં તારી શ્રદ્ધા ઝળહળી ઊઠે છે, અને માંસની વાનગીઓમાં તારી બધી આશા છુપાયેલી પડી છે . . . . વારંવાર ભોજન આપનાર, સારી સારી જાફતો આપનાર, અને દારૂની પ્યાલી લઈ તંદુરસ્તી ઇચ્છવાને ભાષણો કરવામાં પાવરધા ગૃહસ્થના કરતાં તને કોઈનેયે માટે આદર છે ખરો કે?

બીજા નંબરનું સલૂન બધી જાતના ઉતારુઓથી ખાસું ભરેલું હતું. તેમાં લશ્કરના સિપાઈ, પાદરીઓ, હજામ, ખારવા, વિદ્યાર્થી, અમલદારો અને સંભવ છે કે સાહસ ખેડનારા હતા. ત્રણ કે ચાર સ્ત્રીઓ હતી. અમારો વખત અમે મોટે ભાગે ખાવાપીવામાં ગાળતા. બાકીનો વખત કાં તો ઊંઘી કાઢવામાં, અથવા ગપ્પાં મારવામાં અને કોઈક વાર ચર્ચાઓમાં અને રમત-ગમત વગેરેમાં નીકળી જતો. બે કે ત્રણ દિવસ પછી જોકે ચર્ચાઓ, અને ગંજીફાની રમતો અને લોકોની વાતો એ બધું કરવા છતાં વખત કેમે કર્યો જાય નહીં.

અમારામાંથી થોડાકને ઉત્સાહ થઈ આવતાં તેમણે જલસા ગોઠવ્યા, દોરડું ખેંચવાની હરીફાઈ ઊભી કરી, અને ઇનામો કાઢી દોડવાની શરતો કાઢી. એક સાંજ આખી જલસા અને ભાષણોમાં ગઈ.

મને લાગ્યું કે હવે મારે માથું મારવાનો વખત આવ્યો છે. આ બધી વાતોની વ્યવસ્થા સંભાળનાર કમિટીના મંત્રીને મેં વિનંતી કરી કે શાકાહારના સિદ્ધાંત પર ટૂંકું ભાષણ કરવાને મને પા કલાક કાઢી આપો. મંત્રીએ ડોકું હલાવી મારી વિનંતીને મંજૂર રાખવાની મહેરબાની બતાવી.

એટલે પછી હું ભારે મોટી તૈયારી કરવામાં પડયો. મારે જે ભાષણ આપવાનું હતું તે પહેલું મેં મનમાં વિચારી કાઢયું, પછી લખી કાઢયું. અને ફરી એક વાર સુધારીને લખી કાઢયું. હું બરાબર જાણતો હતો કે મારે વિરોધી વલણવાળા શ્રોતાવર્ગની સાથે કામ લેવાનું છે; અને મારા ભાષણથી તે લોકો ઊંઘી ન જાય તેની મારે સંભાળ રાખવાની હતી. મંત્રીએ મને કહ્યું કે જરા હ્યુમરસ [વિનોદી] થજો. મેં તેને કહ્યું કે મારાથી હ્યુમરસ તો નહીં થવાય, કદાચ નરવસ થવાશે [સભા-ક્ષોભથી હું કદાચ ગભરાઈ જાઉં ખરો].

હવે, ધારો જોઉં એ ભાષણનું શું થયું હશે? બીજો જલસો થયો જ નહીં. અને તેથી ભાષણ પણ રહી ગયું જેથી મને બહુ હીણું લાગ્યું. આનું કારણ મને લાગે છે એવું થયું કે

Gandhi Heritage Portal

આગલી સાંજે કોઈનેયે મજા પડી નહોતી કેમ કે બીજા નંબરના સલૂનમાં પટ્ટી[૧] જેવા કોઈ ગાનારા કે ગ્લેડ્સ્ટન[૨] જેવા કોઈ ભાષણ કરનારા નહોતા.

આમ છતાં બે કે ત્રણ ઉતારુઓ સાથે શાકાહારના સિદ્ધાંતની ચર્ચા કરવામાં હું ફાવ્યો. તેમણે મારી દલીલ ધીરજથી સાંભળી. પછી આ મતલબનો જવાબ આપ્યો: "તમારી દલીલ સાચી હશે. પણ જ્યાં સુધી અમને અમારા આજના ખોરાકથી સમાધાન છે (કોઈક વાર અમને મંદાગ્નિ થઈ આવે છે એ વાત બાજુએ રાખો) ત્યાં સુધી શાકાહારનો અખતરો અમે કેમ કરી કરીએ!"

તેમાંના એક જણે જોયું કે મારા શાકાહારી મિત્રને અને મને રોજ મજાનાં ફળ મળે છે એટલે તેણે વી. ઈ. એમ. નો[૩] અખતરો કરી જોયો પણ છીણેલા માંસના ચૉપનું આકર્ષણ તેને એટલું બધું હતું કે તે તેનાથી છોડાયું નહીં.

બિચારો ભલો આદમી!

[મૂળ અંગ્રેજી]

ધિ વેજિટેરિયન, ૯–૪–૧૮૯૨

## ૨

વળી, પહેલા નંબરના સલૂનના ઉતારુઓ બીજા નંબરના સલૂનના ઉતારુઓને પોતે ગોઠવેલા નાટ્યમનોરંજન અને નૃત્યમનોરંજનના જલસાઓમાં વારંવાર બોલાવતા તે એ ઉતારુઓના મળતાવડાપણાનો અને પહેલા નંબરના સલૂનના ઉતારુઓના વિવેકનો દાખલો છે.

પહેલા નંબરના સલૂનમાં કેટલાંક મજાનાં બાનુઓ અને ગૃહસ્થો હતાં. પણ હમેશ આનંદ-પ્રમોદનું વાતાવરણ રહે અને કદી ટંટોતકરાર હોય જ નહીં' એવું થોડું જ ચાલે? એટલે કેટલાક ઉતારુઓને પીને છાકટા થવાનું સૂઝયું. (માફ કરજો એડિટર સાહેબ, એ લોકો લગભગ રોજ રાત્રે પીતા પણ આ એક રાતે તેમણે પીધું એટલું જ નહીં, તેઓ છાકટા બની એલફેલ વર્તવા લાગ્યા). એવું લાગે છે કે એ લોકો વ્હિસ્કી પીતા પીતા ચર્ચાને રંગે ચડયા હતા તેમાં થોડાએ અસભ્ય ભાષામાં બોલવા માંડયું. એમાંથી પહેલાં શબ્દોની લડાઈ જામી અને પછી વાત વધીને મુક્કામુક્કીની લડાઈ ચાલી. આ બનાવની સ્ટીમરના કપ્તાનને ખબર આપવામાં આવી. પેલા મુક્કામુક્કીના શોખીન ગૃહસ્થોને તેણે ઠપકો આપ્યો એટલે ત્યાર પછી અમારામાં એવો બખેડો ફરી દેખાયો નહીં.

આમ થોડો વખત ખાવાપીવામાં તો થોડો આનંદપ્રમોદમાં કાઢતા કાઢતા અમે આગળ વધ્યા.

બે દિવસની મુસાફરી પછી સ્ટીમર જિબ્રાલ્ટર પાસેથી પસાર થઈ પણ ત્યાં રોકાઈ નહીં. અમારામાંથી કેટલાકને એવી આશા હતી કે અહીં સ્ટીમર લંગર નાખશે તેથી એકંદરે અને ખાસ કરીને તમાકુ પીનારાઓમાં ઘણી નિરાશા ફેલાઈ કેમ કે જિબ્રાલ્ટરમાં વગર વેરાએ મળતો તમાકુ લેવાની તેમની ખૂબ મરજી હતી.

૧. તે જમાનાનો મશહૂર ઇટાલિયન ગાયક.

૨. ઇંગ્લંડનો નામાંકિત વડો પ્રધાન જે અસાધારણ કોટીનો વક્તા હતો.

૩. પા. ૧૮ પરની ફૂટનોટ જોવી.

Gandhi Heritage Portal

તે પછી અમે જે જગ્યાએ પહોંચ્યા તે માલ્ટા. એ કોલસો ભરી લેવાનું મથક હોવાથી ત્યાં સ્ટીમર લગભગ નવ કલાક રોકાય છે. લગભગ બધા ઉતારુ કાંઠે ઊતરી પડયા.

માલ્ટા રળિયામણો બેટ છે અને ત્યાં લંડનનો ધુમાડો નથી. ત્યાંનાં મકાનોની રચના જુદી જાતની છે. અમે ગવર્નરનો મહેલ જોઈ વળ્યા. ત્યાંનું શસ્ત્રાગાર જોવા લાયક સ્થળ છે. અહીં નેપોલિયનની ઘોડાગાડી પણ બતાવવામાં આવે છે. ત્યાં કેટલાંક સુંદર ચિત્રો પણ જોવાનાં મળે છે. બજાર ત્યાંનું ખોટું નથી. ફળ સસ્તાં છે. અને ત્યાંનું દેવળ આલીશાન છે.

અમે ઘોડાગાડીમાં નારંગીના બગીચાઓ સુધી છએક માઈલનો મજાનો ફેરો મારી આવ્યા. એ બગીચાઓમાં તમને હજારો નારંગીનાં ઝાડ અને સોનેરી માછલીવાળાં નાનાં તળાવડાં જોવાનાં મળે છે. આ ફેરો બહુ સસ્તો છે; માત્ર એક શિલિંગ ને છ પેન્સ.

ભિખારીઓને લીધે માલ્ટા કેવી ભૂંડી જગ્યા બની ગઈ છે! રસ્તા પર નીકળો કે મેલા-ઘેલા દેખાતા ભિખારીઓનું ટોળું તમને રંજાડવાને આવ્યું જ જાણો અને તમે નિરાંતે આગળ જઈ શકો જ નહીં. તેમાંના કેટલાક તમને કહેશે કે અમે તમારા ભોમિયા થઈએ તો બીજા વળી કહેશે કે અમે તમને સિગાર મળે એવી અને માલ્ટાની જાણીતી મીઠાઈ નૌગૅટ મળે એવી દુકાનોએ લઈ જઈએ.

માલ્ટાથી નીકળેલા અમે બ્રિન્ડિસી પહોંચ્યા. તે બંદર સારું છે પણ તેથી વિશેષ ત્યાં કંઈ નથી. ત્યાં મનોરંજનમાં એક દહાડો પણ તમે ન કાઢી શકો. અમારી પાસે ખાસા નવ કે તેથીયે વધારે કલાક ફાજલ હતા પણ એક કલાકનો સુધ્ધાં ઉપયોગ ન થઈ શક્યો.

બ્રિન્ડિસી મૂકયા બાદ અમે પોર્ટ સૈયદ પહોંચ્યા. ત્યાં અમે યુરોપ અને ભૂમધ્ય સમુદ્રની છેવટની વિદાય લીધી. અલબત્ત, સમાજના ઉતાર જેવા માણસોને જોવાનો તમને શોખ હોય તો વાત જુદી છે બાકી પોર્ટ સૈયદમાં જોવા જેવું કંઈ નથી. ત્યાં ઠગ ને બદમાસોનો[૧] પાર નથી.

પોર્ટ સૈયદથી આગળ સ્ટીમર બહુ આસ્તે આસ્તે આગળ વધે છે કેમ કે ત્યાંથી આપણે મોં. દ લેસેપ્સની સુએઝની નહેરમાં દાખલ થઈએ છીએ. નહેર સત્યાસી માઈલ લાંબી છે. પણ એટલું અંતર વટાવતાં આગબોટને ચોવીસ કલાક થયા. અહીં આપણે બંને બાજુ કિનારાની જમીનની ખૂબ નજીક હોઈએ છીએ. પાણીની નાળ એટલી સાંકડી છે કે કેટલીક ચોક્કસ જગ્યા બાદ કરતાં બે સ્ટીમરો પણ જોડાજોડ ચાલી શકતી નથી. રાતે દેખાવ બહુ રળિયામણો હોય છે. બધાં વહાણને મોખરે વીજળીની બત્તી કરવાનું ફરમાન હોય છે અને તે બહુ જોરાવર હોય છે. બે વહાણો એકબીજાની પાસેથી પસાર થાય ત્યારે દેખાવ બહુ મજાનો થાય છે. સામેના વહાણ-માંથી દેખાતી વીજળીની બત્તી આંખને આંજી નાખે છે.

અમે ગૅન્જિસ પાસે થઈ પસાર થયા. અમે તેને આવકારવાને ત્રણ હર્ષના પોકાર કર્યા અને ગૅન્જિસ પરના ઉતારુઓએ પૂરા ઉત્સાહથી તેનો સામો જવાબ વાળ્યો. સુએઝ કસબો નહેરને બીજે છેડે છે. ત્યાં સ્ટીમર માંડ અર્ધો કલાક રોકાય છે.

હવે અમે રાતા સમુદ્રમાં પેઠા. એ ત્રણ દહાડાની સફર હતી પણ ભારે તાવણી કરનારી હતી. સહન ન થાય તેવી ગરમી પડતી હતી. સ્ટીમરની અંદરના ભાગમાં રહેવાનો તો સવાલ જ નહોતો પણ તૂતક પર સુધ્ધાં ગરમી અતિશય હતી. અહીં પહેલી વાર અમને ખ્યાલ આવ્યો કે અમે હિંદ જઈએ છીએ ત્યાં પણ અમારે ગરમ આબોહવામાં રહેવાનું છે.

૧. આ ઉલ્લેખ દેખીતી રીતે ત્યાંના રહેવાસીઓના એક ભાગ પૂરતો છે.

Gandhi Heritage Portal

એડન પહોંચ્યા ત્યારે કંઈક પવન નીકળ્યો. અહીં અમારે (મુંબઈના ઉતારુઓએ) ઓશિયાના-માંથી ઊતરી આસામમાં ચડવાનું હતું. જાણે લંડન છોડી કોઈ કંગાલ ગામડામાં જઈ પડયા! આસામ ઓશિયાના કરતાં અર્ધુંયે નથી.

આફત એકલદોકલ આવતી નથી; ઝાઝી એકઠી મળીને આવે છે. આસામ પર ચડયા તેની સાથે દરિયો તોફાને ચડયો કેમ કે વરસાદની મોસમ હતી. હિંદી મહાસાગર સામાન્યપણે શાંત રહે છે તેથી કેમ જાણે તેનું સાટું વાળવાને ચોમાસામાં તોફાને ચડે છે. મુંબઈ પહોંચતાં પહેલાં અમારે બીજા પાંચ દહાડા પાણી પર કાઢવાના હતા. બીજી રાત ખરેખરું તોફાન લઈને આવી. કેટલાયે માંદા પડી ગયા. હું તૂતક પર નીકળું, એટલે પાણીની છોળથી તરબોળ થઈ જાઉં. એ પેલો કંઈક કડાકો થયો! કંઈક તૂટી પડયું લાગે છે! કૅબિનમાં તમને નિરાંતે ઊંઘવાનું ન મળે. બારણાં અફળાતાં હોય. તમારા સામાનની પેટીઓ નાચતી હોય. તમે પથારીમાં ડાલમ-ડોલમ થયા કરો. કેટલીક વાર તમને લાગે કે વહાણ ડૂબે છે. જમવાના ટેબલ પર પણ એવું જ. ત્યાંયે ચેન નહીં. સ્ટીમર ડોલમડોલ કરતી તમારી બાજુ ઢળે. તમારા કાંટા ચમચા ટેબલ પરથી ઊછળી તમારા ખોળામાં આવી પડે, મસાલાની શીશીઓ અને દાળની પ્લેટ સુધ્ધાં; તમારો નૅપકિન પીળો રંગાઈ જાય અને એવું તો બીજું કેટલુંયે બને.

એક દિવસ સવારે મેં વહાણના સ્ટુઅર્ડ એટલે કે વ્યવસ્થાપકને પૂછયું કે આને તમે ખરું તોફાન કહો ખરા કે? તેણે કહ્યું, "ના સાહેબ, આ તો કંઈ જ નથી." પછી પોતાના હાથ વીંઝી તેણે મને ખરા તોફાનમાં વહાણ કેવું ડાલમડોલમ થાય તે બતાવ્યું.

આમ ઊંચેનીચે અફળાતા, પડતા, આખડતા અમે જુલાઈ માસની પંદરમી તારીખે મુંબઈ પહોંચ્યા. વરસાદ ધોધમાર પડતો હતો તેથી કિનારે ઊતરવાનું મુશ્કેલ હતું. છતાં અમે હેમખેમ કિનારે પહોંચ્યા અને આસામની વિદાય લીધી.

ઓશિયાના અને આસામ પર માણસોરૂપી કેવો તરેહવાર માલ ભર્યો હતો! કેટલાક મોટી મોટી આશા બાંધી ઑસ્ટ્રેલિયા મોટી દોલત કમાવા જતા હતા, બીજા વળી ઇંગ્લંડમાં પોતાનું ભણતર પૂરું કરી સારી આબરૂદાર રોજી કમાવાને હિંદુસ્તાન પાછા ફરતા હતા, કેટલાક ફરજના માર્યા બહાર નીકળી પડયા હતા, તો કેટલાંક વળી કાં તો હિંદુસ્તાનમાં કે કાં તો ઑસ્ટ્રેલિયામાં પોતાના પતિઓને મળવા જતાં હતાં અને કેટલાક સાહસિકો વતનમાં નાસીપાસ થવાથી ઈશ્વર જાણે કયાં પણ બીજે કયાંક પોતાનાં પરાક્રમ અજમાવવાને નીકળી પડયા હતા!

એ બધાની આશા ફળી હશે કે? એ જ ખરો સવાલ છે. માણસનું મન કેવું આશાળુ હોય છે અને કેવું વારંવાર નિરાશા અનુભવે છે! આપણે આશામાં ને આશામાં જ જીવતા નથી કે?

[મૂળ અંગ્રેજી]

ધિ વેજિટેરિયન, ૧૬–૪–૧૮૯૨

Gandhi Heritage Portal

# ૧૫. પટવારીને[1] પત્ર

મુંબઈ,
સપ્ટેમ્બર ૫, ૧૮૯૨

મારા વહાલા પટવારી,

તમારા પત્રને માટે અને મને આપેલી સલાહને માટે તમારો આભારી છું.

મારા છેલ્લા પોસ્ટ કાર્ડમાં મેં કહ્યું હતું તેમ વકીલાતનો ધંધો કરવાને પરદેશ જવાનું મારે મુલતવી રાખવું પડયું છે. મારા ભાઈ તે વાતની બહુ વિરુદ્ધ છે. તેમને એવું લાગે છે કે કાઠિયાવાડમાં[2] અને તે પણ સીધી રીતે ખટપટમાં પડયા વગર ગુજારા માટે આબરૂદાર કમાણી કરવાની બાબતમાં મારે નિરાશ થવા જેવું નથી. એ જે હોય તે પણ તેઓ આટલા બધા આશાવાન છે અને મારા તરફથી તેમની લાગણીને માટે આદરના હરેક રીતે હકદાર છે એટલે હું તેમની સલાહે ચાલીશ. અહીં પણ મને થોડાં કામનાં વચન મળ્યાં છે. એટલે કંઈ નહીં તો હું અહીં બેએક મહિના સારુ રોકાવા ધારું છું.

સાહિત્યને લગતા કામની જગ્યા લેવાથી મારા કાયદાના અભ્યાસમાં ખાસ વાંધો આવે એવું લાગતું નથી. બીજી બાજુથી એવા કામથી વકીલાતમાં આડકતરી રીતે કામમાં આવ્યા વગર રહે નહીં એવો મારા જ્ઞાનમાં વધારો થશે. વળી, એથી હું વધારે એકાગ્ર ચિત્તથી ચિંતાથી મુક્ત થઈને કામ કરી શકું. પણ એવી જગ્યા છે કયાં? એકાદ મળી જવી સહેલી નથી.

રાજકોટમાં હતો ત્યારે તમે મને આપેલા વચનને આધારે અલબત્ત મેં થોડા પૈસા મને ધીરવાની માગણી કરી છે. તમારા પિતાને એની ખબર પડવી ન જોઈએ એ વાતમાં હું તમારી સાથે તદ્દન સંમત છું. હમણાં એ વિષે ફિકર ન કરશો. હું બીજે કયાંક કોશિશ કરી જોઉં છું. એક વરસના ધંધાની કમાણીમાંથી તમે ઝાઝું ફાજલ પાડી ન શકો એ હું સહેજે સમજી શકું છું.

મારા ભાઈને સચીનમાં સચીનના નવાબના મંત્રી તરીકે રોકી લેવામાં આવ્યા છે. તેઓ રાજકોટ ગયા હોઈ થોડા દિવસમાં પાછા આવશે.

ન્યાતીલાઓનો વિરોધ જેવો ને તેવો સખત છે. બધી વાતનો આધાર એક જ જણ પર છે અને તે મને ન્યાતમાં પાછો દાખલ ન થવા દેવાને થાય તે બધું કર્યા વગર રહેશે નહીં. મને આમાં મારી એટલી બધી દયા નથી આવતી જેટલી એક જ માણસની સત્તાને ઘેટાંની જેમ સ્વીકારી લેનારા ન્યાતીલાઓની આવે છે. એ લોકોએ જે કેટલાક અર્થ વગરના ઠરાવ કર્યા છે અને બીજું જે વધારે પડતું કરવા માંડયું છે તે પરથી તેમના દિલમાં રહેલો દ્વેષ ચોખ્ખો દેખાઈ આવે છે. તેમની દલીલોમાં અલબત્ત, ધર્મની વાત કયાંયે આવતી નથી. આવા લોકોમાંનો હું એક ગણાઉં તેટલા ખાતર તેમની ખુશામત કરી તેમના ગુણ ગાવા કરતાં તેમની સાથે કશો સંબંધ ન રહે તે લગભગ વધારે સારું નથી શું? છતાં મારે જમાનાની સાથે ચાલવું રહ્યું.

વ્રજલાલભાઈ ગુજરાતમાં કયાંક કારભારી નિમાયા છે તે સાંભળીને હું ઘણો રાજી થયો.

૧. જેને સંબોધીને આ પત્ર છે તે રાજકોટના રણછોડલાલ પટવારી.
૨. કાઠિયાવાડ સૌરાષ્ટ્ર નામથી પણ ઓળખાય છે.

Gandhi Heritage Portal

તમે એવા સારા અક્ષર કાઢો છો કે અધૂરું અધૂરું પણ તમારું અનુકરણ કરવાનું મને મન થયું છે.

હૃદયથી તમારો,
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
ગાંધીજીના અક્ષરમાં લખાયેલા અસલ પરથી.

## ૧૬. ઓળખનો સવાલ

પ્રિટોરિયા,
સપ્ટેમ્બર ૧૬, ૧૮૯૩

શ્રી તંત્રી
ધિ नाताल ऍडवर्टाइज़र

સાહેબ,

મિ. પિલ્લેએ ધિ नाताल ऍडवर्टाइज़रને મોકલેલો પત્ર[1] તમારા અખબારમાં ટીકાટિપ્પણી સાથે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે તે બીના તરફ મારું ધ્યાન ખેંચવામાં આવ્યું છે. ડરબનમાં આવનાર અને હાલ જે પ્રિટોરિયામાં છે તે કમનસીબ હિંદી બૅરિસ્ટર-ઍટ-લૉ હું છું; પણ હું મિ. પિલ્લે નથી કે હું બી. એ.ની ડિગ્રી પણ ધરાવતો નથી.

હું છું વ.
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
ધિ नाताल ऍडवर्टाइज़र, ૧૮–૯–૧૮૯૩

## ૧૭. હિંદી વેપારી

પ્રિટોરિયા,
સપ્ટેમ્બર ૧૯, ૧૮૯૩

શ્રી તંત્રી
ધિ नाताल ऍडवर्टाइज़र

સાહેબ,

નીચેના લખાણને માટે તમારા અખબારમાં જગ્યા કરશો તો હું તમારો ઘણો આભારી થઈશ.

ધિ ट्रान्सवाल ऍडवर्टाइज़र પર મોકલેલા પોતાના લખાણને કારણે 'ઘૃણાસ્પદ' ઠરેલા મિ. પિલ્લેના અહીંના કેટલાક ગૃહસ્થોએ અને ત્યાંનાં અખબારોએ ટુકડે ટુકડા કરી નાખ્યા છે. 'શિયાળ જેવા ખંધા એશિયાઈ વેપારીઓ', 'કોમનાં ખુદ મર્મરૂપ અંગોને કોતરી ખાનારી બીમારી',

૧. પોતાને (પિલ્લેને) ફૂટપાથ પરથી હડસેલી દેવામાં આવેલા તે બાબતની ફરિયાદનો.

Gandhi Heritage Portal

'અર્ધજંગલી ઢબે જીવન જીવનારા પરોપજીવીઓ' વિષેનો તમારો અગ્રલેખ સખત શબ્દોની હરીફાઈમાં મિ. પિલ્લેના પત્રની સામે મેદાન મારી જાય કે શું એવું મને લાગે છે. પણ શૈલીની બાબતમાં રુચિ ભિન્ન ભિન્ન હોય છે અને કોઈનીયે લખાણની શૈલી વિષે તુલના કરવાનો મને અધિકાર નથી.

પણ બિચારા એશિયાઈ વેપારીઓ પર આ બધો રોષ શા સારુ ઠલવાય છે? કૉલોનીનું અક્ષરશ: સત્યાનાશ વળી જવાનું જોખમ કેવી રીતે ઊભું થયું છે તે સમજવું મુશ્કેલ છે. ચાલુ માસની પંદરમી તારીખના તમારા અગ્રલેખ પરથી મને જે કારણો સમજાયાં છે તેનો સાર નીચેના શબ્દોમાં દર્શાવી શકાય: "એક એશિયાઈ વેપારીએ દેવાળું કાઢયું છે અને એક પાઉંડની પાંચ પેની ચૂકવી છે. એશિયાઈ વેપારીનો આ સારો નમૂનો છે. તેણે બજારમાંથી નાના યુરોપિયન વેપારીને હાંકી કાઢયો છે."

હવે, માની લો કે મોટા ભાગના એશિયાઈ વેપારી દેવાળું કાઢે છે અને પોતાના દેણદારોને દેવા પેટે ઝાઝું ચૂકવતા નથી (જે વાત બિલકુલ સાચી નથી) તો એ શું તેમને કૉલોનીમાંથી અને દક્ષિણ આફ્રિકામાંથી હાંકી કાઢવાને વાજબી કારણ છે કે? ઊલટું, એ બીના માણસ પોતાના લેણદારોને પાયમાલ કરી શકે તે રીતે તેને પોતાનું દેવું ચૂકવવાને અશક્ત એટલે કે દેવાળાની સ્થિતિમાં હોવાનું જાહેર કરનારા કાયદામાં કંઈક ખામી હોવી જોઈએ એવું બતાવતી નથી કે? એવો વહેવાર કરવાને માટે કાયદાથી કંઈક છૂટ મળી જતી હોય તો લોકો તેનો લાભ લીધા વગર રહે નહીં. અને યુરોપિયનો શું માણસને દેવાળાની સ્થિતિમાં હોવાનું જાહેર કરનારી અદાલતનું રક્ષણ નથી શોધતા કે? અલબત્ત, તમે પણ કયાં સીધા છો એવી દલીલ કરીને હું હિંદી વેપારી-ઓનો બચાવ કરવા માગતો નથી. હિંદીઓ આવા વહેવારનો આશ્રય લે છે તેથી મને ખરેખર દિલગીરી થાય છે. એક જમાનામાં જ્યાં માનઆબરૂનો ખ્યાલ એટલો ઊંચો હતો કે વેપારમાં અપ્રામાણિક વહેવારમાં કોઈ પોતાનું નામ પણ આવવા ન દે, તેમના દેશને એથી નીચું જોવાનું થાય છે. હિંદી વેપારીઓ માણસને દેવાળાની સ્થિતિમાં હોવાનું જાહેર કરનારા કાયદાનો લાભ લે છે એટલી જ હકીકતના જોર પર તેમને હાંકી કાઢવાની દલીલ ઊભી થતી નથી એવું જોકે મને ચોક્કસ લાગે છે. કાયદો એકલો જ નહીં, જથ્થાબંધ માલનો ધંધો કરનારા વેપારીઓ પણ જરા વધારે સાવધ રહે તો આવા દાખલાઓ વારંવાર બનતા અટકાવી શકે. અને બીજું, ખુદ યુરો-પિયન વેપારીઓ આ વેપારીઓને શાખ પર માલ ધીરે છે તે જ હકીકત પણ શું એવું નથી બતાવતી કે તે બધા સરવાળે તમે ચીતર્યા છે તેવા ભૂંડા તો નથી?

નાનો યુરોપિયન વેપારી બજારમાંથી ધકેલાઈ ગયો હોય તો તે માટેનો વાંકનો ટોપલો શું હિંદી વેપારીને માથે ઢોળવાનો છે? એથી તો ઊલટું એવું લાગે છે કે હિંદી વેપારી પોતાના ધંધામાં વધારે કાબેલ છે અને તેની કુશળતા એ જ તેને અહીંથી હાંકી કાઢવાનું કારણ છે! હવે હું તમને પૂછું છું સાહેબ, કે આ ન્યાય છે? એક તંત્રી પોતાના છાપાનું સંપાદન પોતાના હરીફના કરતાં વધારે આવડતથી કરે અને પરિણામે હરીફને એ ક્ષેત્ર છોડી દેવું પડે તો તમે શું તે સફળ તંત્રીને કહેવા જશો ખરા કે તમે વધારે આવડતવાળા છો માટે તમારે તમારા માત થયેલા હરીફને તમારી જગ્યા આપી દેવી જોઈએ? ઊલટું, બીજા લોકો પણ પોતાની આવડત કેળવી ઊંચા આવવાની કોશિશ કરતા થાય તેટલા ખાતર વધારે આવડત પ્રોત્સાહન આપવાનું ખાસ કારણ નથી શું? નરવી હરીફાઈને ગૂંગળાવી મારવી એ સાચી નીતિ છે કે? ઓછે ખરચે કેમ વેપાર ખેડવો, સાદાઈથી કેમ જીવવું એ બધું હિંદી વેપારી પાસેથી પોતાના મોભાને અણછાજતું

Gandhi Heritage Portal

ન લાગતું હોય તો યુરોપિયન વેપારીએ શીખવા જેવું નથી શું? “બીજા તમારી સાથે જેમ વર્તે એમ તમે ઇચ્છતા હો તેવું વર્તન તમારે તેમની સાથે રાખવું.”

પણ તમે કહો છો કે આ ભૂંડા એશિયાઈઓ અર્ધજંગલી ઢબે જીવે છે. અર્ધજંગલી જીવન વિષેના તમારા ખ્યાલો જાણવા મળે તો તેમાં ખરેખર રસ પડે. એ લોકો કેવી ઢબે જીવે છે તેનો મને થોડો ખ્યાલ છે. મજાની કીમતી શેતરંજી અને શણગાર માટેના પડદા વગરનો ભોજન-ખંડ, જેના પર શોભા વધારવાને ફૂલ ગોઠવેલાં નથી, જેના પર ભાતભાતના દારૂ અને ડુક્કરના ને ગાયના માંસની જેટલી જોઈએ તેટલી વાનીઓ પીરસવામાં આવેલી નથી એવું ઉપર પાથરવાના મોંઘા કાપડ વગરનું (અને સંભવ છે કે વાર્નિશ કર્યા વગરનું) જમવા માટેનું ટેબલ એ અર્ધજંગલી રહેણી હોય; મારા સાંભળવા પ્રમાણે ઉનાળાની અકળાવનારી ગરમીમાં જેને સારુ ઘણા યુરોપિયનો તેમની અદેખાઈ કરે છે એવો ગરમ આબોહવાને ખાસ માફક આવતો સફેદ, સગવડવાળો પહેરવેશ અર્ધજંગલી રહેણી હોય; બીર ન પીવો, તમાકુ ન વાપરવો, હાથમાં છટાદાર લાકડી લઈને ન ફરવું, સોનાનો ઘડિયાળનો છેડો ન લટકાવવો, રાચરચીલાંથી સજાવેલું દીવાનખાનું ન હોવું એ બધાં અર્ધજંગલી રહેણીનાં લક્ષણ હોય; ટૂંકમાં સામાન્યપણે જેને સાદી, કરકસરભરી જિંદગી સમજવામાં આવે છે તે અર્ધજંગલી જીવનપદ્ધતિ હોય તો હિંદી વેપારીએ તે આક્ષેપ સ્વીકારી લેવો જોઈએ અને સંસ્થાનની સર્વોચ્ચ સંસ્કૃતિમાંથી તે અર્ધજંગલી રહેણીને જેટલી વહેલી નાબૂદ કરવામાં આવે તેટલું બેશક સારું થાય.

સુધરેલાં રાજ્યોમાંથી એ કોમને બહાર હાંકી મૂકવાના કારણમાં જે તત્ત્વોને સામાન્યપણે સમાવવામાં આવે છે તે બધાંયનો આ લોકોના દાખલામાં તદ્દન અભાવ છે. એ લોકો તરફથી સરકારને રાજકીય દૃષ્ટિથી જોખમ નથી એવું હું કહું તો તમારે તે વાતની સાથે સંમત થવું જોઈએ કેમ કે એ લોકો રાજકારણમાં માથું મારતા હશે તોયે નહીં જેવું જ મારે છે. એ લોકો નામીચા લૂંટારુ નથી. હું માનું છું કે ચોરી, લૂંટ, અથવા એવા જ બીજા નીચ ગુનાઓ કર્યાનો, અરે, હિંદી વેપારી પર તેવો આરોપ મુકાયાનો એક પણ દાખલો જાણવામાં નથી. (આ વાતમાં ભૂલ હોય તો હું સુધારવા તૈયાર છું.) તેમની દારૂ જેવાં કેફી પીણાં મુદ્દલ ન વાપરવાની આદતને લીધે તે બધા અસાધારણ શાંત નાગરિકો હોય છે.

પણ જેની ચર્ચા ચાલે છે તે અગ્રલેખમાં કહ્યું છે કે એ લોકોને કશો ખર્ચ હોતો નથી, એ લોકો પૈસો વાપરતા જ નથી. નથી વાપરતા? મને લાગે છે કે એ લોકો હવા ને લાગણીઓ પર ગુજારો કરતા હોવા જોઈએ. વૅનિટી ફૅર નવલકથાનું પાત્ર બેકી બિલકુલ વગર ખરચે આખું વરસ ગુજારો કરતી. અને અહીં આખો ને આખો પ્રજાનો એક વર્ગ તેવું કરતો જડી આવ્યો છે. દુકાનભાડામાં, કરવેરામાં, ખાટકીને, કરિયાણાવાળાને, અનાજના વેપારીને, ગુમાસ્તાના પગારમાં, અને એવી બીજી બાબતોમાં તેમને કશું ચૂકવવાનું હોતું નથી એમ જ માનીને ચાલવું જોઈએ. આખી દુનિયામાં વેપારધંધાની સ્થિતિ જે કટોકટીએ પહોંચી છે તે જોતાં ખાસ કરીને આવા ઈશ્વરના આશીર્વાદ પામેલા વેપારીઓના વર્ગમાં જ આપણે પણ હોઈએ તો કેવું સારું!

સાદાઈ, કેફી પીણાં ને ચીજોના વપરાશનો સદંતર ત્યાગ, સુલેહશાંતિભરી રહેણી, અને સૌથી વધારે તો વ્યવસ્થિત કામકાજ કરવાની અને કરકસરની કેળવણી, એ બધું બિચારા હિંદી વેપારીઓને વખાણને લાયક ઠરાવવામાં કામ આવવું જોઈએ તેને બદલે ખરેખર તેમના તરફના આ બધા તુચ્છકાર અને વેરના મૂળમાં હોય એમ એકંદરે લાગે છે. અને વળી એ બધાયે બ્રિટિશ

Gandhi Heritage Portal

રાજ્યની પ્રજા છે. તો આ શું ઈશુના અનુયાયીઓને છાજે છે? આ શું વાજબી વહેવાર છે? આ શું ન્યાય છે? આ શું સુધારો છે? આ સવાલોના જવાબને સારુ હું થોભી જાઉં છું.

આને તમારા અખબારમાં સમાવશો તે માટે આગળથી તમારો આભાર માની લઈ,

હું છું, વ.
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

**ધિ નાતાલ ઍડ્વર્ટાઇઝર, ૨૩–૯–૧૮૯૩**

## ૧૮. નવા ગવર્નરને આવકાર

ટાઉન હૉલ,
ડરબન,
સપ્ટેમ્બર ૨૮, ૧૮૯૩

નેક નામદાર
સર વૉલ્ટર હેલી-હચિન્સન, કે.સી.એમ.જી., વ.
આપ નેક નામદારની સેવામાં —

નેક નામદાર રાણી, હિંદનાં શહેનશાહબાનુના પ્રતિનિધિ તરીકે આપ નામદાર આવી પહોંચો છો તે પ્રસંગે અમે, નીચે સહી કરનારા નાતાલ સંસ્થાનની મુસલમાન અને હિંદી કોમના સભ્યો અત્યંત આદરપૂર્વક આપ નામદારને આવકારવાની રજા લઈએ છીએ.

અમને વિશ્વાસ છે કે આ સંસ્થાન અને તેની સાથેના સંબંધો આપ નામદારને અનુકૂળ થશે અને નાતાલમાં રાજવહીવટની નવી પદ્ધતિ દાખલ કરવાનું કાર્ય આપ નામદારને સારુ જેટલું રસભર્યું તેટલું મુશ્કેલી વગરનું નીવડશે.

નાતાલમાંની હિંદી કોમનાં ખાસ કામકાજ અહીં વિસ્તરતી જતી હિંદી અસરને કારણે આપ નામદારનું હમેશ ધ્યાન રોકશે; આપ નામદારની રજાથી અમારી કોમને વિષે ઘટતો વિચાર કરવાની અમે વિનંતી કરીએ છીએ અને નેક નામદાર શહેનશાહબાનુના પ્રતિનિધિ આપ નામદાર તે મંજૂર રાખશો એવો અમને વિશ્વાસ છે.

આ મુલકમાં આપનું રોકાવાનું થાય તે દરમિયાન આપ નામદારને અને લેડી હેલી-હચિન્સંનને બધી જાતની આબાદી ઈચ્છવાની અમે રજા લઈએ છીએ. અને અમે છીએ આપ નામદારના અત્યંત આજ્ઞાંકિત સેવકો,

**દાદા અબદુલ્લા** — **દાઉદ મહમદ**
**એમ. સી. કમરુદ્દીન** — **આમદ જીવા**
**આમદ તિલ્લી** — **પારસી રુસ્તમજી**
**એ. સી. પિલ્લે**

[મૂળ અંગ્રેજી]

**ધિ નાતાલ મર્ક્યુરી, ૩૦–૯–૧૮૯૩**

Gandhi Heritage Portal

# ૧૯. હિંદીઓના મત

પ્રિટોરિયા,

સપ્ટેમ્બર ૨૯, ૧૮૯૩

શ્રી તંત્રી
ધિ नाताल ऍडवर्टाइझर

સાહેબ,

નીચેનું લખાણ તમારા અખબારમાં લેવાની મહેરબાની કરવા વિનંતી છે.

ચાલુ માસની ૧૯મી તારીખના તમારા પત્રના અંકમાં નવા સ્થપાનારા એશિયાઈ વિરોધી સંઘ[ઍન્ટિએશિયાટિક લીગ]ના તમે આંકેલા કાર્યક્રમનો ઝીણામાં ઝીણી વિગતે જવાબ આપવાનું કામ ભગીરથ હોઈ એક અખબાર પરના પત્રની મર્યાદામાં સમાવવાનું માથે લેવા જેવું નથી. તેમ છતાં તમારી રજાથી તેમાંની બે જ બાબતોની ચર્ચા કરું: એક, "કુલીઓના મતોમાં યુરોપિયનોના મતો ઘસડાઈ જવાના" ડર વિષે અને બીજી, હિંદીઓની મત આપવાને લગતી માની લેવામાં આવેલી બિનલાયકાત વિષે.

શરૂઆતમાં હું તમારી ભલી લાગણી અને બ્રિટિશ રાષ્ટ્રના ચારિત્ર્યનું લક્ષણ મનાતી ન્યાયપ્રિયતાને અપીલ કરું છું. તમે અગર તમારા વાચકો એ સવાલની એક જ બાજુ તરફ જોવાનો નિશ્ચય કરી બેઠા હશો તો ગમે તેટલી હકીકતો અગર દલીલો મારા વિવેચનના વાજબીપણાની પ્રતીતિ તમને અગર તેમને નહીં કરાવી શકે. આખા સવાલને સાચી દૃષ્ટિથી જોવાને શાંત ચિત્તથી નિર્ણય બાંધવાની શક્તિની અને રાગદ્વેષરહિત નિષ્પક્ષ ચકાસણીની અત્યંત આવશ્યકતા છે.

હિંદીઓના મત કોઈ કાળેયે યુરોપિયનોના મતોને ઘસડી જઈ શકે એવો ખ્યાલ અત્યંત વધારે પડતો તાણીતૂશીને બાંધેલો નથી લાગતો? છેક ઉપર ઉપરથી પરિસ્થિતિ જોનાર પણ એવું કદી બને નહીં એમ જોઈ શકશે. યુરોપિયનોના મતો પર સરસાઈ મેળવવાને સમર્થ થવાને પૂરતી સંખ્યામાં હિંદીઓ મતાધિકાર મેળવવાને જરૂરી મિલકત ધરાવવાની લાયકાત સુધી કદી પહોંચી શકે એમ નથી.

એ લોકો બે વર્ગમાં વહેંચાયેલા છે — વેપારીઓ અને મજૂરો. મજૂરો ઘણી મોટી બહુમતીમાં છે અને તેમને સામાન્યપણે મત આપવાનો અધિકાર નથી. ગરીબીના માર્યા માંડ ખાવાનું મળી રહે તેટલી રોજી પર તેઓ નાતાલ આવે છે. મત આપવાના અધિકારને માટે જરૂરી મિલકત મેળવવાની તેઓ કદીયે આશા રાખી શકે ખરા કે? અને કંઈક કાયમનો વસવાટ કરીને રહેવાવાળા હોય તો એ લોકો છે. વેપારી પૈકી માત્ર કેટલાકની પાસે મતાધિકાર માટે જરૂરી મિલકતની લાયકાત છે; પણ એ વર્ગના લોકો કાયમ નાતાલમાં વસવાટ કરીને રહેતા નથી, અને કાયદેસર મત આપી શકે એવામાંના ઘણા મત આપવાની ભાગ્યે જ પરવા રાખે છે. સામાન્યપણે ખુદ પોતાના મુલકમાં પણ હિંદીઓ કદી પોતાના બધા રાજકીય અધિકારોનો ઉપયોગ કરતા નથી. પોતાના આત્માનું કલ્યાણ કરવામાં તેઓ એટલા રચ્યાપચ્યા રહે છે કે રાજકારણમાં સક્રિય ભાગ લેવાનો વિચાર સરખો તેમને આવતો નથી. તેમને એવી ભારે રાજકીય મહત્ત્વાકાંક્ષા પણ હોતી નથી. એ લોકો અહીં રાજકીય ક્ષેત્રમાં કાર્ય કરવાને આવતા નથી પણ પ્રમાણિકપણે રોજી કમાવાને

Gandhi Heritage Portal

આવે છે અને તેમનામાંના થોડા તદ્દન પ્રમાણિકપણે રોજી નહીં મેળવતા હોય તો તે બીના દિલગીર થવા જેવી છે. એટલે હિંદીઓના મતનું પ્રમાણ નુકસાન કરી નાખવાની હદ સુધી વધી જાય એવી બીક રાખવાની વાત પાયા વગરની છે.

અને હિંદીઓમાંના થોડા પાસે મત છે તે પણ કોઈ રીતે નાતાલના રાજકાજ પર અસર કરે એટલા નથી. હિંદીઓને માટે પ્રતિનિધિત્વ મેળવવાનું બુમરાણ મચાવનારા હિંદી પક્ષની બધી વાતો કાલ્પનિક હોઈ મિથ્યા છે કેમ કે પસંદગી આખરે બે ગોરાઓમાંથી એકની કરવાની રહે છે. એટલે થોડા હિંદીઓ પાસે મતનો અધિકાર છે તે વાતનું મહત્ત્વ ઝાઝું ખરું કે? એ થોડા મતથી વધારેમાં વધારે એટલું થાય કે હિંદીઓને પૂરેપૂરો ગોરો પ્રતિનિધિ મળે અને તે પોતાના વચનને વફાદારીથી પાળે તો ઍસેમ્બ્લી[ધારાસભા]માં તેમને સારું કામ આપે. અને આવા એક કે બે સભ્ય મળીને હિંદી પક્ષની રચના કરે એ વાતની કલ્પના કરી જુઓ! અને, તેઓ અથવા ખરું પૂછો તો તે એક જણ પણ અરણ્યરુદન કરવાવાળો કોઈક જૉન[1] હૃદયપરિવર્તન કરવાની વીજળિક અથવા મારે કહેવું જોઈએ કે દિવ્ય શક્તિ વગરનો હશે. જુદાં જુદાં લઘુમતી હિતોનું પ્રતિનિધિત્વ ધરાવનારા મજબૂત નાના નાના પક્ષોનું પણ સામ્રાજ્યની પાર્લમેન્ટમાં ઝાઝું કંઈ વળતું નથી. કોઈક પ્રધાનને એ પક્ષો બહુ તો થોડા આડાઅવળા સવાલો પૂછી મૂંઝવી કે હેરાન કરી શકે અને બીજા દિવસનાં સવારનાં છાપાંમાં પોતાનાં નામ છપાયેલાં જોવાનું સમાધાન લઈ શકે.

બીજું, તમે એવું માનો છો કે તેઓ (હિંદીઓ) મત આપવાને લાયક ગણાય તેટલા સુધરેલા નથી; અને સુધારાના દરજ્જામાં યુરોપિયનોની સાથે બેસી શકે એવા તો હરગિજ નથી. નહીં હોય, સંભવ છે. પણ એ વાતનો બધો આધાર તમે 'સુધારો' શબ્દનો અર્થ શો કરો તેના પર છે. આ બાબતની ચકાસણી કરવાની વાતમાંથી ઊભા થતા બધા સવાલોની પૂરી ચર્ચામાં ઊતરવાનું બની શકે એવું નથી. પણ એટલો નિર્દેશ કરવાની હું રજા લઉં કે હિંદુસ્તાનમાં તેઓ આ અધિકારો ભોગવે છે. ૧૮૫૮ની સાલનો રાણીનો ઢંઢેરો જેને યોગ્ય અને સાચી રીતે હિંદીઓનો મેગ્ના કાર્ટા [વડું હકનામું] કહેવામાં આવે છે તે આ પ્રમાણે છે :

> અમારાં બીજાં બધાં પ્રજાજનોની સાથે ફરજનાં જે બંધનોથી અમે બંધાયેલાં છીએ તેવી ફરજનાં બંધનોથી અમારા હિંદુસ્તાનના પ્રદેશના વતનીઓ સાથે અમારી જાતને અમે બંધાયેલી માનીએ છીએ અને સર્વસમર્થ ઈશ્વરની રહેમથી અમે એ ફરજો ધર્મબુદ્ધિથી અને વફાદારીથી અદા કરીશું. અને બની શકે ત્યાં સુધી ગમે તે જાતિનાં અગર ગમે તે ધર્મનાં અમારાં પ્રજાજનોને પોતાની કેળવણી, આવડત અને પ્રમાણિકતાથી જેની ફરજો બજાવવાની લાયકાત હોય તેવી અમારી નોકરીઓમાંની જગ્યાઓ પર છૂટથી તેમ જ નિષ્પક્ષપણે લેવાની અમારી વધારાની ઇચ્છા છે.

હિંદીઓને વિષેના આવા બીજા ઉતારા પણ હું ટાંકી શકું. પણ તમારા સૌજન્યનો અત્યાર સુધીમાં મેં વધારે પડતો ઉપયોગ કરી લીધાનો મને ડર છે. એટલું જોકે ઉમેરી લઉં કે એક હિંદીએ કલકત્તાની વડી અદાલતના હંગામી મુખ્ય ન્યાયાધીશ તરીકે કામ કર્યું છે; સામાન્યપણે અહીંના હિંદી વેપારીઓ જેમના ધર્મબંધુઓ છે તેવા એક હિંદી અલ્લાહાબાદની વડી અદાલતના ન્યાયાધીશ છે; અને એક હિંદી બ્રિટનની પાર્લમેન્ટમાં સભ્ય તરીકે બેસે છે. વળી, સોળમી

૧. ઈશુના પુરોગામી બૅપ્ટિસ્ટ જૉનનો ઉલ્લેખ છે.

Gandhi Heritage Portal

સદીમાં થઈ ગયેલા અને હિંદમાં હકૂમત ચલાવી ગયેલા જે મહાન અકબરને પગલે હિંદુસ્તાનની બ્રિટિશ સરકાર ઘણી બાબતોમાં ચાલે છે તે હિંદી હતો. અત્યારે હિંદુસ્તાનમાં જમીન ધારણ કરવાની અને જમાબંધીની જે પદ્ધતિ અમલમાં છે તે એક મોટા નાણાશાસ્ત્રી અને હિંદી ટોડરમલે ચલાવેલી પદ્ધતિની જૂજ સુધારાવધારાવાળી નકલ છે. આ બધું સુધારાનું નહીં પણ અર્ધ-જંગલી દશાનું રૂડું ફળ હોય તો સુધારાનો અર્થ હજી મારે શીખવાનો બાકી છે.

ઉપર જણાવેલી બધી હકીકતો તમારી સામે પડેલી હોવા છતાં અંદર અંદર વિખવાદ જગાડી કોમના યુરોપિયન વિભાગને હિંદી વિભાગની સામે કાર્ય કરવાને તમે ઊભો કરી શકો તો તમે ખરેખર મહાન છો.

હું છું, વ.
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

धि नाताल ऍडवर्टाइझर, ૩–૧૦–૧૮૯૩

# ૨૦. શાકાહારના સિદ્ધાંત માટે કાર્ય

પ્રિટોરિયાથી એક અંગત પત્રમાં મિ. એમ. કે. ગાંધી લખે છે:

"એક શાકાહારી બાગબાનને સારુ કાર્ય કરવાને અહીં દક્ષિણ આફ્રિકામાં મજાનો અવકાશ છે. અહીંની જમીન અત્યંત રસાળ હોવા છતાં ખેતીની ઘણી ઉપેક્ષા થઈ છે.

"મને જણાવતાં આનંદ થાય છે કે અમારાં ઘરમાલિક જેઓ એક અંગ્રેજ બાનુ છે તેમને શાકાહારી થવાનું સ્વીકારવાનું અને પોતાનાં બાળકોને શાકાહાર પર ઉછેરવાનું સમજાવવામાં હું સફળ થયો છું, પણ મને બીક રહે છે કે તે પાછાં માંસાહાર પર લપસી જશે. જોઈએ તેવાં શાકભાજી અહીં મળતાં નથી. જે મળે છે તે બહુ મોંઘાં પડે છે. ફળ પણ ઘણાં મોંઘાં છે; દૂધનું પણ એવું જ. તેથી એમને શાકાહારની વાનગીઓની પૂરતી વિવિધતા બતાવવાનું ઘણું કઠણ થાય છે. અને એ જો વધારે ખરચાળ જણાશે તો તો તે તેને ચોક્કસ છોડી દેશે.

"પ્રાણપોષક આહાર[1] વિષેના મિ. હિલ્સના લેખમાં મને બહુ રસ પડયો. હું તરતમાં જ તેનો બીજો અખતરો કરવા ધારું છું. તમને યાદ હશે કે મુંબઈમાં હું હતો ત્યારે મેં એનો અખતરો કરી જોયો હતો. પણ તેને વિષે અભિપ્રાય આપવાનો દાવો કરી શકાય એટલો લાંબો વખત તે ચાલ્યો નહોતો.

"આપણા બધા મિત્રોને મારું સ્મરણ કરાવવા વિનંતી છે."

[મૂળ અંગ્રેજી]

धि वेजिटेरियन, ૩૦–૯–૧૮૯૩

૧. પ્રાણપોષક આહારના સિદ્ધાંતનું મૂળ પ્રતિપાદન વેજિટેરિયન સોસાયટી (શાકાહારી મંડળી)ના પ્રમુખ મિ. એ. એફ. હિલ્સે ૧૮૮૯ની સાલના ફેબ્રુઆરી માસની ૪થી તારીખે થયેલી મંડળીની પહેલી ત્રિમાસી સભામાં કરેલું. પ્રાણશક્તિ, સ્ફૂર્તિ, સૂર્યનાં કિરણો વગેરેનો કંઈક અંશે ધ્યાન ખેંચે એવો સિદ્ધાંત તેમણે કંઈક વિસ્તારથી રજૂ કરેલો. નીચે જણાવેલા આહારના પદાર્થોમાંથી એ બધાં મળે છે: ફળો, અનાજ, કાછલિયાળાં ફળ અને કઠોળ, જે બધાં કાચાં લેવાનાં હોય. હિલ્સ: धि फर्स्ट डायेट ऑफ पॅरॅडाइझ (સ્વર્ગનો પહેલો આહાર). ગાંધીજીના 'પ્રાણપોષક ખોરાકના અખતરા'ને માટે આ પછીનો લેખ જોવો.

Gandhi Heritage Portal

## ૨૧. પ્રાણપોષક ખોરાકનો અખતરો

આને અખતરો કહી શકાય તો તેનું વર્ણન આપતાં પહેલાં મારે જણાવી લેવું જોઈએ કે મેં પ્રાણપોષક આહાર મુંબઈમાં એક અઠવાડિયા સુધી અજમાવી જોયો હતો; તે ગાળામાં મારા ઘણા મિત્રોને ભોજન વગેરે માટે બોલાવવાનું થયેલું તેથી અને બીજાં કેટલાંક સામાજિક કારણોસર મારે તે છોડી દેવો પડેલો; તે વખતે મને પ્રાણપોષક ખોરાક ઘણો માફક આવેલો; અને તે વખતે હું તે ચાલુ રાખી શકયો હોત તો ઘણો સંભવ છે કે મને ફાવી જાત.

પ્રયોગ કરતો હતો તે દરમિયાન રોજે રોજ રાખેલી નોંધ હું આપું છું.

**ઑગસ્ટ ૨૨, ૧૮૯૩.** પ્રાણપોષક આહારના અખતરાની શરૂઆત કરી. પાછલા બે દિવસથી મને શરદી થઈ છે અને તેની થોડી અસર કાન પર પણ વરતાય છે. ભોજનના ટેબલ પર પીરસવાને માટે વપરાતા બે ચમચા ઘઉંના, એક વટાણાનો, એક ચોખાનો, બે સૂકી લાલ દ્રાક્ષના, આશરે વીસ જેટલાં નાનાં કાછલિયાળાં ફળ, બે નારંગી, અને કોકોનો એક પ્યાલો એટલું સવારના નાસ્તામાં લીધું. કઠોળ અને અનાજ આગલી રાતે પલાળી રાખ્યાં હતાં. નાસ્તો ૪૫ મિનિટમાં પૂરો કર્યો. સવારમાં ઘણી સ્ફૂર્તિ જણાયેલી, સાંજે સુસ્તી લાગવા માંડેલી, અને સાથે થોડું માથું દુખેલું. ભોજનમાં રોટલી, શાક વગેરે હમેશની ચીજો હતી.

**ઑગસ્ટ ૨૩મી.** ભૂખ લાગવાથી રાત્રે થોડા વટાણા લીધેલા. તેથી ઊંઘ સારી ન આવી અને સવારે ઊઠયો ત્યારે મોઢું બેસ્વાદ જણાયું. નાસ્તો અને ભોજન ગઈ કાલનાં જેવાં જ હતાં. આખો દિવસ વાદળાં ઘેરાયેલાં હતાં અને થોડો વરસાદ થયો છતાં મને માથાના દુખાવાની કે શરદીની અસર જણાઈ નહીં. બેકર[1] સાથે ચા લીધી. તે બિલકુલ માફક ન આવી. પેટમાં દુખાવો થયો.

**ઑગસ્ટ ૨૪મી.** સવારે ઊઠતાં બેચેની જણાઈ અને પેટ ભારે લાગ્યું. સવારનો નાસ્તો પહેલાંના જેવો જ હતો; માત્ર વટાણા એક ચમચાને બદલે અર્ધો જ ચમચો લીધેલા. ભોજન રોજના જેવું જ. સારું ન લાગ્યું. આખો દિવસ અપચો થયો હોય એવી લાગણી થયા કરી.

**ઑગસ્ટ ૨૫મી.** સવારે ઊઠયો ત્યારે પેટમાં ભાર લાગતો હતો. દિવસ દરમિયાન પણ સારું ન લાગ્યું. ભોજનને માટે રુચિ નહોતી. છતાં લીધું તો ખરું. ગઈ કાલે ભોજનમાં વટાણા કાચા હતા. પેટમાં ભાર લાગવાનું કારણ કદાચ એ હોય. દિવસ નમતાં માથું દુખ્યું. ભોજન પછી થોડું કિવનાઇન લીધું. સવારનો નાસ્તો ગઈ કાલના જેવો જ.

**ઑગસ્ટ ૨૬મી.** સવારે ઊઠયો ત્યારે પેટ ભારે હતું. સવારના નાસ્તામાં અર્ધો ચમચો વટાણા, અર્ધો ચોખા, અર્ધો ઘઉં, અઢી ચમચા સૂકી લાલ દ્રાક્ષ, દસ અખોડ અને એક નારંગી એટલું લીધું. આખો દિવસ મોઢું બેસ્વાદ રહ્યું. સારું પણ ન લાગ્યું. ભોજન હમેશના જેવું. સાંજે સાત વાગ્યે એક નારંગી અને કોકોનો એક પ્યાલો લીધો. અત્યારે ભૂખ જેવું લાગે છે (આઠ વાગ્યે સાંજે) અને છતાં ખાવાની ઇચ્છા નથી. પ્રાણપોષક આહાર માફક આવતો લાગતો નથી.

૧. વકીલ અને ઉપદેશક, ખ્રિસ્તી ધર્મની ચર્ચા કરનારા અને પ્રિટોરિયામાં ખ્રિસ્તી મિત્રોના પરિચય કરાવી આપનારા ગાંધીજીના મિત્ર એ. ડબલ્યુ. બેકરનો ઉલ્લેખ છે.

Gandhi Heritage Portal

ઑગસ્ટ ૨૭મી. સવારમાં કકડીને ભૂખ લાગેલી પણ સારું લાગતું નહોતું. સવારના નાસ્તામાં દોઢ ચમચો ઘઉંનો, બે મોટી સૂકી કાળી દ્રાક્ષ, દસ અખોડ અને એક નારંગી એટલું લીધું. (વટાણા અને ચોખા નથી એ ધ્યાનમાં રાખવા જેવું.) દિવસ નમતાં સારું લાગવા માંડેલું. કાલે સુસ્તી લાગવાનું કારણ કદાચ વટાણા ને ચોખા હોય. બપોરના એક વાગ્યે પલાળ્યા વગરના એક ચમચો ઘઉં, એક ચમચો ભરીને કાળી દ્રાક્ષ, અને ચૌદ કાછલિયાળાં નાનાં ફળ એટલું લીધેલું. આમ હમેશના ભોજનને બદલે પ્રાણપોષક આહાર આવ્યો. મિસ હૅરિસને ત્યાં ચા લીધી (જેમાં રોટી, માખણ, મુરબ્બો અને કોકો એટલું હતું). આ ચા મને બહુ ભાવી અને મને થયું કે જાણે લાંબા ઉપવાસ પછી રોટી ને માખણ ખાઉં છું. ચા લીધા બાદ બહુ ભૂખ લાગી આવી અને નબળાઈ જણાઈ. તેથી ઘેર પાછો આવ્યો ત્યારે કોકોનો એક પ્યાલો અને એક નારંગી લીધાં.

ઑગસ્ટ ૨૮મી. સવારમાં મોઢામાં સ્વાદ સારો નહોતો. દોઢ ચમચો ભરીને ઘઉં, બે ચમચા સૂકી કાળી દ્રાક્ષ, વીસ કાછલિયાળાં ફળ, એક નારંગી અને કોકોનો એક પ્યાલો એટલાનો નાસ્તો કર્યો; ભૂખ જેવું અને નબળાઈ જેવું લાગતું હતું તે સિવાય તદ્દન સારું લાગતું હતું. મોઢું પણ સુધર્યું હતું.

ઑગસ્ટ ૨૯મી. સવારમાં ઊઠયો ત્યારે સારું હતું. સવારના નાસ્તામાં દોઢ ચમચો ઘઉંનો, બે લાલ સૂકી દ્રાક્ષના, એક નારંગી, વીસ કાછલિયાળાં નાનાં ફળ, એટલું લીધું. ભોજનમાં ત્રણ ચમચા ભરીને ઘઉં, બે બોર, વીસ કાછલિયાળાં ફળ અને બે નારંગી એટલું લીધું. સાંજે તૈયબને ત્યાં ભાત, સેવ અને બટાટાનું ભોજન લીધું. મોડી સાંજે અશક્તિ જણાયેલી.

ઑગસ્ટ ૩૦મી. સવારના નાસ્તામાં ઘઉંના બે ચમચા, કાળી દ્રાક્ષના બે ચમચા, વીસ અખોડ અને એક નારંગી એટલું લીધું. ભોજનમાં પણ એ જ, પણ સાથે વધારામાં એક નારંગી. અશક્તિ ખૂબ લાગી. હમેશની માફક ફરવા જવામાં થાક જણાયા વગર ન રહ્યો.

ઑગસ્ટ ૩૧મી. સવારે ઊઠયો ત્યારે મોઢું ઘણું મીઠું થઈ ગયેલું. અશક્તિ ઘણી લાગતી હતી. સવારના નાસ્તામાં અને ભોજનમાં આહારની વાનીઓનું પ્રમાણ એક જ હતું. સાંજે એક પ્યાલો કોકો અને એક નારંગી લીધાં. આખો દિવસ નબળાઈ ઘણી જ લાગી. ફરવા જવાનું પણ મુશ્કેલીથી થાય છે. દાંત પણ નબળા થતા જતા લાગે છે અને મોઢું વધારે પડતું ગળ્યું થઈ ગયું છે.

સપ્ટેમ્બર ૧લી. સવારે ઊઠયો ત્યારે થાકીને લોથ થઈ ગયેલો. નાસ્તો ગઈ કાલના જેવો જ લીધો. ભોજન પણ તેવું જ. અશક્તિ ઘણી લાગે છે; દાંત દુખે છે; આ અખતરો છોડી દેવો પડશે. બેકરની વરસગાંઠ હતી એટલે તેની સાથે ચા લીધી. ચા પછી સારું લાગ્યું.

સપ્ટેમ્બર ૨જી. સવારમાં તાજો થઈને ઊઠયો. (ગઈ કાલ સાંજની ચાની અસર). પહેલાંનો ખોરાક લીધો (જવની ઘેંશ, રોટી, માખણ, મુરબ્બો). ઘણું જ સારું લાગ્યું.

આમ પ્રાણપોષક આહારનો અખતરો પૂરો થયો.

વધારે અનુકૂળ સંજોગોમાં પ્રયોગ નિષ્ફળ ન નીવડત. જ્યાં આપણો બધી વાત પર કાબૂ ન હોય અને વારંવાર ખોરાકમાં ફેરફાર કરવાનું ન બને એવી વીશી સફળતાથી ખોરાકના પ્રયોગ કરવાની જગ્યા ભાગ્યે જ લેખી શકાય. વળી તાજું લીલું ફળ જે મળી શકતું હતું તે એકલું સંતરું હતું એ બીના પણ ધ્યાનમાં આવશે. ટ્રાન્સવાલમાં એ વખતે બીજાં ફળ મળતાં નહોતાં.

Gandhi Heritage Portal

ટ્રાન્સવાલની જમીન ઘણી ફળદ્રુપ હોવા છતાં ફળની ખેતી તરફ કોઈનુંયે બિલકુલ ધ્યાન નથી એ ઘણું દિલગીર થવા જેવું છે. વળી મને દૂધ પણ મળતું નહોતું. તે અહીં ઘણું મોઘું મળે છે. દક્ષિણ આફ્રિકામાં સાધારણ રીતે ડબ્બાના દૂધનો [કન્ડેન્સ્ડ મિલ્કનો] વપરાશ છે. તેથી પ્રાણપોષક આહારનું મૂલ્ય સાબિત કરવાની દૃષ્ટિથી આ પ્રયોગ તદ્દન નકામો છે એ વાત સ્વીકારવી જોઈએ. માત્ર અગિયાર દિવસ અને તે પણ પ્રતિકૂળ સંજોગોમાં ચલાવેલા અખતરા પરથી પ્રાણપોષક ખોરાક પર કોઈ પણ પ્રકારનો અભિપ્રાય આપવા નીકળી પડવું એ કેવળ ધૃષ્ટતા કહેવાય. વીસ વરસથીયે વધારે વખત સુધી રાંધેલા ખોરાકથી ટેવાયેલી હોજરી પાસે એકાએક એકે સપાટે કાચો ખોરાક પચાવવાની અપેક્ષા રાખવી અત્યંત વધારે પડતી ગણાય અને છતાં મને લાગે છે કે એ અખતરાની પણ કંઈક કિંમત છે. આવા અખતરા કરવા નીકળનારા બીજા જે લોકો તેમના તરફ તેમાં રહેલા ગુણોથી આકર્ષાયા હોય પણ જેમની પાસે તેમને સફળ અંત સુધી લઈ જવાની શક્તિ, અથવા સાધન, અથવા સંજોગો, અથવા ધીરજ, અથવા જ્ઞાન ન હોય તેમને માટે તે માર્ગદર્શક થાય. મારે કબૂલ કરવું જોઈએ કે મારામાં ઉપરની એક પણ લાયકાત નહોતી. પરિણામો પર આસ્તે આસ્તે ધ્યાન રાખવા જેટલી ધીરજ મારામાં નહોતી તેથી મેં મારા ખોરાકમાં એકાએક ઝટપટ ફેરફાર કર્યા. શરૂઆતથી જ સવારના નાસ્તામાં પ્રાણપોષક આહારની વાનીઓ હતી અને ચાર કે પાંચ દિવસ માંડ ગયા હશે કે ભોજનમાં પણ તે જ આહાર લેવા માંડયો. પ્રાણપોષક આહારના સિદ્ધાંત સાથેનો મારો પરિચય પણ ખરેખર ઘણો ઉપરછલ્લો ગણાય. મિ. હિલ્સનું લખેલું એક નાનકડું ચોપાનિયું અને તેમની કલમે લખાયેલા '**વિ વેજિટેરિયન**'માં તાજેતરમાં આવેલા એક કે બે લેખ એટલી જ તે વિષયના મારા જ્ઞાનની સામગ્રી હતી. તેથી જે કોઈની પાસે જરૂરી લાયકાત ન હોય તે હું માનું છું નિષ્ફળતા વહોરી લે એટલું જ નહીં, જે કાર્યનો અભ્યાસ કરવાને અને આગળ વધારવાને કોશિશ કરે છે તેને અને પોતાની જાતને પણ નુકસાન કર્યા વગર ન રહે.

અને આખરે એકંદરે સાધારણ શાકાહારીને સારુ, જે શાકાહારી તંદુરસ્ત છે અને જેને પોતાના આહારથી સમાધાન છે તેને સારુ આવી પ્રવૃત્તિઓમાં ધ્યાન રોકવું લાભ કરનારું ખરું? જે નિષ્ણાતો આવા પ્રકારનાં સંશોધનોમાં પોતાનું જીવન સમર્પણ કરે છે તેમને સારુ તે છોડી દેવી વધારે સારી નહીં? જે શાકાહારી પોતાના આચારનો ધર્મ ભૂતદયાના મહાન આધાર પર રચે છે, જે શાકાહારી પોતાના આહારને માટે પ્રાણીઓની કતલ કરવી એ ખોટું છે, અરે, પાપ છે એમ માને છે તેમને ખાસ કરીને આ વાત લાગુ પડે છે. સામાન્ય શાકાહારનો સિદ્ધાંત અમલમાં મૂકી શકાય એવો છે, તે આરોગ્યને પોષક છે એ વાત રસ્તે ચાલતા માણસને પણ દેખાય એવી છે. તો પછી આપણને જોઈએ છે શું? પ્રાણપોષક આહારની ભવ્ય શકયતાઓ ઘણી હશે; પણ તેના સેવનથી આપણાં નાશવંત શરીર અમર થોડાં જ થઈ જવાનાં છે? માણસોનો ઘણો મોટો ભાગ રાંધવાનું કદીયે સમૂળગું છોડી દે એ વાત બને એવી લાગતી નથી. પ્રાણપોષક ખોરાક એકલો પોતાની મેળે આત્માની ભૂખને સંતોષે નહીં, સંતોષી શકે નહીં. અને આ જીવનનો ઊંચામાં ઊંચો ઉદ્દેશ, અરે તેનો એકમાત્ર આશય આત્માને ઓળખવાનો હોય તો મારું નમ્રપણે કહેવું છે કે આત્માને ઓળખવાને માટે આપણને મળેલા અવસરમાં ઘટાડો કરે તેવી બધી વાતોથી, અને તેથી પ્રાણપોષક આહારના અને એવા બીજા અખતરાઓની રમત કરવાથી પણ જીવનનો એકમાત્ર ઇષ્ટ ઉદ્દેશ પાર પાડવાને મળેલી સંધિ તેટલા પૂરતી એળે જાય છે. જેનાં આપણે સૌ છીએ તેના યશને માટે જીવવાને આપણે આહાર લેવાનો હોય તો

Gandhi Heritage Portal

તેની કુદરતને જેની સૂગ છે અને જે મેળવવામાં નાહક લોહી રેડાય છે તેવો કોઈ પણ આહાર મોંમાં ન મૂકીએ એટલું પૂરતું નથી શું? પણ એ દિશામાંના મારા અભ્યાસની હું માત્ર શરૂઆત કરું છું ત્યારે આવી વાતો આટલેથી જ પૂરી કરું. અત્યારે તો એ અખતરો હું ચલાવતો હતો ત્યારે મારા મનમાં જે વિચારો રમતા હતા તે બીજાં કોઈ સમાન હેતુને કારણે સ્વજન જેવાં ભાઈ અગર બહેનને આમાં પોતાના વિચારનો પડઘો ઊઠતો સંભળાય તેટલા ખાતર પ્રગટ કરું છું.

પ્રાણપોષક આહારનો અખતરો કરવાને હું તેની અત્યંત સરળતા જોઈને પ્રેરાયો હતો. રાંધવાની કડાકૂટમાંથી હું છૂટીશ, મારે જ્યાં જવાનું થાય ત્યાં મારો ખોરાક સાથે લઈને ફરવાનું બની શકશે, વીશીની માલિક બાઈ અને મને ખોરાક પૂરો પાડનાર સૌની અસ્વચ્છ આદતો મારે ચલાવી લેવાની રહેશે નહીં, દક્ષિણ આફ્રિકા જેવા મુલકમાં મુસાફરી કરતી વખતે પ્રાણપોષક ખોરાક બધી રીતે આદર્શ આહાર છે, એવાં તેનાં આકર્ષણો એટલાં બધાં હતાં કે હું તેમને વશ થઈ ગયો. પણ જે એક સ્વાર્થી હેતુ છે અને જે સર્વથી ચડિયાતા હેતુની સરખામણીમાં કેટલોયે અધૂરો છે તેને પાર પાડવામાં વખતની અને મહેનતની કેવી બરબાદી! આવી બધી વાતોને સારુ જિંદગી બહુ ટૂંકી છે.

[મૂળ અંગ્રેજી]

ધિ વેજિટેરિયન, ૨૪–૩–૧૮૯૪

## ૨૨. ઇંગ્લંડમાં રહેતા હિંદીઓને

નીચે આપવામાં આવેલો પત્ર મિ. એમ. કે. ગાંધીએ ઇંગ્લંડમાં રહેતા હિંદીઓમાં ફેરવ્યો છે અને ઘણું મોટું અંતર તેમને આપણાથી દૂર રાખતું હોવા છતાં ખુદ આપણી વચમાં તેમણે પ્રત્યક્ષ કાર્ય હજી પણ કેવું ચાલુ રાખ્યું છે તે બતાવવાને તે અમે અહીં ઉતાર્યો છે. અને છતાં આપણા વિરોધીઓ કહે છે કે શાકાહારી હિંદીઓમાં "પ્રામાણિક જૉન બુલ" [પ્રામાણિક બ્રિટિશ પ્રજા]નાં સંતાનો જેવી કામ પાર પાડવાની ચીવટ નથી! — તંત્રી વેજિ.

[પ્રિટોરિયા]

શ્રી તંત્રી

ધિ વેજિટેરિયન

મારા વહાલા ભાઈ,

તમે શાકાહારી હો તો મને લાગે છે કે લંડન વેજિટેરિયન સોસાયટી[લંડનની શાકાહારી મંડળી]માં જોડાવાની અને હજી સુધી ન ભર્યું હોય તો લવાજમ ભરી ધિ વેજિટેરિયનના ઘરાક બનવાની તમારી ફરજ છે.

તમારી આ ફરજ છે કેમ કે

(૧) તેમ કરવાથી તમે જે સિદ્ધાંતને માનો છો તેને મદદ થશે અને પ્રોત્સાહન મળશે.

(૨) જે મુલકમાં શાકાહારીઓની સંખ્યા બહુ નાની છે તેમાં તમારું કાર્ય એક શાકાહારી અને બીજા શાકાહારી વચ્ચે સહાનુભૂતિની જે ગાંઠ હોવી જોઈએ તે દર્શાવનારું નીવડશે.

(૩) શાકાહારના પ્રચાર માટેની પ્રવૃત્તિ પરોક્ષ રીતે હિંદને રાજકીય દૃષ્ટિથી પણ મદદરૂપ થશે કેમ કે અંગ્રેજ શાકાહારીઓ હિંદીઓની આકાંક્ષાઓ સાથે સહજ તત્પરતાથી સહાનુભૂતિમાં રહેશે (આ મારો અંગત અનુભવ છે).



Gandhi Heritage Portal

(૪) કેવળ સ્વાર્થની દૃષ્ટિથી આ સવાલ વિચારશો તોપણ સમજાશે કે તમારા કાર્યથી તમને શાકાહારી મિત્રોનું મંડળ આવી મળશે, જે મિત્રો બીજાઓના કરતાં તમને વધારે સ્વીકાર્ય હશે.

(૫) જે મુલકમાં તમારી સામે અનેક પ્રલોભનો આવીને ખડાં થાય છે અને જ્યાં ઘણા દાખલાઓમાં માણસો તેમની સામે ટકી શક્યાં નથી તે મુલકમાં શાકાહાર વિષેના સાહિત્યના જ્ઞાનથી તમે તમારા સિદ્ધાંતોના પાલનમાં દૃઢ રહી શકશો અને એ સોસાયટીમાં જોડાવાથી ને તેના પત્રના ઘરાક બનવાથી જે શાકાહારી દાક્તરોને અને નિરામિષ દવાઓને તમે સહેલાઈથી ઓળખી શકશો તેમની તમે માંદગીમાં મદદ લઈ શકશો.

(૬) એથી હિંદમાંના તમારા જેવા ભાઈઓને ઘણી મદદ થશે. વિલાયતમાં શાકાહાર પર જીવી શકાય એમ છે કે નહીં તે બાબતમાં આપણાં માબાપોના મનમાં જે વહેમ હજી રહે છે તેને દૂર કરવામાં પણ એ સાધનરૂપ બનશે અને એ રીતે બીજા હિંદીઓનો વિલાયત આવવાનો રસ્તો ઘણો મોકળો થશે.

(૭) ધિ વેજિટેરિયનને પૂરતી સંખ્યામાં હિંદી ઘરાક મળે તો તેના તંત્રીને એક પાનું અથવા એક કટાર હિંદ વિષે અલગ રાખવાને સમજાવી શકાશે અને તેથી, તમે પણ સ્વીકારશો કે, હિંદને લાભ થયા વગર નહીં રહે.

શાકાહારી મંડળીમાં તમારે શા સારુ જોડાવું જોઈએ અને ધિ વેજિટેરિયનના ઘરાક શા સારુ થવું જોઈએ તે બતાવવાને બીજાં ઘણાં કારણો આપી શકાય, પણ મારી દરખાસ્તને અનુકૂળ રીતે વિચારવાને તમને સમજાવવામાં આટલાં પૂરતાં થશે એવી મને આશા છે.

તમે શાકાહારી ન હો તોપણ જોઈ શકશો કે ઉપર ગણાવેલાંમાંનાં ઘણાં કારણો તમને પણ લાગુ પડશે; અને તેથી તમે ધિ વેજિટેરિયનનું લવાજમ ભરી તેના ગ્રાહક બની શકો અને કોને ખબર છે કે આખરે પોતાના જેવાં જ પ્રાણીઓના લોહી પર જે લોકો પોતાની હયાતીનો જરાયે આધાર નથી રાખતા તેમની હરોળમાં સામેલ થવાનો લહાવો લેવાનું તમને પણ મન નહીં થાય!

અલબત્ત, વિલાયતમાં મૅન્ચેસ્ટર વેજિટેરિયન સોસાયટી પણ છે અને તે તેના પત્ર ધિ વેજિટેરિયન મેસેન્જર મારફતે કાર્ય કરે છે. મેં એલ. વી. એસ. [લંડન વેજિટેરિયન સોસાયટી] અને તેના પત્રની હિમાયત એટલા પૂરતી જ કરી છે કે તે લંડનમાં કાર્ય કરતી હોવાથી નજર સામે છે અને તેનું પત્ર અઠવાડિયે અઠવાડિયે નીકળે છે.

મને ચોક્કસ વિશ્વાસ છે કે મંડળીમાં જોડાવાની અને તેના પત્રના ઘરાક થવાની વાતમાં તમે કરકસરનું બહાનું નહીં કાઢો, કેમ કે મંડળીમાં જોડાવાને માટેની ફી અને પત્રનું લવાજમ ઘણું ઓછું છે અને તમારાં નાણાંનું અનેકગણું વધારે વળતર તે બન્ને મળીને અવશ્ય આપશે.

આને તમે તમારી વાતમાં મેં નાહક માથું માર્યું છે એવો અવિવેક નહીં જ માનો એવી આશા રાખતો,

તમારો સ્નેહાંકિત ભાઈ
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

**ધિ વેજિટેરિયન**, ૨૮–૪–૧૮૯૪

Gandhi Heritage Portal

## ૨૩. શાકાહાર અને બાળકો

મિ. એમ. કે. ગાંધી એક અંગત પત્રમાં લખે છે:

"તાજેતરમાં રેવરન્ડ એન્ડ્ર્યુ મરેના પ્રમુખપદે કેસ્વિક ખ્રિસ્તીઓનો એક ભવ્ય સમારંભ વેલિંગ્ટનમાં થયો હતો. કેટલાંક પ્રિય ખ્રિસ્તી મિત્રોની સંગાથે હું પણ તેમાં હાજર રહ્યો હતો; તેમનો એક છ સાત વર્ષનો બાળક છે. તે અરસામાં તે મારી સાથે એક દિવસ બહાર ફરવા નીકળ્યો. હું માત્ર તેની સાથે પ્રાણીઓ પર દયા રાખવા વિષે વાત કરતો હતો. તે વાતમાં અમે શાકાહારના સિદ્ધાંતની ચર્ચાએ ચડી ગયા. મને જણાવવામાં આવ્યું છે કે ત્યારથી તે બાળકે માંસ ખાધું નથી. ઉપર જણાવેલી વાતચીત અમારે થઈ તે પહેલાં ભોજનના ટેબલ પર કેવળ નિરામિષ વાનીઓ મને લેતો તે જોયા કરતો અને હું માંસ કેમ નથી ખાતો તે મને પૂછતો. તેનાં માબાપ જાતે શાકાહારી નથી છતાં શાકાહારના ગુણ સમજે છે અને તેમના બાળક સાથે તેની વાત હું કરું તેમાં વાંધો લેતાં નહોતાં.

"શાકાહારના મહાન સત્યની પ્રતીતિ બાળકોને કેટલી સહેલાઈથી કરાવી શકાય છે અને તેમનાં માબાપને ફેરફાર કરવાની સામે વાંધો ન હોય તો તેમને માંસ છોડી દેવાને કેટલી સહેલાઈથી સમજાવી શકાય છે તે બતાવવાને હું આ લખું છું. એ બાળક અને હું હવે ઘાડા મિત્રો બન્યા છીએ. હું તેને ઘણો ગમી ગયો હોઉં એવું લાગે છે.

"પંદરેક વરસની ઉંમરનો બીજો છોકરો જેની સાથે મારે વાત થઈ તેણે મને કહ્યું કે હું કદી પક્ષીને મારતો નથી અથવા તેને હલાલ થતું જોઈ શકતો નથી પણ તે ખાવામાં મને વાંધો લાગતો નથી."

[મૂળ અંગ્રેજી]

ધિ વેજિટેરિયન, ૫-૫-૧૮૯૪

## ૨૪. ધર્મ વિષે સવાલો

[ગાંધીજીને શ્રી રાજચંદ્ર રવજીભાઈ મહેતા ઉર્ફે રાયચંદભાઈને વિષે ઘણો આદર હતો. તેઓ એક જૈન તત્ત્વચિંતક હતા અને સત્યના પ્રયોગો અથવા આત્મકથાના બીજા ભાગનું પહેલું પ્રકરણ આખું ગાંધીજીએ તેમને વિષે લખ્યું છે. ૧૮૯૪ની સાલના જૂન માસ પહેલાં પ્રિટોરિયાથી લખેલા પત્રમાં તેમણે રાયચંદભાઈને ધર્મને લગતા કેટલાક સવાલ પૂછયા હતા. મૂળ પત્રનો પત્તો અમે મેળવી શકયા નથી તેથી ગાંધીજીએ પૂછેલા સવાલો રાયચંદભાઈના ભાઈ શ્રી મનસુખલાલ રવજીભાઈ મહેતાએ સંપાદિત કરેલા ગુજરાતી પુસ્તક શ્રીમદ્ રાજચંદ્રની ૧૯૧૪ની આવૃત્તિમાં ૨૯૨ અને તે પછીનાં પાનાંઓ પર પ્રસિદ્ધ થયેલા રાયચંદભાઈના જવાબમાંથી ઉતારવામાં આવ્યા છે. અસલ લખાણ બતાવે છે કે પુછાયેલા બીજા થોડા સવાલ છોડી દેવામાં આવ્યા છે અને તેથી તેમનું લખાણ મળી શકતું નથી.]

Gandhi Heritage Portal

આત્મા શું છે? તે કંઈ કરે છે? અને તેને કર્મ નડે છે કે નહીં?

ઈશ્વર શું છે? તે જગત્કર્તા છે એ ખરું છે?

મોક્ષ શું છે?

મોક્ષ મળશે કે નહીં તે ચોક્કસ રીતે આ દેહમાં જ જાણી શકાય?

એમ વાંચવામાં આવ્યું છે કે માણસ દેહ છોડી કર્મ પ્રમાણે જનાવરોમાં અવતરે, પથરો પણ થાય, ઝાડ પણ થાય; આ બરાબર છે?

આર્ય ધર્મ તે શું? બધાની ઉત્પત્તિ વેદમાંથી જ છે શું?

વેદ કોણે કર્યા? તે અનાદિ છે? જો અનાદિ હોય તો અનાદિ એટલે શું?

ગીતા કોણે બનાવી? ઈશ્વરકૃત તો નથી? જો તેમ હોય તો તેનો કાંઈ પુરાવો?

પશુ આદિના યજ્ઞથી જરાય પુણ્ય છે ખરું?

જે ધર્મ ઉત્તમ છે એમ કહો, તેનો પુરાવો માગી શકાય ખરો કે?

ખ્રિસ્તી ધર્મ વિષે આપ કંઈ જાણો છો? જો જાણતા હો તો આપના વિચાર દર્શાવશો?

તેઓ એમ કહે છે: બાઈબલ ઈશ્વરપ્રેરિત છે; ઈસુ તે ઈશ્વરનો અવતાર, તેનો દીકરો છે ને હતો.

જૂના કરારમાં જે ભવિષ્ય ભાખ્યું છે તે બધું ઈસામાં ખરું પડયું છે?

આગળ ઉપર શો જન્મ થશે તેની આ ભવમાં ખબર પડે? અથવા અગાઉ શું હતા તેની?

પડી શકે તો કોને?

મોક્ષ પામેલાનાં નામ આપ આપો છો તે શા આધાર ઉપર? બુદ્ધદેવ પણ મોક્ષ નથી પામ્યા એ શા ઉપરથી આપ કહો છો?

દુનિયાની છેવટ શી સ્થિતિ થશે?

આ અનીતિમાંથી સુનીતિ થશે ખરી?

દુનિયાનો પ્રલય છે?

અભણને ભક્તિથી મોક્ષ મળે ખરો કે?

કૃષ્ણાવતાર અને રામાવતાર એ ખરી વાત છે? એમ હોય તો તે શું? એ સાક્ષાત્ ઈશ્વર હતા, કે તેના અંશ હતા? તેમને માનીને મોક્ષ ખરો?

બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ્વર તે કોણ?

મને સર્પ કરડવા આવે ત્યારે તેને મારે કરડવા દેવો કે મારી નાખવો? તેને બીજી રીતે દૂર કરવાની મારામાં શક્તિ ન હોય એમ ધારીએ છીએ.

Gandhi Heritage Portal